॥ હરિ:ૐ ॥

# મારી સાધનાકથા

શ્રીમોટા



પૂજ્ય શ્રીમોટા
હરિ:ૐ
હરિ:ૐ આશ્રમ-સુરત

॥ હરિ:ૐ ॥

# મારી સાધનાકથા

## શ્રીમોટા

• સંકલન •
સુશીલા ટી. અમીન

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑ **આવૃત્તિ વર્ષ પ્રત**

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૨૦૦૫ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૧૨ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૨૨ + ૨૬૯ = ૨૯૧

❑ કિંમત : **રૂ. ૨૫**/-

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, મો. ૯૩૨૭૦ ૩૬૪૧૪

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

। હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

**(બીજી આવૃત્તિ)**

હાલમાં એક યુવાન મૌનાર્થીભાઈએ આ અંગે પોતાનો સહકાર આપવાની ભાવના વ્યક્ત કરતાં, આ પુસ્તક **'મારી સાધનાકથા'**નું પુનઃ પ્રકાશન થઈ રહ્યું છે. ટ્રસ્ટીમંડળની વિનંતી બાદ પણ પોતાનું નામ પ્રગટ ના કરવાની તેમની સદ્‌ભાવનાને અમોએ માનપૂર્વક જાળવી છે. આ પુસ્તકની બીજી આવૃત્તિનું પ્રકાશન એ યુવાન મૌનાર્થીનાં દાદા-દાદી

**સદ્‌ગત શ્રી ઉમેદરામ ભૂખણદાસ ચેવલી**

અને

**સદ્‌ગત શ્રીમતી કાંતાબહેન ઉમેદરામ ચેવલી**

તથા

**સદ્‌ગત શ્રીમતી ધનગૌરીબહેન ઉમેદરામ ચેવલી**ને

**'મારી સાધનાકથા'**ની આ બીજી આવૃત્તિ
પ્રેમપૂર્વક અર્પણ કરતાં અમો આનંદની
લાગણી અનુભવીએ છીએ.

તા. ૧-૪-૨૦૧૨ — **ટ્રસ્ટીમંડળ,**
રામનવમી — **હરિઃૐ આશ્રમ, સુરત**

॥ હરિઃૐ ॥

# શ્રીમોટા ચરણે - સમર્પણાંજલિ

## શ્રીસદ્‌ગુરુને

(અનુષ્ટુપ)

શ્રીસદ્‌ગુરુ હૃદે ઊંડું પ્રણામો, સ્તવીને કરું,
ભક્તિ પ્રભાવથી કેવો પ્રભાવિત થઈ ભજું.
શ્રીસદ્‌ગુરુની પ્રત્યે સૌ કર્મે પ્રેર્યાં જ જે કરે,
-ભાવ અંતરનો ઊંડો થાય, તદ્રૂપ તે વિશે.
વારંવાર નમું એવા સદ્‌ગુરુને પદે લળી,
एवानी શક્તિકેરી હું સ્તુતિ ગાવું સ્તવી સ્તવી.
ગુરુકથા લખાવી છે, જેણે મારી કને ચહી,
આભાર માનવા ભાવ ક્યાંથી લાવું હું દિલથી ?
બધી સમજ સંસારી માનવતણી હોય જે
-શ્રીસદ્‌ગુરુની પ્રત્યેની, તે તે મેં વર્ણવેલ છે.
જેવો તે વર્ણવેલો છે તેવો ને તેટલો ખરે,
ખરે એનાથી તે ક્યાંયે વાસ્તવિક હકીકતે,
મુદ્દલે આપ પોતે ના, અધિકાધિક ઑર છે,
एने માપી શકાયે ના, માત્ર અનુભવાય તે.
યથાયોગ્ય ભલે ના હો, જેવું તેવું ભલે જ હો,
છતાં નાદાન તારાનું ગણી, સ્વીકારી લે, સ્તવું,
તારા પ્રતાપથી હું તો થોડુંઘણું કંઈક જે
-કમાયો જીવને, તારે પાદે ભાવે ધરું હવે.
અર્પવા અંજલિ एने મારી ગુંજાશ કૈં ન છે,
કાલાવાલા છતાં જેવા તેવા હું ધરું પાદપે,
જેમણે મેલું ધોઈને સ્વચ્છ, શુદ્ધ કરી હૃદે,
પુષ્પ ચઢાવવા પાદે જેણે યોગ્ય બનાવ્યું છે,
તેવા સદ્‌ગુરુનું ઋણ વાળવું કેવી રીતે જે ?
ઊર્ધ્વ ચઢાવવા કર્મ કરાય, યોગ્ય તર્પણ,

*શ્રીસદ્‌ગુરુ : ૧-૩* **- શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# ભૂમિકા

હરિઃ ૐ આશ્રમ, નડિયાદના મૌનરૂમ નંબર ચાર, તારીખ બાવીસમી ડિસેમ્બર, ઈ.સ. ૨૦૦૪, બુધવાર, મોક્ષદા એકાદશી દિને, સવારના નવ કલાક અને પાંચ મિનિટે, મારા મૌનકાળના સમય દરમિયાન હીંચકા ઉપર બેસીને હરિઃૐનું નામસ્મરણ મુખથી લેતાં લેતાં, નામસ્મરણ પોથીમાં હું હરિઃૐ લખી રહી હતી, ત્યારે ઓચિંતી દિવ્યવાણી મને સંભળાઈ : ''બહેન ! **મારી સાધના કથા** તું કેમ લખતી નથી ?'' આ સાંભળી મેં આસાપાસ જોયું. હું નવાઈ પામી. મને થયું કે આ તો મારો ખોટો ભ્રમ હશે ! પરંતુ થોડીક મિનિટમાં ફરીથી તે જ દિવ્યવાણીના શબ્દો મને સંભળાયા. મને ખાતરી થઈ કે આ તો પૂજ્ય શ્રીગુરુદેવ મોટાનો અવાજ છે ! હું ખૂબ જ ભાવમાં આવી ગઈ. શરીરમાં રોમાંચ અનુભવ્યો. વધારે મોટેથી હરિઃૐ બોલવા લાગી. આંખમાં આનંદનાં અશ્રુઓ વહેવાં લાગ્યાં અને હું ગદ્ગદ બની પૂજ્ય શ્રીમોટાના ફોટાને નમી પડી.

પૂજ્યશ્રી મોટાનો અવાજ મનમાં ને મનમાં ગુંજવા લાગ્યો. મનમાં મેં વિચાર કર્યો કે ગુરુદેવ મોટાના આદેશનું હું પાલન કરું. તેથી તરત જ નામસ્મરણ લખવાનું પૂરું કરી. સાધનાકથા - ગ્રંથ લખવા માટે રૂપરેખા તૈયાર કરી. ત્યાર પછી જ મનને શાંતિ અને સંતોષ થયાં.

મૌનકાળ પૂરો થતાં ઘેર આવી. સાધનાકથા લખવા માટે વિચાર કરવા લાગી. પણ તે લખવાની મારી હિંમત ન ચાલી. મને એમ થતું કે શ્રીમોટાની સાધનાકથા લખવાની મારી હેસિયત કેટલી ? મનની સ્થિતિ પાછી અશાંત બની, ડામાડોળ થઈ. લખવું કે ન લખવું - તેવી દ્વિધા, ગડમથલમાં હું પડી. લગભગ ફેબ્રુઆરીની તેરમી તારીખ સુધી મનની આ ગડમથલ રહી.

વસંત પંચમીએ સુરત, હરિઃૐ આશ્રમમાં શ્રી ઠાકોરભાઈ અને મારા ભાણા સાથે હું ગઈ હતી. પૂજ્ય શ્રીમોટાનો તે દિવસ દીક્ષાદિન હોવાથી હું, પૂજ્યશ્રીના ફોટા સમક્ષ પ્રાર્થના કરતી હતી, ત્યાં પેલો અવાજ મનમાં ગુંજવા લાગ્યો. તે સમયે શ્રી પ્રભુદાસ જાની પણ સુરત, હરિઃૐ આશ્રમમાં દીક્ષાદિન નિમિત્તે આવેલા. એટલે મને વિચાર આવ્યો કે મારા મનની દ્વિધા

તેમની સમક્ષ ખુલ્લા દિલે રજૂ કરું. તેઓ અમને મૂકવા માટે બહાર ઝાંપા સુધી આવતા હતા, ત્યારે મારો ભાણો પણ મારી સાથે હતો, તેની હાજરીમાં મેં મારા અનુભવની અને તે અંગેની ગડમથલની વાત કરી. મેં મારી વાત વિગતે રજૂ કરી. મારા શરીરે રોમાંચ થઈ ગયો ! તેમણે મને પ્રોત્સાહિત કરતાં કહ્યું, "બહેન ! જરૂર લખો. આપણે આ કામ કરીએ." આથી, સંતોષ પામતાં મેં કહ્યું, "જો, તમે મને આ કાર્યમાં મદદ કરો, તો જ તે શક્ય બનશે." તેમણે હા પાડી. એટલે મને સાતા વળી. સાધનાકથા લખવાની ભૂમિકા તૈયાર થઈ.

અમદાવાદ આવ્યા પછી પણ મને મનમાં ખટક્યા કરતું કે આ કામ કરવાને માટે હું લાયકાત ધરાવું છું ખરી ? પાછો લખવાનો ઉત્સાહ મંદ પડ્યો. પણ મનમાં તો તે અવાજનો રણકાર સંભળાયા જ કરતો. એટલે તારીખ પચીસમી માર્ચે, હોળીના દિવસે, મનને મજબૂત કરી, પૂજ્યશ્રીને પ્રાર્થના કરી, આજ્ઞા લઈ **"મારી સાધના કથા"** - (શ્રીમોટાની) લખવાનો શુભ આરંભ કર્યો. પછી તો તે લખવામાં એટલો બધો આનંદ આવતો કે તેનું વર્ણન કરવા માટે મારી પાસે શબ્દો નથી ! પૂજ્ય શ્રીમોટા લખાવતા હોય અને હું તેમની કલમ બનીને લખતી હોઉં, તેવી તેમની સહાય અને પ્રેરણા મને મળતી રહી ! તેમણે આટલી મોટી સંખ્યામાં લખેલાં ગદ્ય અને પદ્યનાં પુસ્તકોમાંથી કેટલાક સાધનાના પ્રસંગો કયા પુસ્તકમાં લખાયા હશે, તે શોધવા માટે મારે મંથન કરવું પડતું. વિચારતાં પુસ્તકનું નામ મને સ્ફુરતું અને તે પ્રસંગ તે પુસ્તકમાંથી મળી જતો ! તો ક્યારેક પૂજ્યશ્રી મારી કસોટી પણ કરતાં ! ઘણાં બધાં પુસ્તકોનાં પાનાં ફેરવું ત્યારે મને જોઈતી વિગત મળતી. તારીખ સોળમી જુલાઈ સુધી રોજના બે ત્રણ કલાક આ કથા લખવા પાછળ જતો. કોઈક દિવસ કોઈ કારણસર ન લખાય, તો મારા મનને ખેદ થતો, દુ:ખ પહોંચતું. પરંતુ ઘરની જવાબદારી, સંજોગો અને ફરજને ધ્યાનમાં રાખી આ કાર્ય મારે અટકાવવું પડતું ! ઘણી વખત આ જ વિચારોમાં ઊંઘ ન આવતી. ત્યારે રાત્રિએ પણ તે લખવા પ્રેરાતી અને લખતી. તા. ૨૫-૦૩-૨૦૦૫થી તા. ૧૬-૦૭-૨૦૦૫ સુધીમાં - ટૂંકા ગાળામાં આ ગ્રંથની રચના થઈ. આ વાત થઈ "મારી સાધનાકથા - શ્રીમોટા"ના ગ્રંથની રચનાની ભૂમિકાની !

તા. ૨૫-૯-૨૦૦૫ના રોજ હું, મારા લખાણની ફાઈલનું કબાટ ગોઠવતી હતી. જે કાંઈ નકામું હોય તે કાઢી નાખતી. ત્યારે ઓચિંતા મારા હાથમાં ઘણાં વર્ષો પૂર્વે મૌનમંદિરમાં જ લખાયેલી એક ફાઈલ મળી. તેને ખોલીને જોઉં છું તો તેમાં શ્રીમોટાની ‘‘સાધનાકથા’’ વિશેનું થોડુંક લખાણ જોવા મળ્યું. મને નવાઈ સાથે ખૂબ જ આનંદ થયો ! આ કાર્ય મેં અધૂરું મૂક્યું હતું, અને મારાથી તે વીસરાઈ ગયું હતું. તેનો વિચાર કરતાં યાદ આવ્યું અને તેમાં સ્વ. પ્રો. રમેશભાઈ ભટ્ટને ઉદ્દેશીને લખેલો પત્ર જોવા મળ્યો. તે વાંચતા ખ્યાલ આવ્યો કે તે લખવામાં હું થોડીક દ્વિધા અનુભવતી હતી, કે આ સાધનાકથા પૂજ્ય શ્રીમોટા કહેતા હોય તેમ તેમના શબ્દોમાં લખવી કે મારા શબ્દોમાં લખવી - તેનો ઉલ્લેખ તે પત્રમાં કરેલો છે. પણ કોણ જાણે કેમ તે અંગે હું આગળ કોઈ પ્રયત્ન કરી શકી ન હતી. અધૂરી લખેલી સાધનાકથાની ભુલાઈ ગયેલી વાત પૂજ્યશ્રીએ તેમની દિવ્યવાણી દ્વારા તાજી કરાવી અને મને લખવા પ્રેરી !

ઉપર લખેલું મારું કથન મેં ખૂબ જ ખુલ્લા દિલથી રજૂ કર્યું છે. આ ‘‘મારી **સાધનાકથા** - શ્રીમોટા’’ લખવા પાછળનો ઈતિહાસમાં મારો કોઈ પ્રચાર નથી. અહમ્ નથી, મોટાઈ નથી, આડંબર પણ નથી - પરંતુ જિજ્ઞાસુ વાચકગણને ‘‘મારી **સાધનાકથા** - શ્રીમોટા’’ ગ્રંથની રચના પાછળનો ઈતિહાસ જણાવવાનો એકમાત્ર મારો નમ્ર પ્રયાસ છે ! તે શ્રીમોટાની લખેલી પંક્તિઓમાં રજૂ કરું છું.

‘‘ન મુજ ત્યાં હોશિયારી છે, ન ત્યાં મુજ વિદ્વત્તા કંઈ છે,
ન એમાં ઘાડ મારી છે, કૃપા અદ્ભૂત હરિની છે.’’ -
*દીપશિખા : ૩૭* - **શ્રીમોટા**

- **સુશીલા અમીન**
૧, અમીન સોસાયટી,
નવજીવન પોસ્ટ, અમદાવાદ-૩૮૦૦૧૪.
તા. ૧૮-૭-૨૦૦૫

॥ હરિઃૐ ॥

# કૃપાપ્રસાદ

"મારા મનમાં એક વિચાર થયેલો કે ઘણાં બધાં પોતાનાં જીવનવૃત્તાંતો લખે છે, મારે કોઈ જીવનવૃત્તાંત તો લખવું ન હતું. - જોકે લખી શકાય એવું છે. મારા જીવનમાં કેટલાય ફેરફાર થયા છે. કેવી સ્થિતિ હતી, એ સ્થિતિમાં કેવા સંગ્રામો થયા - એવું હું લખી શકું એમ છું. લખવાની તાકાત પણ છે, પણ અંગત જીવન માટે લખવું નથી. પણ મારી સાધનાની Autobiography of my sadhana - એટલે કે સાધનાનું જીવનચરિત્ર મારે લખવું હતું અને એ મને આ નાના સરખાં જોડકણાંમાં સારી રીતે લખતાં ફાવે છે." તે દર્શાવે છે કે પૂજ્યશ્રીની ઇચ્છા આ સાધનાકથા લખવાની હતી, તે પૂરી કરવા માટે જ મને પ્રેરણા આપવામાં આવી હશે !

*જીવનઘડતર : ૧૮*

તેમનું "आत्मकथन" લખવાની ઇચ્છા સ્વ. શ્રી રમેશભાઈ ભટ્ટે "ભગતમાં ભગવાન" ગ્રંથ પ્રગટ કરી પૂરી કરી.

પૂજ્ય શ્રીમોટા લખે છે કે "જીવન અનુભવ ગીત"થી તે અત્યાર સુધી જે ભજનો લખાયાં છે, તે બધાં ભજનો એક રીતે તો Autobiography of my sadhana-મારી સાધનાનો આ એક જીવંત, સળંગ એકધારો વૃત્તાંત છે."

*જીવનઘડતર : ૧૫*

"આજે સમજણ નહિ પડે, પણ સો વર્ષ પછી કોઈ માણસ અભ્યાસી નીકળશે, તેને સમજણ પડશે. મેં લખ્યું છે તેટલા માટે નહિ પણ માનવીય હેતુથી લખું છું અને મને આ ગદ્ય કરતાં પદ્ય સહેલું અને સરળ લાગે છે. આઠ લીટીમાં એક ભાવ ટકાવી દેવો - બીજી આઠ લીટીમાં બીજો ભાવ - એ પેલા (ગદ્યમાં) મારાથી થતું નથી."

*શ્રીમોટાવાણી-૫ : ૮-૯*

"હજી મને સમય મળે તો અને તબિયત સારી થાય તો મારે આ સાધના વિશે લખવું છે. ખાસ કરીને સાધનાકાળમાં પ્રકૃતિ ભગવાનના માર્ગ વચ્ચે આડખીલીરૂપ બને છે - તેનું વર્ણન કરવું છે. લોકો પોતાની મેળે ભલે સાધના કરે, પણ સમજે તો ખરાને કે આવું આવું મારી સાધનામાં છે ! ભગવાનની કૃપાથી આ માંદગીમાંથી નીકળાય તો લખવાનું બને."

તા. ૨૦-૯-૧૯૭૪ *અન્વય-સમન્વય : ૪૦*

પૂજ્ય શ્રીમોટાના ઉપરના કથન ઉપરથી સ્પષ્ટ થાય છે, કે તેમને સાધનાકથા લખવાની ઈચ્છા હતી. પરંતુ તેમની માંદગી તે લખવામાં આડખીલીરૂપ બની. પૂજ્ય શ્રીસદ્‌ગુરુ મોટાની અસીમ કૃપાને કારણે આ "મારી સાધનાકથા" શ્રીમોટાના જ શબ્દોમાં, તેઓ પોતે સાધના વિશે કહેતા હોય, તે રીતે સંકલિત કરી લખવાનો પ્રયાસ કર્યો છે. તેમાં સળંગ સૂત્રતા જાળવવા માટે ક્યાંક ક્યાંક ખૂટતા શબ્દો ઉમેરવામાં આવ્યા છે, તો વાચકવર્ગ મને ક્ષમા કરે.

આવી વીરલ, વિભૂતિ, મહાન સંતની 'સાધનાકથા' લખવાનો જે પ્રયાસ થયો છે, તે માટે શ્રીમોટાના જ શબ્દોમાં કહું તો,

'કલમ હું ખાલી જ માત્ર છું, કશું ડહાપણ ન મુજમાં છે,
કશુંક નીતરતું લાગે જો, બધું તે તે હરિનું છે.''

*જીવનરંગત : પૃ. ૭૪* - શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટાની સાધના - ખૂબ જ ગૂઢ અને રહસ્યમય છે. તેમ છતાં તેમના પોતાના અનુભવની આ "સાધનાકથા" છે. તેમની સાધનાના કેટલાક પ્રસંગો આપણી સમજણમાં બેસતા નથી. તેમના કેટલાક વહેવારો પણ અગમ્ય છે, તો કેટલીક ઘટનાઓ આનંદસ્વરૂપના આવિર્ભાવરૂપે આપણને માણવી ગમે છે. તેમના જીવનના કેટલાંક ગૂઢ પ્રસંગો આપણે પકડી શકતા નથી. તેમ છતાં તેમની જીવન સાધનાની ક્ષણે ક્ષણ કે જેણે તેમના જીવનમાં તેમને ધન્યતા અપાવી છે, તેવા તેમનામાં ખીલી રહેલા આનંદના ઉમળકાના વ્યક્ત સ્વરૂપને આપણે સૌ આ ' મારી સાધનાકથા'ના ગ્રંથમાંથી અનુભવવાના છીએ. તેમની સાધનાકાળના ઝાંખી કરાવતા કેટલાક પ્રસંગો સંકલિત કરવામાં આવ્યા છે. તેમ જ તેમની દિવ્ય અને ગૂઢ સાધનાના અનુભવોની હકીકતની ઘટનાઓ પણ અહીં સંગ્રહિત કરવામાં આવી છે. તેમનો સાક્ષાત્કાર-સગુણ અને નિર્ગુણના સૂક્ષ્મ અનુભવ - તેમની તે સમયની અનુભવદશા, તે પછીનું જીવન ઈશ્વર પ્રેરિત હતું, તે દૃષ્ટિબિંદુને ધ્યાનમાં રાખીને આ પુસ્તકનું માળખું તૈયાર કરવામાં આવ્યું છે.

શ્રીમોટાના જીવનના સાધનાકાળના પ્રસંગો આ પુસ્તકમાં બાર ખંડમાં નિરૂપવામાં આવ્યા છે. જેમાં શ્રીમોટાએ ફેફરુંના રોગથી કંટાળી નર્મદામૈયાને ખોળે ભૂસકો માર્યો તેથી નર્મદામૈયાની સહાય અને આશીર્વાદ તેમને મળ્યાં

છે, તથા ત્યાં મંદિરમાં રહેતાં સાધુમહાત્માએ તેમના ફેફરાના રોગના નિવારણ માટે ''હરિઃૐ'' નામસ્મરણ કરવા માટે સૂચવ્યું અને ભવિષ્યકથનનું દર્શન પણ આમાં વર્ણવવામાં આવ્યું છે. તેઓ ગાંધીજીના વિચારોને ધ્યાનમાં રાખીને પ્રયોગ કર્યા સિવાય કોઈ વાત સત્ય માનતા નહિ તેમ જ વૈજ્ઞાનિક દૃષ્ટિથી સ્પષ્ટ કર્યા સિવાય કોઈ હકીકત માનવી નહિ તેવું તે મંતવ્ય ધરાવતા હોવાથી નામસ્મરણ કરવાથી રોગ કેવી રીતે મટે છે અને આપણામાં રહેલા ષડ્રિપુઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર નિરંતર અખંડ નામસ્મરણ લેવાથી કેવી રીતે મોળા પાડી શકાય છે, તે હકીકત પૂજ્યશ્રીએ વૈજ્ઞાનિક પદ્ધતિથી પોતે અનુભવીને સ્પષ્ટ કરી છે. તેનું ઉદાહરણ સર્પદંશના પ્રસંગમાં વર્ણવ્યું છે, જેનાથી તેઓ અજપાજપની સિદ્ધિ મેળવી શક્યા, તેથી જ ગાંધીજીએ તેમને માટે કહેલું, ''તું આધ્યાત્મિક વિજ્ઞાનનો વિજ્ઞાની થઈશ.'' તેમણે મૌનમંદિરો સ્થાપી આધ્યાત્મિક ક્ષેત્રમાં - ભારતમાં તેનો પ્રયોગ કરી સાબિત કરી, ગાંધીજીના શબ્દો યથાર્થ કર્યા છે.

સામેથી ચાલી આવીને દીક્ષા આપનાર શ્રીબાળયોગી મહારાજ, તેમના સાચા સદ્ગુરુ અને પ્રેરણા આપનાર શ્રીકેશવાનંદજી - ધૂણીવાળા દાદાજી, સાધનામાં સહાયરૂપ બનનાર શ્રીઉપાસની મહારાજ અને તેમની સાધનામાં આખરી ઓપ આપનાર મહાન સંત શ્રીસાંઈબાબા દ્વારા તેમ જ અન્ય સંતો દ્વારા જે પ્રસંગો સાધનાક્ષેત્રે બન્યા, તે અત્રે રજૂ કરવામાં આવ્યા છે. સ્વપ્ન દ્વારા સંકેત થયેલ સ્થળોમાં જઈને, કોઈ શાંત, એકાંત સ્થળની સાધનાની વિચક્ષણ ઘટનાઓ પણ આલેખવામાં આવી છે. તેમના જીવનમાં પ્રભુની પ્રેરણાથી, તેમની સદ્ભાવનાથી તેમને જે અગમચેતી મળી તેના પ્રસંગો પણ નિરૂપવામાં આવ્યા છે. તેમના ભાવાવસ્થા, ધ્યાનાવસ્થા, તાદત્મ્ય ભાવનાના પ્રસંગોનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે.

તેમણે પોતે જે દિવ્ય જીવન પ્રાપ્ત કરવા માટે સાધના કરી, તે વળી પાછી સંસારની ફરજો બજાવતાં બજાવતાં સંસારમાં રહીને કરી, તે અત્યંત લાક્ષણિક બાબત ગણી શકાય. પાછી તે સાધના રાત્રિના ઘોર અંધકારમાં, એકાંતમાં અને બીજાં કેટલાંય ગુપ્ત સ્થળોએ જઈને નિર્જન એકાંતમાં, કોઈ પણ સગવડ વિના કરી. તે ખરેખર અઘરી સાધના હતી. કેટલીક વખત બ્રહ્મચર્યના પાલન માટે સાધના કરતાં મુશ્કેલીઓ નડતી, ત્યારે તેને દૂર

કરવા માટે કુંભમેળામાં - હરદ્વારમાં જઈને શ્રી બાળયોગીજી મહારાજની સલાહ લઈ, તે દૈવાસુર સંગ્રામને તેમણે નાથ્યો અને જીવનને આધ્યાત્મિક ક્ષેત્રે ઉન્નત બનાવવામાં સફળ બન્યા.

સદ્‌ગુરુના મૂર્તસ્વરૂપને, તેમની આકૃતિને નજર સમક્ષ રાખી, તેઓ સાધનામાં આગળ વધ્યા. તે સદ્‌ગુરુનું મૂર્તસ્વરૂપ તેમની જિંદગીમાં પછીથી અમૃતરૂપ બની ભાવના સ્વરૂપે પ્રગટ થયું. હુકમ પાલન કરવું તે પૂજ્યશ્રીના જીવનનું એક અનોખું લક્ષ્યબિંદુ બન્યું. નામસ્મરણ, ભજન, કીર્તન, ધ્યાન, મનન, નિદિધ્યાસન, ધારણા, આત્મનિવેદન વગેરે સાધનાનાં સાધનો દ્વારા તેઓ સાધનાક્ષેત્રે પ્રગતિ કરી શક્યા. ઈ.સ. ૧૯૨૧ થી ૧૯૩૯ સુધીના સાધનાકાળના સમયગાળામાં તેમણે અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી. મનની નીરવતા, સગુણ બ્રહ્મ સાક્ષાત્કાર, નિર્ગુણ બ્રહ્મ સાક્ષાત્કાર પામી, **"હું સર્વત્ર વિદ્યમાન છું."**ની સ્થિતિ પ્રાપ્ત કરી. આધ્યાત્મિકક્ષેત્રે દિવ્ય શિખરો તેમણે સર કર્યાં અને પૂર્ણ પુરુષોત્તમના સાક્ષાત્કારની ઝાંખી કરી, દિવ્ય જગતમાં પ્રસરેલું પરમાત્માનું અણુ અને પરમણુનું પ્રેમસ્વરૂપ તેમનામાં પ્રગટ્યું. સમાજને બેઠો કરવાના ગુરુ આદેશને ધ્યાનમાં લઈ તે પરમ પ્રેમસ્વરૂપને પ્રેમગંગા દ્વારા દ્વારા પોતાના સ્વજનોના જીવનને ઉજ્જ્વળ બનાવી ઉદ્ધાર કર્યો.

પૂજ્ય શ્રીમોટાનું સાહિત્ય સર્જન અલૌકિક, વિશિષ્ટ પ્રકારનું અમૂલ્ય ગણી શકાય. તેમણે પત્રો દ્વારા ગદ્યનું નિર્માણ અનેક પુસ્તકોમાં કરી આધ્યાત્મિકક્ષેત્રે જ્ઞાનપિપાસુ વાચકોને માર્ગદર્શન આપ્યું છે. પદ્ય દ્વારા પોતાની સાધનાકથા વર્ણવી આધ્યાત્મિકક્ષેત્રે કઈ રીતે, કયાં કયાં સાધનો દ્વારા પ્રગતિ કરી શકાય તે તેમના પદ્યના રચનાવાળાં પુસ્તકોમાં જોવા મળે છે. પોતે શાસ્ત્રો વાંચ્યાં નથી, જાણ્યાં નથી, તેમ છતાં ઉત્તમ પ્રકારના શાસ્ત્રોચિત રજૂઆતો દ્વારા, ભગવદ્‌ભાવને ધ્યાનમાં રાખી, હજારોની સંખ્યામાં કાવ્યો, પદો, ભજનો, મુક્તકો - અનુષ્ટુપ છંદ અને અન્ય છંદોમાં રચી, સરળ અને સુગમ્ય શૈલીમાં, સામાન્ય લોકો સમજી શકે તેવી ભાષામાં રજૂ કર્યાં છે. આ બધું ભગવદ્‌ભાવના પ્રગટસ્વરૂપનું અનુભવ દર્શન ગણાય. પોતે પોતાની જાતને 'હરિની કલમ' તરીકે ઓળખાવી આ સાહિત્યને સમાજને ચરણે ધરી, તેની પ્રકાશનની અને વેચાણની બધી આવકને તેમણે પોતાની ગણી નહિ અને સમાજકલ્યાણનાં કાર્યો માટે સમર્પણ કરી, પોતે ધન્યતા અનુભવી !

આ સાધનાકથામાં વૈવિધ્યભર્યા, લાક્ષણિક અને રહસ્યમય પ્રસંગો દ્વારા પૂજ્યશ્રીની સાધનાનાં દર્શન થાય છે. તે આપણા સૌને માટે ભાવાત્મક રીતે પ્રેરણારૂપ બન્યા છે. પૂજ્યશ્રીનાં ઇઠ્યોતેર પુસ્તકોમાંથી સામગ્રી એકઠી કરી, તેના બાર ખંડ પાડવામાં આવ્યા, તેનું નામાભિધાન કરવામાં આવ્યું. તેની વ્યવસ્થિત ગોઠવણી કરવામાં આવી. તે સાધનાકથા લખવામાં માનનીય શ્રી પ્રભુદાસ જાની મારા પ્રોત્સાહક બન્યા. તેમ જ તેનું વાંચન કરી મઠારવામાં મને મદદરૂપ બન્યા. તે માટે તેમનું ઋણ અદા કરું છું. આ પુસ્તકનું પ્રકાશન કરવા માટે હરિઃૐ આશ્રમના ટ્રસ્ટીમંડળે મને સંમતિ આપી તે બદલ તેમનું ઋણ સ્વીકાર કરી, આભારની લાગણી વ્યક્ત કરું છું. મારાં કુટુંબીજનોએ આ સાધનાકથા લખવા માટે જે સગવડ મને આપી તે સૌનું ઋણ વ્યક્ત કરું છું.

આ ગ્રંથમાં શ્રીમોટાના સાધનામય જીવનકાળના સાધનાના મહત્ત્વના પ્રસંગો તેમના આધ્યાત્મિક સાધનાને પંથે જે રીતે બનેલા છે, તે પ્રમાણે જુદા જુદા ખંડોમાં ગોઠવવામાં આવ્યા છે. વળી, જે પ્રસંગો જે જે પુસ્તકોમાંથી લીધા છે, તે પુસ્તકોનાં નામ અને પાનાંની સંખ્યા ફકરાના અંતે નિરૂપવામાં પ્રયત્ન કર્યો છે.

આ મારી સાધનાકથામાં પૂજ્યશ્રીના બહોળા પુસ્તક સમુદાયમાંથી પ્રસંગો અને વિગતો લીધી છે, તેમાં પુનરાવર્તન આવતું હોય છે. તેથી કદાચ સળંગસૂત્રતા જળવાતી ન હોય, તેનું કારણ એ છે, કે આ સાધનાકથા ગ્રંથ પૂજ્યશ્રી મોટાના સ્વમુખે કહેવાતો હોય તે રીતે લખવામાં થોડીક સરળતા રહી નથી, તેથી તે ક્ષતિને નિવારી લેવા વાચકવર્ગને મારી નમ્ર વિનંતી છે.

પૂજ્યશ્રીના દિવ્યધ્વનિએ આ ગ્રંથ "મારી સાધનાકથા - શ્રીમોટા" લખવામાં મને નિમિત્ત બનાવી. તેને પ્રકાશિત કરવામાં મારી કોઈ ગુંજાશ નથી. જે કાંઈ લખાયું છે તે પૂજ્યશ્રીનો જ "કૃપાપ્રસાદ" છે. તે 'કૃપા' નો 'પ્રસાદ' આરોગવાનો મને અને આપ સૌને લાભ મળ્યો છે. તે જ પૂજ્યશ્રીની મહત્તા, વિશેષતા અને તે જ તેમનો કૃપા - પ્રેમપ્રસાદ !

"તારું તને ચરણ અર્પણ આ કરીને
હું મૌન ધારું, જ્યમ તેં શીખવ્યું મને છે."

*નર્મદાપદે : ૭૧* — શ્રીમોટા

**॥ હરિઃૐ ॥**

॥ હરિઃૐ ॥

# મારી સાધનાકથા - શ્રીમોટા

## "એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો !"

મેં સાધના શરૂ કરી ૧૯૨૧ની આખરમાં.

જે વાતનો મુદ્દલ વિચાર નહિ, કે જે વાતનો કશો પણ ખ્યાલ નહિ, એ ભગવાનના માર્ગ તરફ હું શી રીતે વળ્યો હોઈશ ? તે વિશે વિચાર કરું છું ત્યારે મને પોતાને પણ આશ્ચર્ય થાય છે. ગાંધીજી પાસેથી દેશસેવાનું વ્રત લઈને હું હરિજન-સેવામાં જોડાયો હતો. તે કાળે ગાંધીજીનો એવો સૂરજ તપતો હતો કે તેઓ જે આદેશ આપે તે જ ખરું કામ. સાધુસંતો અને બાવા એ તો દેશને ભારરૂપ ગણતા હતા એટલે એમને વિશે વિચાર પણ ક્યાંથી આવે ? તો પછી ભગવાનના નામની વાત તો ક્યાંથી જ હોય ?

પણ ભગવાનને એના માર્ગે મને વાળવો હતો. એને થયું હશે કે આ છોકરાનો માર્ગ જુદો છે અને એ જુદે માર્ગે ચઢી ગયો લાગે છે. એને એમ ને એમ કહીશ કે તારો માર્ગ જુદો છે અને તું ખોટે રસ્તે ચઢી ગયો છે તો એ નહિ માને. એને Shock-(આઘાત) આપીશ તો જ એ સાચે માર્ગે ચઢશે. એટલે મને ફેફરાનો રોગ થયો. દવાઓથી મટ્યું નહિ અને રોગથી હું કાયર, કાયર થઈ ગયો. એક વેળા ચાણોદ ફરવા ગયો હતો. ત્યાં નર્મદા કિનારે એક સાધુમહાત્માએ કહ્યું, 'બચ્ચા, તારે રોગ મટાડવો હોય તો એક દવા બતાવું. પણ તારા માન્યામાં નહિ આવે." મેં એ મહાત્માને ખાતરી આપી કે તમે બતાવશો એ દવા હું જરૂર કરીશ. ત્યારે એમણે મને ભગવાનનું નામ લેવાનો ઉપાય બતાવ્યો.

સાધુમહાત્માએ ભલે મને સાચો ઉપાય બતાવ્યો, પરંતુ જ્યાં સુધી એમાં શ્રદ્ધા ન બેસે ત્યાં સુધી એ નિરર્થક છે. હું આગળ જણાવી ગયો કે એ કાળે ગાંધીજીની બોલબાલા હતી અને ઈશ્વરમાં એમને ભારે શ્રદ્ધા હતી. એટલે મારી બધી હકીકત લખી જણાવી, પૂછ્યું. ગાંધીજીનો જવાબ આવ્યો કે ઈશ્વરના નામથી ગમે તે રોગ મટી શકે છે. માટે ખુશીથી તું ભગવાનનું નામ લે. મેં ભગવાનનું નામ લેવા માંડ્યું. પ્રભુકૃપાથી ભગવાનનું નામ એવું સરસ રીતે લેવાયું કે મારો રોગ મટ્યો જ. પરંતુ મારું કામ જીવંત

રીતે થવા માંડ્યું. તેમાં ગતિ આવી અને એકીસાથે અનેક કામ કરવા છતાંય બધાંય કામ તરફ એકસરખું લક્ષ અપાવા માંડ્યું. આ રીતે ભગવનના નામની અસર મારા શરીર, મન અને કામમાં પ્રવર્તવા લાગી, એટલે તેનું નામ હું વધુ લેવા લાગ્યો.

આ રીતે મારા વહાલાએ મારા જીવનમાં મને એટલી બધી મદદ કરેલી છે, કે તેના ગુણગાન ગાતાં મને ધરવ થતો નથી. ભગવાનનું નામ એક નહિ અનેક રીતે ગાતાં મને એટલો બધો આનંદ આવે છે, કે મારું રોમેરોમ તેથી પુલકિત થાય છે અને મારા શ્વાસોચ્છ્વાસમાં તેનો રણકાર ગુંજ્યા કરે છે. ઘણીવાર હરિના નામનું ગુંજન મારી ઊંઘ પણ હરી લે છે. પણ તેથી મને કદી નુકસાન થયું નથી. પણ મારા દિલમાં મસ્તી જ પ્રવર્તી છે.

આથી જ ભગવાનના નામ અને ભક્તિનો જ મેં મહિમા ગાયો છે. એથી આપણું અહમ્ ટળે છે. રાગદ્વેષ મોળા પડે છે. કશી આશા અપેક્ષા રહેતી નથી. હૃદય નિર્મળ થાય છે, અને ખળખળ વહેતી નદી જેમ સાગરમાં ભળી જાય છે, એમ ભગવાનનું નામ લેવાથી આપણો આત્મા પ્લાવિત થઈને ભગવદ્‌ભાવમાં ભળી જાય છે. આથી મનમાં જે પ્રસન્નતા રહે છે, શાંતિ પ્રવર્તે છે અને તૃપ્તિ થાય છે, તે લાખો રૂપિયા આપવા છતાં પણ સંસારમાં ન મળે એવી છે. મારી આ વાત જગતને હું કેવી રીતે સમજાવું ?

મારી સાધનામાં ભગવાનના નામને આથી જ મેં મુખ્ય ગણ્યું છે. કોઈ મને પૂછે કે મોટા, ભગવાનના નામમાં તમને શું મળ્યું ? તો હું તેને કહું કે ભગવાનના નામથી મને શું નથી મળ્યું ?

(૧) મને ભગવાને એનો બનાવ્યો એ પહેલું વળતર.

(૨) ભગવાને મને એની ભાવપ્રસાદી આપી અને મેં તેને એકલા ન આરોગતાં સર્વને ધરી એ બીજું વળતર.

(૩) બુડથલ જેવા મારી પાસેથી એણે શાસ્ત્રો જેવાં કેટલાંય પુસ્તકો લખાવ્યાં એ ત્રીજું વળતર.

(૪) લોકકલ્યાણનાં કાર્યો માટે લાખો રૂપિયા અપાવરાવ્યા એ ચોથું વળતર.

(૫) આટઆટલી માંદગીઓ છતાં એની છત્રછાયાથી હું સ્વસ્થતાથી જીવી શકું છું એ પાંચમું વળતર.

(૬) આબાલવૃદ્ધ મારા જે ચાહકો છે તેમના દિલમાં મને સ્થાન મળ્યું છે, અને 'મોટા'ને અમુક વસ્તુ જોઈએ છે તેનું નામ પડતાં જ તે મને મળી જાય છે. આવો લોકોનો નિર્વ્યાજ પ્રેમ મળ્યો છે એ છઠ્ઠું વળતર.

આમ, ભગવાનને મેં કશું નથી આપ્યું, છતાં ભગવાને મને કેટકેટલું આપ્યું છે ? ભગવાને સર્વોત્તમ ભેટ તો મને ભાવની બક્ષી છે. જે ભાવદ્વારા સૌની સાથે દોસ્તી કરવાની મને તક મળે છે અને તેમને ભગવાનનો ભાવ પહોંચાડવામાં હું નિમિત્ત બનું છું. તેના રસનો સ્વાદ મેં ચાખ્યો છે તેની તોલે જગતનો કોઈ સ્વાદ આવે એમ નથી. જેમ જેમ હું એની સમીપ ગયો છું, તેમ તેમ એનું સ્વરૂપ મને નિરનિરાળું લાગ્યું છે, જેને શબ્દોમાં હું વર્ણવી શકતો નથી, એથી જ મેં મારાં પુસ્તકોમાં ગાયું છે કે 'સર્વશ્રેષ્ઠ हरि જ છે.'

મારા ગુરુમહારાજે મને સાધનામાં દીક્ષિત કર્યો ત્યારે કહેલું કે 'ઈશ્વરને માર્ગે જતાં જતાં તને જે જે અનુભવો થાય તેને તું હૃદયમાં સંઘરી ના રાખીશ, પરંતુ જેઓ ભગવાનને માર્ગે જવા માગે છે, તેમને તારા અનુભવોની જાણ કરજે. મેં તને જેમ ઈશ્વરને માર્ગે જવામાં પ્રોત્સાહિત કર્યો છે, તેમ તું પણ લોકોને ઈશ્વરને માર્ગે જવામાં પ્રોત્સાહિત કરજે.'' લોકોને ઈશ્વરાભિમુખ કરવા માટે આથી જ મારી સાધનાના અનુભવોની જાણ હું કરી રહ્યો છું, કે જેથી કોઈને પણ એનો રંગ લાગે. મારા ગુરુમહારાજને આ જ મારી 'ગુરુદક્ષિણા' છે.

મનુષ્યનાં પ્રકૃતિ અને સ્વભાવ એકસરખાં હોતાં નથી. દરેક માણસનાં પ્રકૃતિ અને સ્વભાવ નોખા નોખા હોવાનાં એટલે તે અનુસાર દરેકની સાધના પણ નોખા નોખા પ્રકારે થવાની. એકે અમુક પ્રકારે સાધના કરી, તો બીજો તે જ પ્રકારે સાધના કરશે એવું નહિ બનવાનું. વળી, ભગવાનનું નામ લીધું એટલે સાધના થઈ ગઈ એવું માનવાની પણ રખે કોઈ ભૂલ કરે. નામસ્મરણ એ તો હૃદયની શુદ્ધિ કરવાનું એક સાધનમાત્ર છે અને તે દ્વારા ભગવાનની ભક્તિમાં સ્થિર અને દૃઢ થવાય છે અને સાધનામાં આગળ વધવા માટેની પ્રેરણાને મદદરૂપ થાય છે. *ભાવહર્ષ : પૃ. ૧૨-૧૮*

મારા સેવાના માર્ગમાં અનેક પ્રકારની જુદી જુદી પ્રકૃતિ અને સ્વભાવના જીવો સાથે સુમેળ, પ્રેમ, સહાનુભૂતિ, શુભેચ્છા રાખી રાખીને અને આત્યંતિક છેવટ સુધીની નમ્રતા રાખી રાખી કેળવીને તેવા તેવા જીવો સાથે વર્તવાનું

થયેલું છે. વળી, તે તે કર્મમાં કદી પણ હુંપદ ન પ્રગટે એની તો કેટકેટલી જાગૃત્તિ પ્રભુકૃપાથી સેવેલી છે ! આ જીવને તેવા સેવાનાં ક્ષેત્રમાં-કર્મમાં કંઈ બીજાથી કરીને અન્યાય નહિ થયેલા હોય એવું મુદ્દલે ન હતું. પરંતુ તેમ છતાં તે બધાંયની ઉપર એકમાત્ર સદ્‌ભાવની જ ભાવના સર્વત્ર જીવતી જાગતી રહ્યા કરે, એવું ભાન અને સચેતનતા રાખ્યા કરવાનું પ્રભુકૃપાથી થતું હતું. એકમાત્ર કામ કર્યા કરવાનું જ મૂંગે મોઢે કર્યા કરતો. અને વિશેષ ને વિશેષ કેમ કરીને મારાં પોતાનાં જ કર્મનું મનન ચિંતવન થયા કરે, તેવી રીતે પ્રવર્તમાન થયા કરવાનું બન્યા જતું.

ભગવાનનું સ્મરણ, એની પ્રાર્થના, એનું ભજન એ જ મારું એક મહત્ત્વનું સાધન તે તે કાળે હતું અને પાછું તેથી કરીને મળેલાં કર્મમાં પણ કોઈ પણ જાતની ઊણપ ન પ્રગટી શકે તે પણ ઉત્તમમાં ઉત્તમ રીતે શ્રીપ્રભુ પ્રીત્યર્થની ભાવનાથી થયા કરે અને તે પણ સાધનાની એક પ્રક્રિયા જ છે એવું ભાન મનાદિકરણને પ્રગટાવેલું રખાવવાને પ્રભુકૃપાથી બન્યે જતું. આવી બેવડી રીતની સાધના થયા જતી હતી. સ્વભાવ અને પ્રકૃતિને નીચેથી ઉપર લઈ જવાની એક પ્રવૃત્તિ અને સાધનાના સાધનના અભ્યાસમાં પ્રેમભક્તિથી અને તેના જ્ઞાનના હેતુને લક્ષમાં રાખી રાખીને ભાવને અવતરણ થવાની પ્રક્રિયામાં સભાનપણું પ્રગટાવવાનું બન્યા જવું તે બીજી પ્રવૃત્તિ. આ રીતે પ્રભુકૃપાથી જીવન જીવી જાણ્યું છે. *જીવનદર્શન : પૃ. ૧૬૬-૧૬૭*

આ જીવના સાધનાના શરૂઆતના ગાળામાં મનનાં વલણ, વિચાર, બુદ્ધિની તર્ક પરંપરા, દલીલો, પ્રાણના આવેગ અને આવેશ, અહંતાના અનેક આકાર પ્રકારો, એ બધાંને યંત્રવત્ શ્રીપ્રભુકૃપાના બળથી ટાળ્યા કરવાનું સૂઝ્યા કરેલું. તેથી પણ કશો દહાડો વળતો ન લાગ્યો. જોકે પ્રભુકૃપાથી તે તે બધું ટાળ્યા કરવામાં ઘણીવાર ફતેહમંદ પણ થવાતું. પણ એથી આગળ ડગલું મંડાતું જતું અનુભવાઈ શકાતું ન હતું અને અહીં તો સદ્‌ગુરુનો હુકમ હતો કે વસ્તુને લક્ષણથી ઓળખો, એટલે એવી રીતે ઉપરનું જે તે બધું ઊપજતું. તેને યંત્રવત્ ટાળવામાં લાભ નથી. એ કેટલાય સમયની કડીતોડ મહેનત પછી પ્રભુકૃપાથી સમજાયું. જોકે તેથી કરી કંઈ કશો લાભ થયો જ ન હતો એવું તો ન હતું. તેથી તેવા ગુણોની કક્ષામાં તો પ્રવર્તાવાનું બની શકેલું. પરંતુ તે તે બધું ટાળવા કરવાની પાછળ પ્રત્યક્ષ તે તે પળે જીવનના ધ્યેય પરત્વેના હેતુનું જીવતું જાગતું જ્ઞાન, તેની સમજણ અને તે

કર્મના હાર્દમાં તેવા પ્રકારની તે તે આચરતી પળે સમજણની ભાવના પ્રગટાવી ઘટે. તે તે રીતે તે તે બધું જો ફેંકાતું જાય, તો તો યોગ્ય અર્થ સરતો હોય છે.

જીવનની ઘણી એવી કટોકટીની પળોમાં અને તે પણ છેક અણીની વેળાએ, મને એણે છેક છોડી દીધો હોય એવું કદી પણ અનુભવ્યું નથી. છેક છેલ્લામાં છેલ્લી અંતની પળ સુધી એણે બાથોડિયાં મરાવ્યા કર્યા હોય છે અને હવે જાણે કે નથી ફવાતું અને તેમ છતાં હિંમત, સાહસ, ધીરજ, બળ, બધું એની કૃપાથી તેવી દશામાં પણ વાપર્યા જ કરવાનું સૂઝ્યા કરતું. પણ નિવેડો તો કેમે કર્યો હાથ લાગે જ શેનો ? અને એક બાજુ અંતરમાં હૃદયથી, હૃદયમાં, હૃદયની પ્રાર્થનાનો સાદ તો ચાલુ જ રહ્યા કરેલો હોય - ત્યાં જાણે ક્યાંકથી એની ઓચિંતી કૃપા મદદ ફૂટી નીકળતી ! આ જીવ તો એના પર કૃતજ્ઞતાભર્યો તે વેળા ગદ્‌ગદ થઈ જતો. એના પર બસ વારી વારી જતો. એ જ મારું સર્વસ્વ હતો ! પ્રભુની અંતરની શક્તિથી જે બને છે, તે કશાથી નથી બનતું. જે કરવાને કેટલાંયે વર્ષ આ જીવે જહેમત (અને તે પણ જેવી તેવી નહિ) ઉઠાવેલી, તે કામ એની કૃપાશક્તિથી થોડાક સમયમાં બની શક્યું. *જીવનપોકાર : પૃ. ૩૪૪-૩૫૧*

મારા જીવનમાં ચમત્કારિક લાગે તેવી ઘટનાઓ બની છે, પણ મેં તેને મહત્ત્વ આપ્યું નથી, કે તેમાં રાચીને તે વાગોળ્યા કરી નથી, કે તેની આળપંપાળ કરી નથી. પરંતુ ભગવાને મારી સાધનાશક્તિને વેગ મળે તે માટે આવા પ્રસંગો યોજ્યા હશે તેમ માનીને હું તો મારી સાધનામાં જ મંડ્યો રહ્યો હતો.

ભગવાને મને એનો ખેપિયો બનાવ્યો છે અને મને તે જે આદેશ અને સંદેશ આપે છે, તે તમને હું આપું છું. મને તેમાં આનંદ છે.

*જીવનપ્રભાત : પૃ. ૨૦-૨૧*

“કેવો હતો ? પતિત શો મુજને ચઢાવ્યો !
ક્યાંયનો ક્યાંય મુજને ગગને ઉરાડ્યો ?”
દાંડી પીટી જગતને કહું ધ્યાન લેજો,
એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો.

*જીવનહર્ષ : પૃ. ૧૮* - **શ્રીમોટા**

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| શ્રીમોટા ચરણે - સમર્પણાંજલિ | ૩ |
| ભૂમિકા | ૫ |
| કૃપાપ્રસાદ | ૮ |
| ‘એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો !’ | ૧૩ |
| **ખંડ - ૧ : સત્સંગનો મહિમા** | **૧ થી ૧૪** |
| શ્રીજાનકીદાસજી મહારાજની સહાય | ૫ |
| શ્રીસરયુદાસજી મહારાજનું દર્શન | ૭ |
| હરિઃૐ મંત્રની પ્રાપ્તિ | ૯ |
| હરિઃૐ મંત્રનો પ્રભાવ | ૧૨ |
| **ખંડ - ૨ : શ્રીબાળયોગીજી મહારાજ** | **૧૫-૪૪** |
| શ્રીબાળયોગીજી મહારાજને વંદના | ૧૬ |
| શ્રીબાળયોગીજીનો ભેટો | ૧૯ |
| શ્રીબાળયોગીજીનું નડિયાદમાં આગમન | ૨૨ |
| ગુરુનો આદેશ | ૨૩ |
| કાસમ સાહેબની સહાય | ૨૩ |
| વસંત પંચમીના દિવસે દીક્ષા પ્રાપ્તિ | ૨૫ |
| ચેતનનિષ્ઠનું અંતર્યામિત્વ | ૨૮ |
| ડાકોરમાં મગરમચ્છનાં દર્શન | ૨૯ |
| શ્રીબાળયોગીજીનું ભવિષ્ય કથન | ૩૧ |
| મેં પાંચ તોલા ભાંગ પીધી | ૩૨ |
| નર્મદા મૈયાની જય | ૩૫ |
| દૈવાસુર સંગ્રામ | ૩૭ |
| **ખંડ - ૩ : શ્રીકેશવાનંદજી-ધૂણીવાળા દાદાજી** | **૪૫-૭૪** |
| શ્રીકેશવાનંદજી-ધૂણીવાળા દાદાજીને દ્વારે | ૪૯ |
| શ્રીધૂણીવાળા દાદાજીની દિવ્ય શક્તિ | ૫૨ |
| શ્રીદાદાજીનું સંસ્કૃત ભાષાનું જ્ઞાન | ૫૩ |
| શ્રીદાદાજીની અંતર શક્તિ | ૫૪ |
| શ્રીદાદાજીની અવળવાણી | ૫૪ |
| ચોરી કરવાનો હુકમ | ૫૪ |
| સત્સંગની સોબત | ૫૫ |
| શ્રીદાદાજીની સર્વવ્યાપકતા | ૫૭ |
| શ્રીદાદાજીની દૂરશ્રવણ શક્તિ | ૫૯ |
| શરણચરણ | ૫૯ |
| બીજી વખત સાંઈખેડાના દ્વારે | ૬૦ |
| **ખંડ - ૪ : શ્રીઉપાસની મહારાજ** | **૬૫-૮૨** |
| શ્રીઉપાસની મહારાજનું નડિયાદમાં આગમન | ૬૯ |
| વિચિત્ર હુકમ | ૭૦ |
| શ્રીઉપાસની મહારાજ હકીમ સાહેબને ઘેર | ૭૨ |
| વિચિત્ર વર્તન | ૭૭ |
| સાકુરીની મુલાકાત | ૭૭ |
| શ્રીઉપાસની મહારાજની કરામત | ૭૮ |
| **ખંડ - ૫ : શ્રીસાંઈબાબા** | **૮૩-૧૦૦** |
| શ્રીસાંઈ સમાગમ | ૮૭ |
| દરિયામાં ચાલ્યા જવાનો હુકમ | ૯૧ |
| રમજાન માસના રોજા | ૯૨ |
| ‘નાગો થઈને ચાલ્યો જા’ | ૯૪ |
| શાકમાર્કેટમાં સાંઈબાબાનાં દર્શન | ૯૭ |
| ધ્યાનમાં શ્રીસાંઈબાબાનાં દર્શન | ૯૮ |
| શ્રીસાંઈબાબાની કૃપા વર્ષા | ૯૮ |
| શ્રી પરસદ બાપુ સાથે શિરડીમાં | ૧૦૦ |

**ખંડ - ૬ :**
**મારો સાધનાકાળ ૧૦૧-૧૨૮**
સાધનામાં પ્રવેશ ૧૦૫
નામસ્મરણ ૧૦૬
જાગૃતિ યોગ ૧૦૭
સાધનામાં કર્તવ્યનિષ્ઠા ૧૦૮
બેવડી સાધના ૧૦૯
સાધનામાં મક્કમ આગ્રહ ૧૧૦
નમ્રતા કેળવવાનો પ્રયાસ ૧૧૦
નાનાને મન ગમ્મત,
મારે મન સાધના ૧૧૧
ખોરાક ઉપર સંયમ ૧૧૨
ઊંઘ ઉપર સંયમ ૧૧૩
અહમ્‌થી મુક્તિ ૧૧૪
સાધનામાં વિવેક ૧૧૬
પ્રાર્થનાભાવે સાધના ૧૧૬
કવિ સાગર સાથે મુલાકાત ૧૧૮
સાધનાકાળમાં મૌન ૧૧૯
મન ઉપર કાબૂ ૧૧૯
ધ્યાનમાં તદાકાર ૧૨૦
ભય ઉપર કાબૂ ૧૨૦
સાધનામાં અવરોધ ૧૨૧
આત્મનિવેદનનો ઉપયોગ ૧૨૨
સાધનામાં કટોકટી ૧૨૨
નિરાશામાં લાચારી ન ભોગવવી ૧૨૪
સાધનામાં ગુપ્તતા ૧૨૪
સાધનામાં સ્વજનોનું વલણ ૧૨૬
સાધનામાં મસ્તી ૧૨૭
**ખંડ - ૭ :**
**૧. સ્વપ્ન દ્વારા સાધના ૧૨૯-૧૩૫**
સ્વપ્ન દ્વારા સાધના માટે આદેશ ૧૩૩
**૨. નિર્જન સ્થળે સાધના ૧૩૬-૧૫૨**
બોકડની બાવળીમાં સાધના ૧૩૬
સૂપા નદી કાંઠે સાધના ૧૩૭
બાલારામના સ્થળે સાધના ૧૪૩
ગિરનારના જંગલમાં સિંહો
વચ્ચે રહીને સાધના ૧૪૪
ચિત્રકૂટના સ્થળે સાધના ૧૪૪
નર્મદામૈયાના કિનારે તેંસઠ
ધૂણી વચ્ચે સાધના ૧૪૫
અઘોરીની સાધના ૧૪૭
ભૂજ(કચ્છ)ના સ્થળે સાધના ૧૪૮
ધૂંઆધારના ધોધની ગુફામાં સાધના૧૪૯
તંત્રવિદ્યા શીખવા માટે
એક મહાત્માની મુલાકાત ૧૫૧
**ખંડ - ૮ : હુકમ પાલન ૧૫૩-૧૬૮**
શ્રીસદ્‌ગુરુના હુકમનું તત્ત્વજ્ઞાન ૧૫૭
શ્રીસદ્‌ગુરુ અને હુકમ ૧૫૮
શ્રીસદ્‌ગુરુનો ફાળો ઉઘરાવવાનો
હુકમ ૧૫૯
ફાળો ઉઘરાવવા
ઠક્કરબાપાની સહાય ૧૬૦
શ્રી મફતલાલ શેઠની મુલાકાત ૧૬૨
ઝવેરી બજારમાં ૧૬૨
મીઠો સત્યાગ્રહ ૧૬૩
ગાંધીવાદી સેવકનો પ્રકોપ-અનુભવ૧૬૫
રમૂજી પ્રસંગ ૧૬૫
વારાંગનાઓને ઘેર ૧૬૬
**ખંડ - ૯ : શ્રીસદ્‌ગુરુની સદ્‌ભાવના**
**૧૬૯-૧૮૮**
શ્રી ઠક્કરબાપાના ફાળા માટે
ચમત્કારિક મદદ ૧૭૩
આર્થિક મુશ્કેલી ૧૭૪
શ્રીસદ્‌ગુરુની આર્થિક સહાય ૧૭૫
પૈસા માટે આર્તપોકાર ૧૭૭
ગુરુ પ્રત્યે વિશ્વાસ ૧૭૯

ભગવાને મદદ કરી ૧૮૦
સોનાની કંઠી મળી ૧૮૦
ઈચ્છા ભગવાને પૂરી કરી ૧૮૧
ઍરોપ્લેનમાં મુસાફરી ૧૮૨
પ્રભુ દ્વારા અગમચેતી ૧૮૩
પ્રભુની ચેતવણી ૧૮૪
મહીગળતેશ્વર નદીને કાંઠે ૧૮૫
મારવાનું કારસ્તાન ૧૮૬
જેલમાં ડાયેરિયા ૧૮૭
**ખંડ - ૧૦ : ભાવાવસ્થા-તાદાત્મ્યભાવ-ભાવનાનો તલસાટ-ધ્યાનાવસ્થા ૧૮૯-૨૨૦**
પ્રાર્થનાભાવ ૧૯૩
ભાવાવસ્થામાંથી સહજાવસ્થા ૧૯૩
ભજન ગાતાં ભાવાવસ્થા ૧૯૪
લગ્ન વખતે ભાવાવસ્થા ૧૯૪
નારાયણસ્વામી સાથે તિરુપતિ બાલાજીના મંદિરમાં ભાવસમાધિ ૧૯૬
ચેતના શક્તિના પ્રસંગો ૧૯૮
બાલિકાને માતાનાં દર્શન ૨૦૧
ભત્રીજી સાથે તાદાત્મ્યભાવ ૨૦૨
'હરિ રડે છે ને તે પડી ગયો છે.' ૨૦૩
કવિવર ટાગોરના મૃત્યુ વિશે ૨૦૩
ઓચિંતો ધક્કો ૨૦૪
ગાંધીજી સાથે તાદાત્મ્યભાવ ૨૦૪
માતાનું મૃત્યુ ૨૦૬
ઘરેણાં ચોરાયાં ૨૧૪
માતાનો નવો જન્મ ૨૧૮
**ખંડ - ૧૧ : હિમાલયયાત્રા ૨૨૧-૨૪૨**
'તુજ ચરણે'ની રચના દ્વારા હિમાલયયાત્રા ૨૨૫
હિમાલયયાત્રા જતાં પહેલાંની સ્થિતિ ૨૨૬
હિમાલયની યાત્રાના હેતુની સમજણ ૨૨૭
હિમાલયયાત્રાના ચેતનાના પ્રસંગો ૨૨૭
હિમાલયમાં અઘોરીબાબાની મુલાકાત ૨૩૨
હિમાલયમાં એક સાધુની મુલાકાત ૨૩૬
હિમાલયના મહાત્મા પાસે માલવિયાજીએ મંદિરમાં કરાવેલ પ્રાણપ્રતિષ્ઠા ૨૩૮
ગંગોત્રીમાં રહેતા સાધુમહાત્માની મુલાકાત ૨૪૦
**ખંડ - ૧૨ : સાક્ષાત્કાર ૨૪૩-૨૫૮**
સાધનાની ફલશ્રુતિ ૨૪૭
મને સાપ કરડ્યો ૨૪૭
અજપાજપ શરૂ ૨૪૯
નીરવતાનો સાક્ષાત્કાર ૨૫૦
સગુણ બ્રહ્મ-દ્વૈતનો સાક્ષાત્કાર -શ્રીકૃષ્ણ દર્શન ૨૫૦
નિર્ગુણ બ્રહ્મ-અદ્વૈતનો સાક્ષાત્કાર ૨૫૨
નિર્ગુણ સાક્ષાત્કાર પછીથી શરીરની સ્થિતિ ૨૫૬
પ્રેરણાદાતા શ્રીસદ્‌ગુરુ મોટાને ૨૫૭
પૂજ્ય શ્રીમોટાને મળેલા સંતપુરુષો ૨૫૯
પૂજ્ય શ્રીમોટાને સાધનામાં ઉપયોગી થનાર કૃપાપાત્ર સજ્જનો ૨૬૧
આરતી ૨૬૩

॥ હરિઃ ૐ ॥

। હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાની પ્રેરણાથી શ્રી સુશીલાબહેન ટી. અમીને **'મારી સાધનાકથા'** પુસ્તકનું સર્જન કરી પોતે પ્રકાશક બન્યાં. વર્ષ ૨૦૦૫માં પ્રગટ થયેલ પ્રથમ આવૃત્તિની કેટલીક નકલો તેઓશ્રીએ હરિઃૐ આશ્રમ, સુરત-નડિયાદને ભેટ આપી હતી. તે વેળા આ પ્રતો વેચાણમાં ઉપલબ્ધ હતી અને દરેક મૌનઓરડામાં મૂકવામાં આવી હતી, ઘણા સમયથી વેચાણમાં આ પ્રતો ઉપલબ્ધ ન હતી. મૌનમાં બેઠેલાં સાધકોના અભ્યાસ બાદ આ પુસ્તકના પ્રકાશન અંગે ઘણીવાર રજૂઆતો મળી છે. આ પુસ્તકના પુનઃ પ્રકાશનમાં શ્રી સુશીલાબહેન ટી. અમીનના પરિવારનો ઉમળકાભર્યો સહકાર અને મંજૂરી મળી છે, તે બદલ અમો તેમના પુત્રો **શ્રી પરેશભાઈ** તથા **શ્રી આનંદભાઈ**ના ખૂબ ખૂબ આભારી છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ.

તા. ૧-૪-૨૦૧૨ **ટ્રસ્ટીમંડળ,**
રામનવમી **હરિઃૐ આશ્રમ, સુરત**

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

**- શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

**ખંડ - ૧**

# સત્સંગનો મહિમા

હૃદય શો 'ઢ' પૂરેપૂરો, છતાં નવતરની સમજણને -
હૃદય ઉગાડીને કેવાં જીવન સર્જન કરાવ્યાં છે !
ન મુજથી આ લખાયે જે, કૃપાથી તેં લખાવ્યું છે,
લખાવીને શરણજનની, "સાધનાગાથા" દીપાવી છે !

*જીવનઅનુભવગીત : ત્રીજી આ., પૃ.૩૨૬* - **શ્રીમોટા**

હવે હુકમ આપીને પ્રેમે શો લખવા મને,
કૃપાનો આ પુરસ્કાર ધર્યો છે તે પ્રભુપદે.

*'જિજ્ઞાસા', 'લેખકના બે બોલ', ત્રી.આ., પૃ. ૧૯* - **શ્રીમોટા**

# શ્રીજાનકીદાસજી મહારાજની સહાય

"કોઈ પણ સત્પુરુષનો ભાવનાથી સેવાયેલો સત્સંગ કદી પણ નિષ્ફળ જતો નથી." હું પેટલાદમાં ભણતો હતો, ત્યારે શ્રીજાનકીદાસ મહારાજના સમાગમમાં આવવાનું બન્યું હતું. હાઈસ્કૂલમાંથી છૂટીને અને કદીક જે સમય (Period) માં ભણવાનું ન હોય, તે વેળાએ વહેલો પણ ત્યાંથી નીકળી જઈને તેઓશ્રીની પાસે જતો. ત્યાંની જગા વાળતો, તેમનાં કપડાં પણ ધોવાનું કરતો. કદી વળી છાનોમાનો તેમની પાસે બેસી રહેતો. તેઓ જે બીજાની સાથે વાર્તાલાપ કરતા, તે બધું શાંતચિત્તે સાંભળતો. ત્યારે મારે કશું પૂછવાનું તો હતું જ નહિ. પરંતુ તેમનું બધું સાંભળ્યા કરવાનું મને દિલ થતું. મને તેમની પાસે બેસી રહેવાનું બહુ દિલ થતું. કોઈ દિવસ તેમની સાથે મેં કશી વાતચીત પણ કરી નથી. તેઓ કદીક કદીક મારી ખબર પૂછતા ખરા. "શું કરે છે ? શું ભણે છે ?" એમ પણ પૂછતા.

અંગ્રેજી સાતમા ધોરણમાં ભણતો હતો એટલે કે મૅટ્રિકના વર્ગમાં હતો, ત્યારે તેમણે મને કૃપા કરીને ચેતવેલો કે, "તારા શરીરને ભયંકર માંદગી થવાની છે. માટે તું સવેળા પહેલેથી જ બધો અભ્યાસ કરી લે." પેટલાદના રંગવાલા શેઠ તરફથી ચાલતી એક સંસ્કૃત પાઠશાળાના આચાર્ય પણ ત્યાં કદીક કદીક આવતા. એક વખત તે આચાર્યશ્રીને મને ચીંધીને ખાસ કહ્યું કે, "આ છોકરાનો મૅટ્રિકના વિષયનો બધો અભ્યાસ તમે સારી રીતે પૂરો કરાવી દો અને એ વિષયમાં એને બહુ હોશિયાર કરી દો. આ છોકરાને જ્યારે જ્યારે નવરાશ મળે ત્યારે તે તમારી પાસે આવેને ત્યારે તમારે એને શીખવવું. આ છોકરો કોઈ પારકે ઠેકાણે રહે છે, તેથી તે ધારેલ સમયે ન આવી શકે એવી એની પરિસ્થિતિ છે."

પેટલાદમાં દીવાન સાહેબના ઘરથી થોડેક જ આગળ આ સંસ્કૃત પાઠશાળા હતી. તે આચાર્યશ્રી પાસેથી બે-અઢી મહિનાના ટૂંકા ગાળામાં બધો જ સંસ્કૃતનો અભ્યાસ પાકો કરી લીધો હતો. ખાસ કરીને વ્યાકરણની બાબતનો તો પૂરેપૂરો જ. તે ઉપરાંત, શ્રીજાનકીદાસ મહારાજે મને કૃપા કરીને ચેતવેલો હોવાથી મૅટ્રિકના બીજા બધા વિષયોનો અભ્યાસ તે તે વિષયોની છપાયેલી સમજૂતિઓ

(ગાઈડ) બધી બહાર પડતી હતી, તે બધાની મદદથી તથા તે તે વિષયોના પ્રશ્નો અને ઉત્તરોની પણ ચોપડી છપાતી હતી. તે બધાંની મદદથી બધા વિષયોનો અભ્યાસ ઝટઝટ કરી લીધો હતો.

એવામાં કોઈક નિમિત્ત પ્રસંગે કરીને અમદાવાદ જવાનું બન્યું. ત્યાં મારાં મોટા ભાઈ, મા વગેરે રહેતાં હતાં. પરંતુ મેં તો શ્રી ધનુભાઈને ત્યાં જ અમદાવાદમાં રહેવાનું રાખ્યું હતું. ત્યાં સાચે જ શ્રીજાનકીદાસજીની આગાહી પ્રમાણે આ શરીર બહુ જ માંદું પડ્યું અને તેનું મરણ નીપજી શકે એવી ગંભીર સ્થિતિ પણ થઈ ગઈ હતી. કેટલાક દિવસ સુધી બેભાન અવસ્થામાં પણ રહેવું પડ્યું હતું. શરીરની આ માંદગીમાં મને શ્રીજાનકીદાસ મહારાજનું બહુ સ્મરણ થતું અને તેમના પર મને ત્યારે ઘણું ઘણું વહાલ પણ પ્રગટતું. શરીર થોડું ઘણું સ્વસ્થ થતાં અભ્યાસની પ્રવૃત્તિ શરૂ કરવાનું કરતાં ડૉક્ટરે અભ્યાસ કરવાની મનાઈ કરી. મૅટ્રિકની પરીક્ષામાં બેસવાને માટે જે પ્રાવેશિક પરીક્ષા થાય છે, તેમાં પણ બેસી શકાયું ન હતું. પરંતુ હાઈસ્કૂલના હેડમાસ્તર સાહેબ શ્રી ઈશ્વરભાઈ પટેલની મારા પર સારી મમતા હતી. કારણ કે ત્રિમાસિક કે છમાસિક પરીક્ષા થતી તેમાં હું બહુ ઊંચા માર્ક્સથી પાસ થતો. એટલે પ્રાવેશિક પરીક્ષામાં ન બેસી શક્યો તોપણ મને ફૉર્મ તો મળી ગયું હતું. પરંતુ જો શ્રીજાનકીદાસજી મહારાજે કૃપા કરીને મને ચેતવ્યો ન હોત, તો જરૂર હું નાપાસ થયો હોત.

સદ્ભાવનાથી સેવાયેલો સત્સંગ at least (કંઈ નહિ તો) મારી બાબતમાં તો મને સફળ પરિણામમાં પ્રગટેલો અનુભવાયો. વળી આ ઉપરાંત મને એ પણ જણાયું હતું કે આપણામાં એવા સત્સંગની અભિરુચિ પ્રગટેલી હોય અને તેની જાણ આપણને છતી થયેલી ન હોય, તોપણ જો આપણને તેવે ઠેકાણે જવાનું દિલ થતું હોય તો, એવા સત્પુરુષ પાસે ખાલી બેસવાથી કરીને પણ આપણને શાંતિ અને હળવાશ જરૂર પ્રગટે છે. અને તેવા પ્રકારની લાગણીની અસર થોડા સમય સુધી ચાલુ રહેલી પણ અનુભવાય છે. મને આવું લાગ્યા કરતું, તેથી જ વારંવાર તેઓશ્રીની પાસે ગયા કરવાનો દિલનો ભાવ થતો.

*જીવનદર્શન : પૃ. ૨૭૦-૨૭૩*

# શ્રીસરયુદાસજી મહારાજનું દર્શન

વળી, તેઓશ્રીએ મને અમદાવાદમાં શ્રીસરયુદાસજી મહારાજને પગે લાગીને તેમના આશીર્વાદ લેવાની ખાસ સલાહ આપેલી અને મેં તેમ કરેલું પણ ખરું. આ બધું જે કાળે બન્યું તે કાળે સત્સંગનો મહિમા કે મહત્ત્વ તો મુદ્દલે જાણતો ન હતો. હું તો ત્યાં ગયો. વહેલો નીકળી મહારાજને પગે લાગ્યો. મહારાજ કહે, 'ભાઈ, ક્યાં ચાલ્યો ?' મેં કહ્યું, 'પરીક્ષા આપવા જાઉં છું. બાપા. અને આપને પગે લાગવા આવ્યો છું.' તો કહે, 'તને કોણે મોકલ્યો ?' મેં કહ્યું, 'જાનકીદાસ મહારાજે.' તો કહે, 'મારે તને સંભાળવો પડશે.' 'આપ જેવા મારી સંભાળ રાખો એ બહુ મોટી વાત.' જે દિવસે મંડપ બળવાનો હતો, તે દિવસે મને કહે, 'પરીક્ષા આપવા જઈશ નહિ.'

તોપણ હું તો પરીક્ષા આપવા ગયો. પરીક્ષા આપી. એક પેપર બાકી રહ્યું અને અમદાવાદમાં જબરજસ્ત હુલ્લડ થયું. તે સવારે મારે જ્યોમેટ્રી (ભૂમિતિ)ની પરીક્ષા. તે હવે જાહેર થયેલું નહિ કે મોકૂફ રાખી છે. મારો સ્વભાવ કહ્યું માનવાનો ખરો પણ એક બાજુ પરીક્ષાનો લોભ. ગરીબ માણસ, આગળ વધવું છે એવો નિશ્ચય હતો. મને થયું આ સત્પુરુષનાં વચનનું ઉલ્લંઘન કરવું પણ ઠીક નહિ કહેવાય. મનમાં એમ પણ થાય અને એક જ પેપર બાકી છે અને ભૂમિતિ તો મને બહુ સરસ આવડે. આ વિષયને કેમ છોડું ? આ વિચારથી મનમાં શ્રીસરયુદાસજીને વંદન કર્યાં. તેમના આદેશની ઉપેક્ષા કરવા બદલ ક્ષમા માંગી, પરીક્ષા આપવા ગયો. જાનને જોખમે વાંકીચૂંકી ગલીકૂંચીમાં થઈને ઘેર પહોંચ્યો. *જોડાજોડ : ૧-૨*

હું મૅટ્રિકની પરીક્ષામાં બેઠેલો. મારું મેથ્સ બહુ સ્ટ્રૉંગ. એક એવો દાખલો કે હું વિચારમાં ચઢી ગયો. આડે રસ્તે ગયો. મારા સુપરવાઈઝર સરસ હતા. કોઈ ઓળખાણ નહિ તે ભગવાને એને પ્રેરાવ્યો. એણે કહ્યું, 'તું ઊંધે રસ્તે ચાલ્યો છે. તારી રીત બરાબર છે.' એટલું જ બોલ્યા. હું તરત જ સમજી ગયો. તરત જ ફરી દાખલો ગણી લીધો. એ ખરો જ આવ્યો. મારા ૯૨ માર્ક્સ આવેલા. કોઈક વખતે આવી ગેબી મદદ કહે એવી મળ્યા કરે છે. જીવનમાં પણ આપણે જોઈએ તો આપણા પ્રશ્નો ઊકલ્યા કરતા હોય છે. અણધાર્યો કોઈ વિચાર એવો સ્ફુરે છે કે એ મદદ કરતો હોય છે. *ગ્રહ-ગ્રહણ : પૃ.૧૪-૧૫*

જાનકીદાસજી મહારાજ અનુભવી મહાત્મા હતા. તેઓશ્રી નડિયાદના સંતરામ મહારાજના મંદિરમાં પણ કોઈ કોઈ વાર પધારતા, ત્યારે ત્યારે તેમની કને જતો. તેઓશ્રીએ મારી ઓળખાણ બરાબર રાખી હતી અને તે વેળા તો સાધનાના પ્રદેશમાં હું પ્રવેશી ચૂક્યો હતો. આવા પ્રદેશની ગડમથલ વિશે તેઓશ્રીના પૂછવાથી કરીને મેં તેમને જણાવ્યું પણ હતું. કદીક કદીક સાધનામાં મને જે જે મુશ્કેલી નડતી અને ગૂંચો પ્રગટતી તે તેમને દિલમાંની ભાવનાથી પ્રેરાઈને તેમનું સાકાર સ્વરૂપ પ્રગટાવવાનું હંમેશાં બન્યા કરેલું છે અને અંતરમાં તેવી રીતે તેમને જગાડવાનું અને જગાડીને તેઓશ્રીને પ્રત્યક્ષ કરીને તેમની કૃપા મદદ માગવાનું અને પ્રેરણા પામવાનું કરી શકાયું છે. શ્રીસદ્‌ગુરુનું પ્રેમભક્તિ-જ્ઞાનપૂર્વકનું અવલંબન અને તેમાંથી મળતાં લાભ અને શક્તિ તે વળી કોઈ જુદા જ પ્રદેશની હકીકત છે.

આ રીતનું અનુસરણ શ્રીસંતરામ મહારાજના મંદિરમાં બીજા મહાત્મા પધારતા ત્યારે પણ કરવાનું રાખતો હતો. જે જે કોઈ મહાત્માની પાસેથી આપમેળે મારી સાધનામાં મુશ્કેલી, ગૂંચો અને કોયડાઓનું સમાધાન પ્રભુકૃપાથી મેળવી શકવાનું બનતું, ત્યારે ત્યારે તે તે સાધુ મહાત્માની પાસે વિશેષ ને વિશેષ જવાનું કરતો અને મને જે કાંઈ થોડો સમય મળે, તેમાં તેમની સેવા કરવાનું ચૂકતો નહિ. સદ્‌ભાવથી અને દિલના ઉમળકાથી કરેલી સેવા આપણાં મનાદિકરણને એક પ્રકારની સુખદ લાગણી પ્રેરાવે છે અને તેમને ભાવનાથી ભીંજાવેલાં રખાવે છે. આ હકીકતનો અનુભવ મને તે તે કાળે થયેલો હોવાથી તે ચાલુ રાખવાનું પ્રભુકૃપાથી બન્યું હતું.

*જીવનદર્શન : પૃ. ૨૭૪*

કેવી કેવી રીતે વ્હાલો આપ્યા નિમિત્ત તે કરે,
વ્હાલાને સંકળાવાને સ્મૃતિ મારી વિશે હૃદે,
કરેલું કોઈનું કામ મિથ્યા ના વહેવારમાં,
તો મિથ્યા કેમ તે થાય પારમાર્થિક ભાવમાં ?

*જીવનસંદેશ : ૩૪* **- શ્રીમોટા**

# હરિઃૐ મંત્રની પ્રાપ્તિ

આ જીવના શરીરને હિસ્ટીરિયાનો રોગ લાગુ પડ્યો હતો. તેવો રોગ જે કોઈ બહુ લાગણીવાળું હોય, કે કોઈ આઘાત, પ્રત્યાઘાતથી એકદમ ચણચણ થઈને છંછેડાઈ પડતું હોય, જેને જરાતરામાં બહુ જ ઉત્કટપણે લાગી આવતું હોય, એવી પ્રકૃતિવાળો જીવ તેનો ભોગ થઈ પડે છે. એટલે આ જીવના શરીરને તેવો રોગ લાગુ પડેલો, તેથી તેનાં પ્રકૃત્તિ અને સ્વભાવ તેવાં જ હશે એમ આપોઆપ પુરવાર થાય છે. તેવો રોગ થવાનાં પૂર્વકારણો પણ ઘણાં હોય. મારા મોટા ભાઈનું શરીર ક્ષયના રોગથી ભારે હેરાનગતિ ભોગવતું હતું અને મારી આર્થિક સ્થિતિ તો એટલી બધી તંગ હતી કે તેના શરીરની દવા કરાવવાને માટે મારે દેવું કરવું પડ્યું હતું. હું પોતે મારી મેળે તો દેવું કરીને કંઈ પણ કશું ન કરું અને દેવું ન કરવું પડે એમ વર્તવાનું વધુ પસંદ કરું. પણ મારી બા અને મોટા ભાઈ બંને મને એવાં તો મહેણાંટોણાં મારે કે જેથી તેમને મારા ભાઈની સારવાર કરવામાં મારી તેમના જેટલી તત્પરતા છે અને સાધનના અભાવે તેમ કરી શકતો નથી, એમ તે બાબતમાં તે બંનેને બહુ સમજાવ્યાં. તોપણ તે બંને તો મને 'કંજૂસ'ના નામથી જ બિરદાવતા. તેમના શરીરનો રોગ મટાડવાને કારણે ફર્સ્ટ ક્લાસની મુસાફરી કરાવીને ભાવનગર પણ તેમને લઈ જવામાં આવ્યા હતા. ત્યાં મારા મોટા ભાઈ મારાથી છાનામાના મારા જે જે સંબંધીઓ હતા, તેમને કાગળો લખીને પૈસા મંગાવતા તેની મને બહુ વાર પછી ખબર પડી. આ બધું મારે ભરપાઈ કરવાનું હતું. વળી, તેમાંની કેટલીક રકમ તો સગાંવહાલાં પાસેથી પણ લેવામાં આવી હતી.

ભાઈનું શરીર તો ગયું. પરંતુ મારે માથે આ દેવું ઊભું રહ્યું અને તે ભરવું કઈ રીતે ? તે સમયે ગુજરાત હરિજન સેવક સંઘની સેવામાં આ જીવ હતો. ગરીબાઈ એટલી બધી હતી કે મારી બા તથા મારાં મોટાં ભાભીને પણ બીજું કામ કરવું પડતું. આવી આર્થિક તંગીને લીધે ભાઈના શરીરના રોગને માટે કરેલી દવાનું દેવું કેમ કરીને ફીટી શકશે, તેના વિચાર એટલા બધા મને વારંવાર ઉત્કટ સંવેદન પ્રગટાવતા કે ક્યાંય મને ચેન પડતું ન હતું ! તે ઋણ ફેડવાનો કોઈ માર્ગ મારે માટે ઉઘાડો હતો જ નહિ. એટલે તેવા વારંવાર

ઊઠતા વિચારોની ધોંસ એટલી બધી કેટલીક વાર તો પ્રગટતી કે તેથી વિહ્વળ થઈ જવાતું. તેની સાથે માનસિક એવાં બીજાં પણ કારણો જીવનમાં પ્રગટ્યાં હતાં. એક બાજુથી ગરીબાઈની તંગી અને બીજી બાજુથી દેવું ભરપાઈ કરવાની તાલાવેલી ઘણી હોવા છતાં તે ભરપાઈ કરવાની અશક્યતા. આમાંથી એક પ્રકારનું ઘમસાણ પ્રગટ્યું, કે તે ઘમસાણની અસર શરીર પર પણ થઈ. તેનાથી હિસ્ટીરિયાનો રોગ શરીરને લાગુ પડ્યો.

*જીવનદર્શન : ૧૮૬-૧૮૭*

સ્મરણે અંતરે કેવો ભજવ્યો ભાગ જીવને !
ઉત્તરોત્તર તો ભાવે બઢતું આવ્યું જીવન,
અવરોધો પથે આવે તેની સામે થવાયું ને
બળ મળેલું પ્રત્યક્ષ, તેની સાબિતી હું જ જે.

*ભાવજ્યોતિ : ૪૨* - **શ્રીમોટા**

મને શરીરે ફેફરુંનો રોગ થયો હતો. ત્યારે આરામ લેવાને નિમિત્તે બે વાર નર્મદા કાંઠે રજા લઈને જવાનું બનેલું. એકવાર તો મારી સાથે શ્રી મહેશભાઈ મહેતા તથા શ્રી ભાનુપ્રસાદ પંડ્યા હતા. બીજી વાર તો તદ્દન એકલો હતો. ત્યારે નર્મદા નદીના મોખડી ઘાટની પાર એક રણછોડજીનું મંદિર છે. ત્યાં થોડાક દિવસ રહેવાનું કરેલું. ત્યાં એક સાધુ મહાત્મા રહેતા હતા. તેમની હું રોજ સેવાચાકરી કરું. ત્યાં પણ આ શરીરને ચારપાંચ વાર ફેફરુંનો હુમલો થયો હતો. ત્યાંથી નીકળતી વખતે તે સાધુ મહારાજને હું પગે લાગ્યો અને તેમના આશીર્વાદ માગ્યા. તેઓશ્રીએ મને ભગવાનનું સ્મરણ કર્યા કરવાનું કહ્યું અને તેથી રોગ મટી જશે એમ પણ કહ્યું હતું. પરંતુ ત્યારે મારા મને એમ વિચાર્યું કે 'આ સાધુ મહાત્માએ જંગલની કોઈક કશીક જડીબુટ્ટી આપી હોત, તો તેમાં મને વિશ્વાસ બેસત.' પરંતુ ભગવાનના માત્ર નામસ્મરણથી રોગ મટી જાય એવું બિલકુલ સાચું અને શ્રદ્ધાપ્રેરક લાગ્યું ન હતું. વળી, આ સાધુ મહારાજે મને એમ પણ કહેલું કે 'એક વર્ષ પછી તને કોઈ સદ્ગુરુ પણ મળી આવવાના છે, કે જે તારા જીવનનો વિકાસ કરાવશે.' પરંતુ તે વેળા 'જીવન' અને 'વિકાસ' એ મારે માટે તો માત્ર શબ્દ જ હતા.

ત્યારે દેશની સેવા કરવાની ઉત્કટ ધૂન હતી. એટલી હકીકત મારા માટે તદ્દન સાચી હતી. સેવાની એ ઉત્કટ ધૂનથી પ્રેરાઈને ગરીબાઈની સ્થિતિમાં પણ ટકી રહેવાનું બની શક્યું હતું. *જીવનદર્શન : પૃ. ૨૦૧-૨૦૨*

એકવાર નર્મદાતટે જઈ આવીને ફરીથી પાછું ત્યાં જવાનું પણ બનેલું અને ત્યારે તો એવો મક્કમ મરણિયો નિર્ધાર થયેલો કે નબળા મનની લાગણીપ્રધાન સ્ત્રીઓના જેવો આ રોગ શરીરને થયો અને મરદ થઈને મારામાં એટલી પણ શક્તિ નથી કે આવા લાગણીવેડાને રોકી શકું ! આવું જીવતર નકામું સમજી નર્મદામૈયાના ખોળામાં પડતું મૂકીને જીવનને ખતમ કરવાનું દિલમા દિલથી નક્કી કરેલું.

ગરુડેશ્વરથી આગળ જતાં નર્મદામૈયાને કિનારે એક ઊંચી ભેખડ આવે છે. ત્યાં આગળ ભેખડની ધારથી જરાક પાછા હઠીને એકદમ દોટ મૂકીને શ્રીનર્મદામૈયાના ખોળામાં પડતું મૂકેલું. નર્મદામૈયાના જળના પુનિત પ્રવાહનો પગને સ્પર્શ થયેલો. તેનું અત્યારે પણ તાદૃશ્ય ભાન છે અને તેનું જીવંત ચિત્ર હજુ સુધી ખડું થાય છે. તે મૃદુ, કોમળ, શીતલ સ્પર્શ થયો ન થયો ત્યાં તો પાણીના પ્રવાહમાંથી એક એવો પ્રચંડ વંટોળ પ્રગટ્યો ! તે વંટોળે શરીરને ઉછાળીને ભેખડથી ક્યાંયે દૂર, ઉપર, ફેંકી દીધું. તે વંટોળની મધ્યમાં તે વેળાએ કોઈક અદ્‌ભુત દર્શન થયેલું. તે દર્શનનું સ્વરૂપ કોઈ સ્થૂળ પ્રકારની માતા જેવું ન હતું. તે દર્શન તો અલૌકિક પ્રકારનું હતું અને તે વેળાએ આમ જે ચમત્કારિક રીતે બચી જવાનું બન્યું, ત્યારથી જ દિલમાં ઊગી ગયું કે 'By His Grace I am meant for some thing.' 'એની કૃપાથી જિંદગીમાં કંઈક થવાને સર્જાયેલો છું.' એવું નિશ્ચિત ભાન જાગ્યું, તે કાળથી એની ભાવના પરત્વે મોં ફરી ગયું અને એ દિશા પરત્વેની ખરેખરી ઉત્કટ મંથનયુક્ત વિકટ સંગ્રામવાળી ગડમથલની શરૂઆત થઈ.

આજકાલના બુદ્ધિયુગના જમાનામાં આવી હકીકતને કોઈ માને નહિ એ સ્વાભાવિક છે. આવી હકીકતને બહાર મૂકવી એમાં કેટલાકને ડહાપણ ન પણ લાગે, પરંતુ પોતાને જે સાચો અનુભવ થયો હોય, તે જગતની આગળ પ્રેમભાવે નમ્રતાથી મૂકવો તે પણ જરૂરનું લાગે છે. આપણે માનતા હોઈએ તે જ માત્ર સાચું છે અને બીજું સાચું નથી, એવી માન્યતામાં એક પ્રકારનો જડ મતાગ્રહ રહેલો છે.

ઉપર દર્શાવેલા અનુભવની હકીકતની શક્યતા ખરેખરી રીતે છે, કારણ કે તે માત્ર hallucination (ઉત્કટ કલ્પનાનું જ સર્જન) હતું એવું મુદ્દલે નથી આજે પણ તે દર્શન મારી આંખ સામે જીવંત છે. તે દર્શનમાંથી પ્રભુકૃપાથી પ્રેરણા મળેલી છે. તે ઉપરાંત, સાહસ, હિંમત, ધીરજ, સહનશક્તિ, મક્કમતા વગેરે ગુણ અને તેની શક્તિ પણ મળેલાં છે અને તે દર્શનના અનુભવથી ઓચિંતું આપોઆપ જીવનનું જે વહેણ બદલાયું તે કંઈ નાનોસૂનો પ્રસંગ ન ગણાય. આવું બધું માત્ર કલ્પનાના કે ઊર્મિના ઉત્કટપણામાંથી જીવનમાં ઉદ્ભવવું શક્ય નથી. કલ્પનાની ઉત્કટતાનો ભાવાવેશ લાંબો કાળ ટકી શકતો નથી. તે જીવનપરિવર્તન પણ લાવી શકતો નથી.

ફેફરું રોગને લીધે નામ લીધા કરાયું છે
મટ્યાથી રોગ સંપૂર્ણ શ્રદ્ધા બેસી ગયેલ છે,
લેતાં, લેતાં હૃદે નામ ઊંડું લગ્ન થવાયું છે,
નામના તે પ્રભાવેથી આજ 'મોટા' થવાયું છે.

ભાવહર્ષા : પૃ. ૫૫ - **શ્રીમોટા**

## હરિઃ ૐ મંત્રનો પ્રભાવ

આ બનાવ બન્યા પછી, હું તો વડોદરા ચાલ્યો આવ્યો. ત્યાં મારાં એક આધ્યાત્મિક મા રહેતાં હતાં. તેમના મકાનમાં ત્રીજે માળે શરીરને ફેફરુંનો હુમલો થવાથી શરીર દાદરથી ગબડતું ગબડતું છેક નીચે બીજે માળે પડ્યું અને ઈંટોની પરસાળમાં તે ઘસાયું અને છોલાવાથી શરીરે સાધારણ લોહીની ટસરો પણ ફૂટી હતી. તે કાળે કંઈક જરા ભાનમાં આવતાં નર્મદાના તે સાધુ મહાત્માનું મને દર્શન થયું અને તેમણે મને કહ્યું કે, 'અલ્યા, ભગવાનનું સ્મરણ તો કરી જો ! પ્રયોગ કરી જોવામાં તારું જાય છે શું ?' આ બધું પ્રગટ્યું તો ખરું, પરંતુ તે કાળે મારાં મનાદિકરણો જરા પણ આ પ્રકારની ભાવનાવાળાં નહિ હોવાથી તે સાધુ મહાત્માનાં વચનને અને તેના સંસ્કારને બિલકુલ મહત્ત્વ આપી શકેલો નહિ. તે પછી શરીરે ઠીક થતાં, આ બધી બનેલી હકીકત મેં મારી આધ્યાત્મિક માને જણાવી. મારી આવી હકીકતને સાંભળીને તે તો બહુ રાજી થયાં. તેમણે કહ્યું કે, 'અલ્યા, ચૂનિયા ! તું તો ભારે બડભાગી છે. તું

તારે હવેથી ભગવાનનું સ્મરણ જ કર્યા કર. ઊઠતાંબેસતાં, હરતાંફરતાં, ખાતાંપીતાં સકળ કંઈ કર્મ કરતાં કરતાં એકમાત્ર ભગવાનના સ્મરણમાં હવે લાગી જા અને તને જરૂર મટી જશે.'

મને તે કાળે તે સાધુ મહાત્મા કરતાં મારી આ માતામાં વધારે વિશ્વાસ હતો અને તેમના તેવી રીતના સમજાવવાથી જ ભગવાનનું નામ લેવામાં હું પ્રેરાઈ શક્યો. તે પછી તો વારંવાર મનને ટકોરી ટકોરીને ભગવાનનું સ્મરણ કરવા લાગ્યો, પરંતુ વારંવાર તે ભુલાઈ જતું અને વળી પાછું યાદ કરી કરીને લેવા લાગ્યો. *જીવનદર્શન, ૨૦૩*

પછી તો આપણે નામ બોલવા લાગ્યા. ભગવાનનું નામ બરાબર ચાલે નહિ. પછી તો બુદ્ધિ ખપમાં લાગી. 'ભઈ, કેમ નથી ચાલતું ? ગરજ તો પાકી છે.' એટલે પછી યોજના કરી કે દરરોજ અઢી કલાકનું તો ભગવાનનું નામ લેવું ને લેવું જ.

પછી દર પંદર દિવસે દસ દસ મિનિટ વધારવી. જે દિવસે નામ ન લેવાય તે દિવસે ખાવાનું નહિ અને ચા પણ પીવાની નહિ. *ભ.માં.ભ. : ૪૭*

આ દિવસોમાં તો બધો વખત કામ કરવું પડે. એટલે વહેલો ઊઠવા લાગ્યો અને ભગવાનનું નામ લેવા માંડ્યો. હાલતાં, ચાલતાં, ફરતાં કામ કરતાં લેવાય તે ગણું નહિ.

એમ થતાં થતાં ફેફરુંના હુમલાની તીવ્રતામાં અને તેના ગાળામાં ફેર પડવા લાગ્યો અને ત્રણચાર મહિનામાં તો તે મુદલે મટી ગયો. *જીવનદર્શન : પૃ. ૨૦૩*

શ્રીપ્રભુકૃપાથી શરીરનું ઊગરી જવાનું થતાં આ જીવના જીવનમાં પ્રથમવાર પ્રાર્થનાનો ભાવ પ્રગટ્યો અને સર્વથી પ્રથમ ત્યારે આપોઆપ શ્રીનર્મદામૈયાનું પ્રાર્થનાભાવે સ્તવન થયું. સદ્‌ગત પૂજ્યપાદ સ્વામીશ્રી વિદ્યાનંદજી મહારાજે એક વેળા વડોદરાથી ચાણોદ સુધીનો પગપાળા યાત્રાનો કાર્યક્રમ ગોઠવેલો. આ પદયાત્રામાં તેમની પોતાની સૂચનાથી 'નર્મદાગીત' છપાવવાનું બનેલું. રોજ સાંજે તેમના પ્રવચન પછી એ 'નર્મદાગીત' વંચાતું.

*નર્મદાપદે : 'લેખકના બે બોલ', આ. ૬, પૃ. ૧૪-૧૫*

આ પ્રસંગે જીવનમાં નવો માર્ગ મારે માટે પ્રભુકૃપાથી ખુલ્લો કર્યો. ત્યારથી જ જીવનવિકાસની સાધના શરૂ થઈ એમ ગણાય. નામસ્મરણનો અભ્યાસ

પ્રગટતાં દિલમાં પાછો એક નવો જુસ્સો પ્રગટ્યો, નવો ઉત્સાહ પ્રગટ્યો, નવી સ્ફૂર્તિ પ્રગટી અને નવું ચેતન પ્રગટ્યું. દિલમાં ત્યારે એક એવા પ્રકારનો દૃઢ આત્મવિશ્વાસ પ્રગટ્યો કે આપણી ગમે તેવી ભારેમાં ભારે પ્રકારની લાચારીની સ્થિતિ હોય તોપણ તેમાંથી તરીને ઊંચે આવી શકવાની આપણા પોતાનામાં પ્રભુકૃપાથી શક્તિ રહેલી જ છે, તેવા પ્રકારના પ્રગટેલા આત્મવિશ્વાસથી કરીને સાધનામાં ઝંપલાવવાનું બની શક્યું હતું. આત્મવિશ્વાસ એ એક એવું મોટું જબરજસ્ત જીવનને પ્રેરનારું સાધન છે, કે જો તે સાધનની સમર્થતા પ્રભુકૃપાથી દિલમાં ઊગી આવે, તો માનવી કદી પણ તેનાથી કરી (સાધનને લીધે) નિરાશ બની શકતો નથી. સાધનાના માર્ગમાં જેમ શ્રદ્ધાની અચૂક મહત્ત્વની જરૂરિયાત છે, તેમ આત્મવિશ્વાસ તો જરૂર પ્રગટેલો હતો અને એ આત્મવિશ્વાસમાંથી શ્રદ્ધાનું જીવંત ઝરણું ફૂટી નીકળ્યું હતું. તેવા પ્રકારની શ્રદ્ધામાં સાધનામાં ધપાતું જવાતાં ઑર ચેતનવંતો પ્રકાશ પ્રભુકૃપાથી સાંપડવાનું થતાં, તે પછી તો શ્રદ્ધા પણ એવા પ્રકારની સજીવન થઈ ગયેલી કે સાધનાનાં ભારે ભારે વિઘ્નો, મુશ્કેલીઓ વગેરેનાં પ્રચંડ વાવાઝોડાંને કાળે તે શ્રદ્ધા તો મારી માતા બનીને મને સદાય ચેતનવંતો રખાવતી. માટે આત્મવિશ્વાસ અને શ્રદ્ધા એ બે સાધનાના માર્ગ માટે જરૂરી છે, એટલું જ નહિ પરંતુ સંસારવહેવારનાં કાર્યમાં પણ તે એટલાં જ જરૂરી છે.

*જીવનદર્શન : ૨૦૩-૨૦૪*

જીવનમાં હરિનામ આનંદોત્સવ ભવ્ય છે.
ભક્તના દિલનો લ્હાવો કેવો તે મસ્ત હોય છે !
હરિનું નામ તો તેને અમૃતદરિયો જ છે,
એના જીવનનો કેવો ઉદ્ધાર, હરિનામ છે !

*ભાવકણિકા : ૭* **- શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

## ખંડ - ૨

# શ્રીબાળયોગીજી મહારાજ

નામના જેટલું મોટું સાધન, બીજું કોઈ ના,
નામીથી નામ મોટું છે, લાગે સાચું ન તે છતાં.
નામથી નામી તો કેવો તે ઓળખાય છે બધે !
તેથી માહાત્મ્ય જાણીને નામનું, નામ લીધું છે.

*ભાવકણિકા : પૃ. ૮૮* - **શ્રીમોટા**

## શ્રીબાળયોગીજી મહારાજને વંદના

જે પ્રેમીએ સરળતા મુજને શી દીધી !
ને ઘેલછા મુજ અનેક સહી જ લીધી,
ચિત્તે લીધું નહિ કશું મુજ આડુંતેડું,
હું તેમના થકી થયો કંઈ આજ જે છું.

જેણે મને જીવનમાં શીખવ્યો જ પ્રેમ,
તે ઋણ પ્રેમીજનનું શકું વાળી કેમ ?
શું પ્રેમનો વળી શકે બદલો કશાથી ?
તે પ્રેમ તો જીવનની મુજ આદ્ય શક્તિ.

તે પ્રેમમાં જીવન પ્રેમથી સર્વ ભાવો,
તે એક એક જીવને મુજથી કળાજો,
જો પ્રેમનો જગતમાં બદલો કશો હો,
તે હો પૂરા જીવનના જ રૂપાંતરે તો.

લક્ષે ધરી હૃદયથી મુજ પ્રેમીને તે,
જો હું ધરી શકીશ જીવન પ્રેમભાવે,
ને પ્રેમ તે જીવનથી જીવને કૃતાર્થ.
-પૂરો થતાં, જીવનનો મુજ પ્રેમ ધન્ય.

ઉત્સાહથી હૃદયનું જળ સીંચી જેણે,
આ ઉર પુષ્પ ખીલવ્યું નિજ પ્રેમભાવે,
તેને ધરું ઉમળકે ચરણારવિંદે,
તે પુષ્પ, વાસ સહુ, ભેટ સ્વીકારી લેજે.

કોટી પ્રણામ તુજને મુજ રાંકના છે,
બીજું કશું મુજ કને નવ અર્પવાને,
આશિષ ઊંડી ઉરની મુજને દઈ તું,
વર્ષાવી પ્રેમજળ આ દિલ ઠારજે તું.

જિંદગી આપવામાં શી જેણે માની કૃતાર્થતા !
અંજલિ આ ધરું પ્રેમે તેવા આચાર્ય-પાદમાં

*તુજચરણે : પૃ. ૯-૧૧* **- શ્રીમોટા**

# શ્રીબાળયોગીજીનો ભેટો

નામસ્મરણે જીવનમાં નવો માર્ગ મારે માટે પ્રભુકૃપાથી ખુલ્લો કર્યો. ત્યારથી જ જીવનવિકાસની સાધના શરૂ થઈ એમ ગણાય, અને એક વર્ષ પછી સાચેસાચ અમદાવાદમાં સાબરમતીના કિનારે આ જીવને સાધના માર્ગમાં દીક્ષિત કરનાર એક સદ્‌ગુરુ પણ મળી આવેલા. એટલે (સાધુ મહાત્માની) તે હકીકત પણ સાચી પડી. *જીવનદર્શન : ૨૦૩-૨૦૪*

સને ૧૯૨૧ની સાલમાં અને ૧૯૨૨ની શરૂઆતમાં અમારા જેવા કેટલાય વિદ્યાર્થીઓએ દેશની ભક્તિની ભાવનાના ઝનૂનમાં દેશની સેવામાં ઝંપલાવ્યું હતું. એવા કાળમાં ભગવાન જ્યારે આપણું મોઢું ફેરવાવે છે, તે એક કોઈક મોટા ચમત્કારની હકીકત છે. ગરીબાઈ તો બહુ કારમી હતી. એવી કપરી ગરીબાઈની સ્થિતિમાં હાથમાં ગંગાજળ લઈને વ્રત લીધેલું કે ‘જીવીશ ત્યાં સુધી સેવામાં જ જીવન ગાળીશ.’ *શ્રીસદ્‌ગુરુ : ‘લેખકના બે બોલ’, ૨૪-૨૫*

૧૯૨૧ની આખરમાં મેં જ્યારે લડતમાં ઝંપલાવેલું ત્યારે ભગવાનના માર્ગનો કે ભગવાનનો મને બિલકુલ કંઈ ખ્યાલ નહિ.

મેં કાંઈ ગુરુ કરેલા નથી. એ તો મને જબરજસ્તીથી પકડી ગયેલા. આમ તો ત્યાં કંઈ જાત નહિ, પણ મને એક એવો અનુભવ કરાવી દીધો.

અમદાવાદ શહેરમાંથી મંગળદાસ ટાઉનહૉલ તરફ જતાં પુલની શરૂમાં જમણે હાથે ત્યારે સાધુનાં કેટલાંક રહેઠાણો હતાં અને આજે પણ છે. ત્યાં એક બાળયોગી પધાર્યા હતા. તેમની પાસે ઘણા માણસો એકઠા થાય. તે કંઈ ઉપદેશ કે પ્રવચન આપતા નહિ. તેમની અવસ્થા ઉન્મત્ત હતી. રાત્રે સાબરમતી નદીનાં પાણીમાં ગાંડા હાથીની માફક મસ્તીથી ઊછળતા અને કૂદતા આજે પણ અમદાવાદના કેટલાક ભાવુક ભાઈઓ તેમને યાદ કરે છે. તેમને હું ના ઓળખું, તેઓ મને ના ઓળખે. છતાં તેઓશ્રી જે બધાં ત્યાં એકઠાં થયાં હોય તેમને કહે કે, ‘નડિયાદથી ચૂનીલાલ ભગતને બોલાવો !’ એક વખત નડિયાદના શ્રી નાનુભાઈ કંથારિયા તેમનાં દર્શનાર્થે ગયા હશે. તેમણે આ હકીકત સાંભળી. તેઓ (શ્રી નાનુભાઈ કંથારિયા) અમદાવાદથી નડિયાદ જ્યારે પાછા ફર્યા,

ત્યારે તેમણે મને આ હકીકત કહી સંભળાવી. ત્યારે મેં તેમને કહ્યું કે, 'મારે સાધુની સાથે શી નિસ્બત ! મારે કંઈ એમની પાસે જવું કરવું નથી.' વળી, ત્યારે તો હું એમ પણ માનતો કે આ સાધુ લોકો સમાજની ઉપર આર્થિક રીતે ભારરૂપ છે. They are economic burden on society. એમ હું દઢપણે સમજતો. જોકે આજે મારું તે પરત્વેનું મંતવ્ય બદલાયું છે. એમાં કોઈક એવા વિરલા વીરો છે ખરા, પરંતુ સાધુસમાજનો પોતાનો જે ધર્મ છે, તે તેઓ સંપૂર્ણપણે યથાયોગ્ય પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક બજાવતા હશે કે કેમ, તેની મને આજે પણ શંકા છે.

આ બાળયોગી મને ઓળખાણ-પિછાન વિના બોલાવતા હતા, તે હકીકતનો જવાબ તો મેં વાળી દીધો હતો, પરંતુ વગર લેવેદેવે ઓળખાણ-પિછાન વિના, મારું નામ પણ જાણ્યા વિના, મારું નામ દઈને જ જ્યારે બોલાવે છે, ત્યારે એમાં જરૂર કંઈક રહસ્ય તો હોવું જોઈએ, એમ મન બુદ્ધિ વારંવાર દલીલ કરવાં લાગ્યાં અને એ વિચારે તો પછી મારો કેડો જ ન છોડ્યો. એ વિચાર મારો કેડો મૂકે એ હેતુથી હું અમદાવાદ ગયો. ત્યારે મારી ગરીબાઈની સ્થિતિ એવી કે અમદાવાદ જવાના પૈસા પણ ન મળે. ત્યારે મહિને એક આનો માત્ર હજામતનો ખરચતો હતો. જવા આવવાનું ભાડું પણ પેલા શ્રી નાનુભાઈ કંથારિયા પાસેથી મેળવી લીધું હતું. શ્રી નાનુભાઈ કંથારિયા પાસે જઈને મેં કહ્યું કે હવે તો મારે અમદાવાદ એ સાધુને મળવા જવું જ પડશે તો તેઓ કહે જા ભાઈ જઈ આવ, બહુ સારા માણસ છે નહિતર હું તને કહેત નહિ. એટલે મેં તેમને કહ્યું કે મને ત્યાં જવા આવવાના ગાડીભાડાના અને એક બે દિવસ રહેવું પડે તો ખાવા કરવા માટે મને તમે પૈસા આપો. એટલે તેઓ કહે કે અલ્યા મેં તને કહ્યું તે ગુનો કર્યો ? મેં જણાવ્યું કે ગુનો તો નહિ પણ મારી પાસે પૈસા નથી. ગરીબ માણસ છું - એટલે તેમણે મને ચાર રૂપિયા આપ્યા. પાંચ નહિ. મને બરાબર યાદ છે. આમ, શ્રીહરિકૃપાથી શ્રીબાળયોગી મહારાજનો ભેટો થયો.

*શ્રીસદ્‌ગુરુ : 'લેખકના બે બોલ', ૨૬-૨૭*

રફેદફે બધું મારું જીવન થૈ ગયું હતું,
ચઢી જવાયું'તું ઊંધે રવાડે હદ બહારનું,

ઓચિંતો સદ્ગુરુએ શો બોલાવી પાસમાં લીધો !
મઠારીને પ્રયુક્તિઓ સોડે નાદાનને લીધો.

*શ્રીસદ્ગુરુ : ૨૩૮* - **શ્રીમોટા**

પૂજ્ય બાળયોગી મહારાજ ચોવીસ કલાક જાગતા રહે. બિલકુલ ઊંઘે જ નહિ. ખૂબ મસ્તી કરે. વાંદરાની જેમ કૂદાકૂદ કરે. મને સમજણ પડે નહિ કે આ શું તોફાન કરે છે ? પછી એમણે મને ખૂબ ખવડાવ્યું. ચાર દિવસ રહ્યો. તો ચાર દિવસનું મને ભાન નહિ. નહિતર તો હું રહું નહિ. એક દિવસની રજા લઈને આવેલો. *જીવતા નર સેવીએ : ૬૭*

અડધા અડધા કલાકે - પોણા પોણા કલાકે થાળીઓ આવે. કોઈક કોઈક વખત ચાંદીની થાળીઓ આવે અને એટલાં બધાં મિષ્ટાન્ન કે વાત ન પૂછો. કહે, 'ખા જાવ બચ્ચા. બચ્ચા, ખા જાવ.' ગળા સુધી તો આવી ગયું હોય. એટલે કહું, 'મહારાજ, હવે મારાથી નહિ ખવાય.' 'નહિ બચ્ચા ખા જાવ.' અતિશયોક્તિ કર્યા વગર કહું કે ઓછામાં ઓછું બાર શેર-તેર શેર મારાથી ખવાયું હશે અને છેલ્લે મરચાંની ખીચડી આવી. 'અચ્છા, ખા જાવ.' 'બાપજી, આ તો ખવાય એવું જ નથી. જીભે... જીભે લાળા ઊઠે છે.' 'બચ્ચા, ખા જાવ.' પછી આપણે તો ખાઈ ગયા. મરચાંની ખીચડી ખાઈ ગયો. પછી તે રાતે તો મને કંઈ વિચાર આવ્યા નહિ. ગુરુમહારાજની સાથે ફર્યા કર્યો. હુંય પણ ઊંઘું નહિ. એમની સાથે ફર્યા કરું. એ દોટ મૂકે તો હુંય દોટ મૂકું. એ છલાંગ મારે... પેલા સાબરમતીનાં પાણીમાં આમથી તેમ પડે અને હાથી જેમ કરે તેવું તોફાન કરે. તો હુંય એમની પાછળ પડું.

પછી બીજે દિવસે પણ એમ જ ચાલ્યું ખાવાનું. ચાર દિવસ સુધી ચાલ્યું. ત્યાર પછી મને ભાન થયું. અરે ! આટલા બધા દિવસ હું અહીં આગળ રહ્યો ! અરર ! મેં રજા માગી. મેં કહ્યું, 'હું તો એક જ દિવસની રજા લઈને આવ્યો છું. પ્રભુ, આ તો ભયંકર અમારો દોષ ગણાય. મારાથી કદી કોઈ કાળે આવું થાય જ નહિ. આ તો મેં કંઈ દારૂ પીધો કે શું ?' સમયનું ભાન મને ના રહ્યું. તો કહે, 'કાલે જજે.' મેં કહ્યું, 'મને તમે રજા આપો.' કહે, 'કલ જાના. કલ જાના.' એટલે પછી એક દિવસ વધારે રહ્યો. એમ પાંચ દિવસ રહ્યો.

*જીવતા નર સેવીએ : ૬૭-૬૮*

ભૂરકીથી અંજાઈ જાઉં એવો તો હું ન હતો. છતાં એમના તરફનું મારામાં આકર્ષણ પ્રગટ્યું. તેનાં કારણોમાં અહીં ઊતરતો નથી. તેમની પાસે વધારે રહી શકાય એવી તો મારી સ્થિતિ ન હતી. જે ચાર દિવસ એમની પાસે રહેવાનું પ્રભુકૃપાથી બન્યું, એ ચાર દિવસ ભાવાવસ્થામાં જ વીત્યા હતા. ભાવાવસ્થા તો આજે હું કહું છું, પણ ત્યારે તો તે સ્થિતિને હું સમજી શક્યો ન હતો. કોઈક ભાવમાં સંપૂર્ણપણે તલ્લીન અને તરબોળ હતો એટલી હકીકત યાદ છે. ત્યારે કોઈ સમયનું ભાન રહ્યું ન હતું. વધુ રહેવાય તેવું તો હતું નહિ, એટલે મનમાં ને મનમાં સંકલ્પ પ્રભુકૃપાથી થયો કે શ્રીબાળયોગી પોતે કૃપા કરીને નડિયાદ પધારે અને તેઓશ્રી આ બાબતમાં કંઈક શિખવાડે તો શીખવું તો ખરું. મનમાં એવી ઉત્કટ ઝંખના પણ જાગી હતી. આમ, મારામાં બીજ રોપાયું.

*શ્રીસદ્ગુરુ : 'લેખકના બે બોલ', ૨૬-૨૭*

## શ્રીબાળયોગીજીનું નડિયાદમાં આગમન

પ્રભુકૃપાથી મને તો વિશ્વાસ છે, કે મારા સદ્ગુરુ મહારાજ જીવંત સમર્થ છે. એમણે જ મારો પ્રેમભાવ વડે કરીને હાથ પકડ્યો છે. તેઓએ જાતે પધારીને મને સાધનામાં દીક્ષિત કર્યો, તે પ્રસંગની રસિક કથા આજ ખુલ્લો થઈને લખું છું. મારે મીરાખેડી (પંચમહાલના દાહોદ તાલુકામાં) અંત્યજ સેવા મંડળની કાર્યવાહક સભામાં એક વખત હાજરી આપવાને જવાનું હતું. તે દિવસે સવારની ફાસ્ટમાં દાહોદ જવાને માટે ટિકિટ પણ કઢાવી અને જ્યાં અંદર જવા જાઉં છું, ત્યાં જ મારી દૃષ્ટિ એકાએક સદ્ગુરુની ઉપર પડી. તેઓ પ્લૅટફૉર્મની બહાર એક ખૂણામાં શાંતપણે બિરાજેલા હતા. જેવી દૃષ્ટિ પડી કે તરત જ હું તો પાછો વળ્યો અને તેઓશ્રીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પ્રેમભક્તિથી કર્યા અને બહુ રાજી થયો. તેઓશ્રીએ હુકમ ફરમાવ્યો કે રેલવેની ટિકિટ મારે પાછી આપી દેવી. ઉમળકાથી મેં તો ટિકિટ પરત કરી દીધી અને મીરાખેડી નહિ આવી શકાય તેવો તાર દાહોદ કર્યો. તે પછી તેઓશ્રીને ઘેર આવવાને પ્રાર્થના કરી. તેઓ ઘેર પધાર્યા. મસ્તીમાં શી કૂદાકૂદ કરે ! અને આમથી તેમ નાચે ! નડિયાદની નરખી પોળમાં અમે ત્યારે રહેતાં હતાં. ત્યાં ખડકીમાં ઉપર એક નાનકડી મેડી હતી. ત્યાં તેમને બેસાડ્યા. તેઓ નડિયાદ પધાર્યા તે તો

મારી પોતાની આંતરિક પ્રાર્થનાના ભાવ વડે કરીને પધારેલા હતા. સાબરમતી નદીમાં એલિસબ્રિજથી ટાઉનહૉલ જતાં જમણા હાથ બાજુએ પુલની શરૂઆતમાં નીચે સાધુઓનાં જે રહેઠાણ છે, ત્યાં તેઓ પડી રહેતા. ત્યાં તેમની સંગાથે ચાર દિવસ રહેવાનું બનેલું. ત્યારે નીકળતી વખતે તેઓશ્રીને માનસિક પ્રાર્થના કરેલી કે, ‘મારાથી તો પરિસ્થિતિ અને સંજોગ મૂકીને આપશ્રી પાસે રહી શકાય તેવી શક્યતા નથી. આપ પોતે કૃપા કરીને નડિયાદ પધારી શકો, તો જ આપશ્રી દ્વારા કંઈક લાભપ્રાપ્તિ થઈ શકે.’ અહીં ‘લાભપ્રાપ્તિ’ એટલે શું તેની યોગ્ય સમજણ તે કાળે તો કશી પ્રગટેલી ન હતી. પરંતુ તે સમયે તેવી પ્રાર્થના કરી હતી તે તો ચોક્કસપણે યાદ છે.

## ગુરુનો આદેશ

તેઓ મેડીમાં બેઠા કે તરત તેમણે મને કહ્યું કે, ‘હું તને સાધનામાં દીક્ષિત કરવાને માટે આવ્યો છું અને તે માટે એક મોટું મકાન જોઈએ.’ મેં તો ત્યારે અચંબો પામીને કહ્યું કે, ‘બાપજી, હું તો ગરીબ છું. મારે કશી કોઈ મોટા મોટા માણસોની ઓળખાણ - પિછાન નથી અને એવી લાગવગ પણ નથી કે જેથી કરીને કોઈ એવું મોટું મકાન મેળવી શકું.’ તેઓ તો આવેશમાં આવી જઈને કદાચ મને મારી પણ બેસત, પરંતુ હું જરાક આઘો ખસી ગયો. તેમણે મને કહ્યું કે, ‘તું તો ગધેડો છે. તારામાં કશી અક્કલ નથી. સાવ બુધ્ધુ છે.’ એવું એવું કેટલુંયે બધું ઉચ્ચાર્યું હશે ! પછી તો તેઓ પાછા બોલ્યા કે, ‘મોટું મકાન જોઈએ, એટલું જ માત્ર બસ નથી, પરંતુ તે એકાંત જગામાં પણ આવેલું હોવું જોઈએ.’ ‘અરે ! પ્રભુ ! અહીં જ્યાં મોટું મકાન જ મેળવી શકવાની શક્યતા નથી, ત્યાં વળી એકાંત જગાની તમે પાછા વાત કરો છો !’ એવું મનમાં બોલું છું, ત્યાં તો તે પાછા ભભૂકી ઊઠ્યા અને બોલ્યા કે ‘એક મોટું મકાન જોઈએ અને તે પાછું સંપૂર્ણ એકાંતમાં હોવું જોઈએ. એટલું જ નહિ પરંતુ પાસે એક જળાશય પણ હોવું જોઈએ. એવું મેળવીને જલદી જલદી મારી પાસે તું પાછો ચાલ્યો આવ.’

## કાસમ સાહેબની સહાય

આવું કેવી રીતે મેળવવું તેની મને તો કશી પણ શક્યતા કે સૂઝ પડી શકતી ન હતી. એટલામાં તો મારે કામે જવાનો સમય થયો. તેઓશ્રીને મેં તે

માટે પ્રાર્થના કરી અને સંમતિ મેળવી. મારી બાને તેઓશ્રીની મેં ભાળવણી કરીને હું તો મરીડા ભાગોળે શાળાનાં કામ માટે જવાને નીકળ્યો.

રસ્તે જતાં જતાં રોજ મારે વહોરવાડમાંથી પસાર થવાનું હતું. વિદ્યાપીઠમાં રહેલા, એટલે તે સંસ્કારને કારણે હિન્દુમુસ્લિમ એકતાનો ભાવ પણ જાગેલો ખરો. તે ભાવથી પ્રેરાઈને રોજ જતાં જતાં વહોરવાડના એક પ્રતિષ્ઠિત સજ્જન કાસમ સાહેબને હું રોજ 'અસ્સલામો અલયકુમ્' ભાવથી નિયમિત રીતે કરતો અને મારે રોજ ત્યાંથી જવાનો સમય મિનિટે મિનિટનો પૂરી રીતે નિયમિત હતો, એટલે તેઓ પણ દરરોજ પોતાના મકાનના ઓટલા ઉપર મારી રાહ જોતા ઊભા રહેતા. તેમને હું પ્રેમથી સલામ ભરતો અને તેઓ પણ તે રીતે પાછી વાળતા. આવો અમારો અતૂટ નિયમ હતો. પરંતુ આજે તો 'એક મોટું મકાન, એકાંત જગા અને પાસે જળાશય !' એ જ વિચારસરણીમાં મારું મન ડૂબી ગયું હતું. તે કારણથી કરીને હાજી કાસમમિયાં સાહેબ ઓટલા ઉપર ઊભા રહ્યા હતા, તોપણ તેમને મેં જોયા નહિ અને વીસેક ડગલાં આગળ ચાલ્યો ગયો. રોજની સલામ ભરવાના અભ્યાસને કારણે ત્યાં જ સલામની સ્મૃતિ જાગી તેથી પાછો ફર્યો અને કાસમમિયાં સાહેબ પાસે આવીને તેમને સલામ ભરવાનું ચૂકી ગયો, તે માટે તેમની ક્ષમા પણ માગી. ત્યારે તેઓ બોલ્યા કે, 'અલ્યા, તું આજે કયા વિચારમાં ડૂબી ગયો છે ?' મેં કહ્યું કે 'મારે ઘેર એક ઑલિયા સાહેબ પધાર્યા છે.' તો તેમણે કહ્યું કે, 'એ તો તારા સારા નસીબની હકીકત છે.' પરંતુ મેં તેમને કહ્યું કે, 'એટલાથી જ પતતું નથી, એ તો એવું એવું માંગે છે કે જે કદી પણ મેળવી ન શકું.' ત્યારે તેમણે મને કહ્યું કે 'તું બરાબર માંડીને મને બધી હકીકત કહે તો ખરો !' તે પછી મેં તેમને બધી વિગતવાર હકીકત કહી સંભળાવી.

તેમણે કહ્યું કે, 'અરે, ભગત ! તું મુંઝાય છે શા માટે ? આપણો એક મોટો બંગલો ડભાણને રસ્તે છે અને તે એકાંત જગામાં છે. તેની નજીકમાં વસ્તી પણ નથી અને પાસે જ રામતલાવડી પણ છે. જા, તે તને વાપરવા આપું છું. લે આ તેની કૂંચી લઈ જા અને તારા ઑલિયાને તે બંગલામાં રાખજે.' આ મકાનની તો મને ખબર હતી. શ્રી ઈન્દુલાલભાઈના સમયમાં ત્યાં જ હરિજન આશ્રમ ચાલતો હતો અને ત્યાં ઘણો સમય હું રહ્યો પણ હતો. આવું મોટું

મકાન, એકાંત જગા અને જળાશય તેઓશ્રીના માગવા પ્રમાણે જ મળી ગયાં, તેથી કેટલો બધો આનંદ મને પ્રગટેલો તે કેવી રીતે સમજાવી શકું અને વર્ણવી શકું ?

મને તો દોડીને એકદમ મારા ગુરુમહારાજ પાસે જઈને તેમને પગે પડી જવાનું દિલ થયું, પરંતુ તે કાળે પણ કર્તવ્યનું ભાન જબરજસ્ત હતું, તેથી તેવી પ્રગટેલી ભાવનાનાં પૂરથી પણ તણાઈ જવાનું માંડી વાળીને મળેલાં કર્મમાં જ પ્રયાણ કરવાનું રાખ્યું. મરીડા ભાગોળે જઈ, કામથી પરવારી કરી, પાછો ઘેર આવ્યો, ત્યારે તેમને ગદ્‌ગદ ભાવથી પ્રણામ કર્યા અને બનેલી બધી હકીકત કહી સંભળાવી. તે પછીથી તેઓને લઈને તે મકાનમાં રહેવાનું રાખ્યું હતું અને ત્યાં મને તેઓશ્રીએ સાધનામાં દીક્ષિત કર્યો. *જીવનદર્શન : ૨૧૭-૨૩૧*

આ બધો પરાપૂર્વનો એક સંબંધ છે. હું એમને ન ઓળખું એ મને ન ઓળખે. આ સોએ સો ટકાની વાત સાચી છે. એવા માણસો સાથે પરાપૂર્વથી સંકળાયેલા આપણે હોઈએ એ પરાપૂર્વનો જે સંબંધ છે એની સાંકળ આપણે જાણતા હોતા નથી. પહેલી વખતે બે મહિના - સવા બે મહિના રહ્યા. બીજી વખતે દોઢ મહિનો રહ્યા. ત્રીજી વખતે એક મહિનો મારી સાથે રહ્યા. મને દીક્ષામાં આ માર્ગે લઈ જવામાં એ જ બાળયોગીએ મારા ગુરુમહારાજ (શ્રીકેશવાનંદજી)ના શિષ્ય હતા. એમણે જ મોકલેલા. *વાણી-૩ : ૩૧-૩૨*

## વસંત પંચમીના દિવસે દીક્ષા પ્રાપ્તિ

હવે, આ દીક્ષા દિવસની વાત કરું. દીક્ષા એટલે એક બાજુ જતા હોઈએ તેનાથી બીજી બાજુ વહેણ વાળવું. જેમ આ નહેરો ખોદે છે અને નદીનું એક બાજુ વહેણ ચાલ્યું જતું હોય ત્યારે એ પાણીને બીજી દિશામાં લઈ જઈને ઉપયોગ કરવો. એનું નામ દીક્ષા.

ત્યારે હું સાવ બુડથલ હતો. મને કંઈ ગતાગમ ન હતી. પણ ગુરુમહારાજે કૃપા કરી. અંદર વહેણ છુપાયેલું હશે એની એમને ખાતરી. આ માર્ગમાં પાત્રતા બહુ જરૂરની છે. ભૂમિકા પણ જરૂરની. એણે અંદરનો ભંડાર જોયો હશે. મને આમાંથી આમાં વાળવાને પ્રયત્ન કર્યો. દીક્ષા આપી. વસંત પંચમીનો દિવસ હતો. (૨૨-૧-૧૯૨૩, સોમવાર) significant અને પ્રતીકરૂપ આ દિવસ છે. વસંત ઋતુમાં કુદરત નવો સ્વાંગ સર્જે છે. પણ એના સૌંદર્યને

પારખવાને માટે આંખ કેળવાયેલી જોઈએ, હૃદય કેળવાયેલું જોઈએ. બાકીનાને એની ગતાગમ ન પડે. હું પણ સમજ્યો ન હતો. પણ આજે ઘણાં વર્ષોથી આ સમજણ મને પડી. એમ સમજ્યો કે બરાબર આ Symbolic action છે. આ પ્રતીકાત્મક છે.

પહેલાં તો ગુરુમહારાજ કહે, 'તારી માની રજા લઈ આવ.' મારી બા પાસે ગયો. કહ્યું, 'બા એક ગુરુ આવ્યા છે.' મારી બા જાણતી હતી. કારણ કે પહેલવહેલા મારે ઘેર જ લઈ ગયેલો. એ તો નાચે, કૂદે અને ધમાધમ કરે. 'મારા હાળા વાંદરાને કંઈથી લાવ્યો ?' એમ મારી બા કહે. મેં કહ્યું, 'બા, હવે તું બોલીશ કરીશ નહિ. પણ એમણે મને કહ્યું છે કે દીક્ષા લેવાની છે.' 'શું કરવાનું ?' 'બા, મનેય કશી ખબર નથી.' 'તો મારા રડ્યા, ખબર વિના આપણે બધું કરવું ? પૂછ એને.' મેં તો પૂછ્યું, 'બાપજી, મારી બા કહે છે મારા બેટા, મારા રડ્યા ! ખબર વિનાનું તું બધું કરે તે સારું નહિ. પૂછ એમને.' એથી એમણે કહ્યું, 'આ દીક્ષા આપું પછી તારે ભગવાનને રસ્તે જવાનું.' આ રસ્તાની કશી ઝાઝી બહુ ગતાગમ મને નહિ. તે પછી મેં તો મારી બાને કહ્યું. કહે, 'ચૂનિયા, ભગવાનને રસ્તે જવાની વાત તો સારી છે. પણ આ તને સાધુ બનાવી દેશે તો ?' મેં કહ્યું, 'બા, બની જઈશ.' 'હોવે... મારા રડ્યા, તને અક્કલ નથીને. આ બધું કોણ ચલાવશે ? તારે નાના ભાઈઓ છે.' તો કહ્યું, 'એ હું ના જાણું.' 'તને તારા ગુરુમહારાજ જે કહે તે તારે કરવાનું. તારે ભગવાનને રસ્તે જવાનું છે. એમાં શું વાંધો ? કશો વાંધો નથી.' મારી બાએ કહ્યું.

મને તો દીક્ષા આપી. એ તો જે કંઈ કરતા હતા તે કર્યું. પહેલે દિવસે કહે, 'તું ધ્યાન ધર.' મેં કહ્યું, 'શેનું ધ્યાન ધરવાનું ? તમે કરો તો જોઈ લઉં.' તો કહે, 'ધ્યાનની કશી ખબર નથી ?' મેં કહ્યું, 'ના, મને કશી ખબર નથી.' તો કહે, 'ધ્યાનનો અર્થ સમજે છે ?' મેં કહ્યું, 'એકીટશે એકાગ્રતાથી એક જ વિચાર આવે તે ધ્યાન કહેવાય. એવું આશરે આશરે કહું છું.' તેઓ કહે, 'તો તું એમ જ કર.' 'પણ એ તો થતું નથી. આ મનમાં તો હજારો સંકલ્પ વિકલ્પ આવે છે.'

પછી તો એમણે આઠ નવ ઇંચનો લોઢાનો ખીલો કાઢ્યો. એનો પાછલો દટ્ટો હોય એ જોરથી બે ભ્રમરની વચ્ચે માર્યો. મને ખબર નહિ કે આ ખીલો

મને મારવાને કાઢ્યો હતો, નહિતર તો નાસી જાત. તે દયા કરીને નહિ, ધીમે રહીને નહિ, જોરથી મારેલો. તમ્મર આવી ગયા. આ શરીર બેભાન થઈ ગયું. ત્રણ દિવસે શરીર જાગેલું. એટલી મને ખબર છે. પણ ત્યારે મને ખબર નહિ. જ્યારે ધીરે ધીરે ભાન આવવા લાગ્યું ત્યારે મારા ગુરુમહારાજને હું પગે લાગ્યો હતો. એટલી મને ખબર હતી. *વાણી-૧૨ : ૯-૧૨*

જ્યારે ભાન આવ્યું ત્યારે મેં જોયું કે તે મને પગે મસાજ કરતા હતા. એમણે મને પૂછ્યું, 'અલ્યા, છોકરા, હવે વિચાર આવતા હતા ?' મેં કહ્યું, 'ના.' 'વિચાર-બિચાર કશું નહિ. તમે મને ખીલો ઠોક્યો અને વિચાર ઊડી ગયા. બિલકુલ વિચાર જ નહિ.' પછી પૂછ્યું કે 'તારી સ્થિતિ શી હતી ?' મેં ફરીથી કહ્યું કે, 'વિચાર જ નહિ.' ત્યારે એમણે પૂછ્યું કે, 'આવું કેટલો સમય રહ્યું ?' મેં કહ્યું, 'રહ્યું હશે પંદર-વીસ મિનિટ.' એમણે ડોકું હલાવ્યું. મેં પૂછ્યું, 'અડધો કલાક - બે કલાક ?' તોય ના કહી. અને પછી એ બોલ્યા, 'ત્રણ દિવસ થઈ ગયા.' આ સાંભળી હું એકદમ ચોંકી ગયો અને મને આઘાત પણ લાગેલો. મારાથી બોલાઈ ગયું, 'આ મેં ભયંકર ભૂલ કરી.' આ મારા માટેનો મોટામાં મોટો અનુભવ હતો. તેમ છતાં આવું બોલાયું. મેં ઠક્કરબાપાને લખી દીધું કે, 'હું ત્રણ દિવસ બેભાન અવસ્થામાં હતો, તેથી કામ પર જઈ શક્યો નથી, તો માફ કરશો.' *વાણી-૧ : ૩૦-૩૧*

ગુરુમહારાજે એ પછી મને કહ્યું કે, 'તારે સંસારમાં રહીને કામ કરવાનું છે. પણ સંસાર માટે નહિ.' મેં પૂછ્યું, 'એ કેવી રીતે બને ?' ત્યારે એમણે કહ્યું કે, 'સંસારને તારા મનમાંથી જ કાઢી નાંખ.' મેં કહ્યું, 'તમે કહો છો તેથી એક ઝાટકે મનમાંથી નીકળી જાય તેવું બને નહિ.' ત્યારે તે બોલ્યા, 'ભઈ, તું ભાવના કેળવ.' મેં પૂછ્યું કે, 'શું ભાવના કેળવું ?' ત્યારે એમણે સમજાવ્યું કે, 'જે તે બધું પ્રભુપ્રીત્યર્થે કરવાનું. જ્યાં ત્યાં ભગવાન જ વસેલો છે. સંસાર પણ ભગવાનની શક્તિને લીધે ચાલે છે. હવે તારે આખી જિંદગી ભગવાનને માટે જીવવાનું છે.'

આ વાત મારે ગળે ઊતરી ગઈ અને મને બહુ ગમી ગઈ અને એ પ્રમાણે હું ભાવના કેળવીશ એમ નિશ્ચય કર્યો. *વાણી-૧ : ૧૪*

દીક્ષાના આ પ્રસંગની અસર મારા જીવન પર એટલી બધી તો ઊંડી પડેલી છે, કે તે અસરથી જે ભાવના પ્રગટ્યા કરેલી, તે ભાવનાએ મને સાધનામાં ભાંગી પડતાં પડતાં હંમેશાં ઉગારેલો છે. તેઓશ્રી મારે ત્યાં નડિયાદ પધાર્યા તે તેમની અપાર કરુણાનો અદ્‌ભુત પ્રતાપ કદી પણ હું વીસરી શક્યો નથી.

કદી પણ મેં તેમની છબી પાસે રાખી નથી અને રાખવાનું દિલ થયું હોત તોપણ તેટલી રકમ ત્યારે મારી પાસે ન હતી. જોકે પ્રભુકૃપાથી મારા સદ્‌ગુરુ મહારાજની મારા દિલમાંની ભાવનાથી પ્રેરાઈને તેમનું સાકાર સ્વરૂપ પ્રગટાવવાનું હંમેશાં બન્યા કરેલું છે અને અંતરમાં તેવી રીતે તેમને જગાડવાનું અને જગાડીને તેઓશ્રીને પ્રત્યક્ષ કરીને તેમની કૃપામદદ માગવાનું અને પ્રેરણા પામવાનું કરી શકાયું છે. શ્રીસદ્‌ગુરુનું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું અવલંબન અને તેમાંથી મળતાં ભાવ અને શક્તિ તે વળી કોઈ જુદા જ પ્રદેશની હકીકત છે. તે મોટું મકાન, તે એકાંત જગા અને તે રામતલાવડી આજે પણ હયાત છે. મારા જીવનવિકાસનું તે એક પવિત્ર તીર્થસ્થળ છે. પરંતુ વારંવાર તે સ્થૂળ તીર્થસ્થળમાં જઈને પાવન થવાનું પણ મેં કરેલું નથી. તેમ છતાં તે તીર્થસ્થળની ભાવનાની અસરને હું કદી ભૂલી શક્યો નથી. સ્થૂળ ભાવના કરતાં સૂક્ષ્મની ભાવનામાં પ્રભુકૃપાથી પરોવાઈ રહેવાનું અને તેમાંથી ચેતન મેળવવાનું જ્ઞાનભાન સાધનાની શરૂઆતથી જ તેઓશ્રીની કૃપાથી મેળવી શકાયું હતું.

*જીવનદર્શન : ૨૨૧-૨૨૨*

આ દીક્ષા મળી ત્યારથી જ એમણે મને હુકમ કર્યો કે ભઈ તારે ભગવાનનું નામ લેવાનું. હરિઃૐ બોલવાનું અને અખંડ કરી દેવાનું. અભય, નમ્રતા, મૌન અને એકાંત પાળવાનાં. ઘરમાં સૂવાનું નહિ. *વાણી-૧૨ : ૧૩*

## ચેતનનિષ્ઠનું અંતર્યામિત્વ

નડિયાદમાં મારા ગુરુમહારાજે મને કહ્યું હતું કે, ‘બીજાને ઓળખવાની ગડમથલમાં પડીશ નહિ.’ એક દિવસ એક રસ્તે જતા માણસને પથ્થર મારવાનું કહ્યું. ગુરુમહારાજનો હુકમ તો પાળવો જ જોઈએ. પથ્થર માર્યો પણ ઘા એવી રીતે કર્યો કે પથ્થર પેલા માણસથી બે ત્રણ ફૂટ આગળ પડ્યો અને પથ્થર એને વાગ્યો નહિ. છતાં એ તો મને ગાળો દેવા લાગ્યો. મેં તો કહી દીધું કે આ

ગુરુમહારાજને કહે. એમણે મને કહ્યું છે. એટલે એ તો દોડતો ઉપર ગયો અને ગુરુમહારાજને પગે પડીને રડવા લાગ્યો. હું એની પાછળ ગયેલો. એટલે જોયું કે આંખમાંથી ચોધાર આંસુ વહ્યે જ જાય. એણે રડતાં રડતાં કહ્યું કે, 'આજે તો દુષ્ટમાં દુષ્ટ કર્મ કરવા જતો હતો. તેનું વર્ણન પણ ન થઈ શકે. તમે મારા પર બહુ કૃપા કરી.' આ સાંભળ્યું ત્યારે ગુરુમહારાજના હુકમનું હાર્દ હું સમજ્યો. આવો હુકમ બુદ્ધિથી ન વિચારતાં પ્રેમભક્તિથી પાળવો એ ધર્મ છે. પણ જ્યાં સુધી ભાવનાનું સાતત્ય પ્રગટતું નથી, ત્યાં સુધી બુદ્ધિ બખાળા કરે છે.

*મૌનમંદિરનો મર્મ : ૩૭*

છેડો મેં નવ ફાડ્યો છે, કેડો ના મેં મૂકેલ છે,
રેઢો એને ન મૂક્યો છે, ખેલો ભારે કરેલ છે,
નેડો એનો હૃદે ઊંડો લાગેલ છે ખરેખરો,
તેડાવેલો હરિ આવ્યો, કૃપા એવી અનંત છે.

*ભાવજ્યોતિ : ૧૨૪* - **શ્રીમોટા**

## ડાકોરમાં મગરમચ્છનાં દર્શન

બીજી વખત પધાર્યા ત્યારે મારા ગુરુમહારાજે મને કહ્યું કે, 'મગરમચ્છ પાસે લઈ જા.' ત્યારે મારી પાસે પૈસા મળે નહિ. હું પગે લાગ્યો અને કહ્યું, 'હુકમ ઉઠાવવાની તૈયારી છે, પણ મારી પાસે બિલકુલ પૈસા નથી.' તેમણે કહ્યું, 'તો માંગી લાવ.' મેં કહ્યું, 'હું ગરીબ માણસ. મને કોણ આપે ?' એટલી બધી ગરીબ અવસ્થા છે, કે આપ મારા ઘરમાં આવો અને હું બતાવું. પૈસા વિના તમારી સાથે મફત આવું. તમે બેસો અને હુંય બેસું.' તો કહે, 'નહિ, પૈસા જોઈએ,' મેં કહ્યું, 'પૈસા મારી પાસે નથી. મારી પાસે ઘરેણુંગાંઠું નથી કે વેચીને તમને લઈ જઉં. મને પૈસા આપે એવી જગા બતાવો. મારી પાસે પૈસા નથી.'

તે દિવસે આઠદસ માણસો આવ્યા અને છન્નું રૂપિયા થઈ ગયા. કોઈ દિવસ માણસો આવે નહિ. કારણ કે ગામ બહાર બંગલો રાખીને હું અને એ બે જણ એકલા જ રહેતા હતા. બીજું કોઈ આવનાર જ નહિ. કોઈને આવવા જ નહિ દેવાના. અમે બે જ જણ. ત્યારે બીજે દિવસે માણસો આવ્યા અને છન્નું રૂપિયા મૂક્યા. મને કહ્યું, 'બચ્ચા, દેખો, પૈસા આ ગયા. અભી તું લે ચલ.'

વડોદરામાં કમાટીબાગમાં મોટા મગરમચ્છ છે અને ખંભાતમાં દરિયો છે ત્યાં કદાચ હોય. ક્યાં લઈ જાઉં ? બીજું એ કહે નહિ. એ તો બાળકની માફક સો વાર બોલ્યા હશે. ત્યારે મને ચીડ ચઢેલી. 'બોલ્યા કરો છો, પણ જગાનું નામ તો દેતા નથી. મારે ક્યાં લઈ જવા ?' 'બસ લે ચલો અભી.' એટલી બધી રઢ લીધી. મેં તો સ્ટેશને આવીને આણંદ સુધીની ટિકિટ લીધી.

પછી આણંદ આવ્યું. એટલે મેં મહારાજને પૂછ્યું કે, 'અહીંથી મોટો દરિયો આવે છે. દરિયામાં તો મગરમચ્છ હોય જ. આ બાજુ મુંબઈ છે. વડોદરા છે. ત્યાં મોટા મોટા પાણીના કુંડ છે. તેમાં મોટા મોટા જબરજસ્ત મગરો છે અને આ બાજુ રણછોડજીનું મંદિર છે અને રણછોડજીને મગરમચ્છ કહેતા હોય તો એ ત્યાં છે.' તોય જવાબ ના આપે. અહીં લઈ જા એમ કહે જ નહિ. આવા લોકો સાથે કામ પાડવું એ બહુ મુશ્કેલ છે. શેને મગરમચ્છ કહે છે, તેય મને ખબર નહિ. પછી ફરતાં ફરતાં અમે ડાકોર-ગોમતીના કિનારા પર કૂવો છે ત્યાં પહોંચ્યા. એના પર એક માણસ મેલાઘેલા જેવો પડી રહેલો. વરસાદમાં, ટાઢમાં, તડકામાં એ ત્યાં જ રહે. તેમની સાથે મારા ગુરુમહારાજે અલક મલકની વાતો કરી. આપણને સમજણ ન પડે. કંઈ આકાશની અને એવી બધી વાતો કરી. 'તમે ક્યાં સૂવો છો ?' મારા ગુરુમહારાજ કહે, 'હું તો આકાશમાં સૂવું છું. તમે ક્યાં સૂવો છો ?' તેઓ કહે, 'કદીક વા ઉપર, તેજ ઉપર, કદીક પૃથ્વી ઉપર, જળ ઉપર. હંમેશનું આકાશમાં સૂવાનું હજુ થયું નથી.' આવી બધી વાત કરે. આજે તો હું સમજું છું. ત્યારે સમજતો ન હતો. પછી મને કહે, 'જો આ મગરમચ્છ છે.' મેં તો કહ્યું, 'આ તો માણસ છે.' પણ અનુભવની દૃષ્ટિથી મગરમચ્છ, હવે એને કોણ ઓળખે ? કેટલાં બધાં વર્ષ સુધી એ (નથ્થુરામ શર્મા) ડાકોરમાં હતા. પછી એમને મારી ભલામણ કરી ગયા. 'આ છોકરાને એટલા માટે તમારી પાસે લાવ્યો છું કે એ અમારી પાસે આવી શકે એવી એની સ્થિતિ નથી. પૈસા ન મળે. અહીં ડાકોર પાસે છે. એટલે તમને પૂછવા કરવા આવે તો સીધો જવાબ દેજો. આડી તેડી ભાષામાં જવાબ ન આપશો.' તો કહે, 'આપીશ.' હું ત્રણેક વાર ગયેલો. બહુ સરસ જવાબ આપેલા. હવે એને કોણ જાણે ? અનુભવી આવો છે એ કોણ જાણે ? ત્યાં આગળ ભણેલા ગણેલાની બુદ્ધિ તો પહોંચે જ નહિ. *વાણી-૬ : ૯-૧૨*

મોજ આવે તો વાજાં વગડાવે. પૈસા મળ્યા હોય તો એ બધા આપી દે. વાજાવાળાને પણ એમ થયેલું કે એ બોલાવે ત્યારે જાય જ. એ પૈસા આપે કે ના આપે. ખાવાનું બનાવે નહિ. જે કોઈ નવટાંક-પાશેર ભજિયાં આપી જાય એ ખાઈ લે. બસ, પડ્યા જ રહે, તેમનામાં બધી ઘેલછા જ દેખાય. આ માણસ આટલો બધો જ્ઞાની છે એમ કોણ એને સમજે ? જેમ ભગવાન છૂપો રહે છે. એમ આવા માણસો પોતાના અસલ સ્વરૂપને ઢાંકી દેવા માટે આમ કરે છે. ભગવાને આ બ્રહ્માંડ એટલે નિર્મ્યું છે જેથી લોકો એને જ જોયા કરે અને ભગવાનના અસ્તિત્વ વિશેનું ભાન ભૂલી જાય. આવા મહાન પુરુષોના અસ્તિત્વનો ખ્યાલ ન આવે. *અન્વય-સમન્વય : ૮૭*

આવા એક મસ્તરામ તે જ મગરમચ્છ ! પણ તેની મને શી ખબર કે આવો એક માણસ આધ્યાત્મિક કક્ષાએ ઉચ્ચમાં ઉચ્ચ શિખર જેણે સર કર્યું હોય, તેને આ બાળયોગી મહારાજ મગરમચ્છ કહેતા હશે ? એની મને શી ખબર પડે ? *જીવન અને કાર્ય : ૫૬૪*

## શ્રીબાળયોગીજીનું ભવિષ્યકથન

તેઓશ્રી ત્રીજી વાર આવેલા ત્યારે નડિયાદમાં શેઢી નદીને કિનારે ટેકરા પરના વડ પર મને બેસાડ્યો અને તેમણે કહ્યું, ‘તારે ભગવાનનું નામ લીધા કરવાનું.’ એકવાર મારી પાસે પથ્થર લઈને આવેલા. મને કહે ‘મારીશ.’ મેં માન્યું કે એ તો અમસ્તા કહે - કંઈ મારે ખરા ? ખરેખર એમણે પથ્થર માર્યો. તે પછી મારામાં એવી કળ આવી કે પડતો પડતો - મારા હાથમાં ડાળ આવી - તે બચી ગયો. પછી મેં કહ્યું, ‘પ્રભુ, તમે મને માર્યો. આટલી કળ આવી. હું તો મરી જાત.’ ‘ના, તું મરત નહિ. મને ખાતરી છે.’ મેં કહ્યું, ‘તમે તો મોઢેથી કહો. અહીં મારી શી સ્થિતિ થાય છે ?’ ‘હું તને કહું છું. તને કંઈ ખબર નહિ પડે. અહીં તારો આશ્રમ થશે અને તારાથી ઘણાં મોટાં મોટાં કામ થશે.’ તે વખતે મારાથી શી રીતે મનાય ? મનાય જ નહિ. આ તો મને માર્યો છે એ લાગણી ભુલાઈ જાય તેથી સારું લગાડવા કહે છે. એ રીતે જ મેં એ હકીકત માનેલી, પણ એ હકીકત બની ત્યારે એ વાત મને યાદ આવેલી કે આવા લોકો કહે પણ આપણી તૈયારી ના હોય તો એ હકીકત સાચી હોવા છતાં પણ આપણને એ હકીકત સાચી ના લાગી શકે.

મને જાણી જોઈને મારેલો - જ્ઞાનપૂર્વક, સમજીને. એમ ને એમ નહિ. ત્યારે હું ભગવાનનું નામ બોલતો હતો, હેતુ એ કે 'તંદ્રામાં બોલે તે નહિ ચાલે. જાગૃતિપૂર્વક, સમજણપૂર્વક બોલો.' ત્યારથી આ વાત મને ગળે ઊતરી ગયેલી. જરા પણ તામસ કે અજ્ઞાનની રીતે કે ગમે તે રીતે આપણે કોઈ પણ કામ કરીએ તો એનું પરિણામ ઉત્તમ નહિ આવે. તો આપણે સમજણપૂર્વક જે તે કરવું જોઈએ. આપણે શા માટે કરીએ છીએ ? એટલે આપણા હેતુની સભાનતા રહેવી જ જોઈએ. હું તો બહુ જીવદશાવાળો માણસ. કંઈ સમજતો ન હતો, પણ મને એ તદ્દન ખ્યાલમાં બેસી ગયું કે કોઈ પણ કર્મ કરવું તો યોગ્ય પ્રકારની સમજણથી અને તેની પાછળ હેતુની સભાનતા જીવતીજાગતી ચેતનાત્મક હોવી જ જોઈએ. એ ત્યારથી બરાબર બેસી ગયું. એ પથ્થર માર્યો એ આપણા માટે સામાન્ય રીતે તો ખરાબ કર્મ કહેવાય, પણ મને એ જ્ઞાન બરાબર બેસી ગયું. *જન્મ-પુનર્જન્મ : ૪૪-૪૫*

## મેં પાંચ તોલા ભાંગ પીધી

આપણા હિન્દુસ્તાનમાં જ્યારે અંગ્રેજ સરકારનું રાજ હતું. એસેમ્બ્લીના પહેલવહેલા સ્પીકર તરીકે ચરોતરના વિઠ્ઠલભાઈ પટેલની નિમણૂક થયેલી. પહેલવહેલા ગુજરાતમાં આવ્યા ત્યારે ઠેકઠેકાણે તેમને બહુમાન, માનપત્રો આપવામાં આવતા. જ્યારે નડિયાદ પધારેલા ત્યારે તે દિવસે સંતરામમાં તેમને માનપત્ર આપવાનું હતું અને દૂધપાક, પૂરી, ભજિયાં અને શાકની મોટી મિજબાની આપવાનું નક્કી થયેલું. તે દિવસે મારી પાસે રસોડાની બધી વ્યવસ્થા હતી. તેની પાકી વ્યવસ્થા કરી હતી.

પણ આગળના દિવસે એકદમ મને ગુરુમહારાજનો હુકમ મળેલો કે, 'આ બધી વાત સાચી. પણ બેટા, આજે તમે પાંચ તોલા ભાંગ પીવો અને ભાંગ પીને એ બધું કામ કરો અને બરોબર કામકાજ સારામાં સારી રીતે કરી શકો, તો એના પર સંયમ છે એની ખાતરી થાય. આ પ્રમાણે પ્રયોગ કરીને તમે ખાતરી કરો કે તમને આની બિલકુલ અસર થઈ નથી અને તમે સંયમપૂર્વક બરોબર સારામાં સારી રીતે કામ કર્યું છે. એવી તમને પણ પૂરેપૂરી ખાતરી થાય. બીજાને માટે કે જશ ખાટવાને માટે આપણે કંઈ કરવાની જરૂર નહિ. પણ આ તમે કરો.'

પછી તો મારી નિશાળના એક શિક્ષક ભાઈ હતા તેમને કહ્યું, 'તમે આટલું કામ કરોને જરા.' ભાંગને સારી પેઠે ઉકાળીને બધું સાફ કરીને ખૂબ વાટી. વાટીને પછી એમાં જે મસાલો-ગુલાબનાં ફૂલ, વરિયાળી, મરી છે જે નાંખવા જેવું છે તે બધું પણ પછી મેં કર્યું. પછી એને દૂધની સાથે નાખીને ગાળીને એને હું તો પી ગયો. લગભગ સંતરામમાં મહેમાનો તો બધા આવી ચૂકેલા અને પીરસવાની કલાક-દોઢ કલાકની વાર હતી. એટલે બે કલાક પહેલાં મેં પીધી. પણ દરેક વસ્તુની જેમ, જેમ ભૂખ લાગે અને આપણે ખાઈએ. ખાધા પછી એમ લાગે કે આપણે ખાધું છે, સંતોષ થાય છે તેવી રીતે મેં પાંચ તોલા ભાંગ પીધી છે. એટલે મને તેની અસર પણ થવા લાગી.

ગુરુમહારાજનો હુકમ છે કે આપણે સંયમ પાળવાનો છે. તે શેનાથી સંયમ ? આ બધી વસ્તુ હોવા છતાં આ બધાંની અસરથી દબાઈ ના જઈએ. અસર છે તે વાત સાચી. પણ એ અસરથી દબાઈ ના જઈએ. આપણું કામ બરાબર કાળજીપૂર્વક કરવું જોઈએ અને એટલું સુંદરમાં સુંદર થાય અને બધાને સંતોષ પણ થાય કે આજે વ્યવસ્થા બહુ સુંદર હતી. નડિયાદના ગોકળદાસ બાપુ, ફૂલચંદ તલાટી બધા હાજર હતા. પછી કામ બધું એકધારું સપાટાભેર એવું થયું કે હું બધું કરીને સાડાદસ-પોણા અગિયારે પરવાર્યો. પછી છેલ્લા 'બાપુ' આવ્યા. ગોકળદાસ તલાટીને 'બાપુ' કહેતા, બાપુને મેં નમસ્કાર કર્યા - 'અલ્યા ભગત, આજે તેં બહુ સુંદર કામ કર્યું. એકદમ ઝપાટાભેર, આ બધી ચીજવસ્તુને પિરસાવી. બહુ સરસ વ્યવસ્થા કરી. તને ધન્યવાદ છે. ફૂલચંદભાઈ પણ હતા. અમારા નડિયાદના મુખ્ય માણસ. તેમણે પણ વખાણ કર્યા. પણ વખાણ સાંભળી હું ફુલાયો ન હતો. વખાણ સાંભળીને એમ થયું કે આ સંયમપૂર્વક આજે સારું કામ થયું.

ગુરુમહારાજે પાંચ તોલા ભાંગ મને પિવડાવી ત્યારે તો બુદ્ધિ કબૂલ કરતી ન હતી. પણ એમ થયું કે આપણે આટલાં બધાં વર્ષ સંયમ કર્યો છે, ભજનકીર્તન ગાયાં છે તે અમસ્તાં ફોગટ ગયાં ? જો એનાથી વિવેક શક્તિ ખીલતી ન હોય, બુદ્ધિમાં ઊચ્ચ પ્રકારની સમજણ ના આવતી હોય, સંયમ ના પ્રગટતો હોય, તો પછી એનો અર્થ શો ? એ ભજનકીર્તનનોય શો અર્થ ? એટલે આપણને તો ભગવાનની કૃપાથી, ગુરુમહારાજે જે પ્રયોગ કરાવ્યો તે ગુરુમહારાજની કેટલી

બધી કૃપા ! આપણને આ પ્રયોગથી એટલું ભાન જાગ્યું કે પાંચ તોલા ભાંગની આટલી આવી ભયંકર અસર હોય ? એક તોલો હોય તોય ગબડી જઈએ, અડધો તોલો હોય તોય ગબડી જઈએ.

એની અસર મને ત્રણ દિવસ સુધી રહ્યા કરેલી. પણ મારું બધું કામકાજ કરું. આશ્રમમાં જતો. છોકરાઓને ભણાવતો. મારો પત્રવ્યવહાર કરું. બીજું બધું કરું. ભજનકીર્તન કર્યા કરતો. બધું કર્યા કરતો અને એ ત્રણ દિવસો દરમિયાન નડિયાદમાં સ્મશાનમાં સૂતો, ત્યારે સાધનના અભ્યાસમાં જે એકાગ્રતા અને ધ્યાન બધું થવું જોઈએ તે બધું થતું. એ બધામાં તલ્લીનતા ખૂબ સુંદર રહેલી. એનો લાભ લીધેલો.

એ અસરનો લાભ મને એમાં મળેલો ખરો. ત્યારે મને લાગેલું કે આ સાધુઓ, સંન્યાસીઓ આ ભાંગ અને ગાંજો પીવે છે એ કદાચ એકાગ્રતા કેળવવા માટે હોય ! પણ એકાગ્રતા માટે આ વસ્તુ ન હોવી જોઈએ. આનાથી એકાગ્રતા કેળવાયેલી હોય તે શા ખપની ? એ તો બિલકુલ ખપની નહિ. આપણા પોતાના જ પ્રયત્નથી એમાં રસ લાગે તો એ રસને કારણે આપમેળે એકાગ્રતા થવાની જ છે એ તો મનોવિજ્ઞાનની હકીકત છે. એટલે એ રીતે જે એકાગ્રતા થાય તે ઉત્તમ છે. પણ આવા કોઈ નશાથી કરીને એકાગ્રતા થાય તે બિલકુલ યોગ્ય નહિ. ત્યારે મને એમ લાગેલું કે આ બરાબર નથી. કંઈ કશાના કારણથી એકાગ્રતા આવે એ એકાગ્રતાનો ઉપયોગ ભજનમાં જ કરીએ, એ ઉત્તમ વસ્તુ-સારી વાત છે, પણ એ નશા સિવાય પણ એવી એકાગ્રતા રહે, બલ્કે એના કરતાં પણ જબરજસ્ત એકાગ્રતા રહે અને એ એકાગ્રતા આપણાં કાર્યમાં પરિણતી થતી જાય અને એમાંથી ભજનો વગેરે જે કાંઈ જાગે તે બરાબર છે.

એવી રીતે પોતાની જાત પર કેટલા પ્રકારના, કેવા પ્રકારનો સંયમ પ્રગટેલો છે તે જાણવાને માટે આ પ્રયોગ તરીકે ગુરુમહારાજે આ વસ્તુ કરાવી તેની જાણ કે મને કદર પણ થયેલી. ગુરુમહારાજનો ઘણો આભાર પણ માનેલો અને એ જે હુકમ મળ્યો એથી મને જાણવાનું પણ મળ્યું કે આવી સ્થિતિ હોય, તેમ છતાં આપણે આપણાં કામમાં એકાગ્ર રહી શકીએ છીએ અને એની અસરથી આડેઅવળે દોરવાઈ જતા નથી. એવો સંયમ એ જ આ માર્ગે જવાનું મોટામાં મોટું સાધન છે. કારણ કે એવા સંયમ વિના નિશ્ચય તો કદી કામ કરી શકે નહિ

અને આ આધ્યાત્મિક માર્ગમાં કદી વિકાસ થઈ શકે નહિ અને આ જાણવાનું અને અનુભવવાનું જે મળ્યું તેમાંથી મને પોતાને આગળ વધવાની જે તમન્ના હતી, તે પણ વધી અને એમાંથી મને આવા પ્રકારના જે હુકમ થતા તેમાં સંકલ્પ વિકલ્પ વિના કોઈ પણ વિચારણા વિના તે હુકમને પ્રેમભક્તિપૂર્વક આપણા પોતાના જીવનના વિકાસના હેતુ અર્થે સભાનતાથી તેનું પરિપાલન કરવું એવી સભાનતા જાગી ગઈ હતી. *ટેપવાણી*

## નર્મદા મૈયાની જય !

એકવાર બાળયોગી મહારાજ આ જીવને નર્મદાકિનારે ચાણોદ - કરનાળી લઈ ગયા હતા. ત્યાં પહોંચ્યા ત્યારે ઉનાળાના દિવસો હતા અને ધોમધખતો હતો. ભર બપોરનો સમય થયેલો અને તાપ તો કહે મારું કામ.

પાસેની ધર્મશાળામાં બાળયોગી મહારાજને હું લઈ ગયો અને ત્યાં મુકામ કર્યો. પેટમાં ભૂખ તો કકડીને લાગેલી, પણ કોને કહું ? એવામાં બાળયોગી મહારાજે મને નર્મદાજીમાંથી પાણી લઈ આવવા કહ્યું. હું તો કિનારે જઈને લોટામાં પાણી ભરીને આવ્યો અને બાળયોગી મહારાજ બોલ્યા, 'લોટા, માંજ કે લાયા હૈ ?' હું તો લોટો માંજ્યા સિવાય જ પાણી ભરી લાવ્યો હતો એટલે હું કેવી રીતે કહું કે લોટો માંજીને પાણી ભરી લાવ્યો છું ? એટલે કહ્યું કે, 'બાપજી, લોટો માંજ્યા વિના જ પાણી ભરી લાવ્યો છું.'

હું તો નર્મદાકિનારે ફરીથી જઈને લોટો માંજીને પાણી લાવ્યો અને બાળયોગી મહારાજ પાસે પાણી ભરેલો લોટો મૂક્યો. પણ તેમણે પૂછ્યું, 'કિનારે સે લાયા કે દૂર સે ?' હું તો નર્મદાજીના કિનારેથી જ પાણી ભરી લાવ્યો હતો. એટલે જવાબ આપ્યો, 'બાપજી, કિનારેથી પાણી લાવ્યો છું.'

આ સાંભળી બાળયોગી મહારાજ બોલ્યા, 'ઐસા જલ નહીં ચલેગા. જાઓ, નર્મદામૈયા કી અંદર જાકર લે આવ.' હું તો નર્મદાજીની અંદર ઊતરીને પાણી લઈ આવ્યો અને બાળયોગી મહારાજને આપ્યું. પણ લોટો લેતાં પહેલાં બાળયોગી મહારાજની નજર પગ ઉપર પડી. પગમાં જોડા દીઠા એટલે વળી એમણે કહ્યું, 'જૂતા પહન કે જલ લાયા ? અબ જાવ જૂતા ઉતાર કે જલ લે આવ.' મેં તો જોડા કાઢી ઉનાળાના બળબળતા તાપમાં ખુલ્લા પગે નર્મદાજીની અંદર જઈને પાણી લઈ આવીને બાળયોગી મહારાજને આપ્યું.

આમ, નર્મદાજીમાંથી પાણી લઈ આવવા માટે કેટલીય વાર મેં જા આવ કરી. બાળયોગી મહારાજના મનમાં કદાચ એમ હશે કે ચેલો હુકમ પાલન કરે છે કે નહિ ? બાળયોગી મહારાજે મારા હુકમપાલનની કસોટી કરી. અને મેં જરાય કંટાળ્યા વિના પ્રેમપૂર્વક આજ્ઞાપાલનનો ધર્મ પાળ્યો.

પણ ભૂખથી હું આકુળવ્યાકુળ થઈ રહ્યો હતો. 'ક્યાંકથી કંઈક ખાવાનું મળે તો સારું, જેથી પેટનો અગ્નિ સંતોષાય.' એવો વિચાર કરતો હતો એવામાં જ એક રૂપવતી કન્યા રૂમઝૂમ પગલે હાથમાં ચાંદીનો થાળ લઈને આવી પહોંચી અને ઓરડામાં થાળ મૂકીને વળતે પગલે ગુપચુપ ચાલી ગઈ. મેં તો તે પ્રેમપૂર્વક ખાઈને ઉદરતૃપ્તિ કરી અને ભોજન કર્યાની તૃપ્તિનો ઓડકાર લીધો.

સાંજના કોઈ ભરવાડણ કન્યા રોટલા, દૂધ અને માખણ લઈને આવી અને તે જમ્યાનો સંતોષ અને આનંદ મેં માણ્યો. બીજે દિવસે જર્મન સીલ્વરના થાળમાં ભોજન લઈને એક સ્વરૂપવાન કન્યા આવી અને થાળ મૂકીને ચાલી ગઈ. મને તો તે જમવામાં ખૂબ જ મજા પડેલી. આ કન્યાઓ કોણ છે અને ક્યાંથી આવે છે તેની ખબર મને પડી નહિ. આ બાબત તો બાળયોગી મહારાજને કેવી રીતે પુછાય ? ખૂબીની વાત એ હતી કે થાળ લઈને કન્યાઓ આવી, પણ કોઈ તે થાળ લઈ ગઈ નહિ, એ મારે માટે વિસ્મયજનક વાત હતી.

ત્યાં બાળયોગી મહારાજે આદેશ આપ્યો, 'અબ ચલો જહાંસે આયે. વહાં વાપસ ચલે.' મેં ઊઠીને બધાં વાસણો લઈ લીધાં. મારા મનમાં એમ કે કોઈ વાસણો લેવા આવ્યું નથી એટલે સાથે લઈ જવાનાં હશે. ધર્મશાળામાંથી બહાર આવ્યા બાદ બાળયોગી મહારાજ ગામ તરફ જવાને બદલે નદી તરફ વળ્યા. હું પણ તેમની પાછળ પાછળ સાથે ગયો. હાથમાં વાસણ હતાં અને તેનો ખખડાટ થતો હતો. નદી આવી એટલે બાળયોગી મહારાજ બોલ્યા, 'સબ બરતન નદી મેં ડાલ દો.' મેં પૂછ્યું, 'આ ચાંદીનો થાળ પણ ?' બાળયોગી મહારાજે જરા ક્રોધિત સ્વરે જવાબ આપ્યો, 'તો ક્યા યહ તેરે બાપકે હૈ ? જિસકા હૈ ઉસકો દેના ચાહિયે કિ નહીં ?'

ત્યારે મને ખબર પડી કે આ જમાડવા આવનાર બીજું કોઈ નહિ, પણ નર્મદામૈયા પોતે જ હતાં અને તેઓ જુદાં જુદાં રૂપમાં કન્યાસ્વરૂપે પધાર્યાં હતાં

અને બાળયોગી મહારાજનું સ્વાગત કર્યું હતું. આ જાણતાં જ હું તો આનંદ-વિભોર બની ગયો અને મારા મુખમાંથી સહજ ઉદ્‌ગાર નીકળી પડ્યો, 'નર્મદે માતકી જય !' અને માતાના જયના પોકાર સાથે મારી પાસે હતાં તે બધાં વાસણો નર્મદામૈયાનાં જળમાં પધરાવી દીધાં.

કોઈને આ ચમત્કારિક કે કાલ્પનિક ઘટના લાગે પણ આ વાત મારી જાતમાહિતીની અને પ્રત્યક્ષ અનુભવેલી છે.

બાળયોગી મહારાજની સમર્થ શક્તિનો મને અગાઉ પરિચય થયેલો, પણ આ પ્રસંગથી તેમના સામર્થ્યને મહોર વાગી. *તરણામાંથી મેરુ : ૭૭-૮૦*

મહિમા કેટલો ગાવું સદ્‌ગુરુનો અપાર જે !
ગાતાં ગાતાં હૃદે હર્ષ કેવો ઊછળતો ચઢે !
*શ્રીસદ્‌ગુરુ : ૨૫૭* - **શ્રીમોટા**

## દૈવાસુર સંગ્રામ

૧૯૨૨માં (વસંત પંચમી) સાધનાની શરૂઆત થઈ. આમ તેમ ચારેક વર્ષ થઈ ગયાં. પછી તો એક એવી ભયંકર વાસના-Passion ઊપજી કે જેની તમને કોઈને કલ્પના નહિ આવે. એટલી બધી વાસના કે કોઈ સુમાર નહિ. મારું ધ્યાન-બ્યાન બીજું બધું બહુ સરસ થતું. એકાગ્રતા સરસ થતી. એક બાજુ આ ચાલ્યા કરે અને બીજી બાજુ આ બધું. એટલે મને થયું કે આ બે કેવી રીતે હોય ? આ તો દંભ કહેવાય. એક બાજુ મારી એકાગ્રતા એટલી બધી સુંદર થાય કે ભજન ગાતાં ગાતાં મને ભાવાવસ્થા પણ આવી જાય. આ બે વસ્તુનો મેળ કેવી રીતે ખાય ? મેં બહુ વિચાર કર્યો. બહુ બુદ્ધિ ચલાવું. પણ એનો કોઈ ઉકેલ ન શોધી શકું. અમારા (નડિયાદમાં) સ્મશાનમાં કુંભનાથમાં તળાવ છે. ત્યાં આટલા (કેડ ઉપરના) પાણીમાં આખી રાત ઊભો રહું - આખી રા....ત ! અને ભજન બોલ્યા કરું અને આખા દિવસના વખતમાં ઇન્દ્રિયના ભાગ ઉપર ભીનાં પોતાં મૂક્યા કરું અને વારેઘડીએ બદલ્યા કરું. ટાઢા પાણીએ ન્હાઉં, થોડામાં થોડું એક જ વખત ખાઉં, તેલ-ઘી બધું છોડ્યું, મરચાં છોડી દીધેલાં, મીઠું છોડી દીધેલું. તોપણ પત્તો ખાય નહિ. તે તો એકદમ એટલું બધું વધે કે સુમાર વગરની વાત.

મને થયું કે હવે ગુરુમહારાજની પાસે ગયા સિવાય ચાલશે નહિ. એટલામાં હરદ્વારમાં કુંભમેળો ભરાવાનો હતો. આ સાલ ભરાયેલો જ છે. એ ૧૯૨૬ની સાલ હતી. મેં વિચાર્યું કે આ બાળયોગીજી મહારાજને ખોળવા ક્યાં ? ગુરુમહારાજ (ધૂણીવાળા દાદા કેશવાનંદજી) તો કંઈ જવાબ આપે એવા ન હતા. નાગા અવધૂત. પણ આ બાળયોગી મને જવાબ આપે. તો સાધુઓનું પિયર કુંભમેળો ! એટલે હું તો કુંભમેળામાં ગયો. લાંબી વાત છે. પણ (આજે તો) ટૂંકાવી દઉં છું. પછી કાલે-બાલે ફરીથી લંબાણ કરીશું. પણ જે મારે મૂળ કહેવું છે તે એ કે આ જે આટલી બધી વાસનાનું પૂર આવેલું, પૂર કરતાંય પ્રચંડ પૂર-એની સામે મારાં ભજન-કીર્તન, પ્રાર્થના-ધ્યાન એ બધું ચાલતું. મેં સાધનો નહિ મૂકી દીધેલાં. પણ આ બે પ્રવાહો આવે અને મને ત્યારે કશી ખબર નહિ હું કાંઈ જાણું કરું નહિ. આપણે શાસ્ત્ર કંઈ વાંચેલાં નહિ. ગરીબીમાં જન્મેલા. એટલે કથાવાર્તા પણ કંઈ સાંભળેલી નહિ કે જેને ગીતામાં કહેલો છે તે દૈવાસુર સંગ્રામ છે. દેવ અને અસુર બંનેનો સંગ્રામ. બંને સાથે સાથે અને સંગ્રામ જામે. તે બે સાથે હોય ત્યારે સંગ્રામ જામેને ? એક હોય તો કેવી રીતે સંગ્રામ થાય ? એમાંથી આપણને વિજય મળે ત્યારે ખરું ! આ દૈવાસુર સંગ્રામ છે એની મને એ વખતે તો કંઈ ખબર નહિ. એટલે આપણને થયું કે હવે તો આપણે જવું જ જોઈએ !

સાધુઓનું પિયર કુંભમેળો. એટલે મને થયું કે અવિનાશી મહારાજ (બાળયોગી) ત્યાં મળશે. એટલે પછી હું કુંભમેળામાં ગયો. પણ જતાં જતાં (રસ્તામાં) તો મારું ખિસ્સું કપાઈ ગયું. કુંભમેળામાં અમારા નડિયાદના એક ભાઈ - પરભુલાલ મામા - ગયા હતા. મારી મા નડિયાદમાં એટલે નડિયાદના હોય તે બધાને મામા જ કહીએ. આમ તો બધા આઘેના સગાં થતાં હતાં. એટલે એમના ઘેરથી મને રૂપિયા આપ્યા કે આટલા રૂપિયા તમે એમને આપી દેજોને ! પહેલાં તો મેં ના પાડી કે ભાઈ મારું કંઈ ઠેકાણું હોતું નથી અને પૈસા-બૈસા ચોરાઈ જાય તો હું કેવી રીતે આપી શકું ? વળી, ગરીબ માણસનું કોઈ માને નહિ. એ તો એવો જ અર્થ કરે કે એને પૈસા પડાવી લેવા હશે, એટલે આ ચોરાઈ ગયાની કે ગજવું કપાઈ ગયાની વાત કરે છે, મારી માએ મને ઠપકો આપી કહ્યું કે, ‘મે...ર મારા રડ્યા ! એટલું તારાથી કોઈનું સાચવીને લઈ જવાતું

નથી ? કોઈનું આટલુંય કામ તારાથી થતું નથી ?' એટલે પછી લીધા. પણ મારું ગજવું કપાઈ ગયું તે બધા પૈસા ગયા. મારાયે ગયા અને એમનાયે ગયા.

કુંભમેળામાં ખાવા કરવાની તો ચિંતા જ નહિ. અઢળક ખાવાનું મળ્યા કરે. માલપૂઆ, દૂધપાક અને જલેબી અને એ...ઈ આમ લાઈનબંધ ઊભા રહો અને તમને મળ્યા કરે. જેટલી વખત ખાવું હોય તેટલી વખત ખાઓ. એટલે ખાવાની તો પંચાત નહિ. સસ્તા સાહિત્યવાળા સ્વામી અખંડાનંદ હતા. તેમની સાથે મારે બહુ પરિચય થયેલો. તેમનો ત્યાં મુકામ હતો. તેઓ રસ્તામાં મળી ગયા. કહે કે, 'અલ્યા ચૂનીલાલ ! તું અહીં ક્યાંથી ?' મેં કહ્યું, 'આવી રીતે રખડતો રખડતો આવ્યો છું. કોઈ ઠામઠેકાણું રહેવાનું નથી !' એટલે કહે, 'ચાલ મારી સાથે.' મને એમણે કહ્યું કે, 'આ તારી જગ્યા.' જગ્યા એટલે સૂઈ રહેવા જેટલી બે ફૂટ જગ્યા આપી. મેં કહ્યું, 'અત્યારે તો હું એક સાધુને ખોળવા આવ્યો છું.' એમણે પૂછ્યું, 'કોણ છે એ સાધુ ?' મેં જણાવ્યું, 'બાળયોગી અવિનાશ મહારાજ છે.' એટલે કહે, 'કયા ? દસ જાતના સાધુ કહેવાય. ગિરિ-ફલાણા-તો આ કયા છે ?' મેં કહ્યું કે, 'એ તો હું કાંઈ જાણતો નથી.' એટલે કહે કે, 'તો તો મળવા મુસીબત, એમ ભાળ-બાળ લાગે નહિ.' મેં કહ્યું, 'ભલે, હું તો રખડીશ.' મારો સામાન ત્યાં મૂક્યો અને રખડ્યો. ચાર દિવસ સુધી ભૂખ્યો અને તરસ્યો રખડ્યો.

મનમાં પ્રાર્થના કરું કે હે પ્રભુ ! તમે હવે દર્શન આપો. ભેગા થઈ જાઓ. કેટલી બધી મુશ્કેલી ગૂંચ છે. તેથી, તમારી પાસે આવ્યો છું. તમને મળવાનો કેટકેટલો તલસાટ મને છે. ભૂખ્યો અને તરસ્યો રખડ્યા કરું છું. તો હે પ્રભુ ! હવે દર્શન આપો. ખુલ્લા થાઓ !

ક્યાં પડ્યા હશે એની આપણને શી ખબર ! હવે કયા ગિરિ કહેવાય - ફલાણા કહેવાય - એ બધું હું જાણું નહિ. એમના ગુરુ કેશવાનંદ ધૂણીવાળા દાદા કહેવાય છે. એમના એ શિષ્ય છે એમ ઘણે ઠેકાણે પૂછ્યા કરું, પણ પત્તો ખાય નહિ. પછી એક ઠેકાણે જતાં જતાં મારી આમ નજર પડી, તો તો સામે જ દેખાયા. ઓ બાપ રે બાપ ! હું તો ત્યાં જઈને પગે લાગ્યો - સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને એમના પગ પકડીને રડ્યો - ઓ રડ્યો. પછી કહે, 'સાલા, હું તો તને અહીંથી જતા ઘણીવાર જોતો હતો.' મેં કહ્યું કે, 'તો મને બોલાવ્યો હોત તો ?' તો કહે ના બોલાવાય. જ્યાં સુધી તું મારી સામું ના જુએ ત્યાં સુધી

બધું નકામું. હું તારી સામે જોઉં તે ખપમાં ના લાગે. તું જ્યારે સામું જુએ એટલે Resposive and Receptive એ બંને જોઈએ - સાથે સાથે. એ ના હોય ત્યાં સુધી કંઈ પત્તો ખાય નહિ. તું મારી સામે જુએ નહિ ત્યાં સુધી બધું નકામું.' પણ ત્યારે તો આપણને સમજણ નહિ પડેલી આ વાક્યમાં. આજે મને સમજણ પડે છે કે એમની વાત તો સાચી હતી.

હું તો એમને ઘણું બોલ્યો કે પ્રભુ, તમને આટલી દયા ના આવી કે ચાર ચાર દિવસથી હું રખડ્યા કરતો હતો. તમને ખોળવાને વ્યથિત થઈ ગયેલો. તમે મને જોતા હતા, તેમ છતાં તમે મને બોલાવ્યો નહિ. ત્યારે તો મને મનમાં બહુ દુઃખ થયેલું કે મારા બેટા આ સાધુ લોકો તો ઘાતકી છે. એક બાજુ તો હું તેમની પાસે શીખવા ગયેલો. તો મારા મનમાં તેમના માટે કેટલો આદર અને ભક્તિ જોઈએ અને તેમ હોય તો જ આપણને વિદ્યા મળે કે એમ ને એમ મળે ? આ મારી બુદ્ધિ તો ખોટી રીતે વિચારતી હતી. પણ ત્યારે મને એમ નહિ લાગેલું. પછી તેઓ મને કહે કે જા તું ગંગાજીમાં નાહી આવ. મા (ગંગા)ને પગે લાગીને નાહજે - પ્રાર્થના કરીને. આપણે તો પગે લાગ્યા. કહ્યા પ્રમાણે કરવાની - વર્તવાની ટેવ તો પહેલેથી ખરી.

પ્રાર્થના કરીને (ગંગામાં) નાહ્યો. પછી બે ઘડી બેસીને ભગવાનનું ભજન કર્યું. એટલે બુદ્ધિ જરા ઠરી. પેલો જે ઊભરો હતો તે શમ્યો - ઠર્યો. મેં વિચાર્યું કે આ ગુરુમહારાજ પરત્વેનું મારું વર્તન બરાબર ન હતું. એમણે મને કેમ બોલાવ્યો નહિ એનો ખુલાસો તો એમણે આપી દીધો કે જ્યાં સુધી તું મારી સામે જુએ નહિ ત્યાં સુધી બધું નકામું. હવે મને એ સામે દેખાય નહિ તો હું કેવી રીતે તેમની સામે જોઉં ? પણ હું અહીં એમની પાસે શીખવા આવ્યો છું - મારી મુશ્કેલીનો ઉકેલ કાઢવા આવ્યો છું. - એટલે તેમના પ્રત્યે મારામાં આદર કે ભક્તિ નહિ હોય તો એ કેવી રીતે ચાલે ? એટલે હું ત્યારે મારા પોતાના મનને કહેવા લાગ્યો કે આ તારું વર્તન બરાબર નથી. પછી તો હું સમજ્યો. એટલે પછી પાછો જઈને રડ્યો અને કહ્યું કે પ્રભુ માફ કરજો. મારી આ ઉદ્ધતાઈ ઉચ્છૃંખલતા માફ કરજો. એટલે કહે કે, 'તું કેમ આવ્યો છે તે બધું હું જાણું છું !' 'પણ જો જાણો છો તો પ્રભુ ! રખડાવ્યો શું કરવા ?' તો કહે, 'તપશ્ચર્યા તો કરવી જ પડે !'

આ તો મથામણ (ગણાય). જાતે મર્યા સિવાય સ્વર્ગે ના જવાય. પછી કહે તું આ આવ્યો તે સારું થયું. હવે હું તને બધાં સાધન બતાવું. તે પ્રમાણે તું કર.

આ આપણી ડૂંટી (નાભી) છે, એનાથી ચાર આંગળ નીચે એનું કેંદ્ર છે. એ કેંદ્ર ઉપર એકાગ્રતા કરવાની. ચિત્તને આપણે જ્યાં ખસેડવું હોય ત્યાં ખસેડાય એવી શક્તિ આપણામાં જ્યારે આવી જાય, ત્યારે આવાં સાધન થાય. એમ ને એમ ના થાય. એટલે ડૂંટીથી ચાર આંગળ નીચે જ્યાં એનું કેંદ્ર છે - એટલે જ્યાં આપણી ઈન્દ્રિય છે, તેનાથી સહેજ થોડુંક ઊંચે, ત્યાં એનું કેંદ્ર છે. એ કેંદ્ર ઉપર એકાગ્રતા કરીને પ્રાર્થના કરવાની. એ બધું એમણે મને શિખવાડેલું પણ ખરું. (પણ તમને) કહેવું નિરર્થક છે. સુખડના તેલથી એના ઉપર અમુક આકારો કરવાના. એ પ્રમાણે લગભગ છ-સાત દિવસ મેં સાધના કરી. મેં એ સાધના કરી ત્યારે એટલો બધો મશગૂલ-એટલો બધો ભાવાવસ્થામાં આવી ગયેલો કે કોઈ બાહ્યભાન મને નહિ રહેલું અને પાછું બધું જાહેરમાં. કુંભમેળા વખતે એટલા બધા - અસંખ્ય - માણસો હોય - છતાં હું ત્યાં બેસી રહેલો અને જાહેરમાં, ખુલ્લો થઈને આ બધું વિધિપૂર્વક કરતો ત્યારે મને કોઈ જાતનો સંકોચ-બંકોચ કાંઈ મળે નહિ અને સાત દિવસ થયા પછી પેલું બધું તો અદશ્ય થઈ ગયું. જે હેતુ માટે આવ્યો હતો એ તો ફળ્યો હોય એમ લાગ્યું અને આ જે વાસનાનાં પ્રચંડ પૂર ચઢેલાં એ તો બધાં વિલીન થઈ ગયાં.

પછી મને થયું કે આ તો અદ્‌ભુત કામ થયું. પછી પાછો એક વિચાર મને આવ્યો કે હવે સાલું, આ પરિપક્વ થયું કે નહિ એની શી ખાતરી ? આપણને ખાતરી થવી જોઈએ. પરિપક્વ થાય ત્યારે આપણને ખાતરી થવી જોઈએ. પછી તો સાત દિવસ થઈ ગયા અને અંતે આ વિચાર આવ્યો. એટલે ગુરુમહારાજ પાસે આવ્યો. પગે લાગ્યો (તેઓ કહે) હવે આ તને આવડ્યું. આ તારી સિદ્ધિ થઈ છે ! હવે તારે ખાતરી કરવી છેને ? (મેં હા કહી) કારણ કે મને (મારા) ગુરુમહારાજ કહે કે પ્રયોગ સિવાય કંઈ નહિ. કારણ કે આમાંથી ગમે તે પરિસ્થિતિ આવે. - ગમે તેવી કામના જાગે - વાસના જાગે એવી પરિસ્થિતિ - સંજોગો (હોય) તેમ છતાં એ જાગે નહિ ત્યારે ખરું કહેવાય. એટલે એ કહે કે, 'એ તો ગુરુમહારાજના હાથની વાત છે. આ કંઈ મારા હાથની વાત નહિ.'

હું તો ત્યાં એમની પાસે બે દિવસ રહ્યો. બીજી સેવા કરી. એ પગ-બગ તો દાબવા ના દે. કપડાં-બપડાં ધોવાના હતાં તે ધોઉં. ખાસ હતાં નહિ. થોડાંક હોય તે ધોઈ નાંખું. કંઈ ખાવાનું કહે તો લઈ આવું. પૈસા તો મારી પાસે મળે નહિ. એટલે ભંડારામાંથી લઈ આવું. એક માટીનું શકોરુ વેચાતું લીધેલું. રોજ

તાજું જ (શકોરુ) લઉં. કારણ કે એક વખતે જેનામાં રાંધેલું અનાજ આવી ગયું પછી એ ચાલે નહિ - સાધુ લોકો એને ગંગાજીમાં નાંખી દે. બીજી વખત બીજું નવું લઈ આવું. એક વખત લઈ આવું. પૂછી લઉં કે શું લાવું ? કહે 'જો મિલે સો લાઓ.' તો કોઈક વખત જલેબી લાવું, પેંડા લાવું, કળીના લાડુ લાવું. માલપૂઆ લઈ આવું, કોઈક વખત માલપૂઆ અને દૂધપાક લાવું, તો દૂધપાક તો પેલા કૂંડામાં લાવું અને માલપૂઆ હાથ ધોઈને હાથમાં લાવું. એમનો પ્રસાદ લાવવાનો હોય ત્યારે હંમેશાં નાહીને જ જાઉં.

પછી એક દિવસ જ્યારે હું ગંગાને કિનારે બેઠેલો અને ગંગામાતાની પ્રાર્થના કરતો હતો, ત્યારે ગંગા ઉપર મને પહેલેથી બહુ ભાવ-આદર નર્મદા ઉપર અને ગંગા ઉપર મેં કાવ્યો લખ્યાં છે. **'નર્મદાપદે,' 'ગંગાચરણે,'** છપાયેલાં છે અને ત્યારે કાવ્યમાં તો નહિ પણ હું એ ગંગામૈયાને-પ્રાર્થના કરતો ગાતો હતો ખરો. ગંગા ઉપર મને બહુ જ આદર-ભાવ. એક બહુ મોટા ભક્ત અને જ્ઞાની થઈ ગયા - કાલિદાસ એ કવિ કહેવાય છે, એ ભક્ત નહિ કહેવાય. જ્ઞાની નહિ કહેવાય. પણ જગન્નાથ કવિ થઈ ગયા, તે તો ભક્ત હતા. તે કવિ જગન્નાથે 'ગંગા' ઉપર લખ્યું છે. એનું નામ 'ગંગાલહરી' એનું નિમિત્ત એવા પ્રકારનું થયું કે એણે જ્ઞાતિમાં લગ્ન નહિ કરેલાં. એટલે એને જ્ઞાતિબહાર મૂકેલો. એટલે એણે બધાંને કહ્યું કે આ બરાબર નથી, ભાઈ ! તમે મને જ્ઞાતિમાં લઈ લો. તો કહે એક શરતે - એટલે પોતે જ કહ્યું. જગન્નાથે કહ્યું કે જુઓ આ ગંગાને કિનારે હું બેસું છું. આટલાં પગથિયાં છે અને હું ગંગાની પ્રાર્થના કરું છું - સ્તુતિ કરું છું અને એક શ્લોક થાય એટલે ગંગામાતા એક પગથિયું ચડશે અને પૂરાં થઈ જશે એટલે પછી છેક સુધી ગંગાજી ઉપર આવશે. એ થાય તો તમે મને જ્ઞાતિમાં લો. બધાંએ એ કબૂલ કર્યું અને પોતે બેસે છે. 'ગંગાલહરી' સંસ્કૃતમાં લખાયેલ છે. એ બહુ પ્રખ્યાત ગણાય છે. ત્યારે મને એ પણ વિચાર આવેલો કે ક્યાં જગન્નાથ અને ક્યાં (હું) મામૂલી માણસ ! તો મેં કહ્યું ગમે તે હોય, આપણે તો હૃદયના ઉદ્‌ગાર છે તે કાઢવાના છે. એ ઉપરથી નંદુભાઈની સાથે એક જાત્રામાં ગયેલો ત્યારે મેં આ **'ગંગાચરણે'** લખેલું અને અનંતરાય રાવળ - આપણા ગુજરાતી સાહિત્યના બહુ પ્રખર વિવેચક અને બહુ જાણીતા માણસ - બહુ આગળ વધેલા - તેમણે એની 'ગંગાચરણે'ની પ્રસ્તાવના લખેલી અને એવું જ **'નર્મદાપદે'** લખ્યું છે. આ બે નદીઓ માટે મને બહુ આદર.

જ્યાં હું ગંગામાતાની પ્રાર્થના કરું છું ત્યાં બે જુવાનજોધ સંન્યાસિનીઓ (બહેનો) - ભગવાં કપડાં - વસ્ત્ર પહેરીને આવી. (મારી) પાસે આવવા લાગ્યાં અને એ પણ કશુંક ગાય. તે શું ગાતાં હતાં અને કઈ ભાષામાં ગાતાં હતાં તે મને સમજણ નહિ પડેલી. આજે પણ સમજણ નથી પડી. પણ કંઈક ગાતાં હતાં. કંઈક ભજન ગાતાં હશે. એમ કરતાં છેક પાસે આવ્યાં. એક આ બાજુથી આમ અને એક બીજી બાજુથી આમ - પાસે પાસે આવ્યાં.

...અને પછી એ મારા શરીરને અડવા લાગ્યાં. આ તે કરવા લાગ્યાં. પછી તો એમના સ્તન મને અડાડે અને એવું બધું ચાલે. એ પછી એક સંન્યાસિની બહેને તો મારી ઇંદ્રિય પકડી અને જાહેરમાં સાહેબ ! આમ કોઈક ખાનગી ઠેકાણે નહિ ! એટલે મેં કહ્યું કે સાલું, માન ન માન આ કોઈ સામાન્ય માણસ નથી લાગતા. ત્યારે મારી બુદ્ધિ તો ચાલેને ! કે માનો ન માનો પણ સામાન્ય માણસની આ તાકાત નથી. ગમે તે હોય પણ આ સાલું કેમ થાય છે ? શાથી થાય છે ? એ ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ ઇંદ્રિય ટટ્ટાર થઈ નહિ, એટલે પેલી બીજી (બહેન) કહે કે આ તો સાલો નપુંસક છે ! મેં કહ્યું કે ભઈ નપુંસક નહિ, આ તો ગુરુમહારાજની વિદ્યા છે. નપુંસક નથી. તો તારે જોવું છે ? એમ કહી મેં મારો સંયમ હતો - એ સંયમને સહેજ ઢીલો કરીને ભગવાનને પ્રાર્થના કરી કે, 'આને સાચું બતાવ !' તે પછી એ પણ એને બતાવ્યું. પણ એના પૂરતા પ્રમાણમાં નહિ, નીકર (નહિતર) પંચાત પડી જાય. પછી મેં તો પ્રાર્થના કરી. એમને પગે લાગ્યો કે, 'પ્રભુ ! તમે કેમ પધાર્યા છો ? આ બધાનું કારણ શું ? આ બધી લીલાનું કારણ શું છે ?

એટલે એ કહે, 'સાલા, તને ખબર નથી ?' એમણે મને બે ચાર ચોપડાવી દીધી. કહે તેં પ્રાર્થના નહિ કરેલી ? હું તો ભૂલી ગયેલો એટલે મેં પૂછ્યું, 'શી પ્રાર્થના ? મેં કંઈ પ્રાર્થના કરી નથી ! એટલે કહે શું વાત કરે છે તું ? પાછી (મને) બે ચાર ચોપડાવી દીધી. એક બહેને તો મને માર્યો - મને ધોલ મારી દીધી. હું પગે લાગ્યો. એ બહેનોનાં કપડાં, એમાનાં રૂપ જોઈએ તો સાહેબ, છકી જઈએ. મને સાલું કશું યાદ ના આવે. પછી જેણે મને માર્યો હતો તેણે નહિ, પણ બીજી બહેન કહે કે તું ભૂલી ગયો ? ગુરુમહારાજે તને આ વિદ્યા શિખવાડી, ત્યારે તારા મનમાં એમ થયેલું કે આની ખાતરી શી ? આ સિદ્ધ થયું કે નહિ ? એમ તને થયેલું કે નહિ ? એટલે મેં કહ્યું કે હા એવું થયું હતું અને

ગુરુમહારાજ કહે કે તારે પ્રયોગ જોઈએ છેને ? ખાતરી કરવી છે ? મેં કહ્યું હા, એમ પણ મેં કહેલું. એટલે એ કહે કે અમને ગુરુમહારાજે મોકલેલા. તપાસ કરવા - તારી ખાતરી કરવા. હું એમને પગે લાગ્યો. ભગવાનની કેટલી મોટી કૃપા કે એ પછીથી બે-ચાર બનાવ બનેલા. ત્યાં નહિં. હરદ્વારમાં કુંભમેળા વખતે નહિ. પણ કુંભમેળા પછી બેચાર સાધુઓનાં દર્શન કરવાનું મને કહેલું.

આ બાળયોગી મહારાજ તો ત્યાંથી ખસેલા નહિ. એ તો ત્યાં આસન ઉપર બેઠેલા તે બેઠેલા જ ! આસન કદી છોડતા નહિ. હું ત્યાં હતો તેટલા દિવસ તો હું તેમને માટે ખાવાનું લઈ આવતો. પણ પછી તો એક વખત મેં એમને કહ્યું કે પ્રભુ ! તમે આ બધું ખાવ છો - પીવો છો અને તમે જાજરૂ તો જતા નથી. હું આ બે કૂંડા તે માટે લાવ્યો છું. તે તમારે જવું હોય તો આ કૂંડામાં કરી લો. હું આઘે જઈને જ્યાં બધાં જઈને જાજરૂ કરે છે ત્યાં જઈને નાખી આવીશ - સાફ કરી દઈશ અને કૂંડા ગંગામાતામાં નાખી દઈશ. પછી બીજું નવું કૂંડું લઈ આવીશ. પેશાબ કરવો હોય તો કરો ! પણ એ તો કહે કે કંઈ જરૂરિયાત નથી, એ તો સબ ભસ્મ હો જાતા હૈ, કયો અગ્નિ એમણે કહ્યો ? વડવાનલ અગ્નિ ? વડવાનલ બોલેલા, વૈશ્વાનર નહિ. વૈશ્વાનર તો આપણે ગીતામાં આવે છે. 'અહં વૈશ્વાનરો ભૂત્વા.' એમ કરીને આવે છે. પણ અહીં વૈશ્વાનર નહિ બોલેલા મને બરાબર યાદ છે. વડવાનલ ! એ તો એમ કહે કે સબ ભસ્મ હો જાતા હૈ. તે પછી એમણે મને કેટલાક મહાત્માઓનાં દર્શન કરવા કહેલું. તે હું દર્શન તો કરી આવેલો. આના અનુસંધાનમાં મને આ સાધના શિખવાડેલી.

*ટેપવાણી*

શ્રીસદ્‌ગુરુતણો પ્રેમ જેણે ચાખેલ છે હૃદે,
તેવા જ એકલા માત્ર સદ્‌ગુરુતત્ત્વ પ્રીછશે.
શ્રીસદ્‌ગુરુની લીલાથી મારું જે તે થયેલું છે,
એવા સદ્‌ગુરુનું ઋણ વાળી શકાય શી રીતે ?

*શ્રીસદ્‌ગુરુ : ૨૪૩* - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

## ખંડ - ૩

# શ્રીકેશવાનંદજી - ધૂણીવાળા દાદાજી

જેવો તેવો હું જે આજે સદ્‌ગુરુનો પ્રતાપ તે,
સદ્‌ગુરુના પ્રભાવેથી થયો 'મોટો' હું જીવને;
પ્રતીક દિવ્ય શક્તિનું સદ્‌ગુરુ માત્ર તે ન છે,
કિન્તુ તે દિવ્ય શક્તિનું પ્રત્યક્ષ કેવું વાહન !
ખેંચીને પકડી લૈને લીધો બોલાવી પાદપે,
દર્શાવી ચમત્કાર અંજાવી શો દીધો મને !
કરીને એમ હૈયામાં પ્રવેશ તે કરાવિયો,
સદ્‌ગુરુનો ઊંડો ઊંડો કૃપાથી લાભ પામિયો.

*શ્રીસદ્‌ગુરુ : ૨૨૦* **- શ્રીમોટા**

જેણે જીવનદાન આપી મનને પાદામ્બુજે ભાવથી,
શું આસક્ત કર્યું, કહું હું મહિમા કેવી રીતે વાણીથી ?
એ તો અંતર આપ એક સમજે પ્રેરાયેલું જે રહ્યું,
તારામાં પ્રભુ ! તે પદે હૃદયથી આ અંજલિ હું ધરું.

*કેશવચરણકમળે : ૪* **- શ્રીમોટા**

# શ્રીકેશવાનંદજી-ધૂણીવાળા દાદાજીને દ્વારે

નડિયાદમાં મને શ્રીબાળયોગી મહારાજે સાધનામાં દીક્ષિત કર્યો. પ્રથમ વાર તેઓ નડિયાદમાં આશરે બે માસ રહ્યા. ત્યારે મને તેમણે જણાવ્યું કે, 'સાંઈખેડામાં ધૂણીવાળા દાદા છે, તેમનો પ્રેરાવ્યો હું તારી પાસે આવ્યો છું. અને સાધનામાં તને દીક્ષિત કર્યો છે, માટે તું તેમની પાસ જઈને તેમના આશીર્વાદ લઈને આવ.' *જીવનદર્શન : ૩૬૪*

તે પ્રમાણે તૈયારી કરીને જવાનું નક્કી કર્યું. 'એવી તૈયારી'નો અર્થ તે વેળા આ જીવ શું સમજે ? મેં મંત્રીને સાત-આઠ દિવસની રજાની અરજી કરી દીધેલી. તેમને એ હકીકત જણાવી ત્યારે તેઓ ઘણા નારાજ થયેલા અને કહે કે એનું નામ તૈયારી ન ગણાય. તેઓ તને ત્યાં રહેવાનો હુકમ કરે તો ? તારે તેવા પ્રકારની તૈયારી કરવી ઘટે. મનથી પણ એવી તૈયારી કર અને ઉમળકાથી એવી તૈયારીને મનમાં ભજ્યા કર.

હવે એટલો સમય હતો નહિ. મારી બા વડોદરા હતી. **'મનને'** માં જે 'મા'ને સંબોધન કરેલું છે, એવાં એક મા, આ જીવના ખરાં મા પ્રભુકૃપાથી થયેલાં હતાં. તેમના વડે આ જીવમાં સાચા પ્રાણ પ્રગટેલા એટલે વડોદરા ગયો. મારી બાને તે મા દ્વારા જેમ તેમ કરીને સમજાવીને આશીર્વાદ લીધા. નડિયાદ આવી પરીક્ષિતલાલને નવસારી તાર કરીને એકદમ ત્યાં બોલાવ્યા. તેમને બધો ચાર્જ સોંપી દીધો. આવી ગાંડાઈ ન કરવા તેમણે ઘણું કહ્યું. મા, વિધવા ભાભી, તેનાં નાનાં છોકરાં, બે નાના ભાઈઓ - એ બધાંને છેક નોંધારા મૂકીને જવાનું, એમનું પોષણ થઈ શકે એવી આર્થિક મૂડી ન હતી, એવા સંયોગોમાં ઓચિંતી આ પ્રકારની તૈયારી કરવાની અને તે પણ ઉમળકાભેર, તે એ કાળના આ જીવ કાજે ઘણું ઘણું દુર્ઘટ હતું. પણ જે કરવાનું જ છે તે કર્યે છૂટકો છે, એમાં મીનમેખ ફરક ન પડી શકે, તેમ વર્તવાનો આપણો ધર્મ હોય તેવો ભાવ પ્રભુકૃપાથી ચેતાવી ચેતાવીને આ જીવ મથ્યા કરતો હતો.

*જીવન અને કાર્ય : ૫૭-૫૮*

તે પછી આ જીવ સાંઈખેડા ગામે જ્યાં શ્રીદાદા બિરાજતા હતા ત્યાં ગયો. સદ્‌ગુરુ તો જબલપુર પાસેના સાંઈખેડા ગામથી દૂર જંગલમાં રહેતા.

શ્રીકેશવાનંદજી - શ્રીધૂણીવાળા દાદા નામે જાણીતા અવધૂત હતા. જેઓ દિગંબર અવસ્થામાં ધૂણી ધિકાવીને બેસી રહેતા અને આકડાનાં ફૂલની માળા ગ્રહણ કરતા - હનુમાનજીની જેમ થોકબંધ આકડાની માળાઓ પહેરી રાખતા.

*જીવન અને કાર્ય : ૬૩૩*

સાંઈખેડા જઈને ધર્મશાળામાં એક ઓરડામાં મુકામ કર્યો. નાહીધોઈને ગુરુમહારાજ પાસે જઈને પગે પણ લાગ્યો. મને ત્યારે ખબર નહિ કે લોકો તેમનાથી ડરી ડરીને દૂર દૂર ભાગે છે. મેં તો છેક તેમની પાસે જઈને તેમનાં ચરણમાં જ મારું માથું મૂકી દીધું. લોકો ભારે જોરશોરથી બોલી ઊઠેલા, ‘અલ્યા, ખસી જા ! ખસી જા ! દાદા તારું માથું ફોડી નાંખશે.’ મને તો કશું થયું નહિ.

હું તો રોજ તેમની બેઠક આગળ જ પાંચ સાત ફૂટ દૂર બેસી રહેતો. દાદા એવું તો બધું યદ્વાતદ્વા, કેટલીક વાર તો બીભત્સ પણ ગમે તેમ બોલે ! તેમના બોલવામાં કોઈ પણ જાતનો સળંગ પ્રકારનો અર્થ પણ ન નીકળે. આવું બધું કશું ઠામઠેકાણું નહિ જણાયાને કારણે મને મનમાં એક પ્રકારની ઘૃણાની વૃત્તિ પણ જાગી ગઈ હતી, કારણ કે તેઓ જે બીભત્સ વાણી બોલતા તે પણ એવા પ્રકારની કે જે સાંભળતાં કાનના કીડા ખરે. એટલે મને તો બહુ જ ઘૃણા થઈ આવી અને ત્યાંથી એકદમ નીકળી જઈને નડિયાદ પાછા આવતા રહેવાનું મન થયું.

પરંતુ તત્ક્ષણ, તે જ પળે, એક એવો બીજો વિચાર આવ્યો કે જે શ્રીબાળયોગી મહારાજ પોતે નડિયાદ પધાર્યા હતા, જેમની ભાવલીલાનું અનુભવદર્શન મને વારંવાર થયા કરેલું હતું અને જેમણે મને પોતાની કૃપા કરીને સાધનામાં દીક્ષિત કર્યો હતો, તે શ્રીબાળયોગી મહારાજના તો આ ધૂણીવાળા દાદા ગુરુ થાય. શ્રીબાળયોગીજી મહારાજમાં કોઈક દિવ્ય ગૂઢ શક્તિ પ્રત્યક્ષ જીવંત હતી તેનો મને પ્રત્યક્ષ અનુભવ થઈ ચૂક્યો હતો, એટલે મને લાગ્યું કે આવા સમર્થ બાળયોગીના જે ગુરુ છે, તે તો વળી કેવાયે સમર્થ હોવા જોઈએ ? માટે તેઓ આ જે બધું બોલે છે, ચાલે છે, તેની પાછળ કંઈક રહસ્ય હોવું જોઈએ ખરું. પરંતુ તે પરખાય શી રીતે ?

એવું જ્યાં મને મનમાં થયું, ત્યાં તેઓને પ્રત્યક્ષ બોલતા મેં સાંભળ્યા. તેઓ જ્યારે બોલે ત્યારે બેચાર ગાળ તો ચોપડી જ દે અને કદી કદી સજ્જડ

મારી પણ લે. એટલે આપણને તો તેમની ગાળોનો પ્રસાદ મળ્યો. જોકે કોઈને પણ ખબર ન પડે કે તેઓ મને ઉદ્દેશીને બોલે છે. તેઓશ્રી બોલ્યા કે, 'હું બોલું ત્યારે આ મારી સામે લોકોનું જે ટોળું ઊભું છે, તેના મોઢા પર જે જે ફેરફાર થાય, તે ફેરફારને નીરખવા અને તે માણસને યાદ રાખીને તેની પાછળ પાછળ જઈ તેને બધી વાત પૂછવી.' આ વાક્ય મને જ સંબોધીને બોલેલા. કારણ કે તે કાળે મને તે પ્રકારનો સવાલ ઊપજ્યો હતો તેની મને પાકી ખાતરી થઈ ગઈ.

આ બનાવ બન્યા પછીથી હું તેઓશ્રીની સામે ઉપસ્થિત થયેલા લોકોનાં ટોળાંને જોયા કરતો. તેઓશ્રી બોલે ત્યારે તેમના બોલવાથી કરીને જે કોઈના મોઢા ઉપર અવનવા ફેરફાર થતા હોય તે નિહાળવાનું હું કર્યા કરતો. રોજ એવા પાંચસાત જીવોને મળવાનું કરતો, તો ખબર પડતી કે દાદાશ્રી જે બોલતા હતા તેવું પ્રત્યક્ષ તેમના જીવનમાં અક્ષરસઃ જેમ જે રીતે બધું બનતું કે બનેલું તેમ જ તે કથતા. તે લોકો માંહે માંહે જે ગાળો દેતા હોય, તે જ ગાળોનું ઉચ્ચારણ પણ તેઓ કરતા હતા.

આવી કથની તો તેઓ ઘણા માણસોની કહેતા હોય એટલે તેમાં કંઈ કશા ભાવાર્થની એક સળંગતા તો ક્યાંથી પ્રગટી શકે ? દરેકનું જુદું જુદું જ હોય. કોઈનું સારું હોય, તો કોઈનું નરતું હોય, દાદાજી તો જેનું જે પ્રમાણે હોય, તેનું તે જ પ્રમાણે બોલતા. સામાન્ય એક ત્રાહિત માનવીને તેમના બોલવામાં તદ્દન યદ્વાતદ્વાપણું, બીભત્સપણું, ગલીચપણું લાગે અને ગાળો બોલવાને કારણે તથા લોકોને મારતા પણ ખરા, તે બધાં કારણોને લીધે તેમની યોગ્ય સમજણ ન પડે. બધું સ્વાભાવિક હતું. તેમના વિશે કોઈક હિન્દી છાપામાં વારંવાર તેમની વિરુદ્ધનું લખાણ છપાતું. તે છાપું મારા મિત્ર ભાઈ ચૂનીલાલ વ્યાસ નિયમિત મંગાવતા અને તેમાં છપાયેલી મારા ગુરુમહારાજની વિરુદ્ધની હકીકતવાળું લખાણ તે મને મોકલવાને કદી પણ ચૂકતા નહિ. જાહેર છાપાંઓમાં આવા પુરુષો વિશે આવેલાં લખાણ તેમના જીવનનું સત્ય વ્યક્ત કરી શકે એમ હોઈ શકતું નથી. મને જે તેમનું રહસ્ય સમજવાની અને અનુભવવાની સૂક્ષ્મ ચાવી પ્રભુકૃપાથી મળી ગઈ તે બીજાને ક્યાંથી મળી શકે ?

# શ્રીધૂણીવાળા દાદાજીની દિવ્યશક્તિ

હું જ્યારે ત્યાં ગયો, તેના બીજા દિવસની સવારથી જ દાદા કોઈ રાજામહારાજા વિશે અને તેમના અંગ્રેજ સરકારની સાથેના સંબંધને વિશે બોલ્યા જ કરતા હતા. અને તે વહેવાર જેમ જે પ્રકારનો હોય તે પ્રકારનો તેઓ તે રીતે જ વ્યક્ત કરતા હતા. તેઓ જ્યારે બોલતા હતા, ત્યારે ટોળાંમાં તો તેવો કોઈ માનવી હતો નહિ, અને તેઓ કોઈ રાજામહારાજા વિશે બોલે છે તેની ખાતરી તો મને તેમના બોલવા પરથી થઈ ગયેલી હતી, પરંતુ તેવું કોઈ ત્યાં હાજર તો હતું જ નહિ, અને તેમ છતાં દાદા તો બોલ્યે જ જતા હતા. રાજા લોક કેવી કેવી રીતે અંગ્રેજોને સંતોષ પમાડતા હોય છે, તેવી બધી રીતરસમોને પણ તેઓ ખુલ્લે ખુલ્લી ઉઘાડી પાડતા હતા અને તેમાં કેટલીયે ગંદી રમતો વિશે પણ આબેહૂબ જેમ જે પ્રકારે બન્યું હોય, તેમ તે બોલતા હતા.

આવું બોલ્યા કરવાને તેમને કલાકેકનો સમય થયો હશે, ત્યાં તો બધી સવારી આવી પહોંચી. આગળ બે ત્રણ ઘોડેસવારો, પાછળ મોટર અને તેની પાછળ પણ થોડાક ઘોડેસવારો, તે પછીથી પોલીસો હતા. મોટરમાંથી ઊતરીને બે ચાંદીના થાળ, જેમાં એકમાં ચાંદીના રૂપિયા હતા અને બીજામાં થોડાક સોનાના સિક્કાઓ હશે, તે તેમને પગે લાગીને યુવરાજે શ્રીદાદાનાં ચરણકમળ આગળ ધર્યા. તેમણે તે જ ક્ષણે તે બે થાળને એવી તો જોરથી લાત લગાવી કે તે બેઉ થાળ ક્યાંય ઊડીને આઘે પડ્યા, અને તેમાંની રકમો પણ વેરણછેરણ થઈ ગઈ. આગળપાછળ પોલીસ અને રાજાના બીજા લોકોએ તેની આસપાસ કોર્ડન - (ઘેરાવો) કરી લીધું, અને તે બધા સિક્કા વીણી લીધા. શ્રી દાદાજી તો તેના પર થૂંક્યા.

તેમણે તે યુવરાજને 'અહીં શું લેવા આવ્યો છે ?' એમ ગુસ્સામાં કહ્યું. આ તો ઘણી સૌમ્ય ભાષા વાપરું છું. કારણ કે તેઓ જે બોલ્યા હતા, તે તો કાગળમાં લખી શકાય એમ નથી. એમ કહીને તેમણે ઘણું ભાંડ્યા અને તેમનો બધો વહેવાર ખુલ્લો પાડ્યો. પણ બીજા લોકો મારી પેઠે ભાગ્યે જ સમજતા હશે. તેમણે તે આવનારને કહ્યું, 'તારા બાપની ગાદી જતી રહેશે અને તને ગાદી મળશે.' આ બધી હકીકતની મેં પાછળથી તપાસ કરી તો જાણ્યું કે ઇંદોરના તે કાળના મહારાજાએ અનેક પ્રકારનાં કાવતરાં કર્યાં હશે, મુંબઈમાં કોઈકનું ખૂન

પણ કરાવેલું હશે અને તે બાબતમાં એક 'બાવળા ખૂનકેસ' પણ ચાલતો હતો. આ બધું જ દાદા બોલતા હતા.

ઈંદોરના મહારાજાના પાટવી કુંવર અહીં આવ્યા તે પહેલાંથી જ દાદા તેમના વિશેનું બોલ્યા કરતા હતા, તે તો મારી નજરોનજરની જાત માહિતીની હકીકત હતી. આથી, તેમની અંતર્યામિત્વની શક્તિ વિશેનો મને તાદશ્ય જીવંત જાણવાનો પ્રસંગ મળ્યો. હું રહ્યો ત્યાં સુધી રોજના આવા પાંચસાત પ્રસંગો જુદા જુદા માણસોના તો હું તારવવાનું કર્યા જ કરતો હતો. હું આ બધું કરતો હતો તે મારી બુદ્ધિને ગુરુમહારાજની દિવ્ય શક્તિની સમર્થતાનું યોગ્ય ભાન પ્રેરાવવાને કાજે તેની પાસે તે સ્વીકારવાને માટે પણ તે બધું કર્યા કરતો.

## શ્રીદાદાજીનું સંસ્કૃતભાષાનું જ્ઞાન

દાદાજી (પૂજ્ય કેશવાનંદજી) પાસે એક સંસ્કૃતના વિદ્વાન આવે. એ ત્યાં આવે એટલે એમને પૂછવાપણું નહિ. હું ત્યાં હતો એટલે બધું જાણું. દાદા તો સંસ્કૃતમાં બોલ્યા જ કરે. મરજી ફાવે ત્યારે બોલે. આખા દિવસમાં થઈને એક બે સવાલના જવાબ નીકળે. કોઈ દિવસ સપૂચો જવાબ ન નીકળે. એવી રીતે એક અઠવાડિયા સુધી રહે, ત્યારે બધા જવાબો પૂરા થાય. એમની મેળે જ સંસ્કૃતમાં બોલે. સરળ સંસ્કૃત. આપણને પણ થોડી ઘણી સમજણ પડે. પણ બધી તત્ત્વજ્ઞાનની વાત હોય. એટલે પૂરતી ખબર ન પડે. પણ સામાન્યપણે જે બોલતા હોય, એનો ભાવાર્થ થોડો ઘણો સમજાય ખરો. એવી રીતે એ પેલાને પૂછ્યા સિવાય બોલ્યા કરે. કારણ કે એ જે હેતુ માટે આવ્યો હોય, એને ક્લેરીફાય (સ્પષ્ટ) થાય એટલા માટે દાદા બોલ્યા હોય.

મને લાગે છે કે આ માણસે સંસ્કૃત ભાષા શીખેલી હશે. અનુભવી પુરુષ ઉર્દૂ બોલે, પર્સિયન બોલે કે લૅટિન બોલે એવું કંઈ હોય નહિ. પણ કોઈ ભાષામાં બીજા બોલતા હોય, તે એનો મર્મ સમજી શકે ખરા. પોતાનું શરીર જે ભાષાના વાતાવરણમાં જન્મ્યું હોય, એ જ ભાષા એ બોલી શકે. હા, પણ એ સમજી શકે ખરો. કહેવાનો મર્મ સમજી જાય. પણ એક્સપ્રેસ (વ્યક્ત) તો પોતાની ભાષામાં કરી શકે. ઘણા બીજા માણસો આવે, એમના જીવનની બીજી વાતો હોય. એ પણ એ (દાદાજી) કહે.

એવું કહેવાય છે કે આવા પુરુષો તો બધી જ ભાષાઓ જાણે. એ બાબતમાં લોકો પણ અતિશયોક્તિ કરે. સામો માણસ શું કહેવા માંગતો હોય છે, એના હાર્દની એને ખબર પડી જાય. તે પણ વિગતવાર ખબર ન પડે.

## શ્રીદાદાજીની આંતરશક્તિ

મને બરાબર યાદ છે કે એક પતિપત્ની આવેલાં. દાદાની બાધા માનેલી. પાછા જવાના પૈસા જોઈએ. થોડા રાખી મૂક્યા. એની બૈરી કહે કે 'જોઈએ કે ના જોઈએ, પણ આપણે જેટલા પૈસાની બાધા રાખી છે, એ બધા પૈસા આપી દેવા જોઈએ. આપણાથી અધૂરી બાધા ન થાય. તમારે વધારે રકમ લાવવી હતી,' પણ પેલાએ પૈસા રાખી મૂક્યા. પછી જ્યારે દાદાને પગે લાગવા આવ્યા, ત્યારે દાદાએ એને કહ્યું, 'મારા બાકી છે, એ પૈસા લાવ.' તરત પેલી બૈરીએ કહ્યું, 'હું કહેતી ન હતી કે દાદા જાણી જશે. આપી દો પૈસા.' તોય પેલો પૈસા આપે નહિ, પછી દાદાએ એમનો ડંડો ઉગામ્યો, તે પેલાને એવો ભય પેસી ગયો કે બધા પૈસા આપી દીધેલા. ડંડો મારેલો નહિ, પણ ડંડો એવો ઉગામ્યો કે ભય પેસી જાય.

દાદા આવું કરતા ત્યારે ઘણા લોકો સો-બસો વાર દોડી જાય. બધાનું આવું બધું જાણી જાય. એનું કારણ કાળની અવિચ્છિન્નતા એમની પાસે છે.

*એકીકરણ-સમીકરણ : ૪૨-૪૪*

## શ્રીદાદાજીની અવળવાણી

મારા ગુરુમહારાજને એક જણે પૂછેલું - તે બહુ જિજ્ઞાસાભાવે, બિચારાએ પૂછેલું કે, 'ભગવાન કા અનુભવ કબ હોગા ?' 'જબ મા કી સાથ ભોગ કરેગા તબ.' પેલો બિચારો સડક થઈ ગયો. હું તો તરત સમજી ગયો. મા એટલે પ્રકૃતિ, એટલે પ્રકૃતિની સાથે તું ભોગ કર. એટલે પ્રકૃતિ તને રમાડે એમ નહિ, પણ તું જ્યારે પ્રકૃતિને રમાડે, ત્યારે તને અનુભવ થાય. આવી ભાષા બોલે, પણ સમજણ પડે નહિ. એટલે ગભરાઈ જાય. આ શું બધું બોલે છે ? બીભત્સ બોલે છે. *ગ્રહ-ગ્રહણ : ૮૭*

## ચોરી કરવાનો હુકમ

હું ગુરુમહારાજ પાસે હતો, ત્યારે એમણે મને કહ્યું કે, 'જા ફલાણે ઠેકાણે જઈને દાગીના અને પૈસા ચોરી કરીને લાવ.' હવે હું ચોરી લાવ્યો. ત્યારે હું

ચોરી કરું છું એવી સેન્સ ન હતી, એ તો હું હુકમ ઉઠાવું છું. એ જાતની સભાનતા હતી. હું ચોરી કરીને લઈ આવું છું અને તે ગુરુમહારાજ પાસે મૂકું છું. પછી જેની પાસેથી મેં ચોરી કરી હતી, તેની પાસે જઈને પગે લાગું છું. વાત કરું છું. 'હું આ ચોરી ગયેલો. મને માફ કરજો. પણ હવે તમે આ પાછું લો.' મને ગુરુમહારાજનો આદેશ હતો. એટલે મેં આમ કરેલું. 'આમ, મેં તો ચોખ્ખી વાત કરી પણ એ માને નહિ. એ કેવી રીતે માને ?'

એ તો વઢ્યો. એની પત્ની હતી, એ વાત સમજી ગયેલી. ઉદારતાવાળી હતી. એ કહે કે, 'આ તમને આપી ગયો છે અને મોઢામોઢ કહે છે પછી શા માટે બોલો છો ?' મને એ બાઈએ બેસાડ્યો. ચા પાયો. પછી કહે, 'ભાઈ, તારે પૈસા બૈસા જોઈતા હોય તો કહે. અમે આપીએ.' મેં કહ્યું, 'ના, બા, મારે કંઈ જોઈતું નથી.'

મને ગુરુમહારાજે શા માટે હુકમ આપ્યો ? આપણામાં દરેક પ્રકારની પકડ છે તે જવી જોઈએ. સમજણો, ટેવો, આગ્રહો, પકડો - આ માર્ગે જતાં જવાં જોઈએ, અમુક રીતે જ વર્તાય. એવી પકડ વગેરે જવી જોઈએ. ગમે તે રીતે વર્તો. આવા લોકો અનેક જાતની આવી પકડો કાઢવા માટે હુકમ આપે. પણ પેલા લોકો તો સમજે નહિને ? એનો ધણી તો એની બૈરી ઉપર બહુ ગુસ્સે થયેલો. એણે તો કહેલું કે, 'તું કંઈ સમજે કરે નહિ, પણ આવા લોકો બહુ લુચ્ચા હોય છે.' એટલી બધી ભલી બાઈ હતી. કહે, 'હવે થવાનું હતું એ થઈ ગયું. તમારા પૈસા પાછા આવી ગયા છે, તમારાં સોનાનાં ઘરેણાં હતાં, એ બધું તો પાછું આપી જાય છે અને તમને બધી વાત કરે છે. - એ ભલે સાચી ન માનો, પણ તમને પાછું આપે છે, એ તો સાચી વાત છેને ! એને સારી મતિ સૂઝી નહિતર તમે કેવી રીતે શોધી શકવાના હતા ?' *એકીકરણ-સમીકરણ : ૪૯-૫૦*

## સત્સંગની સોબત

છેલ્લી વાર ચાલો પગે લાગવા જાઉં. 'હું પગે લાગવા ગયો, ત્યારે એ કાંઈ બોલ્યા કે, 'ભાઈ, જો કોઈ મહાત્માનો ખરેખરો આપણા દિલથી સત્સંગ થયો હોય, આપણને એની સોબત લાગે અને એ સોબતમાં જો આપણું દિલ લાગેલું હોય, તો ગમે તેટલો પાપીમાં પાપી હોય, પણ મરણ વખતે એની સદ્ભાવના પ્રગટે છે.'

ત્યારે મેં તો એમ માન્યું કે, 'આ તો પોતાનું મહત્ત્વ વધારવા માટે આમ કહે છે.' ગુરુ ખરા, પણ મારી બુદ્ધિ વક્ર રીતે કામ કરતી હતી. આ તમને ચોક્કસ દાખલો આપું છું. ગુરુમહારાજ બોલ્યા કે, 'અલ્યા, ભાઈ ! તું જા અહીંથી પંદર માઈલ ઉપર એક ગામ છે, ત્યાં જા. તે વચ્ચે આટલાં આટલાં ગામ આવે છે. એમ પણ બોલ્યા.' તે ગામનાં નામ મેં લખી રાખ્યાં અને તે ગામે હું પહોંચ્યો. 'એક માણસ મરવા પડેલો છે. એ કેવું બધું બોલે છે, તે જો. કેવાં કેવાં કર્મ કર્યાં છે તે બધું બોલશે અને પછી મરવાના અડધો કલાક પહેલાં એની કેટલી અને કેવી માનસ ભૂમિકા આખી બદલાઈ જાય છે, એ તું જોઈશ, ત્યારે આ ખબર પડશે કે એવા કોઈ મહાત્માની સોબત કરી હોય અને એમાં આપણું દિલ લાગી જાય, એનામાં ભક્તિ લાગી જાય, તો માણસનું કેવું કલ્યાણ થઈ જાય છે, એ વાત સાબિત થશે. પ્રત્યક્ષ જોયા વિના તારી બુદ્ધિ ઠેકાણે નહિ આવે.'

એટલે હું તો ત્યાં ગયો. મારા મનમાં મેં વિચાર કરેલો એટલે દાદાજીએ મને આ જવાબ આપ્યો. માટે મારે પ્રયોગ કરવો જોઈએ. એટલે હું તો ચાલ્યો ગામનું નામ પૂછતો પૂછતો, હું પેલા ગામ આવી પહોંચ્યો ત્યાં બધે ફરું અને પૂછું કે, 'અહીં કોઈ માણસ બહુ જ ગંભીર રીતે માંદું પડ્યું હોય અને મરવા ટાણું આવ્યું હોય એવું છે ?' એમ કરતાં કરતાં એક ઘર જડી ગયું. પછી ત્યાં એ માણસે જે કુકર્મ કરેલાં એ બધાં તે બોલે.

મને થયું, 'ગુરુમહારાજ કહેતા હતા એ વાત સાચી.' પછી તો એકદમ એનું માનસ બદલાઈ ગયું અને એ તો ભજનો ગાવા લાગ્યો. પછી ગુરુમહારાજની પ્રાર્થના કરી કે, 'પ્રભુ, તારી સોબત થઈ અને મારું દિલ લાગ્યું.' પછી એણે એક છેલ્લી પાર્થના કરી કે, 'હે પ્રભુ ! તું મારો ઉદ્ધાર કરજે.' આમ બોલીને તેના પ્રાણ છૂટ્યા. ગુરુમહારાજની વાત કહેવી સાચી લાગી.

પછી હું ગામમાં નીકળ્યો મેં પૂછ્યું કે, 'ભાઈ, આ મરી ગયા તે કેવા હતા ?' લોકો કહો કે, 'સાલો કાટ હતો, મરી ગયો તે સારું. આ ગામમાં એની આગળ માદીકરી સહીસલામત નહિ.' ચારિત્ર્યનો આવો દુષ્ટ માણસ હતો. પણ મહાત્માની એને સોબત થઈ તો મરણકાળે એની કેવી સુંદર ગતિ થઈ ! મારી જાતની અનુભવેલી આ બાબત છે.

ત્યારે આવા માણસોની સોબતમાં જો આપણું દિલ પ્રગટે તો એ અનેક રીતે સધિયારો આપે છે. આપણી મુશ્કેલીના વખતમાં, સંકટના વખતમાં, મૂંઝવણના વખતમાં, આપણને એક ઓથ આપે છે. એવી ઓથ કોઈ પણ પૈસાદાર તમને નહિ આપી શકે. *વાણી-૩ : ૨૭-૨૯*

## શ્રીદાદાજીની સર્વવ્યાપકતા

જ્યારે પહેલીવાર હું સદ્‌ગુરુ પાસે ગયો. ત્યારે તે કાળમાં હયાત એવા ચેતનાનિષ્ઠ આત્માઓ જે શરીરધારી હતા, તે બધા જ હું પોતે છું. એમ તેઓ પોકારતા. કે, 'હું સાંઈબાબા છું, તાજુદ્દીન બાબા છું, હું ઉપાસની મહારાજ છું, હું અક્કલકોટનો સ્વામી છું.' એવાં કેટલાંય નામો તે સ્વમુખે બોલતા. આવી બધી સાધનાની ઊંડી ઊંડી સૂક્ષ્મ રીતોનું મને તો કશું જ્ઞાનભાન ન હતું. મને તો ત્યારે એ વદતોવ્યાઘાત જેવું લાગતું. તેવું કેમ કરીને શક્ય બની શકે. તે કદી સમજણમાં ઊતરતું જ નહિ. *જીવનદર્શન : ૩૬૩*

ત્યારે મને મનમાં સંદેહ થયેલો ખરો કે એક માણસ એકીસાથે આવા બધા કેવી રીતે હોઈ શકે ? હું વ્યક્ત રીતે કશું બોલ્યો કર્યો નહિ. પરંતુ મનમાં તે પરત્વેનો સંશય તો જાગેલો જ હતો, કે આવી હકીકત સંભવી ન શકે અને તે શક્ય જ ન હોય, તે પછી તો ઘણો કાળ વીતી ગયો. શ્રીહરિકૃપાથી સાધનામાં દૃઢતા પણ પાકી થઈ. સાધનાભ્યાસ જોર પકડતો ગયો. તેમાં ખૂંપવાનું થતું ગયું. તેવા કાળમાં શ્રીસદ્‌ગુરુ બોલતા હતા, તેવા શરીરધારી મહાત્માઓ કૃપા કરી કોઈક કોઈક વખત મને પ્રત્યક્ષ થતા ખરા. સૌથી પ્રથમ તેમના હૃદયના પ્રદેશમાં શ્રીસદ્‌ગુરુનું જ મને દર્શન થતું. ત્યારે પેલા સંશયની હકીકત મને યાદ આવતી. તેવા પ્રત્યેકે મને સાધનામાં ધક્કો મારેલો છે. શ્રીસાંઈબાબા અને શ્રીઉપાસની મહારાજની મારા જીવનમાં બનેલી હકીકતના કોઈ કોઈ સાક્ષી આજે પણ હયાત છે. બીજા મહાત્માઓના પ્રસંગના કોઈ સાક્ષી નહિ હોવાથી તે અંગે મેં લખ્યું નથી. આજ સુધી તેની મારા નિકટમાં નિકટ મિત્રને પણ તે અંગે કશી વાતચીત કરી નથી. માત્ર શ્રીસાંઈબાબા અને શ્રીઉપાસની મહારાજની મારા જીવનમાં જે હકીકત બની હતી, તેનું મેં વર્ણન કર્યું છે ખરું.

ત્યાં આગળ અનેક પ્રકારના માણસો આવતા. જીવનનાં અનેક ક્ષેત્રના અને જુદી જુદી આશા ઈચ્છાઓ તથા પોતપોતાના સ્વાર્થને ફળાવવાને માટે

અને અનેક પ્રકારની બાધા આખડીઓ રાખવાને માટે પણ જુદી જુદી આશા અપેક્ષા રાખી રાખીને લોક આવ્યા કરતા હતા. નર્તિકાબાઈઓ પણ આવતી. સટ્ટાવાળા પણ આવતા. સાધુસંન્યાસીઓ પણ આવતા. વિદ્વાનો અને પંડિતો પણ આવતા અને રોગીઓ પણ આવતા હતા.

ત્યાં જેટલા રોગીઓ હતા, તે બધાને પણ મળવાનું કર્યું હતું. લગભગ ત્રીસેક ટકાને મટ્યું હોય એવું મને લાગ્યું હતું. કારણ કે તેનું ગણતરી કરીને analysis-પૃથક્કરણ પણ કાઢ્યું હતું.

દસબાર દિવસ થયા હશે, ત્યાં તો દાદાજીની પાસે હાથમાં એક નાળિયેર આવેલું. તે નાળિયેર જોરથી તેમણે મારા તરફ ફેંક્યું. તે મને કપાળમાં વાગ્યું. અને ઢીમણું પણ થયું. તેમણે પછી મને હુકમ કર્યો કે, ‘તું તારે ઘેર ચાલ્યો જા અને ત્યાં રહ્યો રહ્યો જ સાધનામાં આગળ જા. તું મારી પ્રાર્થના કર્યા કરજે તને જે કર્મ મળ્યું છે, તેમાં જ તું લાગી રહેજે.’

ત્યાંથી પાછો ફરીને હું વડોદરા આવ્યો. વડોદરામાં ડફ્રિન હૉસ્પિટલમાં ટી.બી.ના વોર્ડમાં મારા સ્નેહી શ્રી ભગવતપ્રસાદ પંડ્યા દર્દી તરીકે હતા. તે ભાઈએ શ્રી ઠક્કરબાપા પાસે ઘણા વખત સુધી સેવા કરી હતી અને તે ભાઈને T.B. of the testicles થયો હતો (તેમની નીચેની કોથળીમાં ક્ષયરોગ લાગુ પડ્યો હતો.) અને તેની સારવાર શ્રી ઠક્કરબાપાએ કરાવી હતી અને આખરે તેમને ડફ્રિન હૉસ્પિટલમાં ટી.બી.ના વોર્ડમાં દાખલ કરાવ્યા હતા. ત્યાં હું તેમને મળ્યો. મેં તેમને દાદાજીના દરબારની બધી હકીકત જણાવી. ત્યાં કેટલાક રોગીઓને રોગ પણ મટી શકે છે અને તેની ટકાવારી મેં કાઢી હતી, તે બધી હકીકત પણ સવિસ્તાર જણાવી. ‘તમે પણ તે મટી ગયેલામાંના એક કેમ ન હોવ ? માટે તમે જાઓ, તો કદાચ તમને પ્રભુકૃપાથી મટી પણ જાય.’ એમ તેમને કહ્યું.

તેમણે મને એમ પણ કહ્યું કે, ‘મને જવા આવવાનું ભાડું તું આપે તો હું જાઉં.’ પરંતુ મારી પાસે ત્યારે તો તેટલી રકમ હતી જ નહિ. મેં તેમને કહ્યું કે, ‘જો તમને નહિ મટે, તો મારે તમને તેટલી રકમ ગમે તે રીતે પણ આપવી.’ ત્યાં દાદાજી પાસે તેમનું રહેવાનું થતાં, થોડાક સમયમાં જ તેમનો રોગ મટી ગયો. આ પછી તો ઉપરોક્ત શ્રી ભગવતપ્રસાદ પંડ્યા દાદાજી પાસે જ સદાસર્વદા કાળ રહેતા અને નવસ્ત્રા પણ થઈ ગયા હતા.

## શ્રીદાદાજીની દૂરશ્રવણશક્તિ

દાદાજી જ્યારે જ્યારે મારે અંગે કંઈક બોલતા, ત્યારે કાં તો શ્રી ભગવતપ્રસાદ લખી લેતા કે કાં તો ધ્યાન આપીને બરાબર સાંભળતા. નડિયાદના સ્મશાનમાં જે પ્રાર્થના હું કરતો, તે પ્રાર્થનાના શબ્દેશબ્દ દાદાજી બોલતા. (એક પ્રાર્થનાની તો ચોક્કસ યાદ છે.) તેમણે લખી રાખેલું મારું એક ભજન (જે નીચે આપ્યું છે) હું એકવાર ત્યાં ગયો હતો, ત્યારે મને બતાવ્યું હતું.

*જીવનદર્શન : ૩૬૪-૩૭૧*

## શરણચરણ

પ્રભુ, શરણચરણમાં રાખો રે, પાવલે લાગું.
રસિયાજી અંતરયામી ! મારા હૃદયકમળના સ્વામી !
અલબેલા પ્રેમીનામી ! રે.... પાવલે લાગું... પ્રભુ...
શરણાગતવત્સલ જાણી, તને જણાવી અંતર ક્હાણી,
તોય મન રહ્યું હજુ માની રે.... પાવલે લાગું... પ્રભુ...
અડવું બધું એનું ટાળી, હેળાવી દઈ ગિરિધારી !
પદ લગાડી દોને તાળી રે,.... પાવલે લાગું... પ્રભુ...
વ્હાલાજી ! સાધન કંઈ ના, દિલ-પ્રેમ-ભાવનાં ફૂલડાં,
વેરું છું નિત તમ પદમાં રે.... પાવલે લાગું... પ્રભુ...
બાળકનું જોર કશું શું ? જો હોય કશું તો રડવું,
એ જોરે મારે તરવું રે.... પાવલે લાગું... પ્રભુ....

*જીવનસંશોધન : ૪૦૯*

આવી તો તેમની અંતર્યામિત્વ અને દૂરશ્રવણની શક્તિ જીવતીજાગતી પ્રગટ હતી. પ્રભુકૃપાથી એવા સમર્થ સદ્‌ગુરુ મળ્યા કે જેની ઓથ, હૂંફ કેવી હોઈ શકે તે તમારા લોકોની બુદ્ધિમાં પણ આવવું મને તો શક્ય લાગતું નથી, કારણ કે સદ્‌ગુરુ પરત્વેની એવી પ્રેમભક્તિ તેની સંપૂર્ણ ટોચ સુધી કેળવાયેલી ન હોય, ત્યાં સુધી આવું બધું પ્રત્યક્ષ બનેલું હોવા છતાં તે માથા પરથી વહી જતું હોય છે. *જીવનદર્શન : ૩૭૧*

ત્યાર પછી નડિયાદ હું પાછો ફર્યો. શ્રી પરીક્ષિતભાઈએ પ્રેમભાવથી ત્યાં ફરી પાછું કામ કરવાની મંજૂરી આપી અને પાછો કામે વળગી ગયો. શ્રીસદ્‌ગુરુનાં

વચનના પાલનમાં વચનપાલનના હેતુનું જ્ઞાનભાન પ્રગટપણે જીવતું રહેવું ઘટે, તો જ તેમનાં તેવાં વચનના પાલનની યથાર્થતા હોય તો હોય.

*જીવનપોકાર : ૧૮૭*

## બીજી વખત સાંઈખેડાના દ્વારે

બીજી વખત મારા ગુરુમહારાજને ત્યાં હું ગયેલો, ત્યારે મારી કપરી પરિસ્થિતિ હતી. ત્યાં જવાના મારી પાસે પૈસા પણ ના મળે, મને એક વખત થયેલું કે મારી માને ગુરુમહારાજનાં દર્શન કરાવું. મા કહે કે, 'સોમલાને લઈને જઈએ.' સોમલો મારો નાનો ભાઈ. બાને જ લઈ જવાના મારી પાસે પૈસા નહિ, તે મહાપરાણે મારા ભાઈબંધ પાસેથી ઉછીના લીધા હતા, તો સોમલા માટે પૈસા ક્યાં લેવા જાઉં ? બા કહે, 'તો નથી આવવું, જા !' પણ મને ગરજ કે મારે મારી માને મારા સદ્‌ગુરુનાં દર્શન કરાવવાં. એટલે પછી કહ્યું, 'સારું ભાઈ, ચાલો-સોમલા માટે પૈસા માગી લાઉં.' હું તો મારી માને લઈ ગયો. એને બિચારીને તો કંઈ સમજ મળે નહિ. એ કંઈ આવા લોકોને સમજી શકે નહિ. આ તો નાગો બાવો છે. મારી મા તો મને ગાળો ભાંડે !'મારા રડ્યા, ઉચ્છેદિયા, આ તે કંઈ માણસ છે ! આ તો ગાંડિયો છે. એને કપડાંલતાનું તો ભાન નથી. કારણ કે આ તો પથારીમાં અઘે છે !' મારા ગુરુમહારાજે મારી માને કહ્યું, 'પાંચ રૂપિયા લાવ.' મેં કહ્યું, 'તારી પાસે પાંચ રૂપિયા છે. મેં આપેલા છે. માગે છે તો આપી દે. હું તને પાંચના દસ આપીશ.' 'એ તો અક્કલ વગરનો છે. ગમે તે માગે. આમેય ઠેકાણા વગરનો તો છે. એને અપાતા હશે કે ?' જો મારી માએ આપ્યા હોત તો હું રાજી થાત. એને પૈસાની જરૂર ન હતી. પણ મારા હિસાબે તો એ મારા પોતાના હિતને માટે માગતા હતા. મારી મા નહિ સમજી શકી. દરેક જીવની કક્ષા હોય છે. અમુક અમુક પ્રકારની સમજણની પણ કેટેગરી (કક્ષા) હોય છે. બીજી રીતે સમજી શકે જ નહિ. મારા ગુરુમહારાજે મારી માને ઘણું સમજાવ્યું. 'આ છોકરાને તું વળગી રહેજે.' મને સંતોષ થયો કે, 'ચાલો, મેં મારી માને દર્શન કરાવ્યાં.' મને મનમાં એવું લાગ્યું કે મારી મા બિચારી આને ઓળખી શકી નહિ. મારા ભાઈને લઈને ગયેલો. તે તો ત્રણ દિવસ બેભાન જ રહેલો. તેણે ભાંગ પીધેલી. ચઢેલી નહિ. વાતોચીતો બધી કરે. બધું ખાયપીવે. પણ મારા ગુરુમહારાજ પ્રત્યેની સભાનતા બિલકુલ નહિ.

*અગ્રતા-એકાગ્રતા : ૮૯-૯૦*

બાર વરસે એક સાધુ ત્યાં આવેલા. દાદાજીએ કહ્યું હશે કે, 'આટલું આટલું કરીને તારે નિષ્કામ થઈને મારી પાસે આવવું.' એટલે પછી તો સાધુ આવ્યા. પગે લાગ્યા. 'કેમ આવી ગયો ભાઈ ? કામ પૂરું થઈ ગયું ?' 'કામ પૂરું થઈ ગયું.' 'સોએ સો ટકા ?' 'સોએ સો ટકા.' 'પૂરેપૂરો નિષ્કામ ?' પછી ગુરુમહારાજ કહે, 'કદાચ જો જે તું કાચો છે.' 'અરે ! હોય બાપજી ! બિલકુલ કાચો ન હોઉં.'

મારા ગુરુમહારાજ પાસે રોજ બસો-ત્રણસો માણસો આવે. 'મોરી મોરી' (મોરી એટલે છોકરી) એને ત્યાંથી ઉઠાડી કહે, 'તું અહીંયાં આવી જા.' ત્યાં એક ખાટલો રહે. તે પણ ભાંગેલો. ઉપર પણ કંઈ છાપરું મળે નહિ. ગામથી દૂર સ્થાન હતું. પાસે ધૂણી તપે. ગુરુમહારાજ ઓટલા ઉપર બેસે. છોકરીને કહે, 'છોકરી ! અહીં આવ. તું આ તારાં કપડાં કાઢી નાંખ અને અહીં સૂઈ જા.' અને એ છોકરી કપડાં કાઢીને સૂઈ ગઈ. હું તો ત્યારે ગજબનો એવો થઈ ગયો અને મનમાં થયું કે આ બાઈને ધન્યવાદ છે ! આમ તો આ બાઈના આત્માને ધન્યવાદ છે !

પેલાને કહે, 'તું અહીં આવ. તું અહીં સૂઈ જા જોઈએ.' એની તો હિંમત ના ચાલી એટલે ગુરુમહારાજે કહ્યું, 'હજુ તારું ઘણું કાચું છે.'

એટલે મારા ગુરુમહારાજની તો પ્રયોગની જ વાત. માની લેવાની વાત નહિ. પ્રત્યક્ષ અનુભવથી અને પ્રયોગથી જ સાચી વાત. *વાણી-૭ : ૨-૩*

હું આવા સમર્થ સદ્‌ગુરુ કેશવાનંદજી દાદાના આશીર્વાદ પામ્યો. તેમને પગે લાગ્યો એટલે શ્રીદાદાજીએ કહ્યું, 'તું તારું કામ સંસારમાં રહીને કર. તારે અહીં સાંઈખેડા રહેવાની જરૂર નથી. મુશ્કેલી વેળાએ તું બોલાવીશ ત્યારે હું હાજર થઈશ.' આવું અભય વચન મેળવી લીધું.

સાંઈખેડાથી પાછા ફરતાં શ્રી દાદાજીએ આદેશ આપ્યો, 'તું જ્યાં છે ત્યાં કામ કર. પરંતુ આ જે દેશસેવાનું ગાંડું ઝનૂન છે તે તારે મૂકી દેવું પડશે. પ્રભુપ્રીત્યર્થે અને પ્રભુને માટે તારે કામ કરવાનું છે, બીજા કોઈને માટે નહિ. સેવાની વાત પણ તારે મૂકી દેવી. રાગદ્વેષથી સંપૂર્ણ મુક્તિ પામ્યા વિના કોઈને સેવાનો અધિકાર નથી. એવો જ્ઞાનભક્તિપૂર્વકનો યોગ્ય અધિકાર પ્રાપ્ત થયા વિના જે લોકો સેવા કરવા નીકળી પડે છે, તેઓ સમાજનું કદી પણ કલ્યાણ

કરી શકતા નથી. ભલેને રાગદ્વેષ ઘટાડવાના એકમાત્ર ઉચ્ચ આદર્શ કે હેતુથી સેવાનાં ક્ષેત્રમાં પડે, તેમનામાં પણ કોઈ આંતરિક શક્તિ તો જાગેલી હોતી નથી. તેવા પછી શી રીતે પોતાની વૃત્તિ સંયમમાં લાવી શકવાના ? એવા લોકોને પોતાના જીવનના ધ્યેયનું કશું નિશ્ચિતપણું, દઢતાથી, મક્કમતાથી તેમનામાં પ્રગટેલું હોતું નથી. આવા લોકો કેવી રીતે રાગદ્વેષ ઘટાડી શકવાના ? ઊલટા તે તો સમાજમાં રાગદ્વેષ વધારશે. આપસઆપસમાં પણ ભેદ વધારશે. સમાજમાં પણ ભેદ વધવાના. ગાંધીજી અહિંસાની વાત કરે છે ખરા, પરંતુ ભગવાનના માર્ગે જે જનારા છે તેમને માટે તે હકીકત સાચી છે. તેવા લોકોના દિલમાં અહિંસા ચેતનાત્મક રીતે, ભાવાત્મક રીતે સતત રમ્યા જ કરવી જોઈએ, પરંતુ સેવા કરનારના દિલમાં તે અહિંસા જીવતીજાગતી નથી. તેમના દિલમાં અહિંસા પરત્વેનું પૂરેપૂરું સભાનપણું પણ મુદ્દલે હોતું નથી. નર્યા રાગદ્વેષથી ભરેલા હોય છે. માટે તારે તો તારું મોં તે તરફથી ફેરવી લેવાનું છે. ભગવાન પરત્વેની તારા હૃદયમાં અભિમુખતા જાગે તે તારા માટે ઘણું જરૂરનું છે.'

પરંતુ આ હકીકત ત્યારે મારા દિલમાં ઊતરી ન હતી. તે મારે સાચેસાચું કબૂલવું પડશે. પરંતુ શ્રીસદ્‌ગુરુ મને એમ છોડે તેમ ન હતા. એવી રાગદ્વેષની ચુંગાલનાં જ્યાં ત્યાં મને દર્શન તો કરાવ્યાં. પરંતુ એથી કંઈ પૂરેપૂરું સમજી શકાયું નહિ.' પાડેપાડા લડે અને ઝાડનો ખોડો કાઢે છે.'-એ પ્રમાણે શ્રી સરદાર અને શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકની વચ્ચે કોઈ પૂર્વગ્રહ હશે. શ્રી ઇન્દુલાલે તો હાથ પર લીધેલાં કામોને એકદમ છોડી દીધાં. ત્યારે આ જીવે શ્રી ઇન્દુલાલે શરૂ કરેલા 'અંત્યજ સેવામંડળ'માં તેમના મંત્રી તરીકે કામ કર્યું હતું. ગુજરાત વિદ્યાપીઠમાંથી સૌથી પ્રથમ હરિજનની સેવામાં જોડાનાર આ જીવ હતો. શ્રી ઇન્દુલાલ તો છોડીને ભાગ્યા. તે પછી 'અંત્યજ સેવામંડળ'ની પ્રવૃત્તિ શ્રી ઠક્કરબાપા અને શ્રી મામાસાહેબના હાથમાં આવી. તે વેળા શ્રી ઇન્દુલાલના કોઈ પણ માણસને રાખવા નહિ, તેવી સમજણની કંઈક ગંધ આવી કે તેવું મને કોઈકે કહ્યું, ત્યારે મને જે આંચકો લાગ્યો હતો અને સમગ્ર મારા આધારમાં જે ધ્રુજારી પ્રગટી હતી તે આજે બધું યાદ આવે છે. ત્યારે શ્રી સરદારને પણ હું મળ્યો હતો અને મેં કહ્યું, 'સાહેબ, હું તો એક ગરીબ વિદ્યાર્થી હતો અને મને શિષ્યવૃત્તિ પણ મળતી હતી. માત્ર દેશભક્તિથી પ્રેરાઈને જ મેં કૉલેજ

છોડી હતી અને વિદ્યાપીઠમાં જોડાયો હતો. એક વખત ગાંધીજીએ વિદ્યાપીઠના પ્રવચનમાં કહ્યું કે, 'તમે તો એક ડિગ્રીનો મોહ છોડી અને બીજી જાતની ડિગ્રીનો મોહ હજી જીવતો રાખ્યો છે. મારી તો એવી શ્રદ્ધા હતી કે જુવાનો કૉલેજ છોડીને દેશની સેવામાં લાગી જાય અને ગામડે ગામડે ભમીને સમાજને જાગ્રત કરે.' એ સાંભળીને તરત જ વિદ્યાપીઠ પણ છોડીને 'અંત્યજ સેવા મંડળ'માં જોડાયો હતો. ત્યારે પણ મને સારા વેતનની દેશી રાજ્યમાં નોકરી મળી શકે તેમ હતું.પરંતુ મેં દેશસેવાનું વ્રત લીધેલું છે, એટલે હરિજનસેવા છોડી દેવાનો નથી. તમે નહિ રાખો તોપણ દેશસેવાનું કામ તો હું ચાલુ જ રાખીશ. અને મારી મેળે કરીશ. રોટલો આપનાર તો ભગવાન છે. સેવાનું વ્રત તો અખંડ રાખીશ જ એવો મારો દૃઢ નિશ્ચય છે.' એમ કહીને હું તેમની પાસેથી વિદાય થયો, પરંતુ આ હકીકતની ભીંસ મને એવી તો સજ્જડ ચારેકોરથી સતત ભીંસાતી જ રહી. એણે મારી આંખ ખુલ્લી કરી કે શ્રીગુરુમહારાજ જે કહેતા હતા તે હકીકત તો સાચી જ હતી. આ સેવાનાં ક્ષેત્રમાં હજી રાગદ્વેષ તો છે. મારે માટે જ જ્ઞાનપૂર્વક શ્રીસદ્‌ગુરુએ પ્રસંગ ઊભો કર્યો હશે અને આ હકીકતથી જે દેશસેવાનું ઝનૂન અને આ સેવાની ધૂન એકમાત્ર શ્રીહરિકૃપાથી ઉપરના પ્રસંગથી મોળી પડવા લાગી. એમ મારું મોં દેશભક્તિ પરત્વેથી શ્રીભગવાનની અભિમુખતા તરફ ફેરવાતું ગયું. અને ભગવાનની ભક્તિ પરત્વેનો વળાંક અને ઝોક સાધના મારફતે ખૂબ જ ઝડપી બન્યો.

'પ્રભુકૃપાથી મારા સદ્‌ગુરુ એટલા બધા સમર્થ હતા કે તેઓશ્રીએ જો ધાર્યું હોત તો આ ગધેડાશંકર તેમના સહજ કૃપાના ઈશારાથી ચેતનામાં પ્રતિષ્ઠા પામી શક્યો હોત. પરંતુ તેમણે તેમ ન કર્યું. તેમણે કૃપા કરીને આ જીવને સાધનામાં અનેક પ્રકારના તબક્કાઓમાં પ્રવેશાવી ઘડવાનું કર્યું. જે જે સ્થિતિ, સંજોગ, પરિસ્થિતિ એમની કૃપાથી મળ્યાં. તેનો તેનો હૃદયના ઉમળકાથી સ્વીકાર કરી, તેને તેને દિલના ભક્તિભર્યા સહકારથી વધાવી તેમાં યથાયોગ્ય વર્તી વર્તી તેમના હેતુને ફળાવવાને પ્રભુકૃપાથી જ્ઞાનભાવે મથવાનું બન્યા કર્યું. ત્યારે જ આજે જે હું છું તે છું.'

આવા સમર્થ સદ્‌ગુરુના આશીર્વાદ લઈ સાંઈખેડાથી પાછા ફરવાનો સમય થયો ત્યારે મારાં માસીના દીકરા સાથે આવેલા. તેણે બાધા માનેલી. તેણે અમુક રૂપિયા ખર્ચવા એવું નક્કી કરેલું અને મને પૂછે કે શું કરીશું ? કારણ ગુરુમહારાજ પૈસા તો લેતા નથી. એટલે ગરીબ-ગુરબાંને ખાવાનું લઈને વહેંચી નાંખ્યું. વળી, એની પાસે પણ પૈસા નહિ અને હવે ગામ પાછા જવાને પૈસા પણ નહિ. પણ બા દિવસમાં ચારપાંચ વખત પૈસા માટે સંભારે. ઉપરથી કહે કે, 'ગુરુમહારાજ કહે કે નાગો થઈ જા-તો નાગો થઈ જજે.' અને એમ તો નાગોયે થઈ જઉં. એવી ભાવના પણ કેળવાયેલી. નીકળવાનો દિવસ આવ્યો અને પગે લાગીને ગુરુમહારાજને કહ્યું કે, 'અમારું સંભાળજો.' એટલે સ્ટેશને આવીને જેટલા પૈસા હતા તે આપીને જ્યાં સુધી જવાય ત્યાં સુધીની ટિકિટ માગી. ત્યાં એક માણસ આવ્યો. મને કહે, 'લો, આ પાંચ રૂપિયા.' અને એમ કરીને મને એ રકમ મળી અને ઘેર આવ્યાં. એ માણસને મેં નામ-સરનામું પૂછ્યું, તો કહે કે, 'એમાં શું ? આ તો અરસપરસ એવું બને.' *મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા : ૭૩*

તને પાથરી હું પાલવ રે કરગરું છું, કેશવ !
વીનવી લળી રહ્યો છું રે, જો તું સામું, કેશવ !
કોઈ પૂર્વજન્મ સંસ્કારે તે તુજ કૃપાથી, કેશવ !
યત્કિંચિત્ યત્ને મુજથી રે, પદે ઢળાયું, કેશવ !
જ્યાં મુજ પર તારી કૃપા તે ઊતરી ત્યાં કેશવ !
સત્સંગ ફળ્યો સુખદાયી રે, બાળને શો ! કેશવ !
જીવનદોરી સોંપી છે તેથી તુજ હાથે કેશવ !
દોરવની યંત્ર પળ પળ રે, યંત્રી રહીને કેશવ !
મને હેતભર્યું તું ઉર લઈ ચૂમી કર ધન્ય કેશવ !
તુજ ચરણકમળમાં મારી રે, એ અરજ છે કેશવ !

*કેશવચરણકમળે : ૧૩-૩૧* - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

## ખંડ - ૪

# શ્રીઉપાસની મહારાજ

અપમાનો સહેલાં છે શી અવહેલના થઈ
ભક્તિના પ્રેમ આસ્વાદે તેનું લાગ્યું કશું ન છે,
ઊલટું તેથી તો કેવું હરિમાં ચોંટ્યું ચિત્ત છે
એ ઉપકાર શો મોટો શ્રીહરિનો ખરો મને

*ભાવહર્ષા : ૧* - **શ્રીમોટા**

નર્કાગારે સુવડાવ્યો છે, રાત્રિ, દિવસ આઠ તે,
ત્યારે તપાસડાવ્યાં છે, કેવાં મનાદિ સ્વસ્થ તે !
શાંતિ, પ્રસન્નતા, શાતા જીવંતાં કેટલાંક તે
-સાક્ષિત્વ, સમતા, પક્વ કેવાં જોવા મળેલ છે !

*શ્રીસદ્‌ગુરુ : ૨૪* - **શ્રીમોટા**

# શ્રીઉપાસની મહારાજનું નડિયાદમાં આગમન

નડિયાદમાં સેવાનાં ક્ષેત્રનું કામ મળ્યું, તે મારે માટે તો જીવનને કાજે ફળદાયી નીવડ્યું હતું. નડિયાદમાં જ પ્રભુકૃપાથી સાધનામાં દીક્ષિત થવાનું બન્યું. વળી, બીજો પણ એક એવા જ પ્રકારનો ત્યાં પ્રસંગ બન્યો હતો. એકવાર હું શહેરમાંથી મરીડા ભાગોળે આવ્યો અને વાસમાં જઈને વિદ્યાર્થીઓને હાકલ કરતો હતો, ત્યારે એક હરિજન ભાઈએ કહ્યું કે 'ચૂનીભાઈ ! આપણા કુંડની પાછળના ખેતરમાં કોઈ એક તદ્દન નગ્ન માણસ પડી રહેલો છે, તે મુદ્દલે સળવળતો નથી.' મને તે પળે જ પ્રભુકૃપાથી સ્ફુર્યું કે નગ્ન હોવાની તાકાત કાં તો ગાંડામાં કે કાં તો કોઈ અવધૂતમાં હોઈ શકે. આ પ્રકાર સિવાયનો કોઈ પણ માનવી શરીરની તદ્દન નગ્ન અવસ્થામાં ખુલ્લામાં રહી શકે નહિ. આ વિચાર આવતાંની સાથે જ બીજા શિક્ષક ભાઈઓને કામ સોંપી હું તો પાછો ઘેર આવ્યો, નાહ્યો, ધોયેલાં કપડાં પહેર્યાં. મારે હાથે જ એક મોટો લોટો સારી પેઠે અજવાળ્યો અને તેમાં બશેરેક દૂધ વેચાતું લઈ જે ઠેકાણે તે નગ્ન માણસ પડ્યો રહ્યો છે એવી ઈશારત મળેલી ત્યાં હું ગયો. જગા તો મને તરત જ જડી ગઈ. તે માણસ પણ ત્યાં હજી એમ ને એમ પડી રહેલો હતો. હું તો ત્યાં બેસી રહ્યો અને પ્રાર્થના, સ્મરણ વગેરે કર્યા કરતો હતો, દોઢ બે કલાક બેઠો હોઈશ, ત્યારે તેઓ સાહેબ જરાક સળવળ્યા. તે પછી હળવે હળવે થઈને તેમણે પડખું ફેરવ્યું અને તે પણ મારી તરફ નહિ. વળી પાછા તે પડ્યા રહ્યા. વળી પાછા પાએક કલાક પછી મારી તરફ પડખું ફેરવ્યું અને આંખો ઉઘાડી.

તે કાળે મેં તો તેમને નીચા વળીને પ્રેમભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. 'કૃપા કરીને આ દૂધ અંગીકાર કરો તો આપની મોટી કૃપા.' એમ પણ કહ્યું. તેઓ બેઠા થયા અને લોટો હાથમાં લઈને દૂધ ગટગટાવી ગયા. હું પણ કશું બોલતો નહિ. તે પણ બોલ્યા વગર જ બેસી રહ્યા. મને જરૂર એમ તો ઊગી આવ્યું કે, 'આ કોઈ ગાંડો માણસ તો નથી લાગતો. તેથી મારે બીજા અનુમાન પર આવવું જ પડ્યું, કે અવધૂત કોટિનો આત્મા હોવો જોઈએ.' તેવા અનુમાનનું સ્ફુરણ થતાં જ મને દિલમાં ભાવોર્મિ પ્રગટવા માંડી. આ જગતમાં ધન, વૈભવ, વિલાસ, પ્રતિષ્ઠા અને ઉત્તમ પ્રકારનું બીજું સઘળું મળી શકે, પરંતુ

ચેતનાની ભૂમિકામાં નિષ્ઠા પામેલા આત્માનાં દર્શન થવાં અને એવા જીવતાજાગતા નરનો સમાગમ થવો એ તો મહાદુર્લભ છે.

'તેમનું દર્શન થતાં મનમાં ને મનમાં હું મારું સદ્‌ભાગ્ય માનવા લાગ્યો. વિશેષ ને વિશેષ ભાવે સાધનાના માર્ગમાં આગળ ને આગળ પગલાં ભરાવવાને માટે મને અંતર્ચક્ષુની પ્રેરણા આપવાને કાજે અને તેમાં પ્રગતિ કરાવવાને કાજે અને સાધનાનો માર્ગ આગળ કપાવવાને માટે જે શક્તિસામર્થ્ય, ભાવસામર્થ્ય અને કરણોનું શુદ્ધિસામર્થ્ય વગેરે વગેરે બધું જોઈએ તેમાં તેમાં પ્રેરાવવાને હે પ્રભુ ! મને કૃપા દેજો. મારા સાધનાના પુરુષાર્થમાં ચેતનવંતો વેગ પૂર્યા કરજો. અને મારી સાધના એકધારી અતૂટ ચાલ્યા કરે એવા પ્રકારનું ભાવનાનું બળ પ્રેર્યા કરજો.' એવા પ્રકારની પ્રાર્થના મનમાં ને મનમાં મનથી કર્યા કરવાનું તે કાળે સહજ સ્ફુર્યા કરતું હતું. હું પણ તે પ્રાર્થનાના ભાવતાનમાં મશગૂલ હતો એટલે સમયનું તો કશું ભાન જ રહેલું નહિ.

## વિચિત્ર હુકમ

જ્યારે ભાન જાગ્યું ત્યારે લગભગ સાંજના છએક વાગવા આવ્યા હશે. ત્યારે તેઓશ્રી બોલ્યા કે, 'મને કોઈ મુસલમાનને ઘેર લઈ જા.' તેમની બોલી મરાઠી હતી એમ તો ચોખ્ખું લાગ્યું, પરંતુ મુસલમાનને ઘેર જવાની હકીકત સાંભળીને મને બહુ નવાઈ લાગી. અને તે બને પણ કેવી રીતે ? તેમની આવી શરીરની નગ્ન અવસ્થામાં કોઈને ઘેર લઈ જવા તે સામાન્ય સમજણની દૃષ્ટિએ અનુચિત જ હતું.

પરંતુ आ जीवને એક એવા પ્રકારનો અભ્યાસ પડી ગયેલો કે આવા લોકોનું જે પ્રકારનું વ્યક્તવ્ય થાય, તે પ્રમાણે તેમના હુકમનું પાલન કરવાને મારું દિલ સદ્‌ભાવથી તત્પરતાવાળું બની જાય. વિદ્યાપીઠમાંથી સાંપડેલી હિન્દુમુસ્લિમ એકતાની ભાવનાથી મુસલમાન ભાઈઓને 'અસ્સલામો અલયકુમ્' કરવાની જે ટેવ હતી તે ટેવે મને અહીં પણ સહારો આપ્યો.

મરીડા ભાગોળ તરફ આવતાં તે ભાગના લત્તામાં એક યુનાની હકીમ સાહેબને 'અસ્સલામો અલયકુમ્' કરતો અને તેઓ પણ તેનો જવાબ ભાવનાથી વાળતા. અમારે પરસ્પર આવી જાતનો નાતો કેટલાય સમય સુધીનો જીવતોજાગતો ચાલ્યો આવતો હતો. આના સિવાય ભાગ્યે જ અમે એકબીજા સાથે કશી વાત કરી હોય. હું તો બાપજી પાસેથી ઊઠીને તે યુનાની હકીમ

સાહેબને ઘેર ગયો. સદ્‌ભાગ્યે તેઓ હાજર હતા. મેં તેમને વાત કરી કે 'ચમાર લોકોના રંગવાના કુંડની પાછળ એક ખેતરમાં એક ઑલિયા પધારેલા છે. તેમને કોઈ મુસલમાનને ઘેર રહેવું છે. તેમની પાસેથી જ અત્યારે હું ચાલ્યો આવું છું. જો આપ કૃપા કરીને તેમને તમારી મેડી પર રાખી શકો, તો તેમની હું દરેક પ્રકારની સેવા જરૂર કરીશ. અને હું ખડેપગે હાજર રહીશ. અને હું આપને કોઈ પણ પ્રકારની તકલીફ (ઑલિયાને કારણે) પડવા દઈશ નહિ. તેઓ પહેલાં તો સંમત થઈ ગયા.

પરંતુ તે પછી મેં તેમને જણાવ્યું કે, 'હકીમ સાહેબ ! તમે પ્રેમથી સંમતિ તો આપી, પરંતુ તે ઑલિયા તો શરીરે સંપૂર્ણ નગ્ન છે. તેમને હું ઘોડાગાડીમાં બધા પડદા નંખાવી દઈને અને તેઓશ્રીની એટલે કે તે ઑલિયાની પ્રેમથી રજા મેળવીને તેઓ એક નાનકડું કંતાનનું કપડું પોતાના શરીરના તેટલા ભાગ પર નાખી મૂકે એવી એમને પ્રાર્થના કરીને એવી વ્યવસ્થા પણ જરૂર કરીશ. અને આપ કૃપા કરીને એવું એક નાનકડું કંતાનનું કપડું મને આપો.' આ સાંભળીને તેઓ તો એકદમ સ્તબ્ધ જ થઈ ગયા. થોડા ઉશ્કેરાયા પણ હશે, એવું મને લાગ્યું. પોતે સંમતિ તો આપી બેઠા, પરંતુ શરીરની આવી સ્થિતિવાળા માણસને પોતાને ત્યાં રાખવાની હવે તેમની તત્પરતા ઓગળી જતી હોય એવું મને સ્પષ્ટ જણાયું.

મેં તેમને કહ્યું કે 'હું તેમને મારે ઘેર જરૂર લઈ જઈ શકું એમ છું અને ત્યાં એમને પ્રેમથી રાખું, તે ઉપરાંત, સંતરામ મહારાજના મંદિરમાં પણ તેમના મંદિરની પાછળ ઝાડી છે, ત્યાં લઈ જઈને પણ રાખી શકું, પરંતુ તેઓશ્રીને તો કોઈક મુસલમાનને ઘેર જ રહેવું છે. એટલે મારી લાચારી છે અને તેથી હું તમને પ્રાર્થના કરવા આવ્યો છું. હવે સાંજ તો લગભગ પૂરી થવા આવશે. લગભગ અંધારા જેવું થયું હશે, તેવી વેળાએ ઘોડાગાડી લઈને ઘોડાગાડીના પડદા બધા પાડી હું તેમના શરીરે પેલું કંતાન જેમ તેમ વીંટળાવવાનું કરીને તમારી મેડી ઉપર ચડાવી દઈશ. તેમનું મળમૂત્ર વગેરે હું મારે હાથે જ સાફ કરીશ, કારણ કે તેઓ કદાચ તેવા કર્મને માટે બહાર ન પણ નીકળે, એવી કોઈ મસ્ત દશાના આ માણસ લાગે છે. એને માટેની માનસિક તૈયારી મેં પોતે ભક્તિપૂર્વક કરી રાખેલી છે. આવા લોક બહુ ધૂની હોય છે. તેઓ કેમ વર્તે અને કેમ બોલે તેની કંઈ આપણને કશી ગતાગમ પડી શકે નહિ.'

આ સાંભળી હકીમ સાહેબના મોઢા પરની રેખાઓ કંઈક બદલાઈ અને મને કહેવા લાગ્યા કે 'ભગત, તમારી સાથે મારે જે પરિચય થયો છે, અને તમે રોજ આ બાજુથી જતાં આવતાં ભજન ગાયા કરો છો અને ખુદાની બંદગી કરો છો, તે મેં ઘણા સમયથી જોયું છે, એટલે તમારા કહેવાથી હું સંમતિ આપું છું, પરંતુ મારે કોઈ જાતની મુશ્કેલીમાં મુકાવું ન પડે અને અધવચ તમે જેને ઑલિયા કહો છો તેને કાઢી મૂકવાની જરૂર ન પડે તેની જવાબદારી તમારે  માથે છે.'

આ જવાબદારી મેં પ્રેમથી સ્વીકારી-જોકે તેવી જવાબદારી સ્વીકારતા પહેલાં મને મનમાં એમ તો જરૂર ઊગી આવેલું કે 'આ કામ અઘરું તો છે જ. આવા પ્રકારના માણસ એકદમ નીકળવાને તૈયાર ન થાય, તે તો અડ્ડો જમાવીને જ બેસે અને એમ પણ કહે કે 'હું તો અહીં જ બેઠો રહીશ અને નીકળીશ નહિ. તેઓ જો ન નીકળે તો મારી ભારે કમબખ્તી પણ થાય.' આવો વિચાર પણ ઝબકી તો ગયો, આવા ઑલિયાઓનું કંઈ કશું ઠેકાણું ન હોય, તોપણ મારે તો તેમનાં વચનનું પ્રેમભક્તિપૂર્વક પાલન જ કરવું હતું. જે કાળે જે થશે, તે તે કાળે જોયું જશે. ત્યારે ભગવાનની કૃપાથી વળી તે પરિસ્થિતિનો ઉકેલ જરૂર મળી આવશે. જે પરિસ્થિતિ ભવિષ્યમાં પ્રગટવાની હોય, તે પરિસ્થિતિના હાઉથી અત્યારથી ભડકવાની જરૂર ન હોય. વર્તમાનને જ યથાયોગ્યપણે ભાવથી વળગી રહીને તેમાં જીવવું એ યોગ્ય પગલું છે. આમ વિચારી હકીમ સાહેબને બેધડકપણે હા પાડી દીધી. ઉપર મેડી વગેરે જોઈ આવ્યો. અમે આવીએ ત્યાં સુધીમાં ઉપરની મેડીમાં જે જે કંઈ થોડું ઘણું રાચરચીલું પડ્યું હોય તે લઈ લેવાનું હકીમ સાહેબને મેં જણાવ્યું અને એમ પણ કહ્યું કે 'કહો તો, અડધો કલાક રોકાઈને આપ મને બતાવો ત્યાં તે રીતે તે બધું જાતે જ મૂકી દઉં.' પરંતુ તેમણે ના પાડી અને પોતે બધું કરાવી લેશે એમ જણાવ્યું.

## શ્રીઉપાસની મહારાજ હકીમ સાહેબને ઘેર

પછી તો હું નિશ્ચિંત થઈને હરખાતો હરખાતો ઘોડાગાડી લઈને પેલા ઑલિયા સૂતા હતા ત્યાં ગયો. ઘોડાગાડી આવેલી જોઈને તેઓ પોતે ઊઠ્યા. ઘોડાગાડી લાવ્યો હતો, તે જ સમયે મેં ગાડીના બધા જ પડદા નીચે નાખી દીધા હતા. ઘોડાગાડીવાળો પણ શરીરથી તદ્દન નગ્ન એવા માણસને જોઈને બહુ

અચંબો પામ્યો. તેઓશ્રીને ગાડીમાં બેસાડીને પેલું ગૂણપાટનું કપડું તેમના શરીરના તેટલા ભાગ ઉપર બે હાથ જોડી મેં પ્રાર્થના કરીને મૂકી રાખવાનું કર્યું. તેઓ તદ્દન શાંત રહેલા એટલે તેમાં મેં તેમની મૂક સંમતિ માની લીધી. આવા પ્રકારનો અમારો વરઘોડો હકીમ સાહેબના ઘર તરફ ચાલ્યો.

હકીમ સાહેબ પણ અમારી રાહ જોતા બહાર ઊભા રહ્યા હતા. તે ઑલિયાનું શરીર પણ ઘણું હૃષ્ટપુષ્ટ અને ભારે હતું. મેં તેઓશ્રીને કહેલું કે 'ગાડીમાંથી ઊતરીને ઉપરની મેડી ઉપર આપ ઝપાટાભેર પધારી જાઓ, કારણ કે દુનિયાદારીના લોકો આવી રીતનું કશું સહન કરી શકે નહિ. અને તેમાં ઊલટી અમારા આ હકીમ સાહેબની નાલેશી પણ થાય.' આ ઉપરથી તેઓ એટલી બધી સ્ફૂર્તિથી એકદમ ઊતર્યા અને ઉપર ઝપાટાભેર ચડી ગયા ! એમનું શરીર તો ભારે હૃષ્ટપુષ્ટ હતું, તેમ છતાં તેમની તે કાળની સ્ફૂર્તિનું ચેતનવંતું દર્શન જે મને થયું હતું, તેની અસર આજે પણ મને તરવરતી લાગે છે.

ઉપર જઈને તેઓશ્રીને મેં બેસાડ્યા. તે પછી મેં તેમને પ્રાર્થના કરી કે 'હું બેએક કલાકમાં અહીં પાણી માટેની માટલી, બેચાર માટીનાં શકોરાં, આપને બેસવા માટેનું કંઈક ગાદી જેવું સાધન વગેરે લઈને આવું છું. આપને માટે ભિક્ષાનો પ્રસાદ પણ લઈને આવું છું. ત્યાં સુધી આપ તદ્દન શાંત બેસી રહેશો એવી મારી આપને કરગરીને પ્રાર્થના છે.' તે પછી હું પાણીની માટલી, બે પ્યાલા, ચાર માટીનાં શકોરાં તથા તેમની ભિક્ષા માટેનો પ્રસાદ વગેરે બધું લઈને હકીમ સાહેબને ઘેર આવ્યો. માટલી વીછળી કરીને પાણી ભર્યું. અગમચેતી વાપરીને સાવરણી પણ લાવ્યો હતો. તેઓશ્રીને ધૂળ ન ઊડે તેવી રીતે ધીરે ધીરે આસ્તે આસ્તે બધું વાળ્યું અને તેમને બેસવાને માટે ગાદી અને આસન પાથર્યાં, પણ તેના પર તેઓ બેઠા નહિ. મેં તેમને તે માટે કદી આગ્રહ પણ કર્યો નહિ. પછી હકીમ સાહેબને ત્યાંથી એક શકોરુ લઈને તેમાં ધૂળ ભરી લાવ્યો. બેચાર ઈંટો પણ લાવ્યો. તે ઈંટોની બેસણી કરીને તેની વચ્ચે ધૂળવાળું શકોરુ મૂક્યું, કે જેથી તેમને જ્યારે મળત્યાગ કરવો હોય ત્યારે સહેલાઈથી કરાય.

આ બધી મારી રમત તેઓ જોયા કરતા હતા. આ સમય દરમિયાન હું પણ કશું બોલતો નહિ અને તેઓ પણ કશું બોલતા નહિ. તે પછી હાથ ધોઈને

તેમની આગળ ભિક્ષાનો પ્રસાદ મૂકવાનું કર્યું, મારી પાસે તે કાળે તેઓશ્રીને પ્રસાદ આપવાને બાજરીનો રોટલો, શાક અને દૂધ સિવાય બીજું કશું જ ન હતું. કદાચ તેમને આ વિશેષ ગમ્યું હોય-તેઓ પ્રેમથી રોટલો, શાક અને દૂધ બધું જ ખાઈ ગયા, એટલું જ નહિ પણ રોટલાની થોડીક કણો જમીન ઉપર પડી ગઈ હતી તે પણ ઉપાડીને પોતે ખાઈ ગયા. મેં જાણ્યું કે હમણાં પોતે પોતાનાં હાથ મોં વગેરે ધોશે, પરંતુ તેમાંનું તેમણે તો કશું કર્યું નહિ એટલે મેં તેમની પાસેથી તે વાસણો લઈ લીધાં અને તેમના હાથ લોવાને માટે એક અંગૂછો ઘેરથી લઈ આવેલો તે અંગૂછાને પાણી વડે જરા પલાળીને ધીરે ધીરે તેમનાં હાથ અને મોં લૂછી લીધાં.

પછી મને રાત્રે વિચાર આવ્યો કે તેમનું સૂવાનું શું કરવું ? તેઓ કદીક મરાઠીમાં બોલે અને કેટલુંક ભાંગીતૂટી હિન્દીમાં પણ બોલતા, પરંતુ એવું બોલે કે મને કશી સમજણ ન પડે. અને ફરીથી પૂછવાની મારી તો હિંમત ન ચાલે. મને તો કોઈ પણ પાથરણા વિના ચાલી શકે એવો અભ્યાસ હતો જ. મેં તેમને સૂવા માટે વાત કરી. પણ તેઓ તો જવાબ આપે જ નહિ એટલે વધારે પૂછવાનું માંડી વાળ્યું. આવા લોકને માત્ર એકવાર આપણે બહુ જ ધીરેથી, નમ્રતાથી પૂછવું, એવી હૈયાસૂઝ મને ત્યારે પણ હતી. રાતે તેઓ તો મોડા સુધી બેઠા જ રહ્યા. મને પણ તેમનું જાણવાની દિલમાં જિજ્ઞાસા તો ભારે હતી એટલે હું પણ બેઠો રહ્યો.

મને દિલમાં એમ ભાવથી થયા જ કરતું હતું કે તેમના શરીરની કંઈક સેવા કરું તો સારું. એટલે પાસે જઈને તેમના શરીરને દબાવવાનું એટલે કે ચંપી કરવાનું મને બહુ દિલ થયું. પાસે જઈને તેમને પગે લાગી ધીમે ધીમે તેમના પગ પર હાથ ફેરવવા માંડ્યા. પછી તો હિંમત પ્રગટતાં સેવા કરવાની બરાબર સારી તક મળી, પરંતુ તેવું એક જ દિવસ કરવા દીધું. તે પછી તેમણે મને સૂઈ જવાનો હુકમ કર્યો અને હું સૂઈ ગયો.

## વિચિત્ર વર્તન

સવારના વહેલા ઊઠીને સાથે લાવેલું દાતણ તેમને આપવાનું કર્યું, તો તે દાતણ તેમણે ફેંકી દીધું. મોટો પાણીનો લોટો મૂકીને અને તેમની પાસે તગારું મૂકી, મોંના કોગળા કરી મોં સાફ કરવાની તેમને પ્રાર્થના કરી, પરંતુ આમાંનું

તેમણે કશું જ કર્યું નહિ. બે વાર તેમને માટે જમવાનું લઈ જતો. તે જમતા ખરા અને મળમૂત્ર માટેની જે વ્યવસ્થા કરી હતી તેનો તો કદી ઉપયોગ કરતા જ નહિ. ગમે ત્યાં તેઓ દિશાએ જવાને (મેડી ઉપર) બેસે તો તે બધું હું પ્રેમથી સાફ કરી લઉં અને તેમના શરીરનો તે ભાગ પણ હું જાતે જ ધોતો. મારી ગેરહાજરી દરમિયાન બેચાર વાર એવી રીતે તેઓ ખરચું (ટટ્ટી) ગયા હતા, ત્યારે તેમણે તે ભાગ ધોયો જ ન હતો. હું જ્યારે આવ્યો ત્યારે જ બધું મેં સાફ કરી દીધું હતું. અને તરત ને તરત છાણમાટીથી તે ભાગ સારી રીતે લીંપી લીધો હતો. તથા તે બધું દૂર જઈને મ્યુનિસિપાલિટીની કચરાપેટીમાં નાખી આવવાનું કર્યું હતું. પેશાબ પણ તેઓ ગમે ત્યાં કરે. પેલાં માટીનાં શકોરાં મૂકેલાં પણ તેમાં કરે જ નહિ ! અને આપણે પણ એવા કે તેમને તે બાબતમાં કશું કહેવાનું કરતા જ નહિ. પેશાબની જગા પણ સારી રીતે લીંપીગૂંપી લેતો.

આજે પણ એવો ખ્યાલ છે કે તે પછી બેત્રણ દિવસ સુધી કે કદાચ ચાર દિવસ પણ હોય (ચોક્કસ કેટલા દિવસ હતા તેનો ખ્યાલ નથી) મળમૂત્ર ત્યાગની ક્રિયાથી તેઓ તદ્દન મુક્ત રહી શક્યા હતા. જોકે તેઓ જમતા, પાણી પીતા વગેરે બધું તો કરતા હતા. તેમની પ્રત્યક્ષ નજરોનજર જોયેલી તેમના શરીરની આવી સ્થિતિની તેવી દશાથી મને જરૂર તાજુબી તો લાગેલી અને ત્યારે પણ એમ લાગેલું કે આ કંઈ તેવા પ્રકારના રોગથી તેમનું તેમ બન્યું નથી. જો શરીરના રોગથી તેવું બન્યું હોત તો ખાવા કરવામાં કે પાણી પીવામાં તેમની સ્વસ્થતા કદી પણ આવી પ્રગટી શકત નહિ. વળી, મળમૂત્ર ત્યાગ ન થવાને કારણે શરીરમાં પણ અસ્વસ્થતા અને બેચેની પ્રગટ્યા વગર રહી શકે નહિ. (કોઈક અપવાદ જેવાને બેત્રણ દિવસ સુધી મળત્યાગ કરવાનું નથી બનતું એવું જાણ્યું છે પરંતુ તેવાને પણ રોજ ને રોજ પેશાબ થાય જ.) પરંતુ આમાંના કોઈ પણ પ્રકારનાં લક્ષણ તેમના શરીર પર ન હતાં. તે તો પહેલાંના જેટલા જ સ્વસ્થ અને શાંત હતા.

અમારું પરસ્પર બોલવાનું ભાગ્યે જ બનતું. હું તો ત્યારે મારાં પ્રાર્થના, સ્મરણ વગેરે સાધનાના અભ્યાસમાં જ ત્યાં મારો સમય વ્યતીત કરતો હતો. શરૂઆતમાં જે ખેતરમાં તેઓ પડ્યા હતા ત્યાં તેમણે જ્યારે ચક્ષુ ખોલ્યાં, ત્યારે જે પ્રકારની પ્રાર્થના મેં કરી હતી તે પ્રકારની જ પ્રાર્થનાના ભાવમાં જીવતુંજાગતું

રહ્યા કરવાનું પ્રભુકૃપાથી બનતું. બેએક દિવસ તેમણે મારી ગેરહાજરીમાં પેલા હકીમ સાહેબ સાથે કંઈક વાતો કરી હતી, એમ તે હકીમ સાહેબના કહેવા પરથી લાગ્યું હતું. બધા થઈને કેટલા દિવસ તેઓ નડિયાદમાં આ ઠેકાણે રહ્યા હશે તે પણ ચોક્કસ ખાતરીથી હાલ કહી શકતો નથી. દશબાર દિવસ થયા હોય તો હોય. પછી તેઓ એક દિવસ જતા રહેવાનું કરતા હોય એવું મને લાગવાથી હું તો ઘોડાગાડી લઈ આવ્યો અને તેઓશ્રીને ગામ બહાર ઉત્તરસંડા બાજુએ લઈ જવાનું બન્યું.

ગામથી ઘણે દૂર ગાડી ઊભી રખાવીને તેઓને હું પગે લાગ્યો અને ગાડીમાંથી ઊતરી જવાને કહ્યું. ગાડીવાળાને પૈસા ચૂકવી હું તેમની પાછળ દોડીને તેમની સાથે થઈ ગયો. થોડેક સુધી તેમની સાથે ચાલ્યો હોઈશ, ત્યારે તેઓ બોલ્યા કે ‘તું મારી સાથે ચાલ.’

પરંતુ મેં તેમને પ્રાર્થના ભાવે કહ્યું કે ‘મળેલું કર્મ, મળેલી પરિસ્થિતિ, મળેલા સંજોગ અને તેના પરત્વેનો પ્રગટેલો ધર્મ શ્રીપ્રભુપ્રીત્યર્થે યથાયોગ્યતાથી પ્રેમભક્તિથી પાલન કરવાં-એને હું તો પ્રત્યક્ષ ધર્મ માનું છું. તેમ છતાં આપ જો મને સાધનામાં આગળ વેગ પ્રાપ્ત કરાવવાનું દાન આપો, તો હું આવું.’ તરત તો તેઓ બોલ્યા નહિ. પણ પછી પાછા બોલ્યા કે ‘જરૂર તું મારે ઠેકાણે આવ.’ ત્યારે તેઓશ્રીને મેં કહ્યું કે ‘એક તો સાધનાનો મારો હેતુ ફલિત કરાવવાની આપ કૃપા કરો તો, બીજું, મને આપનું જ એકમાત્ર દર્શન થયાં કરે અને આપની ભાવના મનમાં મહત્ત્વપણે પ્રગટ્યા કરે, અને ત્રીજું, આપનું સ્થળ જ્યાં હોય ત્યાં મને જવા આવવાને માટે ગાડીભાડાની રકમ અણધારી કોઈકની પાસેથી આપમેળે મળી જાય; આ ત્રણ વિનંતીનો જો આપ કૃપા કરીને સ્વીકાર કરો, તો હું આપને ઠેકાણે આવી શકું.’ તે પછી તો તેઓ ચાલ્યા ગયા અને મને પાછો વળી જવાનું કહ્યું.

શહેરમાં આવીને હકીમ સાહેબને ઘેર જઈ, તેમની મેડી ઉપરનું બધું ઠીકઠાક કરી તેમનો મેં ઘણો ઘણો આભાર માન્યો. હકીમ સાહેબે મને કહ્યું કે ‘આ તો બહુ મોટા ઓલિયા છે. તેઓ સાકુરીમાં રહે છે અને તેમનું નામ ઉપાસની મહારાજ છે. સાકુરીથી જાણી જોઈને છાનામાના નીકળી આવેલા છે. ભગત ! તમને તેમની સેવા કરવાની બહુ ઉત્તમ તક મળી. તમે ભાગ્યશાળી

છો. તમારે માટે તેમને બહુ હેત પ્રગટ્યું છે.' મેં પણ તેમને જણાવ્યું કે 'તેઓશ્રીને મને તેમની સાથે લઈ જવાની તૈયારી બતાવી હતી. વળી, તેઓશ્રીને જે મેં વાત કરીને ત્રણ વિનંતી તેઓને પ્રાર્થનાભાવે જે કરી હતી તે બધી હકીકત પણ હકીમ સાહેબને કહી સંભળાવી. હકીમ સાહેબે મને કહ્યું કે 'તેં સારું ન કર્યું. તું તેમની સાથે ગયો હોત તો તેમાં તારું કલ્યાણ થાત.' પરંતુ મને તો તેથી કરીને જરા પણ અફસોસ થયો નહિ. તે કાળની મારી સમજણ પરથી મને જે લાગતું હતું તે સાચું લાગતું હતું.

## સાકુરીની મુલાકાત

તે પછી તો કેટલોય કાળ વીતી ગયો. બારડોલીના સત્યાગ્રહની લડત જાગી હતી અને તેમાં બોલાવે ત્યારે જવાની તૈયારીવાળા સ્વયંસેવકોની યાદીમાં મેં મારું નામ નોંધાવ્યું હતું. જે દિવસે મને બારડોલી જવાના હુકમનું કાગળિયું મળ્યું, તે જ દિવસે મને ઓચિંતું શ્રીઉપાસની મહારાજનું દર્શન થયું અને ત્યાં જવાનું દિલ થયું. 'કોઈ દિવસ નહિ અને આજે આમ કેમ બને છે ?' એમ પણ વિચારી વિચારીને તપાસી લીધું. વારંવાર શ્રીઉપાસની મહારાજનું દર્શન પણ થયાં કરતું. મને તેઓશ્રીને કરેલી મારી ત્રણ વિનંતીઓનું ભાન પણ પ્રગટ્યું. એટલે મને ત્યાં જવા આવવાના ગાડીભાડાની રકમ આપમેળે જ્યારે મળે ત્યારે હવે ત્યાં જવાની વાત હતી એમ નક્કી મનથી કરી લીધું અને નિશ્ચિંત થઈ ગયો. જો તે દિવસે આપોઆપ ત્યાં જવાની ગાડીભાડાની રકમ મળી જાય તો વળી બારડોલી જવાનું માંડી વાળી સાકુરી જવું જ એવો નિર્ણય પણ કરી લીધો.

રોજ મારે મરીડા ભાગોળે વૈષ્ણવની હવેલી પાસેથી જવા આવવાનું થતું અને કેટલાક દિવસોથી હમણાંનો હું શ્રીદયારામભાઈનું -

'વૈષ્ણવ નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે ?'

એ ભજન મને પોતાને જ ઉદ્દેશીને પ્રાર્થનાભાવે જતાં આવતાં મોટેથી ગાયા કરતો હતો. તે ભજનની લીટી 'વૈષ્ણવ નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે ?' રોજની રોજ તે વૈષ્ણવની હવેલી આગળથી જતાં જતાં બોલાયે જતી હતી. હું કંઈ કોઈને સંભળાવવા તો તે ગાતો ન હતો. એક દિવસે એક વૈષ્ણવ સદ્‌ગૃહસ્થ મારું તે વચન સાંભળીને ઉશ્કેરાઈ ગયેલા અને મને ધોલ પણ મારી

દીધી હતી. તેમને મેં કહ્યું કે ‘આપને સંબોધીને હું આ ગાતો નથી હું તો મને પોતાને મઠારવાને માટે પ્રાર્થનાભાવે સતત ગાયા કરું છું. અને તે એક બે દિવસથી નહિ.’ પરંતુ તે ભાઈને તો તેમને માટે જ હું જાણે ગાતો હોઉં એમ તેમણે પોતાને માથે લઈ લીધું, અને તે સાંભળીને તેઓ ઉશ્કેરાઈ ગયા હતા.

હવે જ્યારે આ દિવસે મને સાકુરી જવાનું દિલ થયા કરતું હતું અને જ્યારે વારંવાર શ્રીમદ્ ઉપાસની મહારાજનાં દર્શન થયાં કરતાં હતાં તથા જ્યારે બારડોલી જવાનો કાગળ પણ આવ્યો હતો, ત્યારે તે જ દિવસે આ જ ભજન મોટેથી ગાતો ગાતો વૈષ્ણવની હવેલી આગળથી પસાર થતો હતો, તે વેળાએ એક બીજા સદ્‌ગૃહસ્થે આવીને મારા હાથમાં પિસ્તાળીસ રૂપિયાની રકમ મૂકી દીધી. હું તો અચંબો પામ્યો કે ‘ભાઈ ! આ રકમ શેની છે અને મને શા માટે આપો છો ?’ ત્યારે તેમણે કહ્યું કે ‘રોજ તમે આ માર્ગેથી જતાં આવતાં ભજન ગાયા કરો છો. આવો તમારો અભ્યાસ કેટલાય કાળથી ચાલુ છે તે હું જાતોજાત નીરખ્યા કરું છું. વળી, રોજ રાતે તમે કાકરખાડ બાજુથી સંતરામ ભાગોળે જાઓ છો ત્યારે સંતરામ મંદિરેથી પાછા વળતાં મેં તમને ઘણીયે વાર રોજ મોટેથી ગાતા સાંભળેલા છે. તમે બસ જ્યાં ને ત્યાં ભગવાનનું ભજન જ ગાવાનું કર્યા કરો છો, તેથી મને તમારા પર ભાવ ઊપજે છે અને કેટલાય દિવસથી તમને કંઈક આપું આપું એમ મનમાં થયા કરતું હતું. પરંતુ આજે તો તેવી આપવાની ભાવના વિશેષ પ્રબળ બની અને હાથમાં જે રકમ આવી તે રકમ લઈને તમારી રાહ જોતો સામે ઓટલે બેઠો હતો. તમને જ્યાં ‘વૈષ્ણવ નથી થયો તું રે,’ એમ ગાતા સાંભળ્યા કે તરત તમારી પાસે આવ્યો છું. માટે કૃપા કરીને આટલી રકમનો સ્વીકાર કરો.’ મને પણ ત્યારે થયું કે ‘આ જ ભજનના ગાવાથી એક સજ્જને ધોલની પ્રસાદી આપી હતી અને આ એક બીજા સજ્જને પિસ્તાળીસ રૂપિયાની રકમ આપી ! એટલે હવે આપણું સાકુરી જવાનું તો પાકું નક્કી થઈ ગયું.’ અને રજાનું કાગળિયું ટપાલમાં નાખીને આપણે તો નીકળી પડ્યા સાકુરી જવા ગાડીમાં.

## શ્રીઉપાસની મહારાજની કરામત

ત્યાં પહોંચીને સામાન એક ઠેકાણે મૂકી નાહીધોઈને મહારાજશ્રીને પગે લાગ્યો. તેમણે તો મને તેઓ જે લાકડાના મોટા પાંજરામાં જ બેસી રહેતા તેની

પાસે બેસી જવાને આજ્ઞા કરી. હું પણ ત્યાં જ બેસી ગયો. અને મારા સાધનના અભ્યાસમાં લગાતાર મંડી પડ્યો. પાંચ છ કલાક વીતી ગયા હશે. તે પછી મને લઘુશંકા કરવાની વૃત્તિ થઈ એટલે ઊઠીને મેં બહાર જવાને ગતિમાન થવાનું કર્યા કર્યું, પરંતુ મારાથી ઊઠી જ શકાય નહિ ! મેં ધાર્યું કે એકધારું પાંચ છ કલાક બેસી રહેવાથી મારા પગ અકડાઈ ગયા લાગે છે. તેથી મેં મારા પગને બરાબર હલાવી જોયા, તો તે તો બરાબર હાલતાચાલતા હતા. ઘૂંટણમાંથી બરાબર વળી પણ શકતા હતા. આથી પગ કંઈ અકડાઈ ગયા હોય એવું કોઈ રીતે મને લાગ્યું નહિ. તેમ છતાં પગથી ઊભું કેમ થવાતું નથી તે મારે માટે એક ભારે કોયડો થઈ પડ્યો હતો. એટલે હું તો ઊઠ્યા વિના બેઠે બેઠે ખસી ખસીને દૂર જવાનો પ્રયત્ન કરવા લાગ્યો, પરંતુ તે પણ જવાય નહિ ! આવી રીતે પ્રયત્ન કરવા છતાંયે ન થઈ શક્યું, ત્યારે મારા શરીરને કંઈક થઈ ગયું છે એમ ચોક્કસ મને લાગ્યું. કમરમાં કે ક્યાંયે કશું દુઃખતું કરતું નહિ અને શરીરની સ્વસ્થતા તો બરાબર લાગતી હતી. વળી, જે ઠેકાણે બેસવાનો મને શ્રીઉપાસની મહારાજશ્રીએ હુકમ કરેલો તે ઠેકાણે બેસી જતાં તથા આમતેમ બેઠે બેઠે ખસતાં (પણ તે એટલી જગામાં જ) મારા પગ વગેરે બરાબર હાલીચાલી શકતા હતા, વળી શકતા હતા, પરંતુ ઊભું થવાતું ન હતું. તેટલી જ બેત્રણ ફૂટની જગામાં બેઠે બેઠે આમતેમ ખસી શકાય. તેનાથી આગળ ન જવાય. એટલે મેં તો થોડીક વાર સુધી લઘુશંકાની ઉપર સંયમ રાખવાનું કર્યા કર્યું. એમ બેઅઢી કલાક પાછા ચાલ્યા ગયા હશે, કારણ કે હું તો પ્રાર્થના આદિ સાધનમાં જ રહ્યા કરતો હતો.

તે પછી પાછું શરીરનું ભાન પ્રગટતાં લઘુશંકાની વૃત્તિ બહુ બળવત્તર પ્રમાણમાં પ્રગટ્યા કરી. હવે તો તેમ કર્યા વિના કોઈ આરો જ નથી, પરંતુ ‘આ ઠેકાણે લઘુશંકા કેમ કરીને થાય ?’ તે સવાલ બહુ મૂંઝવતો, અને સંકોચ પણ ખરો, પરંતુ હવે તો તેને સંયમમાં રાખી શકાય એવી સ્થિતિ પણ રહી નહિ. પાછું ફરીથી પ્રાર્થના આદિની ભાવનામાં ટકવાને માટે સભાનપણે પ્રયત્ન પણ કરી જોયો. અડધોએક કલાક શરીરની ધ્યાનસ્થ સ્થિતિમાં વીત્યો ન વીત્યો, ત્યાં તો પાછું જાગી જવાનું બન્યું, અને લઘુશંકા કરવાની વૃત્તિ જબરજસ્ત બળવત્તમ પ્રમાણમાં પ્રગટી ઊઠી. હવે મારાથી ચલાતું તો હતું જ

નહિ. ઊઠાતું પણ ન હતું. ગાંડઘસણીએ પણ લાંબે સુધી જઈ શકાતું ન હતું. આ બધી જાતના પ્રયત્ન તો કરી ચૂક્યો હતો અને અહીં શ્રીઉપાસની મહારાજના પાંજરાની પાસે આ પવિત્ર જગામાં લઘુશંકા પણ કેમ કરીને થાય ! તે વિચારનું પ્રાબલ્ય પણ વિશેષ હતું. વળી, પાછું પ્રાર્થના, સ્મરણ, ધ્યાન આદિની ભાવનામાં રહેવા અને તેમાં મશગૂલ થવાનો પ્રયત્ન કર્યો અને ધ્યાનમાં જવાતાં તે ધ્યાનસ્થ દશાના ભાવમાં મને એમ સૂઝી આવ્યું કે 'આ બધી કરામત તો આ શ્રીઉપાસની મહારાજની જ છે. તેમની જ કોઈ કરામતથી મારાથી ઊઠી કે ચાલી શકાતું નથી. બાકી, મારા પગ તો અકડાઈ ગયા નથી ! ઊઠીને ચાલી શકવાની પૂરેપૂરી શક્યતા અને તાકાતવાળા છે, તેમ છતાં જ્યારે ઊઠાતું અને ચલાતું ન હતું ત્યારે મારી આ દશા પ્રગટવામાં એમનો કાંઈક હેતુ હોવો જોઈએ.'

આવું જ્ઞાન થતાં પછી તો મને ત્યાં લઘુશંકા કરવાનો સંકોચ પણ જતો રહ્યો. અને ત્યાં જ તે પ્રમાણે વર્તવાનું કર્યું. પાણી તો શું નીકળે, શું નીકળે ! પાર વિનાનું ! ત્યાં એકઠા થયેલા લોકો તેથી મને ભાંડવા લાગ્યા અને કોઈક તો મારવા પણ લાગ્યા. પછી તો જાજરૂ જવાનું પણ ત્યાં જ થયા કરતું. મળમૂત્ર એટલી બધી વાર થયા કે જેનો સુમાર નહિ. મારાં લૂગડાં પણ તેનાથી બધાં લદબદ થઈ ગયાં. એ ચાર ફૂટની જગા તો મળમૂત્રથી ભરાઈ જ ગઈ હતી. એવો ખ્યાલ પ્રગટે છે કે આશરે પાંચેક દિવસ સુધી તો પાણી કે ખાવાનું કંઈ પણ મળેલું નહિ, તેમ છતાં એટલાં બધાં મળમૂત્ર નીકળ્યાં જ કરતાં હતાં કે જેનો સુમાર ન હોય. મળની તો જાણે એક મોટી પથારી તે જગામાં થઈ ગઈ હોય તેવું બન્યું હતું.

લોકોએ મને માર મારવાનું પણ ચાલુ રાખ્યું હતું. લોકો પણ કંઈક કંઈક બોલતા કે 'સાલાને બાબા(ઉપાસની) થઈ જવું છે.' કેટલાક તો કહે કે 'સાલાને ઊંચકીને ફેંકી દો બહાર !' કેટલાક તેવો પ્રયત્ન કરવાને પણ તૈયાર થયેલા પણ મળની પથારીમાં પગ મૂકવાનું તેમનાથી સાહસ ન થઈ શક્યું, અને મને એટલે કે મારા શરીરને લોક વેગળેથી પથરા કે ઈંટાળા માર્યા કરતા હતા. આ બધો ખેલ શ્રીઉપાસની મહારાજ જોયા કરતા. પરંતુ તેઓ તો સંપૂર્ણ સાક્ષીવત્ જ રહેતા. પરંતુ ત્યાં એક નાની છોકરી હતી. અંદાજે તેરચૌદ વર્ષની હોય તો હોય. તે બહેન લોકોને વારંવાર મને નહિ મારવાને સમજાવતાં અને મને

બચાવવાનો પ્રયત્ન કરતાં હતાં. તેવી સ્મૃતિ હજી પણ મને જીવંત છે. (આ બહેન તે બીજાં કોઈ નહિ, પણ શ્રીગોદાવરી માતા પોતે જ. એ હકીકતની જાણ પાછળથી થઈ હતી.) આટલો બધો માર પડ્યા કરતો હતો છતાં મનાદિકરણની સમાધિના ભાવમાં જરા સરખો પણ ભંગ પડી શકતો નહિ. એક બાજુ તેવા ભાવની સતત એકધારી પતિતપાવની ગંગધારા ચાલ્યા કરતી હતી, બીજી બાજુથી લોકોના મારની ગંગધારા પણ ચાલતી હતી, પણ તે તૂટક તૂટક હતી અને ત્રીજી બાજુ મળમૂત્રની ક્રિયાનો પ્રવાહ પણ ચાલુ રહ્યા કરતો હતો, તોપણ એકધારું સાક્ષીભાવે તે બધું નીરખવાનું બન્યા જતું હતું. તેવાં ત્રણ પાસાંમાં તેવા ભાવનો સમરસ એકધારો એકસ્થપણાનો જીવતોજાગતો ટક્યા કરેલો અનુભવાતો હતો.

પાંચેક દિવસ આમ વીત્યા હશે તે પછીથી (દિવસની ગણતરી માત્ર આશરે ખ્યાલ ઉપરથી લખી છે. તે વિશે કશું ચોક્કસ કહી શકું તેમ નથી, કારણ કે એટલો બધો સમય જાણે કે એક પળ વારમાં વીતી જતો હોય તેવી તે સ્થિતિ હતી.) શ્રીઉપાસની મહારાજશ્રીએ મને ગરમ પાણી મંગાવીને પીવાને અપાવ્યું. અને આશરે બેત્રણ દિવસ સુધી તે જ કાર્યક્રમ ચાલ્યો હશે. શરીરની સ્થિતિ તો પૂર્વવત્ જ હતી. મળમૂત્રનો પણ ભારે પ્રમાણમાં ત્યાગ થયા જ જતો હતો. ઊનાં પાણીના બેત્રણ દિવસના પ્રયોગ પછીથી તદ્દન સૂકા રોટલાનો ટુકડો મહારાજશ્રીએ મને અપાવ્યો તેનું મને આજે પણ ભાન છે. લગભગ અગિયારેક દિવસ સુધી આવી સ્થિતિમાં રહેવાનું ભગવાનની કૃપાથી બન્યું. તે ઓચિંતું એમ લાગ્યું કે હવે તો ઊઠી શકાય એવું લાગે છે અને ચાલી શકાય એમ લાગે છે. એમ લાગવાથી તરત જ ઊઠ્યો અને દૂર દૂર આઘે જઈ પેલાં મળથી ગંદાં અને મેલાં બનેલાં કપડાંથી મુક્ત થયો અને શરીરને પહેલવહેલું તો સારી પેઠે સાફ કર્યું, પરંતુ તે ક્યાં, કેવી રીતે, સાફ કર્યું તે બિલકુલ યાદ નથી. તે પછી લંગોટ પહેરીને પાવડો તગારું ક્યાંકથી લઈ આવીને શ્રીઉપાસની મહારાજના લાકડાનાં પાંજરા પાસેની તે બધી જગ્યા પૂરેપૂરી સાફ કરી. તે પણ લગભગ બેભાન અવસ્થામાં. પાવડાથી સાફ કર્યા પછીથી હાથથી તે જગ્યા બધી સાફ કરી દીધી. તે પછીથી ભીનાં લૂગડાંથી અને તે પછીથી પાણીથી. બજારમાં જઈને સુખડના તેલની એક શીશી લઈ આવ્યો અને તે બધી જગા પર

સારી પેઠે છાંટ્યું. આ કામથી પરવાર્યો કે તરત જ શ્રીઉપાસની મહારાજની પ્રેમભાવે નડિયાદ પાછા ફરવાની રજા માગી, પરંતુ તેઓ બોલ્યા નહિ. અડધોએક કલાક પછીથી તેમણે મને નડિયાદ જવાની સંમતિ આપી અને બોલ્યા કે 'હવે તારી આ સ્થિતિ કાયમ જીવંત રહેશે.'

આવી બધી સાધનાની ઊંડી ઊંડી સૂક્ષ્મ રીતોનું મને તો કશું જ્ઞાનભાન ન હતું. હું તો તેમનામાં મારા ગુરુમહારાજનો જ ધ્યાનભાવ રાખતો. પહેલવહેલું જ્યારે ગુરુમહારાજ પાસે જવાનું થયું હતું ત્યારે તેઓને કેટલીય વાર બોલતાં સાંભળેલા કે 'હું સાંઈબાબા છું, હું તાજુદ્દીન બાબા છું, હું ઉપાસની મહારાજ છું, હું અક્કલકોટનો સ્વામી છું.' એવાં કેટલાંય નામો તે સ્વમુખે બોલતા અને પાછા કહેતા કે 'તે તે બધા હું જ છું.' ત્યારે મને તેની સમજણ પડતી નહિ અને મને તો ત્યારે એ વદતોવ્યાઘાત જેવું લાગતું. તેવું કેમ કરીને શક્ય બની શકે તે કદી સમજણમાં ઊતરતું જ નહિ. સાકુરીમાં પહોંચ્યા પછી શ્રીઉપાસની મહારાજના શરીરમાં જ મને તો મારા સદ્‌ગુરુનાં પ્રત્યક્ષ જીવતાંજાગતાં હાજરાહજૂર દર્શન થયેલાં. મારા દિલમાં મારા સદ્‌ગુરુ પરત્વેની પ્રેમની ભક્તિની જે પ્રચંડ જીવંત ભાવના હતી, તે તેમનામાં પ્રત્યક્ષ સાકાર થઈ હોય, એમ આપણને લાગે, પરંતુ ત્યારે મને મારા ગુરુમહારાજ જે બોલતા કે 'હું સાંઈબાબા છું, શ્રીઉપાસનીબાબા છું, તાજુદ્દીનબાબા છું.' એવાં તેમનાં વચનોની ભાવપૂર્વક સ્મૃતિ પ્રગટતાંની સાથે જ શ્રીઉપાસની મહારાજના શરીરમાં મારા ગુરુમહારાજનાં પ્રત્યક્ષ દર્શન થયાં, તેથી તેમનાં બોલેલાં વચનોની યોગ્ય સાર્થકતા પણ અનુભવાઈ. ત્યાંથી હું તો પાછો આવીને નડિયાદમાં મારે કામે લાગી ગયો.

*જીવનદર્શન : ૩૪૪-૩૬૩*

કેટકેટલી મોટી શી શ્રીહરિની કૃપા થઈ !
મુશ્કેલમાંહી મુશ્કેલ કર્મ સિદ્ધ કરાવિયું;
અવળચંડું મન સંપૂર્ણ ઠેકાણે ઠામ પાડિયું,
એવા તે મનનો નાદ હવે ન્યારા પ્રકારનો.

*ભાવહર્ષા : ૪૪* - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

## ખંડ - ૫

# શ્રીસાંઈબાબા

નમું છું નમું, સાંઈબાબા તને હું,
સ્મરું છું સ્મરું, સાંઈબાબા તને હું,
ભજું છું ભજું, સાંઈબાબા તને હું,
સ્તવું છું સ્તવું, સાંઈબાબા તને હું.

નમું છું નમું હું તને પ્રેમરૂપ,
નમું છું નમું હું તને ભાવરૂપ,
નમું છું નમું હું તને રંગરૂપ,
નમું છું નમું હું તને દિવ્યરૂપ.

નમું છું નમું હું તને શક્તિરૂપ,
નમું છું નમું હું તને ભક્તિરૂપ,
નમું છું નમું હું તને જ્યોતિરૂપ,
નમું છું નમું હું તને સૌ સ્વરૂપ.

*સાંઈ સ્તવન* - **શ્રીમોટા**

જાણું, એક જ તું પ્રભુ ! જગતમાં આનંદનું ધામ છે,
તો આસ્વાદ લીધા વિના ઉર પૂરો એનો ઠરું શેં હવે !
મારું હું બળ વાપરીશ સઘળું, જંપી ન બેસીશ હું,
મારા પ્રાણ છૂટી જતા પણ ભલે હું લૈશ ધાર્યું પ્રભુ.

*જીવનદર્શન : ૩૧* **- શ્રીમોટા**

# શ્રીસાંઈ સમાગમ

સને ૧૯૩૮નો સમય. સ્થળ કરાંચી, કાળીચૌદશની મધરાત. દરિયામાંના એક ખડક પર બેઠેલો. બાજુમાં સાગર ઘૂઘવી રહ્યો છે. જ્યારે ધ્યાનમાં ઊતરવાની તૈયારીમાં હતો ત્યારે એક ફકીર જેવો પુરુષ પ્રગટ થાય છે. અને નીચે પ્રમાણે મને તતડાવે છે.

'ઈધર ક્યોં બૈઠા હૈ ?'

'ભગવાન કે ધ્યાન મેં.' ઉત્તર વાળ્યો.

'નહીં, ઈધર તુમ નહીં બૈઠ સકતા.'

'ક્યોં ?'

'યહ મસ્ત લોગોં કી જગહ હૈ.' 'મુઝે ભી મસ્ત બનના હૈ.'

'લેકિન ઈધર સે તુમ ચલે જાવ.'

'નહીં જા સકતા.'

'તો મરેગા.'

'બહુત અચ્છા.' એટલી જ નિર્ભયતા અને મક્કમતાથી મેં જવાબ આપ્યો.

એટલે પેલા ઑલિયાએ એક મોટો પથ્થર ઉપાડીને મારા ઉપર ફેંક્યો. પથ્થર માથાને ન વાગ્યો પણ માથાના વાળને સ્પર્શ કરીને આબાદ રીતે પસાર થઈ ગયો. એ સ્પર્શ થતાં જ અંતરમાં અંતરથી લાગી જ ગયું કે આવો મોટો પથ્થર આવી આબાદ કળથી ફેંકનાર માનવી કોઈ સામાન્ય ન હોવો જોઈએ. પરંતુ કોઈ દેવાંશી આત્મા જ હોવો જોઈએ. એટલે નીચે નમીને ફકીરનાં ચરણો પકડી લીધાં. અને તરત જ ઊંડા ધ્યાનમાં ઊતરી ગયો. કેટલીક વાર પછી પગની પકડ છૂટી ગઈ અથવા તે મહાત્માએ છોડાવી અને વહેલી સવારે ઉતારે ગયો.

*જીવન અને કાર્ય : ૬૩૨*

ત્યાર પછી મેં તેમને કહ્યું, 'માનો ન માનો પણ તમે કોઈ મોટા ઓલિયા છો. માટે મને આશીર્વાદ આપો.' પેલા ઓલિયા બોલ્યા, 'જો, તારી સાધનામાં પ્રગતિ કરાવવા હું અહીં આવ્યો છું. પરંતુ તે પહેલાં મારે તારી કસોટી કરવી હતી કે તું મારાથી ગભરાય છે કે કેમ ? પણ તું ગભરાયો નહિ અને અડગ રહ્યો. તેથી તારા પર હું ખુશ થયો છું. તેથી આજે તને હું સાધનાની એક વિધિ શીખવીશ.'

હું તો તેમની વાત સાંભળીને ખુશ ખુશ થઈ ગયો. હું પોતે સદ્‌ભાગી હતો કે કાળીચૌદશની રાતે સાધનાની એક વિધિ બતાવવા મારી પાસે કોઈ ઑલિયા આવ્યા હતા. મેં તેમને વારંવાર પ્રણામ કર્યા.

પરંતુ પેલા ઑલિયાએ મને કહ્યું, 'જો હું તને સાધનાની વિધિ બતાવું તે અગાઉ તારે મારું એક કામ કરવું પડશે. મારે સિગારેટ પીવી છે, માટે તું તે લઈ આવ.'

મધરાત થઈ ગઈ હતી. એટલે બધી દુકાનોમાં માણસો સૂઈ રહેલા. તેમને જગાડીને સિગારેટ મેળવી શકાય,એમ વિચારી હું તે જગ્યા તરફ જવા લાગ્યો. પણ થોડે ગયો હોઈશ, ત્યાં ઑલિયાએ કહ્યું, 'જો, પૈસા આપીને સિગારેટ લાવવાની નથી, પણ મફત લાવવાની છે તે ધ્યાનમાં રાખજે.'

મેં તેમની વાત સાંભળી લીધી અને ચાલવા માંડ્યું. ચાલતાં ચાલતાં કૅબિન પાસે આવી પહોંચ્યો. કૅબિનવાળી દુકાનનાં પાટિયાં મેં ખટખટાવ્યાં. ખખડાટ થતાં કૅબિનવાળો જાગી ગયો અને બોલ્યો, 'કોણ છે ભાઈ ? કેમ આવ્યો છું ? આટલી મોડી રાતે આવતાં શરમ આવતી નથી ?' મેં કહ્યું, 'ભાઈ, મારે સિગારેટ જોઈએ છે.' કૅબિનવાળો કહે, 'આ સિગારેટ લેવાનો સમય છે ? અત્યારે જો તારે સિગારેટ જોઈતી હોય તો વધારે કિંમત આપવી પડશે ? બોલ, છું તૈયાર ?

મારે તો કોઈ પણ હિસાબે સિગારેટ જોઈતી હતી. જે કિંમત માગે તે આપવા હું તૈયાર હતો. પણ ખિસ્સામાં પૈસા ન હતા. હવે શું થાય ? તરત મને વિચાર આવ્યો કે ભલે પૈસા નથી, પણ આ ઓઢવાનો કામળો તો છેને, તે તેને આપીશ અને આવતી કાલે તેને કિંમતના પૈસા આપી કામળો પાછો લઈ જઈશ. એટલે મેં કૅબિનવાળાને કહ્યું, 'ભાઈ, તું જે પૈસા કહીશ તે હું આપીશ. મહેરબાની કરીને સિગારેટ આપ. મારે જલદી જવું છે.'

કૅબિનવાળાએ સિગારેટ આપી. મેં વિચાર કર્યો, દીવાસળી વિના સિગારેટ કેવી રીતે પીશે ? એટલે દીવાસળીની પેટી પણ લઈ લીધી. પછી પેલા કૅબિનવાળાને મેં કહ્યું, 'જો ભાઈ, અત્યારે મારી પાસે પૈસા નથી. પણ તને આ ઓઢવાનો કામળો આપતો જાઉં છું. હું અહીં પાસે જ રહું છું. આવતી કાલે પૈસા આપીને કામળો પાછો લઈ જઈશ.'

આ વાત સાંભળીને કૅબિનવાળો તો ગુસ્સે થઈ ગયો અને બોલ્યો, 'તારી પાસે પૈસા ન હતા તો પહેલેથી કહેવું હતુંને ? સિગારેટ અને દીવાસળીની પેટી પાછી લાવ. પૈસા હોય તો લઈ જા. કામળો મારે નથી જોઈતો. 'મેં કહ્યું, 'ભાઈ, તારી આ સિગારેટ અને દીવાસળીની કિંમત કરતાં આ કામળો ઘણી વધારે કિંમતનો છે. કાલે પૈસા આપી જવાનું કહું છું, ત્યાં સુધી કામળો તારી પાસે રહેશે. છતાં શા માટે આમ કરે છે ?'

મારી અને કૅબિનવાળા વચ્ચે આવી રકઝક ચાલી રહી હતી, ત્યાં જ એક માણસ દોડતો આવી મારા હાથમાં પૈસા મૂકતાં કહ્યું, 'કૅબિનવાળાને આપવા માટે બાબાએ આ પૈસા મોકલ્યા છે. માટે પૈસા આપી સિગારેટ લઈને વહેલો વહેલો તું એમની પાસે પહોંચી જા.' મારા હાથમાં પૈસા જોયા. તો કૅબિનવાળો માગતો હતો, તે કરતાં થોડા વધુ હતા. મેં કૅબિનવાળાના હાથમાં પૈસા આપતાં કહ્યું, 'તારા જે પૈસા થતા હોય તે લઈ લે અને બાકીના મને પાછા આપ.' કૅબિનવાળાએ તેના પૈસા લઈ લીધા અને બાકીના જે વધતા હતા તે મને પાછા આપ્યા. મેં તે પૈસા ધોતિયાની ઓટીએ ચઢાવી ચાલવા માંડ્યું.

મેં ત્યાં જઈને પેલા ઑલિયાના હાથમાં સિગારેટનું પાકીટ અને દીવાસળીની પેટી મૂકી. પેલા ઑલિયાએ વિચાર કર્યો હશે કે આ માણસ છે તો હોશિયાર. મંગાવી હતી તો સિગારેટ, પણ સાથે દીવાસળીની પેટી પણ લઈ આવ્યો છે, એટલે તે બુદ્ધિશાળી લાગે છે.

ઑલિયાએ સિગારેટનું પાકીટ ખોલીને એક સિગારેટ પોતે લીધી અને સળગાવીને પીવા માંડી. બીજી સિગારેટ મને આપીને પીવાનું કહ્યું. પરંતુ મેં તરત જ કહ્યું, 'માફ કરો, મને સિગારેટ પીતાં આવડતી નથી.' પણ ઑલિયા કહે, 'એમ ના ચાલે. તને જેમ આવડે તેમ પી.' મને સિગારેટ પીવાની આદત ન હતી. સિગારેટ સળગાવીને પીવા માંડી, ત્યાં ખોં ખોં ખોં ખોં થઈ ગયું. તરત જ મેં સિગારેટ ફેંકી દીધી.

ઑલિયાએ સિગારેટ પીધી પછી મને પાસે બોલાવ્યો અને સુખાસનમાં બેસીને ધ્યાનમાં બેસવા કહ્યું. હું તો તે પ્રમાણે ધ્યાનમાં બેઠો. થોડી વાર પછી ઓલિયાએ મને પૂછ્યું, 'ધ્યાનમાં તને શું દેખાય છે.' મેં કહ્યું, 'મને તો કશું જ દેખાતું નથી.' ઑલિયા કહે, 'સારું, જો હવે હું તારી સામે બેસું છું અને ધ્યાન

કરું છું. શું દેખાય છે તે તું જોજે.' એટલું કહીને તે ધ્યાનમાં બેઠા અને મેં શું જોયું ' તેમના શરીરમાંથી તેજકિરણની ધારા સતત નીકળતી હતી. અને પાછી શરીરમાં વિલીન થઈ જતી હતી. આ તેજકિરણની આવનજાવન કેટલાય વખત ચાલી. આ તેજકિરણોનો પ્રકાશ આહ્લાદક હતો. વીજળીના ગોળાની પ્રકાશની તો ગરમી લાગે, પરંતુ આ પ્રકાશની ગરમી સ્પર્શતી ન હતી.

થોડીવાર પછી ઑલિયા જાગ્રત અવસ્થામાં આવ્યા અને કહ્યું, 'જો, હવે તારા શરીરમાં પણ આ પ્રમાણે થાય એવી ક્રિયા કરું છું.' કહીને એમણે મને સુખાસનમાં બેસવા કહ્યું. હું સુખાસનમાં બેઠો. પછી એમણે મારી પાસે આવીને હૃદયસ્થાન ઉપર ટકોરો મારીને કોઈ લીટો ન મારતા હોય તે અનુસાર હૃદયસ્થાનથી લીટો મારતાં મારતાં નાસિકા ઉપર થઈને કપાળની મધ્યમાં ટકોરો માર્યો. પછી જતાં જતાં માથામાં બ્રહ્મરંધ્રની જગ્યાએ ટકોરો માર્યો. તે સાથે જ મારા શરીરમાં વીજળીનો સંચાર થયો અને ઑલિયાના શરીરમાંથી જે પ્રકાશનાં તેજકિરણોનો પ્રવાહ વહેતો હતો, તે મારા શરીરમાંથી વહેવા માંડ્યો. આ એક રોમાંચક બનાવ હતો.

કેટલાય વખત સુધી મારા શરીરમાંથી તેજકિરણોની આવનજાવન થયા પછી ઑલિયાએ મને સ્પર્શ કર્યો અને ક્રિયા અટકી ગઈ. પરંતુ હું જાણતો ન હતો કે મારી ઉપર આ ક્રિયા શા માટે કરી હતી ! એટલે મેં નમ્રતાપૂર્વક ઓલિયાને પૂછ્યું, 'બાપુ, કૃપા કરી આ ક્રિયાનો હેતુ સમજાવશો તો તમારો અહેસાનમંદ થઈશ.' મારી વાત સાંભળી ઑલિયા બોલ્યા, 'આ તેજકિરણો તારા શરીરના રોમેરોમમાં ફરીવળીને બહાર આવતાં હતાં અને પાછા તારા શરીરના રોમેરોમમાં ફરી વળ્યાં હતાં. તારી શરીરશુદ્ધિને માટે મેં તારી ઉપર આ ક્રિયા કરી હતી. હવે તારી શરીરશુદ્ધિ થઈ ગણાય.'

મેં તો તેમના પગ પકડીને ચૂમ્યા અને પગે લાગ્યો. આથી, ઓલિયા મારા ઉપર પ્રસન્ન થયા અને કહ્યું, 'જો, હવે ફરી વાર ધ્યાનમાં બેસ અને તારી જાતે ફરીવાર એવો અનુભવ કર.' હું તો ફરીવાર ધ્યાનમાં બેઠો. હૃદયસ્થાને ટકોરો મારી હૃદયથી નાસિકા ઉપર થઈને કપાળમાં ટકોરો મારીને બ્રહ્મરંધ્રસ્થાન આવતાં તેની ઉપર ટકોરો માર્યો. તે સાથે શરીરમાંથી વીજળીનો સંચાર થઈને તેજકિરણોની માળા શરૂ થઈ અને બહાર જઈને પાછી શરીરમાં વિલીન થવા

લાગી. આ સ્થિતિ કેટલાય વખત સુધી રહી. પછી ઑલિયાનો આદેશ મળતાં તે બંધ કરી અને ફરીવાર મેં ઑલિયાને અરજ ગુજારી.' બાપુ, ફરી વાર તમે મારી પાસે આ ક્રિયા શા માટે કરાવી ?'

ઑલિયાએ જવાબ આપ્યો, 'જો, પહેલી વારની ક્રિયાથી તારી શરીરશુદ્ધિ થઈ. બીજી વારની ક્રિયાથી તારી ઇંદ્રિયશુદ્ધિ થઈ. આમ, બંને શુદ્ધિઓ થતાં હવે તું આત્મશુદ્ધિ પામ્યો છે. હવે તારે બીજી કશી શુદ્ધિની જરૂર નથી. હવે તારે છેલ્લી ક્રિયા કરવાની છે, તે રામનવમીના દિવસે તું જ્યાં હોય ત્યાં કરજે.' એમ કહીને ઑલિયાએ કહ્યું, 'હવે તું તારે જા.' હું તેમને પગે લાગ્યો અને મેં ઑલિયાની વિદાય લીધી અને વહેલી સવારે મારે ઉતારે ગયો.

જે ઑલિયાએ આવી ગૂઢ વિધિ બતાવી તે ઑલિયા કોણ હશે ? મને પણ સવાલ થયો અને તે વિશે વિચાર કરતાં કરતાં હું ઘરે આવી પહોંચ્યો. ઘરે બધાં મારી રાહ જોઈને બેઠાં હતાં. ઘરે આવતાં સૌ ખુશ થયાં અને ગઈ કાલના રાતના અનુભવ વિશેની વાતો પૂછવા લાગ્યા.

હું સૌને વાતો કહેતો હતો એવામાં 'કરાંચી ઓબ્ઝર્વર'ના તંત્રી શ્રી શર્મા સાહેબ આવી પહોંચ્યા. તેમને આધ્યાત્મિક બાબતોની વાતોમાં ઘણો રસ હતો, એટલે તેઓ પણ આ વાતો સાંભળવામાં જોડાયા. તેમણે વીંટીં પહેરી હતી તે ઉપર જે ચિત્ર-છબી હતી તેની ઉપર મારું ધ્યાન વારંવાર જતું હતું.

*તરણામાંથી મેરુ : ૧૬૩-૧૬૮*

મેં તેમને કહ્યું, 'આના જેવો જ ચહેરો મેં જોયો હતો.' 'મોટા, ઊભા રહો, મારી પાસે બીજો મોટો ફોટો છે. લૉકેટમાં છે.' એમની પાસે મોટી રુદ્રાક્ષની માળા હતી. એમાં મોટો ફોટો હતો. મેં કહ્યું, 'આ જ માણસ રાત્રે આવેલા.' પછી તેમણે ગજવામાંથી કાઢી કાર્ડ સાઇઝનો ફોટો બતાવ્યો, મેં કહ્યું, 'આ જ માણસ.' આ તો ના હોય. કારણ કે આ તો મરી ગયા છે. ૧૯૧૮ની સાલમાં.' તોપણ મેં કહ્યું, 'મરી ગયા હોય કે ના મરી ગયા હોય, એ કાંઈ હું જાણતો નથી. પણ ચહેરો બરાબર આ જ જાતનો હતો. બરાબર, આ સાંઈબાબાનું જ દર્શન મને થયું હતું.' આ રીતે સાંઈબાબાએ મારી સાધનામાં સ્પર્શ કર્યો. **મારી સાધનામાં છેલ્લો સ્પર્શ-ફાઈનલટચ શ્રીસાંઈબાબાનો હતો.**

*જન્મ-પુનર્જન્મ : ૪૬-૪૭*

## દરિયામાં ચાલ્યા જવાનો હુકમ

પ્રભુકૃપાથી સદ્ગુરુ મહારાજની આજ્ઞાનું પ્રેમભક્તિપૂર્વક કેટકેટલા ભાવના ઉમળકાથી હું પાલન કરતો. હું કરાંચીમાં રહેતો ત્યારે રોજ ક્યાંક ને ક્યાંક ફરવા જવાનું કર્યા કરતો હતો. એકવાર સવારમાં દરિયા કિનારે લાંબે સુધી ફરવા જવાનું બન્યું. તે સમયે શ્રીસદ્ગુરુ મહારાજની આજ્ઞા દરિયામાં ચાલી જવાની મને થઈ. સ્થૂળ રીતે તો તેઓશ્રી ત્યાં હાજર ન હતા, પરંતુ દિલમાં તેઓએ પ્રગટ થઈને તેવી આજ્ઞા ફરમાવી હતી. આ કાંઈ માત્ર ભ્રમણાનો પ્રસંગ ન હતો. અથવા ગાંડપણ હતું એમ પણ ન હતું. શ્રીસદ્ગુરુ મહારાજની પ્રત્યક્ષ હાજરીનું ભાન થતાં તેનું જ્ઞાન પણ મને પ્રગટ્યું હતું અને તેનું પાલન કર્યું. છેક મોઢા સુધી દરિયાનાં પાણી આવ્યાં ત્યાં સુધી એકમાત્ર સદ્ગુરુનાં ચરણકમળે પ્રાર્થનાનો જીવતોજાગતો ભાવ પ્રગટેલો રહ્યા કર્યો હતો, તેટલું અને તેવું ભાન તે કાળે હતું. તે આજે પણ તાદશ્ય છે. તે પછી શું થયું તેની કશી ખબર નથી. કરાંચીના આપણા ક્લિફ્ટનના બંગલાથી ક્યાંયે દૂર કેટલે આઘે દરિયાનાં પાણીથી દૂર ફેંકાઈ જઈને શરીર પડી રહેલું હતું, અને શરીર પરનાં કપડાં ભીંજાયેલાં હતાં. જાગ્યો ત્યારે તે ખૂબ પાણીથી લદબદ થયેલાં ન હતાં. એટલે ધાર્યું કે થોડોક સમય શરીરની બેભાન અવસ્થામાં ત્યાં પડ્યા રહેવાનું બન્યું હશે ! શરીરનું ભાન પ્રગટતાં ઊઠીને ચાલવા માંડ્યું અને તે પછી બંગલે આવ્યો. કપડાં પણ બધાં પલળેલાં હતાં, તે જોઈને તમે બધાંએ બહુ પૂછપરછ પણ કરી હતી. *જીવનદર્શન : ૨૨૪-૨૨૫*

## રમજાન માસના રોજા

પહેલાં હું રમજાન માસના રોજા કરતો હતો. રોજા કઈ રીતે ? સંયમની રીતે. તે દિવસે પાણી પણ પિવાય નહિ, થૂંક પણ ગળાય નહિ. કંઈ જ નહિ. ગળાની નીચે કંઈ કશું જાય નહિ. લાળ પણ ન જાય. મારા મનમાં એમ કે સંયમની આપણામાં દૃષ્ટિ કેળવાય છે ! પણ મુસલમાનની રીતે હું થોડુંક જ જમું અને તે પણ પ્રવાહી માત્ર. અને સવારમાં ઊઠીને કશું લઉં નહિ. રાત્રે બાર વાગ્યે ઊઠીને પાણી પી લઉં. પાણી હું થોડું પીતો. એટલે સંયમની દૃષ્ટિ કેળવવા હું રોજા કરતો અને તે કાળે હિન્દુમુસલમાન એકતા માટે ગાંધીજી બહુ

કહેતા. એટલે એ માટે પણ મારો ભાવ ખરો. અને અઠ્ઠાવીસ દિવસના રોજા કરતો. ત્યારે રોજાને દિવસે મને થયું. મેદાનમાં હું નમાજ પઢવા જાઉં. અમે તો ક્લિફ્ટનમાં રહીએ એટલે મેદાન તો છેક શહેરની અંદર. એટલે આ લોકો મને જવા ના દે. 'લોકો તને મારશે. અરે, તું ધોતિયું પહેરે છે.' ત્યારે તો હું કાછડીવાળું ધોતિયું પહેરતો. પછી મેં કહ્યું, 'મને કંઈ નહિ થાય, તમે મને જવા દો. આજે મારું મન બહુ જ છે.'' એટલે ગયો. જ્યાં ગાડીઓ ઊભી રાખે છે ત્યાં ગાડી ઊભી રાખીને હું તો અંદર ગયો. સાંઈબાબાને બે ત્રણ વાર હું મળી ચૂક્યો હતો. ત્યાં બેઠેલા બધા નમાજ પઢતા. મારા આશ્રમમાં (હરિજન આશ્રમ)માં કુરેશી સાહેબ હતા, તેમને ત્યાં હું જતો અને જે રીતે નમાજ પઢે, તે બધું જોયેલું ખરું, એટલે બધા ઊભા થાય અને નીચા પડે તેમ હું કર્યા કરું. જરા પણ ફરક નહિ. હું તો મારી પ્રાર્થના કર્યા કરું. એ એમનું બોલ્યા કરે. એટલે કોઈએ વાંધો નહિ લીધેલો. હું તો બધું બરાબર એ પ્રમાણે કરું. એટલે બધાંએ મને જોયેલો ખરો કે આ કોઈક નવતર છે, પણ હું એમની રીતે નમાજ પઢ્યા કરતો.

*જન્મ-પુનર્જન્મ : ૪૮*

તે બધું પૂરું થયું અને બધા વિખુટા પડવા લાગ્યા, ત્યાં કરાંચીમાં ચાળીસ દિવસના ઉપવાસ કરેલા. ત્યાં સાડી આડત્રીસ દિવસના ઉપવાસ થયા તે રાત્રે ગોદડિયા મહારાજ આવ્યા. હું સૂતો હતો, તે એકદમ ઊભો થઈ ગયો. સાષ્ટાંગ દંડવત્ પ્રમાણ કર્યા. મેં કહ્યું, 'બહુ કૃપા કરી.' તો તેઓ કહે, 'હવે તારે ઉપવાસ-બુપવાસ કરવાની જરૂર છે ? હવે તારે આ બધું કરવાની જરૂર નથી. મારા દેખતાં હવે ખાઈ લે.' મેં કહ્યું, 'જેવો આપનો હુકમ.'

એટલામાં તો મહારાજ જતા રહ્યા. અદૃશ્ય થઈ ગયા. હું ઊઠીને રસોડામાં ગયો. એ લોકોનો મોટો બંગલો હતો. કરાંચીમાં દરિયા કિનારે રહેતા હતા. મેં ગૅસ સળગાવી ચા કરી અને ચાનો પ્યાલો લઈને ડાઈનિંગ ટેબલ ઉપર ખુરશી ઉપર બેઠો. રકાબીમાં ચા રેડી જ્યાં સિપ (ઘૂંટડો) લેવા જઉં છું, ત્યાં થયું કે હવે એક જ દિવસ બાકી રહ્યો છે. મહારાજે હુકમ કર્યો તેથી મેં ચા બનાવી અને જરા મેં લીધી. એક સિપ લીધી ખરી, એ રીતે હુકમ પાળ્યો ખરો. હવે દિવસ કાઢી નાખીશ. એમ વિચાર કરીને વધેલી ચા મેં ઢોળી દીધી. પાછો આવીને સૂઈ ગયો.

સવારમાં ઊઠીને મારા બાપુને બધી વાત કરી. તે સિંધિયા સ્ટીમ નૅવિગેશનના મૅનેજર હતા. એમણે કહ્યું, 'તારી બાબતમાં મારાથી કંઈ કહેવાય નહિ.' ઉપવાસ હતા, તોપણ હું હરતો ફરતો રહેતો. પછી તો હું તેમની સાથે મોટરમાં ગયો. ત્યાં ચાર રસ્તા પર એક મેલોઘેલો સાધુ હતો. તેના વાળ મોટા હતા. ફાટેલો કામળો ઓઢ્યો હતો. એકદમ તે મોટરની વચ્ચે આવીને ઊભો રહ્યો. એણે કહ્યું, 'ઊતર જા.' એટલે હું તો ઊતર્યો. એટલે બાપુ મને કહે કે 'ચૂનીલાલ, તને તો સાવ અક્કલ નથી.' મેં કહ્યું કે 'તમારી કહેવી વાત સાચી છે.' એમણે કહ્યું, 'હવે ગમે તે માણસ કહે અને ઊતરી જવાય ?' મેં કહ્યું, 'મારે તો ઊતરી જવું પડશે. મારા હૃદયમાં પણ એવો જ ભાવ જાગે છે.' પછી તો એ પણ ઊતર્યા. મેં કહ્યું, 'આપ જાઓ. ઑફિસનો વખત થઈ જશે.' તો કહે, 'ના, હું અમસ્તો તને મૂકીને ના જાઉં. તું પછી તેની સાથે જતો રહે તો ? તને કોઈ લઈ જાય તો ?' એમને મારા પર બહુ પ્રેમ.

પછી મને પેલા સાધુ કહે, 'સાલા, અભી તક તેરેકુ સંકલ્પ કા ગુમાન હૈ ? લે, ખાઈ લે.' બે પડીકાં તૈયાર રાખેલાં. ક્યાં હું દસ માઈલ દૂર દરિયા કિનારે રહેનારો અને ક્યાં આ ફૂટપાથ પર પડેલો જડ જેવો ઑલિયો ! કેટલા વખતથી હું તેને જોતો. એને કંઈ જ કશી લેવાદેવા નહિ. બસ, પડ્યો જ રહ્યો હોય. કહો, ક્યાં આ માણસ અને મારે ગોદડિયા મહારાજ સાથે થયેલી વાતચીત ! મેં કહ્યું, 'બાપુ, મેં ચા લીધી એટલે જાણ્યું કે મેં પૂરું કર્યું. એક જ દિવસ બાકી હતો એટલે મેં ખાધું નહિ. મારા મનમાં સંકલ્પનું ગુમાન તો છે જ નહિ. પણ તમે કહો તે વાત સાચી.' એટલે ત્યાં ને ત્યાં ઊભાં ઊભાં ખાઈ લીધું. આટલા બધા દિવસના ઉપવાસ હતા. તોપણ જે આપ્યું તે ખાઈ ગયેલો. પણ મારા શરીરમાં કોઈ તકલીફ થઈ નહિ. *વાણી-૭ : ૬-૮*

## 'નાગો થઈને ચાલ્યો જા'

આ પ્રમાણે મેં રોજા કર્યા ત્યારે ઈદને દિવસે ઈદગાહના મેદાનમાં નમાજ પઢ્યા પછી બધા વિખૂટા પડવા માંડ્યા, ત્યાં મને સદ્‌ગુરુનાં સહસા દર્શન થયાં. હું તો ત્યાં જ ગદ્‌ગદભાવે પગે પડ્યો. તેમણે મારી પીઠ થાબડીને માથા ઉપર હાથ મૂકીને હુકમ કર્યો કે 'અહીંથી નાગો થઈને તારે ઘેર ચાલ્યો જા.'

મને સાચેસાચ દિલમાં લાગી ગયું કે 'હવે તો ખરેખરી પળ આવી લાગી. આ પળ ચૂક્યા તો તો ખરી અણીની વેળા ચૂક્યા. આ પળ જ પ્રેમભક્તિથી તે

આજ્ઞા પાળવાની સાચી પળ હતી. દેહનું મમત્વ, દેહની મડાગાંઠ અને દેહ પરનો સંકોચ. તે બધાંથી મુક્ત થવાનો આ એક અમૂલો પ્રસંગ ભગવાને કૃપા કરીને સંપડાવ્યો. તે જ ઠેકાણે જો મારાં કપડાં કાઢીને હું ભીમજીભાઈને (ડ્રાઇવરનું નામ) સોંપી દઉં, તો તે તો મને તેમ ન કરવા દે. અને મને મોટરમાં ઊંચકીને મૂકી દઈ ક્લિફ્ટનના બંગલે જ લઈ જાય. એટલે આપણે બંગલે કોઈ કોઈ વાર મલબારના વતની શ્રી કલ્યાણપુર આવતા, અને તેમને આવા માર્ગ પરત્વે કંઈક અભિરુચિ પણ ખરી, એટલે તે ભાઈ મારા આવા પ્રકારના આજ્ઞાપાલનને કદાચ બરાબર સમજી શકશે. એમ જાણીને તેમને ત્યાં બેસવાનું બહાનું કાઢીને મોટરને ત્યાંથી રવાના કરી દઈને મારા કપડાં વગેરે બધું તે ભાઈ કલ્યાણપુરને સોંપીને હું ત્યાંથી ચાલવા માંડીશ.' એમ વિચારી મોટરને કલ્યાણપુરને ત્યાં લઈ જવાની સૂચના કરી. પછી ભીમજીભાઈને કહ્યું કે 'બાપુ, (શ્રી પરસદભાઈ) અને બધાંને કહેજે કે 'હું કલ્યાણપુરને ત્યાં છું. ત્યાંથી નિરાંતે આવીશ. મારી કશી ફિકર ન કરે અને બધાં જમી લે.'

તે પછી મોટર તો વિદાય થઈ ગઈ. હું દાદર પર ચઢીને શ્રી કલ્યાણપુરને ત્યાં ગયો. કલ્યાણપુર મળ્યા. તેમને મેં જણાવ્યું કે 'આજે તો પરમ સૌભાગ્યનો અને સદ્‌ભાગ્યનો સૂરજ ઊગ્યો છે. મને મહેબૂબનો હુકમ મળ્યો છે અને તેનું મારે પ્રેમભક્તિથી પાલન કરવું છે.' તેમને મેં કેવો હુકમ હતો તે કહી સંભળાવ્યો ત્યારે તો તે પણ ગભરાઈ ગયા. 'ના, ના અહીં નહિ, અહીં નહિ.' એમ બોલી ઊઠ્યા. પરંતુ મેં તેમને શાંત પાડીને સૂચવ્યું કે 'તમે ખાલી ખાલી ગભરાઓ નહિ. તમે નીચે રસ્તા ઉપર આવો, તમારા ઘરથી થોડેક દૂર જઈને હું મારાં કપડાં તમને ઉતારી આપું છું. તે બધાં કપડાં લઈને સાઇકલ પર ક્લિફ્ટના બંગલે જજો. બાપુને (પરસદભાઈને) તથા બધાંને મારી આ હકીકત જણાવજો. અને કોઈ જરા પણ ગભરાય નહિ. હું નિરાંતે બધે ફરતો ફરતો ઘેર જરૂર આવી પહોંચીશ. માત્ર ક્યારે ઘેર પહોંચી શકીશ તે ચોક્કસપણે ન કહી શકું.'

પછી મારાં બધાં જ કપડાં શરીર ઉપરથી ઉતારીને ભાઈ કલ્યાણપુરને મેં સોંપી દીધાં. જેવાં કપડાં ઉતાર્યાં કે તરત જ શરીરના રોમેરોમમાં એક એવા પ્રકારનાં ભાવ અને મસ્તી પ્રગટ્યાં. અને તેનો આવેશ અને જુસ્સો એટલો

બધો પ્રચંડ હતો કે જમીન પર પગ પણ ટેકવી શકાતા ન હતા. જાણે પૃથ્વીથી અધ્ધર ઊડતો જ હોઉં. એવું મને લાગ્યા કરતું હતું. થોડીક પળોમાં તેવું ભાન પણ વિલીન થઈ ગયું. શરીર ચાલ્યા કરતું હતું. પરંતુ તે ચાલ્યા કરવાના ભાન કરતાં, કોઈ જુદા જ પ્રકારનું ભાન અંતરમાં અંતરથી ત્યારે પ્રવર્તતું હતું. એવી સ્થિતિમાં કરાંચીના મોટા મોટા રસ્તાઓ પર થઈને ક્યાં ક્યાંથી ચાલવાનું થયું હશે તેની કશી જ ખબર નથી. માત્ર એક સ્થળે એક ગોરા સાર્જન્ટે મને રોકવાનો પ્રયત્ન કર્યો હતો, તે ખ્યાલ આછોપાતળો છે. ત્યારે એવી પ્રચંડ બૂમ મારી હતી કે તે ગોરા સાર્જન્ટે 'સાંઈબાબા, ઈદ મુબારક !' એમ બોલી સલામ ભરી હતી. તેટલું જ પાર્થિવ ભાન પ્રગટ્યું અને પાછું વિલીન થઈ ગયું.

તે પછીથી ચાલતાં ચાલતાં ગવર્નરના બંગલા પાસે આવ્યો, ત્યાં શ્રીસદ્‌ગુરુ પોતે ઊભા હતા. તેમણે મને છાતી સરસો ચાંપીને ખૂબ વહાલ કર્યું. મારો બરડો ખૂબ થાબડ્યો. તે બધું બરાબર યાદ રહી ગયું છે. તેમણે મને રોજા તોડવાને માટે પાંચ રૂપિયાની રકમ પણ આપી. આ પછી બધું જ ભાન જતું રહ્યું અને વળી પાછું ચાલવાનું શરૂ થયું તે કેવે કેવે રસ્તે થઈને ચાલવાનું થયું તેનું કશું ભાન નથી. માત્ર દરિયાની બાજુથી ક્લિફ્ટનનો આપણો બંગલો બસો એક ફૂટ આઘો હશે, ત્યારે શરીરનું ભાન પ્રગટ્યું અને ત્યાંથી ખૂબ મોટે મોટેથી બૂમો મારીને મારાં પહેરવાનાં કપડાં મંગાવ્યાં હતાં.

મારા જીવનમાં સદ્‌ગુરુ મહારાજની આજ્ઞાનું પ્રેમભક્તિપૂર્વક પાલન કરવાના જે જે પ્રસંગો છે, તે બધા આશ્ચર્ય પમાડી શકે એવી રીતના છે. અને સામાન્ય માણસની બુદ્ધિ તો તેને સાચા તરીકે માની ન શકે તેવા છે. જીવનવિકાસની ભાવનાને આકાર પમાડવાને કાજે મનમાં આમ કે તેમ કોઈ પણ પ્રકારના વિચાર ન જ પ્રગટી શકે એવી પ્રેમભક્તિની ભાવનાથી તેનું પાલન થાય, તો સંપૂર્ણ શરણાગતિ પ્રગટવામાં તે ઘણો મોટો ભાગ ભજવી શકે છે.

શ્રીસદ્‌ગુરુની આજ્ઞાના પ્રેમભક્તિપૂર્વકના પાલનમાં જીવનનું કલ્યાણ છે એવાં મને પણ જ્ઞાનપૂર્વકનાં દૃઢ શ્રદ્ધા અને આત્મવિશ્વાસ છે. ખરેખરી શ્રદ્ધા પ્રગટેલી તો તેનું નામ કે જેમાં શંકા, સંશય, વિચાર કે કશાને સ્થાન નથી. જે શક્તિ ભાવનાની ભૂમિકામાં પૂરેપૂરા તદાકાર રખાવી શકે અને તેમાં પૂરેપૂરા

પરોવાયેલા રહેવાનું જેમાંથી કરીને બને, તેવું બળ તે શ્રદ્ધાનું બળ છે. શ્રદ્ધાનું બળ આપણને સીધેસીધા આરપાર કરાવી દે છે. એવા પ્રેમભક્તિપૂર્વકના આજ્ઞાના પાલનમાંથી જ આવી અણમોલ શ્રદ્ધા પ્રગટી શકે છે.

## શાકમાર્કેટમાં સાંઈબાબાનાં દર્શન

આવી રીતે જ્યારે પ્રેમભક્તિથી સદ્‌ગુરુની આજ્ઞાનું પૂરેપૂરું પાલન કરીએ છીએ, ત્યારે સદ્‌ગુરુને આપણે માટે તેમના દિલમાં જે ઉમળકાનો સંતોષ પ્રગટે છે, તેવો સદ્‌ગુરુનો આપણા પરનો પ્રગટેલો દિલનો સંતોષ તે આપણા જીવનનું પરમ કલ્યાણ નિપજાવનાર છે, તે પણ મારે દિલથી એક સાચેસાચી હકીકત છે. આવા પ્રકારના આજ્ઞાપાલનથી તેઓ મારા પર ખૂબ ખૂબ રાજી થયા હતા અને સંતોષ પામ્યા હતા, તેનું પ્રત્યક્ષ પ્રમાણ તેઓશ્રીએ મને બે બહુ મોટા કરંડિયાઓ આપ્યા તે છે. એક મોટા કરંડિયામાં જુદી જુદી જાતની મીઠાઈઓ ભરેલી હતી અને બીજા મોટા કરંડિયામાં જુદા જુદા પ્રકારનાં ફળો અને સૂકો મેવો હતો. સામાન્ય રીતે રવિવારે મને કરાંચી શહેરમાં આવેલી શાકમાર્કેટ કે જ્યાંથી હું રોજ શાકભાજી ખરીદતો, તે શાકમાર્કેટમાં જવાનું દિલ થયું. પરંતુ નાની બહેન તો મારી મશ્કરી કરીને મને કહે કે ‘તમને તો પેલા તમારા સાંઈબાબા બોલાવતા હશે !’ એમ કરીને મને તે દિવસે શહેરમાં તેણે જવા દીધો નહિ. તે દિવસે શ્રીસદ્‌ગુરુની હાજરીનું ભાન આખોયે દિવસ રહ્યું હતું. બીજે દિવસે સવારે સિંધિયા સ્ટીમ નૅવિગેશનની ઑફિસમાં બધાંને મૂકીને મોટર લઈને હું શાકમાર્કેટમાં ગયો. પૈસાનું પાકીટ ઑફિસમાં જ રહી ગયું હતું. રોજ ને રોજ એક જ દુકાનેથી શાક લેવાનું રાખતો, એટલે શાકવાળા ભાઈએ બધું જોઈતું શાક મને આપ્યું. જ્યાં હું દરવાજેથી બહાર નીકળું છું, ત્યાં જ શ્રીગુરુમહારાજ પોતે ઊભા હતા. તેમનાં દર્શન થતાંવેંત જ હૃદયમાં એટલો બધો પ્રેમનો ફુવારો ફૂટ્યો કે મારાથી તેમને સજ્જડ વળગીને ચોંટી જ જવાયું. તેઓશ્રીએ પણ મને બહુ પ્રેમથી ચૂમી લીધો હતો. પછી મને કહ્યું, ‘ગઈ કાલે તારી કેટલી બધી રાહ જોઈ ! બે મોટા કરંડિયા તારે માટે પ્રસાદી તરીકે લાવ્યો હતો, તે આખરે તારા નામ પર મેં ખેરાત કરી દીધા. હવે આ બે મોટા કરંડિયા મેં તારે માટે રાજી થઈને પ્રસાદ તરીકે આણેલા છે. તે તું લઈ જા.’ મોટરમાં તો માય તેવા ન હતા, એટલે મજૂર કરાવીને લઈ ગયો હતો. તમે પણ તે સમયે

કરાંચીમાં મારી સાથે હાજર હતા અને આ પ્રસાદ ચાખવાની તમે મજા માણી હતી. તે પણ તમને યાદ છે. તે પ્રસાદ કેટલા બધા દિવસ ચાલ્યો હતો ! અને કેટલાં બધાંને વહેંચ્યો પણ હતો !

## ધ્યાનમાં શ્રીસાંઈબાબાનાં દર્શન

આ પ્રસંગ જે દિવસે બન્યો, ત્યારે બાપુએ મને કહ્યું કે 'તું તારા ગુરુમહારાજને આપણે ઘેર બોલાવી લાવ. ચા પાઈ કરીને તેમને વિદાય આપીએ.' પરંતુ તે હાલ ક્યાં હશે અને ક્યાં રહેતા હશે તેની તો મને કશી ખબર હતી જ નહિ. આ બાબત પૂછવા કરવાનું કદી પણ મને દિલમાં ઊગી શકેલું નહિ. એટલે બાપુએ મને જણાવ્યું કે 'તું ધ્યાનમાં જઈને શરીરનું ભાન જતું રહેવાની અને એકમાત્ર ચેતનમાં જ એકાગ્રભાવ થવાની પળ પ્રગટે અને તેનું ભાન જતું રહેવાની અણી પર હોય, તે જ પળે તેઓશ્રી ક્યાં છે તે પ્રકારનો સંકલ્પ હૃદયાધારમાં ધારણ કર, એટલે તેઓશ્રી ક્યાં છે તે તને આપમેળે જણાઈ આવશે. પછીથી તેમને તું તેડી લાવજે.' પ્રભુકૃપાથી થયેલી સૂચનાનો સ્વીકાર કરવાનો અભ્યાસ તો ઘણા લાંબા વખતથી ચાલ્યો આવતો હતો. એટલે આપણે તો મંડ્યા ધ્યાન કરવા, અને ધ્યાનમાં તદાકારપણું પ્રગટતાં પ્રગટતાં શરીરની બેભાન થવાની લગોલગની અણીની પળે તેઓશ્રીના સ્થળના ભાવ વિશેનો સંકલ્પ હૃદયાધારમાં એની કૃપાથી મૂકવાનું બની શક્યું હતું. અને તેઓશ્રીની કૃપાથી તેમનાં દર્શન કરાંચી શહેરથી બહુ દૂર છેક દરિયાને કિનારે કિનારે તેઓ ચાલ્યા કરતા હતા, તેવી તેમની ગતિમાન સ્થિતિમાં મને થયાં હતાં. મેં તેમને ત્યારે ચા પીવા આવવાનું ભાવભીની નમ્રતાથી કહ્યું. તેમણે પોતે તે સાંભળીને કહ્યું કે 'જો, તારે મને ચા જ પાવો છેને ? તો લે, આ હું ચા પીવું છું.' એમ કહી પોતે ચા પીવા લાગ્યા. એમ પણ મેં ધ્યાનમાં જ પ્રત્યક્ષ જોયું.

*જીવનદર્શન : ૨૨૫-૨૩૨*

## શ્રીસાંઈબાબાની કૃપાવર્ષા

કેટલીક વાર આપણી કલ્પનામાં પણ ના આવે, પણ સત્ય પ્રગટ થાય. એના પૂરેપૂરા અંશમાં તોપણ આપણી યોગ્ય રીતે તૈયારી ના હોય તો ઝીલી ના શકાય. મને સાંઈબાબા મળેલા ત્યારે તેમણે મને ચાંદીનો એક રૂપિયો આપ્યો. કહ્યું, 'આ રૂપિયો તું રાખ તને આપું છું. તને રૂપિયા મળ્યા જ કરશે.

તારી માને મોકલ. પૂજા કરે. ગરીબી દૂર થશે.' આ બધા શબ્દો રણકારની પેઠે યાદ રહે છે. મને થયું બહુ સારી વાત થઈ. ચાલો ભગવાને કૃપા કરી. પછી મેં રજિસ્ટર પોસ્ટ મારફત મારી માને રૂપિયો મોકલી આપ્યો. અને લખ્યું કે 'તું રોજ આની પૂજા કરજે.' એ તો સાંઈબાબાનું કંઈ નામ જાણે નહિ. એટલે મેં લખેલું 'સાધુ મહારાજ.' મારી માએ તો એને કશું મહત્ત્વ આપ્યું નહિ અને રૂપિયો ખોઈ નાખ્યો. અને ગરીબી તો એવી ને એવી જ રહી.

એ તો પ્રતીકરૂપે કહ્યું. જે થવાનું છે તે મારા માટે સાચું પડ્યું. પણ મારા કુટુંબની ગરીબી જવાની હતી તે ના ગઈ. મને રૂપિયો આપેલો. મારી માને લખીને બધું મોકલેલું. *જન્મ-પુનર્જન્મ : ૪૬-૪૭*

રૂપિયાની પૂજા કરજે એમ સાંઈબાબાએ કહ્યું તેની પાછળનો હેતુ કે મારી ગરીબાઈ દૂર થાય. 'ए'નો હેતુ સજાગ, પણ કેમ ફળ્યો નહિ ? આવા માણસોનો સંકલ્પ કેમ ફળ્યો નહિ ? જ્યાં ફળવાનો હતો એ જાતની સ્થિતિ એને માટે ન હતી. વાવણી માટેનાં જો બી કચ્છના રણમાં રોપવા જાઓ તો નહિ ચાલે, કચ્છના રણમાં જો તમારે રોપવું હોય તો પચાસ ફૂટ ખોદીને એમાં માટી ભરો. પછી વાવો. અને રોજબરોજ વધારે ને વધારે સવિશેષપણે કાળજી રાખ્યા કરો તો કદાચ થાય. એવી રીતે સત્પુરુષનો આ જાતનો સંકલ્પ છે તે સંકલ્પ ફળ્યા વગર રહેતો નથી. એ વાત જેટલી સાચી છે તેટલી જો સ્વીકારાત્મક ભક્તિભર્યું વલણ ના હોય તો એ નહિ ફળે. નહિ ફળે તે પેલાને લીધે નહિ, પણ તમારે લીધે.

મેં તો મારી માને ચોખ્ખું લખેલું, 'આની પૂજા કરજે. તમારા કુટુંબની ગરીબાઈ દૂર થશે.' પણ આ બધી બાબતમાં એને શ્રદ્ધા જ નહિ. હું ભજનકીર્તન કરતો એ બધું જુએ. ભજન ગાતાં ગાતાં બેભાન થઈ જાઉં. આ બધું એ જુએ. પણ એને કંઈ કશી ગતાગમ નહિ. એને તો એમ કે આ ફેફરું છે. એ તો એમ જ માને બાપડી. માટે કંઈ સમજી નહિ. એને સાધુઓ, મહાત્માઓમાં વિશ્વાસ નહિ. તે એણે પૂજાબૂજા કરી નહિ. રૂપિયો પૂજાના ગોખલામાં રાખી મૂક્યો. એમ તો મારા ગુરુમહારાજનો ફોટો પણ રાખેલો. નાગાબાવા હતા એટલે એને ગમે નહિ. પણ એના એક બીજા શિષ્ય હતા-છોટાબાબા-એનો ફોટો ઘરમાં રહેલો. પણ એ રૂપિયાની પૂજાબૂજા કરેલી નહિ અને પછી ખોવાઈ ગયો.

સંકલ્પ ફળ્યો નહિ. એનું કારણ ? તો કોઈ કહેશે કે એ તો સતમાં છે અને અસતમાં હોય અને અસતમાંયે સત તો પ્રિડૉમિનન્ટ (મોખરે) છે. તો સત ફળવું જોઈએ. આ તો દ્વંદ્વ છે. જ્યારે એ છે દ્વંદ્વાતીત. એને સતેય નથી અને અસતેય નથી. એવી રીતે એનો ખુલાસો થઈ શકે છે. બીજી રીતે મને લાગે છે કે આજે નહિ તો કાલે આ લોકોનો સંકલ્પ ફળ્યા વગર રહેવાનો નથી. એ ફળવાનો, ફળવાનો ને ફળવાનો જ. કેમ કે મારી માએ એની અવગણના નથી કરી, પણ એનું અજ્ઞાન-ઘોર અજ્ઞાન. એટલે આવું એનાથી ના થઈ શક્યું.

*જન્મ-પુનર્જન્મ : ૪૯-૫૧*

## શ્રી પરસદબાપુ સાથે શિરડીમાં

સાંઈબાબાએ કરાંચીમાં એકવાર મને કહ્યું કે 'મારા સ્થાને (શિરડી) જા.' પરંતુ મને ત્યારે ત્યાં જવાની જરૂર નહિ લાગેલી. મળેલું કર્મ અને મળેલી પરિસ્થિતિ એ છોડીને હું ક્યાંય જતો નહિ. આ દરમિયાન 'બાપુ'ને અગમ્ય રીતે સ્ફુરણા થઈ કે શિરડી જવું અને શિરડીમાં મૌનએકાંત લેવું. મને તે સમયે સ્વાનુભવમાંથી મૌનએકાંતની સાધના હાથ લાગી ગઈ હતી, એટલે જિજ્ઞાસુઓને તે માર્ગે હું વાળવા લાગ્યો હતો. મને બાપુએ કહ્યું, 'મને શિરડીમાં મૌન આપ.' મેં કહ્યું કે 'પારકા પ્રદેશમાં જ્યાં આપણને કોઈ ઓળખે નહિ, ત્યાંની ભાષા આપણે જાણીએ નહિ તેવા સ્થળે મૌન કેમ લેવાય ?' ત્યારે બાપુ કહે કે 'અરે ! પૈસા ખર્ચીએ તો બધું શક્ય બને છે.' તેમને લઈને હું શિરડી ગયો. મને ખ્યાલ આવી ગયો કે 'આ તો સાંઈબાબાની કરામત છે ! એમની ઈચ્છા એવી કે મારે તેમના સ્થાને જવું. એટલે તેમણે જ આ પ્રસંગ ગોઠવ્યો ! અને એક માસ સુધી શિરડીમાં સાંઈબાબાના સમાધિમંદિરની સામે ઉપરનો બધો ભાગ ભાડે રાખીને બાપુને મૌન આપ્યું. શિરડીમાં સાંઈબાબાના પ્રખ્યાત ભક્ત અબ્દુલબાબાની મુલાકાત થઈ. વાતવાતમાં અબ્દુલબાબાએ મને સંબોધીને કહ્યું, 'તમે તો અમારા કુટુંબના છો.' તેમણે મને સાંઈબાબા વિશે ઘણી વાતો કરી.

*જીવન અને કાર્ય : ૬૩૪-૬૩૫*

॥ હરિઃૐ ॥

|| હરિઃૐ ||

## ખંડ - ૬

# મારો સાધનાકાળ

જીવનમાં સાધના અર્થે બધાં સાધન થયેલાં જે,
ઈશારો માત્ર તે સૌનો અહીં ઉલ્લેખ કીધો છે.

*જીવનકેડી* **- શ્રીમોટા**

ચેતના પામવા હૈયે, પ્રતિષ્ઠિત થવા ઊંડી,
તે પાંગરાવવા ભક્તિ, અનિવાર્ય ખરેખરી,
તે અર્થે સાધના જેવી આવડી તે કર્યા કીધી,
બલિદાન, ફનાગીરી પ્રેમથી વ્હોરી શી લીધી !

*શ્રીસદ્‌ગુરુ : ૨૪૪* - **શ્રીમોટા**

# સાધનામાં પ્રવેશ

પ્રભુકૃપાથી મારા સદ્‌ગુરુ એટલા બધા સમર્થ હતા કે તેઓશ્રીએ જો ધાર્યું હોત તો આ ગધેડાશંકર તેમના સહજ કૃપાના ઈશારાથી ચેતનામાં પ્રતિષ્ઠા પામી શક્યો હોત, પરંતુ તેમણે તેમ ન કર્યું. તેમણે કૃપા કરીને આ જીવને સાધનાના અનેક પ્રકારના તબક્કાઓમાં પ્રવેશાવી ઘડવાનું કર્યું. જે જે સ્થિતિ, સંજોગો, પરિસ્થિતિ એમની કૃપાથી મળ્યાં, તેનો તેનો હૃદયના ઉમળકાથી સ્વીકાર કરી, તેને તેને દિલના ભક્તિભર્યા સહકારથી જ્ઞાનભાવે મથવાનું બન્યા કર્યું. સદ્‌ગુરુનું ચેતન મારા આધારમાં કદીક એવા અણધાર્યા પ્રસંગોએ કામ કરતું ચોક્કસપણે અનુભવ્યું છે, તે હકીકત સાચી છે. *જીવનદર્શન : ૩૭૧*

પ્રભુકૃપાથી મારા જીવનમાં સદ્‌ગુરુ તો સામે ચાલીને મળ્યા હતા. અને એની ભાવના વડે જીવનવિકાસની સાધનાનું કામ કરવાનું હતું, પરંતુ શરૂશરૂમાં તો વારે વારે ભૂલી જતો. એવું થતાં એના પરત્વેનો હૃદયનો પ્રેમભાવ જગવવાનું પ્રભુકૃપાથી હું કરતો. એવો હૃદયનો ભાવ મને પ્રભુમાં જાગ્રત બનાવતો. અને એવા એના ભાવભર્યા સ્મરણ વડે ભાવના પ્રકટાવી પ્રકટાવી એ ભાવનાના આધારથી-નામસ્મરણ, ભજન, ધ્યાનાદિકના સાધનમાં એકાગ્ર અને કેંદ્રિત થવા માટે શ્રીપ્રભુકૃપાથી હું મથ્યા કરતો. માટે સદ્‌ગુરુને ઉપયોગમાં લીધા કર્યા છે, તેથી આ જીવને સદ્‌ગુરુ કર્યાનો કંઈક અર્થ સર્યો છે. બાકી તો કંજૂસના ધનના ઢગલાની પેઠે એને એક કોરાણે, ઉપયોગમાં લીધા વિના, તિજોરીમાં પૂરી રાખવાનો કશો જ અર્થ નથી. *જીવનપોકાર : ૨૮*

મારા ગુરુમહારાજ પાસે પહેલવહેલો ગયેલો ત્યારે પહેલાં તો નિરાશ થઈ ગયેલો. કેમ કે મને થતું કે આવાં સાધન તો બધાં શી રીતે થશે ? એ તો અશક્ય છે. ત્યારે ગુરુમહારાજે કહેલું કે ‘મારામાં તારું ચિત્ત લગાડજે અને મને સામે ધાર્યા કરજે, પછીથી તો કંઈ સાધન નહિ કરે તોપણ ચાલશે. જા, આ બધું તું કર્યા કર.’ સ્મરણ, પ્રાર્થના, નિવેદન, ભજન, કીર્તન અને આ અભય, નમ્રતા, મૌન અને એકાંત આ સાધનો હું કર્યા કરતો. *તદ્રૂપ-સર્વરૂપ : ૨૨*

પણ હું સંસારમાં રહેતો અને મારી ઘણી જ ગરીબ અવસ્થા હોવાથી મારે જવાબદારી સંભાળવાની ઘણી આવતી. માથે અપાર મુશ્કેલીઓ અને દુઃખ

પ્રગટેલાં રહેતાં. પરંતુ શ્રીપ્રભુકૃપાથી અને ગુરુમહારાજના આશીર્વાદથી સાધનાના ભાવમાં જ રમમાણ રહ્યા કરવાનું બન્યા કરતું હોવાથી અને પ્રસંગોમાં જીવનવિકાસની સમજણ અને સદ્‌ગુરુની ભાવનાનું જ્ઞાન જીવતું થતું જતું પ્રત્યક્ષ અનુભવવાથી હૃદયમાં તેવી વેળા જે સામર્થ્ય પ્રગટતું, તે તેની જ (પ્રભુની) કૃપા હતી.

*જીવનસોપાન : ૨૩૦*

મારી આર્થિક સ્થિતિ ન હોવાથી હું ગુરુમહારાજ પાસે વારેવારે જઈ શકું તેમ ન હતું. મેં વિચાર્યું, 'લાચારી ભોગવવી એ તો બરાબર નહિ.' એટલે મનની સાથે એની સોબત કરી લેવી ! એટલે આપણી બુદ્ધિથી, પ્રાણથી એટલે કે ભાવનાથી અને તલસાટથી સાબિત કરવા માંડી. ભક્તિ એ પ્રાણનો વિષય, મનનચિંતવન એ બુદ્ધિનો વિષય અને મન છે તે એની સાથે જોડાયેલું રહે. જો આપણે એની (મનની) સાથે એવી સોબત કર્યા કરીએ, તો અહીં રહ્યે રહ્યે મારાથી સાધના થઈ શકે. અને આપણાં મન, બુદ્ધિ, પ્રાણ એ બધાં એનામાં એકરૂપ થાય. આ તો ઘણો મોટો ફાયદો કરનારી વાત મારા માટે હતી. મારી ગરીબાઈને લીધે એ લાચારી હતી. એની પાસે હું જઈ ન શકું.

*અગ્રતા-એકાગ્રતા : ૧૦૧-૧૦૨*

એવી મારી આર્થિક સ્થિતિ પણ ન હતી. તેમાંથી ઊગરવાને માટેનો એક ઉપાય મેં લીધેલો તે આ. જે શરીરથી પ્રત્યક્ષ સોબત છે અને એવી અભિરુચિ હોવા છતાં મન, બુદ્ધિ, પ્રાણ-આ ત્રણથી કરીને જે સોબત થાય છે તે સોબત ઑર ચઢિયાતી છે. કંઈ જ સાધન ના હોય, કંઈ પણ સાધના ન કરીએ અને આવી જાતનું સોબતનું સાધન જો થઈ શક્યું તો ઘણો જ લાભ થાય.

*જોડાજોડ : ૧૦૧*

## નામસ્મરણ

મને ફેફરું નામનો રોગ થયો હતો. નર્મદા નદી કાંઠે આવેલા રણછોડજીના મંદિરમાં રહેતા સાધુમહારાજે મને ભગવાનનું નામસ્મરણ કરવાનું કહ્યું. અને તેનાથી આ રોગ મટી જશે એમ કહ્યું હતું. પણ મને તેમાં વિશ્વાસ બેઠો નહિ. આ પછી હું વડોદરા ગયો, ત્યાં ફેફરુંનો હુમલો થવાથી શરીર દાદર પરથી ગબડતું ગબડતું છેક નીચે બીજે માળે પડ્યું, અને તે કાળે નર્મદાના તે સાધુ મહાત્માનું મને દર્શન થયું. તેમણે મને કહ્યું, 'અલ્યા, ભગવાનનું સ્મરણ તો કરી જો ! પ્રયોગ કરી જોવામાં તારું જાય છે શું ?' આ વાત મેં મારાં આધ્યાત્મિક માને જણાવી.

મારી આવી હકીકત સાંભળી તે તો બહુ રાજી થયાં. તેમણે મને કહ્યું, 'અલ્યા ! ચૂનિયા ? તું તો ભારે બડભાગી છે. તું તારે હવેથી ભગવાનનું સ્મરણ જ કર્યા કર. ઊઠતાંબેસતાં, હરતાંફરતાં, ખાતાંપીતાં સકળ કંઈ કર્મ કરતાં કરતાં એક-માત્ર ભગવાનના સ્મરણમાં હવે લાગી જા. અને તને જરૂર આ રોગ મટી જશે.'

મને તે કાળે તે સાધુ મહાત્મા કરતાં મારી આ મામાં વધારે વિશ્વાસ હતો. અને તેમના તેવી રીતના સમજાવવાથી જ ભગવાનનું નામ લેવામાં હું પ્રેરાઈ શક્યો. તે પછી તો વારંવાર તે ભુલાઈ જતું અને વળી પાછું યાદ કરીને લેવા લાગ્યો. એમ થતાં થતાં ફેફરુંના હુમલાની તીવ્રતામાં અને તેના ગાળામાં ફેર પડવા લાગ્યો. અને ત્રણચાર મહિનામાં તો તેમાંથી મુદ્દલે ઊગરી જવાનું બન્યું. આ પ્રસંગે જીવનમાં નવો માર્ગ મારા માટે પ્રભુકૃપાથી ખુલ્લો કર્યો. ત્યારથી જ જીવનવિકાસની સાધના શરૂ થઈ એમ ગણાય. *જીવનદર્શન : ૨૦૩-૨૦૪*

પ્રભુકૃપાથી જ્યારે સ્મરણમાં મને અખંડતા, સળંગતા પ્રગટેલી ન હતી અને દિવસના ઘણા કલાકો સુધી જ્યારે સ્મરણ પ્રગટેલું રહેતું ન હતું, તે તે વેળા તે સિવાયના જીવનના બીજા ગાળામાં જે જે વૃત્તિઓ, વિચારો ઊઠતાં, તેનાથી કરીને મને પોતાને મારી ભાવનાનું સ્ખલન થતું વારંવાર અનુભવાતું હતું. જેમ જેમ સ્મરણભાવનામાં સળંગતા પ્રગટી જવા માંડી અથવા તો દિવસના ચૌદ-પંદર કલાક સ્મરણભાવના પ્રગટવા માંડી, તે પછીના ગાળામાં ભાવનાનું જોશ ઑર અનેરા ભાવનું પ્રગટતું. પ્રભુનું સ્મરણ એક પળવાર પણ ભુલાતાં દિલમાં ઘણું ઘણું લાગતું હતું. તેમ છતાં તે તે કાજે પ્રભુને વારંવાર પ્રાર્થના કર્યા કરતો હતો. *જીવનદર્શન : ૧૧૬*

પ્રભુકૃપાથી જ્યારે મને બોદાલ આશ્રમમાં સાપ કરડ્યો હતો, તે વેળા મૃત્યુની પળ પ્રગટેલી, મૃત્યુનો અનુભવ થતો હતો, પ્રભુએ કૃપા કરીને તે પ્રસંગ જાપને અખંડ કરવાને માટે મને આપ્યો. ખૂબ મોટેથી છોંતેર કલાક સુધી જાપ થયા કરતો હતો અને અજપાજાપનો પ્રત્યક્ષ અનુભવ થયો.

*જીવનસોપાન : ૩૦૧*

## જાગૃતિ યોગ

સ્મરણમાં અખંડતા અને સળંગતા પ્રગટી પછી ભાવનામાં કેમ કરીને અખંડતા અને સળંગતા જીવતીજાગતી પળેપળ તેના ઉત્કટ પ્રમાણમાં ઝળહળ્યા

કરે તેનું ભાન પ્રભુકૃપાથી મને પ્રગટતું. સ્મરણમાં સળંગતા જ્યારે પ્રગટે છે, ત્યારે ભાવનાને પ્રગટાવવામાં ઝાઝી કશી મહેનત પડતી નથી. પ્રત્યેક કાર્યમાં જે તે કંઈ કરવામાં ભાવનાના બળથી તે થયા કરે એવો ખ્યાલ આપમેળે પ્રગટે છે અને કોઈક વાર તેવું થતું હોતું નથી. તો તુરંત જ જાગી પણ જવાય છે. આવી રીતે ભાવનાનો એક યજ્ઞ પ્રગટ્યા કરે છે, અને તે પછીથી તેમાં પણ સળંગતા પ્રગટવા માંડે છે. *જીવનદર્શન : ૧૧૬*

સાધનામાં ભાવનો વિકાસ થતાં થતાં અનેક પ્રકારની ગુણસમૃદ્ધિ તથા ગુણશક્તિ પ્રગટ્યા કરે છે. એકલા ગુણની સાધના બહુ મુશ્કેલ છે, પણ જીવનવિકાસ પરત્વેનો ઉત્કટમાં ઉત્કટ, દિલમાં દિલથી ભાવ પ્રગટતાં ગુણ આપોઆપ પ્રગટ્યા વિના રહી શકતા નથી, એવો મારો પોતાનો જાતઅનુભવ છે. ગુણનું મહત્ત્વ છે અને તે તદ્દન ખરું છે. પરંતુ ગુણ કરતાં પણ જીવનવિકાસ પરત્વે એટલે કે દિલનો ભાવ પ્રગટાવવા પરત્વે જ વિશેષ ને વિશેષ મહત્ત્વ આપણે પ્રગટાવ્યા કરવાનું છે. કારણ કે ભાવમાંથી તેને તેને લગતું યોગ્ય આપમેળે નીપજતું જતું હોય છે. તે પણ મારા અનુભવની હકીકત છે. આમ, એક બાજુથી ભાવને મહત્ત્વ આપી આપી ગુણને કેળવ્યા કરવાના છે. અને સાથે સાથે ભાવ પ્રગટી શકે એવા સાધનના અભ્યાસમાં આપણું દિલ સતત, એકધારું, એકતાનથી પરોવાયેલું રહે તેવા પ્રકારની જાગ્રતિની પણ ઘણી ઘણી જરૂર છે. આને હું 'જાગૃતિયોગ' એવું નામ આપું. જેને જે પ્રકારની જાગૃતિ જેમાં જેમાં પ્રગટે, તેમાં તેમાંથી તેને તેવી તેવી સમજણ પ્રગટે છે. જાગ્રતિ જીવતીજાગતી પ્રગટેલી રહેતી હોય તો જ તે પ્રકારનો પ્રયત્ન બનતો રહે છે. જાગ્રતિ વિનાનો પ્રયત્ન, ધારો કે થતો હોય, તોપણ તે યોગ્ય પરિણામ નિપજાવી શકતો નથી.

## સાધનામાં કર્તવ્યનિષ્ઠા

સાધનામાં ભાવ જેમ જેમ પ્રગટે છે, તેમ તેમ કર્મ પરત્વેની ભાવના પણ વિશેષ ને વિશેષ પ્રજ્વલિત બન્યા કરે છે. આ હકીકત મારા જીવન પૂરતી તો મને તદ્દન સાચી લાગેલી છે. નડિયાદમાં મને માત્ર એક શાળાનું કામ સોંપવામાં આવ્યું હતું.શાળાના સમય જેટલું જ હું કામ કરતો હોત, તો કોઈ મને ઓછું કામ કરું છું, એમ કદી પણ ન કહી શકત. પરંતુ હું તો શાળાના સમય પહેલાં ઘણીયે વાર મરીડા ભાગોળે હરિજનવાસમાં જતો. દરેક કુટુંબના જીવોની સાથે

હળતો, ભળતો, મળતો, તેમની સાથે સુખદુઃખની વાતો કરતો. વિદ્યાર્થીઓને શોધી શોધીને બોલાવી લાવતો. એટલું જ નહિ, પણ રાતે હરિજનવાસમાં જઈ મહાભારતની વાતો કહેતો. ભજનો ગાતો અને ગવરાવતો અને તે ઉપરાંત, રાત્રે વિદ્યાર્થીઓની સાથે વાર્તાલાપ ગોઠવતો. કેટલીક વાર વિદ્યાર્થીઓની સાથે રાતવાસો પણ ત્યાં કરવાનું રાખતો. વિદ્યાર્થીઓને લઈને એકાંત સ્થળોએ ઉજાણી કરવાનું પણ ગોઠવતો. રમતગમતો પણ કરાવતો, તથા વૃક્ષારોપણની પ્રવૃત્તિ પણ કરવાનું બનતું.

નડિયાદનો હરિજન આશ્રમ ચલાવવાનું કામ જ્યારે હતું, ત્યારે પણ રજાઓમાં વિદ્યાર્થીઓના ગામે જવાનું બનતું અને ત્યાં તેમના વાસમાં જ અમે રહેવાનું કરતા, ભંગીવાસમાં પણ રહેતા. તેમનાં વાસણો-દેગડા, ઘડા વગેરેને નદીએ કે જળાશયે લઈ જઈને ખૂબ મંજાવી મંજાવીને એકદમ ચકચકાટ બનાવતા અને તેમાં પીવાનું પાણી ત્યાંથી જ અમે ભરી લાવતા. અને વિદ્યાર્થીઓની સાથે અમે આવાં ચકચકાટવાળાં વાસણો લઈને આવતા, તેથી તે ગાળાના લોકો ઉશ્કેરાઈ પણ જતા. અને અમને દમદાટી પણ આપતા અને અનેક રીતે ધમકાવતા. વાસમાં જ અમારું રાંધવાનું બનતું. રાત્રે ભજનકીર્તનનો કાર્યક્રમ પણ રાખતા. **આ જીવ**ના આવા કાર્યની કદર બીજા સાથીઓએ કરી નથી, એ હું પોતે પ્રમાણિકપણે કહું છું. હું તો તે બાબતમાં સંપૂર્ણ નિઃસ્પૃહ હતો. આ બધું મારાથી થતું હતું તે તો સાધનાની ભાવનામાંથી પ્રગટેલી કર્મ પરત્વેની પ્રમાણિકતા, વફાદારી અને નિષ્ઠાને લીધે. *જીવનદર્શન : ૯૦-૯૧*

## બેવડી સાધના

પ્રભુકૃપાથી **આ જીવે** સેવાના માર્ગમાં અનેક પ્રકારની જુદી જુદી પ્રકૃતિ અને સ્વભાવના જીવો સાથે સુમેળ, પ્રેમ, સહાનુભૂતિ, શુભેચ્છા રાખી રાખીને અને આત્યંતિક છેવટ સુધીની નમ્રતા રાખી રાખી કેળવીને, તેવા તેવા જીવો સાથે વર્તવાનું થયેલું છે. વળી, તે તે કર્મમાં કદી પણ હુંપદ ન પ્રગટે એની તો કેટકેટલી જાગૃતિ પ્રભુકૃપાથી સેવેલી છે ! **આ જીવ** ઉપર તેવા સેવાનાં ક્ષેત્રનાં કર્મમાં કંઈ બીજાથી કરીને અન્યાય નહિ થયેલા, એવું તો મુદ્દલે ન હતું. પરંતુ તેમ છતાં તે બધાંયની ઉપર એકમાત્ર સદ્‌ભાવની જ ભાવના સર્વત્ર જીવતી-જાગતી રહ્યા કરે એવું ભાન અને સચેતનતા રાખ્યા કરવાનું પ્રભુકૃપાથી થતું

હતું. એકમાત્ર કામ કર્યા કરવાનું જ મૂંગે મોઢે કર્યા કરતો અને વિશેષ ને વિશેષ કામ કરીને મારા પોતાના જ કર્મનું મનનચિંતવન થયા કરે, તેવી રીતે પ્રવર્તમાન થયા કરવાનું બન્યા જતું.

ભગવાનનું ભજન, સ્મરણ, એની પ્રાર્થના એ જ મારું એક મહત્ત્વનું સાધન તે તે કાળે હતું અને પાછું તેથી કરીને મળેલાં કર્મમાં કોઈ પણ જાતની ઊણપ ન પ્રગટી શકે, તે પણ ઉત્તમમાં ઉત્તમ રીતે શ્રીપ્રભુપ્રીત્યર્થેની ભાવનાથી થયા કરે અને તે પણ સાધનાની એક પ્રક્રિયા જ છે એવું ભાન મનાદિકરણોને પ્રગટાવેલું રખાવવાને પ્રભુકૃપાથી બન્યે જતું. આવી બેવડી રીતની સાધના થયે જતી હતી. સ્વભાવ અને પ્રકૃતિને નીચેથી ઉપર લઈ જવાની એક પ્રવૃત્તિ અને સાધનાના સાધનના અભ્યાસમાં પ્રેમભક્તિથી અને તેના જ્ઞાનના હેતુને લક્ષમાં રાખી રાખીને ભાવને અવતરણ થવાની પ્રક્રિયામાં સભાનપણું પ્રગટાવવાનું બન્યા જવું તે મારી બીજી પ્રવૃત્તિ. આ રીતે મેં જીવન જીવી જાણ્યું છે.

*જીવનદર્શન : ૧૬૬-૧૬૭*

## સાધનામાં મક્કમ આગ્રહ

જે સાધન આપણે કરી રહ્યા છીએ, અથવા તો જે સાધન કરવાનું છે તેને તો સંપૂર્ણતાથી પૂરેપૂરું એકધારું વળગી રહેવામાં ભાવભર્યો આગ્રહ રાખ્યા જ કરવાનો છે. સાધનાની ભાવનામાં અંતરાય પ્રગટાવે એવો કશો પણ આંતરિક કે બાહ્ય પ્રસંગ ઊપજતો, ત્યારે હું દૃઢ, મક્કમ, મરણિયો આગ્રહ રાખી રાખીને સાધનાની ભાવનાને સાનુકૂળ હોય એવું જ વર્તન ચેતી ચેતીને રાખવાને અને તેવી ભાવનાથી જીવનમાં પ્રવર્તવાને માટે મથી મથીને ભાન પ્રગટાવતો. વચમાં આવતા અંતરાયોને જરા પણ મચક આપતો નહિ. આમ, સાધના સિવાયની તમામ બાબતમાં. પછી તે ઝીણી હોય કે મોટી હોય, ત્યાં ત્યાં, તેમાં-અનાગ્રહ અને જ્યાં સાધનાની ભાવનાની હકીકત હોય, પ્રશ્ન હોય, ત્યાં દૃઢતાપૂર્વક હું મરણિયો આગ્રહ-એવી બે પ્રકારની ભાવના કેળવતો હતો.

*જીવનદર્શન : ૧૬૨*

## નમ્રતા કેળવવાનો પ્રયાસ

આ જીવે જ્ઞાનભક્તિપૂર્વક તેના સકળ પ્રકારના સાધનાના જીવનવહેવારમાં નમ્રતાનો ગુણ કેવવાનો સતત એકધારો પ્રયાસ કરેલો છે. *જીવનદર્શન : ૧૯*

નાનપણમાં જેણે જોયું હોય અથવા તો હું જ્યારે સાબરમતી આશ્રમમાં હતો અને ગુજરાત હરિજન સેવક સંઘનો સહમંત્રી હતો, ત્યારે મને બધા બોથડ અને ભોટ કહેતા. ત્યારે મારો વેશ પણ એ જાતનો હતો, કારણ કે મારે નમ્રતાને છેક શૂન્યતાની હદ સુધી લઈ જઈને પહોંચાડવી હતી, કારણ કે એ મારા જીવનની કેળવણીનો, નમ્રતાને કેળવવાનો એક મોટામાં મોટો તબક્કો હતો. માત્ર એ જાતની નમ્રતા કેળવવાનો મારો પ્રયાસ ચાલ્યા કરતો હતો અને તેથી બધાંને હું એવો લાગું એમાં કંઈ આશ્ચર્ય નથી. ત્યારે એ જાતનો ભાવ પણ મારા આખા મોઢા પર પ્રવર્તતો હતો. એટલે લોકો મને એવો ભોટ કહે એ તેમની દૃષ્ટિએ તદ્દન વાજબી હતું. એમાં કોઈનો દોષ હું જોતો નથી. માત્ર ત્યારે હું હસતો એટલે એ નમ્રતાને આવા સાધનાના પંથે જેણે જવું છે તેણે તો છેક શૂન્ય સુધી પહોંચે ત્યાં સુધી કેળવવા પ્રયત્ન કરવો. *જીવનપ્રવાહ : ૧૪-૧૬*

નમ્રતા એમ ને એમ કેળવાતી નથી. જીવનમાંની અનેક પ્રકારની સમજણો, માન્યતાઓ અને આગ્રહો વગેરે પરત્વેનું જોશ ઘટ્યા વિના સાચી નમ્રતા પ્રગટેલી જાણી નથી. તેથી મારી પોતાની આગવી સમજણને જરા પણ મહત્ત્વ આપ્યા વિના બીજા બધાની સલાહ સૂચનાઓને પ્રેમભક્તિભાવે કર્યા કરવાનું કરતો. આમ થવું અનાસક્તિ યોગ્યપણે પ્રગટ્યા વિના બની ન શકે. જ્યારે સાબરમતી ગાંધી આશ્રમમાં ગુજરાત હરિજન સેવક સંઘના સહમંત્રી પદે હતો, ત્યારે કામ કરતાં જાજરૂ જવાનું થતાં તે તરફ પ્રયાણ કરતો. તે વખતે કન્યાછાત્રાલયની બહેનો મને મશ્કરીમાં કહેતી કે ‘ચૂનીભાઈ, જાજરૂ જશો નહિ. પાછા જાઓ.’ હું તેને હેતુના જ્ઞાનભાન સાથે પાળવાનું કરતો આને બીજા મૂર્ખામી ગણે. તેમાં પણ એક પ્રકારનો સંયમ કેળવવાનો હેતુ જીવતોજાગતો રાખતો. જાજરૂ જવાનું દબાવી રાખવાનું કરીએ, તો આરોગ્યને નુકસાન થાય. એ હું જાણતો હતો. પરંતુ જે કર્મ હેતુના જ્ઞાનભાન સાથે થતું હોય છે, તે કર્મમાંથી ગેરલાભ ઘણો ઓછો પ્રગટે છે. એવો અનુભવ મને અનેકવાર પ્રભુકૃપાથી થયા કરેલો છે. *જીવન અને કાર્ય : ૪૦*

## નાનાને મન ગમ્મત, મારે મન સાધના

હું ગાંધીઆશ્રમમાં કામ કરતો હતો, ત્યારની આ વાત છે. આશ્રમમાં એક કન્યાછાત્રાલય ચાલે. તેમાં પ્રવેશતાં જ જમણે હાથે ગુજરાત હરિજન સેવક

સંઘની ઑફિસ હતી. તેમાં આ જીવ મંત્રી તરીકે કામ કરતો. ઉનાળામાં તાપ ઘણો લાગે, એટલે બપોરના કટકો ભીનો કરીને હું માથે મૂકતો. હું ઑફિસે જાઉં, અને કન્યાછાત્રાલયની કોઈ છોકરી બહાર ઊભી હોય તો મારો વેશ જોઈ મશ્કરીમાં મને કહે, 'ચૂનીભાઈ, ચૂનીભાઈ, તમારે માથે અગલું નાચે, બગલું નાચે, ગામનું ગધેડું નાચે !' આ સાંભળી હું હસતો હસતો ઑફિસમાં જાઉં અને વિચારું., 'બિચારી નાની બાળાઓ આવું જોડકણું ગાઈને નિર્દોષ આનંદનો લહાવો લે છે. અત્યારે અહીં તેમનાં માબાપ કોણ ? માબાપને તો ઘેર આવું કહે, તો મારે પણ ખરાં ! પણ અહીં ? અહીં ગમ્મત કરવાની છૂટ હતી, આનંદ કરવાની છૂટ હતી. બાળપણ જ આનંદ લેવા માટે ખરી વય છે. તેઓ આવો આનંદ અત્યારે નહિ લે તો ક્યારે લેશે. ?' આમ, અહમ્ વચ્ચે ન લાવતાં દરેક બાબતને સ્વાભાવિક લઈ, નમ્રતાને પ્રગટાવવાનો પ્રયત્ન કરતો.

ગાંધીજીના અંતેવાસી શ્રી નરહરિભાઈ પાસે મારી વર્ષગાંઠ નિમિત્તે તેમને મળવા અને આશીર્વાદ લેવા તેમના ઘેર હું ગયો. તેમને મળી વાતચીત કરી હું બહાર નીકળ્યો કે નરહરિભાઈના દીકરા મોહને મારા હાથમાં ચપટી ધૂળ મૂકી કહ્યું, 'લો ચૂનીભાઈ, આ વર્ષગાંઠની ભેટ.' મેં તરત જ એ હાથમાં મૂકેલી ચપટી ધૂળ મોંમાં મૂકી દીધી. આ જોઈ નરહરિભાએ કહ્યું, 'ચૂનીભાઈ, તમે આ શું કર્યું ?' તરત જ મેં કહ્યું, 'મોહનની ભેટ સ્વીકારી.' નરહરિભાઈ બોલ્યા, 'આવી તે ભેટ સ્વીકારાતી હશે ?' મેં જવાબ આપ્યો, 'મોહનના મનમાં એમ કે ચૂનીભાઈની ગમ્મત કરું. બધાના દેખતાં ચપટી ધૂળની ભેટ એ ઓછી લેવાના હતા ? મેં એમની ગમ્મત સાચી કરી બતાવી.' નરહરિભાઈએ પૂછ્યું, 'એથી ફાયદો શું ?' મેં જવાબ આપ્યો, 'મારી જાતનું મહત્ત્વ દૂર કરવાનું. સાધનામાં એ પણ ઉપયોગીને ?' નરહરિભાઈ હસતાં હસતાં ઘરમાં ગયા અને હું હસતાં હસતાં ઑફિસે ગયો. *તરણામાંથી મેરુ : ૧૩૫-૧૩૬*

## ખોરાક ઉપર સંયમ

હરિને ભજવાવાળાને તો ખોરાક ઓછો જોઈએ. ખોરાક ઓછો કરતાં કરતાં તો મને બહુ પંચાત પડેલી. નાનપણમાં ભારે મજૂરી કરેલી અને ખડતલ શરીર હતું. સાડા સાત વર્ષની ઉંમરે ઘણી મજૂરી કરવાની, એટલે મોટો રોટલો

હોય. તોપણ હું દોઢ રોટલો ખાતો હતો. એકવીસ, બાવીસમે વર્ષે મેં સાધના શરૂ કરી, ત્યારે સમજતો થયો કે ખોરાક ઓછો કરવો જોઈએ. તે અડધો રોટલો ખાવાના માટે કરતાં કરતાં મને બહુ પંચાત પડેલી. કારણ કે પેટને ટેવ પડી ગયેલી હોય એટલે ખોરાક ખાધાનો ધરાવો થાય જ નહિ. એટલે મન એમાં ને એમાં જ રહ્યા કરે. ખોરાકમાં જ પેટમાં જ. એ ટેવ છોડતાં મને વર્ષ-દોઢ વર્ષ લાગ્યું હશે. *અગ્રતા-એકાગ્રતા : ૧૨૭*

## ઊંઘ ઉપર સંયમ

સાધનામાં આગળ ધપાયું છે કે કેમ, તેનું એક બીજું લક્ષણ તે ઊંઘનો પ્રકાર છે. સાધનામાં આગળ ને આગળ ડગલાં ભરવાનું થતાં, ઊંઘના પ્રકારનું બદલાવાનું બનતું હોય છે. ઊંઘ જડસુ જેવી પણ પછી નથી હોતી. ઊંઘ લેવાતી હોય, પણ તે જાણે કે અંદર જાગતા હોઈએ એવા પ્રકારની. આવા પ્રકારની ઊંઘ થતાં કે બની જતાં, તે વેળાએ મારા જેવાને તો સાધનામાં લક્ષણની કશી જ ગતાગમ ઊગેલી ન હતી. ઊંઘમાં સ્વસ્થતા તો પૂરેપૂરી હોય. જાણે ઊંઘતા જ હોઈએ, બીજા લોકોને પણ તેમ લાગે, નસકોરાં પણ બોલતાં હોય, શરીર પણ નિશ્ચિતપણે પડેલું હોય, પણ માંહેથી જાગૃતિ રહ્યા કરે. દિવસના કામકાજમાં તો એકદમ જીવતી સ્ફૂર્તિ રહ્યા જ કરતી હતી અને ઊંઘમાં પણ એવી જાગૃતિને લીધે આગળ પાછળનું બધું સમજાયા કરે. તેથી આ જીવને એમ લાગ્યા કરતું કે જાણે ઊંઘ જ આવતી નથી. સાધનામાં આગળ જતાં જતાં ઊંઘનો આવો પ્રકાર બદલાય છે. તે તો છેક ૧૯૩૭ની સાલમાં એણે સમજણ પ્રગટાવી, ત્યારે પ્રગટેલી. તે પછીથી તો ઊંઘ ઘણી ગાઢી હોય અને મડદાના જેવી ઊંઘ પણ હોય, તેમ છતાં માંહેલી ચેતનયુક્ત જાગૃતિ તો જીવતીજાગતી જ હોય.

વળી, સાધનામાં પૂરું ખૂંપાઈ જવાયું છે એવું ત્રીજા પ્રકારનું લક્ષણ છે તે તો સાધકને પોતાને જ તેની ખબર પડી શકે તેવું હોય છે. એ બે પ્રકારની જાગૃતિમાં જીવતો હોય તેમ તેને લાગે છે. એ એની બાહ્ય પ્રવૃત્તિમાં કામ કરતો હોવા છતાં, ત્યાં બાહ્ય પ્રકારે એની જાગૃતિ એને કામ આપતી હોય છે અને સાથે સાથે અંતરમાંની જાગૃતિ અંતરના પ્રકારના કામમાં (સાધનાથી પ્રગટતા રહેતા અચળ ભાવના કામમાં) પરોવાયેલી રાખ્યા કરવાનું પણ મેં અનુભવ્યું છે.

એક એવા પ્રકારની એનાથી પણ ઊંડી ચેતન પ્રકારની જાગૃતિનો અનુભવ પણ મને છે. જેમાં ઉપલા પ્રકારની જાગૃતિ-તેનું પ્રમાણ, ઉત્કટતા, ઊંડાણ, સૂક્ષ્મતા વધતાં વધતાં આપણા ચેતનને ભેદે છે. તેમાં છેદ પાડે છે. (એ તો સમજાવવા ખાતર આમ લખવું પડે છે. બાકી એ તો સહજ ક્રિયા છે.) એ જ્યારે ભેદાય છે ત્યારે સાધકનું કામ પૂરું પાકી જતું હોય છે. આમ, એક પ્રકારની જાગેલી જાગૃતિથી બીજા પ્રકારની જાગૃતિમાં છેદ પાડી કંઈક નવું જ જ્ઞાન મને થયું હતું. આ ક્રિયા જ્યારે થઈ ત્યારે મારા જીવનને કોઈ હાથ પકડીને દોરવતું હોય, પ્રેરવતું હોય, ચલવતું હોય એવું મને પ્રત્યક્ષ લાગ્યા કરતું. આવા અનુભવની વાત મેં કોઈને કહેલી નથી કારણ કે તે કોના દિલમાં ઊતરી શકે ? અને એને કોણ સમજી શકે ?

આ જીવને વધારે તો જ્યારે એવા બે પ્રકારની જાગૃતિમાં રહ્યા કરવાનું બનેલું. તે વેળા થોડોક કાળ, વિચિત્ર પ્રકારનું મને લાગ્યા કરતું. આવી હકીકત ક્યાં જઈને કોને પૂછવી, તેની કશી જ ખબર મને પડતી ન હતી. એક વડીલ સદ્‌ભાવી સાધુપુરુષને પ્રભુકૃપાથી મને સમાગમ થઈ ગયેલો. તેમને ઉપલી બધી હકીકત જણાવી. કૃપા કરીને તેમણે બધી હકીકતનું યોગ્યતાપૂર્વકનું તારતમ્ય મને સમજાવ્યું. આ જીવની તેવી તેવી બધી હકીકત જાણીને તેમને ઘણો ઘણો આનંદ પ્રગટેલો.

## અહમ્‌થી મુક્તિ

જીવપણાના અહમ્‌ને મિટાવવા અને તેને ફટકો આપવા અને તેમાં અવનવાં જન્મતાં માથાંઓને કાપવા, કંઈ કંઈ અખતરા પ્રભુકૃપાથી આ જીવે કરેલા છે. કોઈક કંઈક પણ કહે તો તે સહજભાવે સ્વીકારી લેવાની યોગ્ય ટેવ જ્ઞાનપૂર્વક પહેલાંથી પાડ્યા કરવાને એની કૃપાથી મારાથી મથવાનું બનેલું. તે વખતે નાના છોકરાનું કહ્યું માની લેતો. આથી કશું બગડ્યું નથી. ઊલટો એક પ્રકારનો સંયમ મારામાં કેળવાતો અને એવું જ્ઞાનભાન પણ તે વેળા પ્રગટતું.

સાધનામાં અહમ્ તો સંપૂર્ણપણે ઓગળી જવું જોઈએ. પણ એ ભક્તિ વિના ઓગળવું કદી શક્ય નથી. ભક્તિ એની છેક પરાકાષ્ઠાએ જ્યારે પહોંચે છે ત્યારે અહમ્ ઓગળે છે અને ત્યારે અહમ્ એ ભગવાનના ભાવમાં મળી જાય છે. ત્યારે જ સાચી ભક્તિ માનવીના દિલમાં લાગેલી છે એમ માની

શકાય. બાકી, અહમ્ ઓગળ્યા વિના ભક્તિ પણ એની શૂન્યતાની ટોચે કદી પહોંચી શકતી નથી. એટલે આ બંનેનો પરસ્પર સંબંધ છે. તેને ઓગાળ્યા વિના સાધનામાં આગળ વધી શકાતું નથી. એટલે સાધનાની શરૂઆતથી જ મને દિલમાં લાગી ગયેલું કે અહમ્‌થી મુક્ત થવું એ અનિવાર્ય પગલું છે. સાધનાના પંથમાં અહમ્‌થી મોકળા થવું અને નમ્રતાને શૂન્યતા સુધી લઈ જવી. એ અનિવાર્ય પગલું છે અને એ ભર્યા સિવાય સાચી ભક્તિ આપણા દિલમાં કદી પ્રગટી શકવાની નથી. એનું ભાન સાધનાની છેક શરૂઆતથી મને લાગી ગયું હતું. એ પણ ભગવાનની પરમ કૃપા કે મને એવું ભાન સૂઝેલું. જો તે ભાન થયું જ ન હોત તો કદાચ મારાથી એવા પ્રયત્ન પણ ના થયા હોત. અને મને સાધનાના પંથે જતાં જે જે પ્રકારનું ભાન સ્ફુરતું તે માત્ર હું મનમાં કે મારા મગજમાં રહેવા દેતો નહિ. પણ એનો અમલ જ કરતો. પ્રત્યક્ષ તેનું અમલીકરણ થતું અને તેને હું કર્મ દ્વારા. તે પ્રકારના ભાવ મારા જીવનમાં સાકારપણે પ્રવર્ત્યા કરે એવો જ મારો જીવતોજાગતો પ્રયત્ન ચેતનાપૂર્વક રહ્યા કરતો અને એમાંથી ઘણાં સારાં ફળ નીપજેલાં મેં અનુભવ્યાં છે. *જીવનપ્રવાહ : ૧૪-૧૬*

અનેક પ્રકારનાં અહમ્‌થી ઊઠતાં આંદોલનો પ્રભુકૃપાથી સમજવા માટે હું મથ્યા કરતો. આવા જ્ઞાનપૂર્વકના અભ્યાસનું પરિણામ એ થવા માંડ્યું કે સમતા, તટસ્થતા, શાંતિ, વિવેક, પ્રસન્નતા, સહિષ્ણુતા આદિ ગુણો એની મેળે પ્રગટતા અનુભવાતા હતા. આમ, જ્ઞાનભક્તિપૂર્વકની જાગૃતિથી અને તેના હેતુ અર્થે પળાતાં જતા સાધનાના અભ્યાસથી ગુણો આપોઆપ કેળવાતા જતા. એકલા ગુણો કેળવવાનો મહાવરો आ जीवने કદી ન હતો અને એવું આવડતું પણ ન હતું. એકલા ગુણ કેળવવા છે એવો જાગ્રત ખ્યાલ પણ તે વેળા ન હતો. પરંતુ સાધનાના જ્ઞાનભક્તિયુક્ત યોગ્ય પ્રકારના એકધારા અભ્યાસથી તેવા ગુણોનું કેળવવાપણું બનેલું અને તેવો અનુભવ થતાં કોઈ અનેરો આનંદ પ્રગટતો અને તેમાંથી યોગ્ય પ્રકારનો આત્મવિશ્વાસ પ્રગટ્યા કરલો છે.

*જીવન અને કાર્ય : ૫૦*

આમ, ખરેખરી ભાવનાથી અને હેતુના જ્ઞાનભાનથી મારી સાધના એકધારી થયા કરતી હતી. અને સાધનાના ભાવની સળંગતા, અખંડતા પ્રગટી ત્યારે તેમાંથી ફલિત થતો વિવેક પણ એટલો તો સૂક્ષ્મતમ પ્રગટેલો કે જેનાથી

કરીને હું અહમ્‌ને પકડી શકતો અને તેને યોગ્ય પ્રકારનો વળાંક આપવામાં પણ પ્રભુકૃપાથી ફાવી શક્યો હતો. *જીવનદર્શન : ૩૦*

## સાધનામાં વિવેક

બને એટલો અંતર્મુખ હું રહ્યા કરતો. જે કંઈ આવે તેને યજ્ઞનારાયણમાં પ્રેમભક્તિથી તેના હેતુના જ્ઞાનભાન સાથે હોમ્યા કરતો. લાગણીના ઊભરા આવે કે થાય, તેનો પણ સાધન તરીકે ઉપયોગ કરતો. તેમાં ન ભળી જવાય તે માટે હું વિવેક જાળવતો. જે કંઈ આવે કે મળે એનાં ભલે ચૂંથણાં ન ચૂંથતો, પરંતુ એને વિવેકની સરાણે ચઢાવી લેવાને તેનું જ્ઞાનભાન રાખીને મથ્યા કરતો અને પછી તે યોગ્ય જણાતાં તેનો સ્વીકાર કરતો. શ્રીપ્રભુપ્રીત્યર્થે તે આચરતો અને પાછું તે શ્રીપ્રભુને ચરણકમળે સમર્પણ કર્યા કરતો, તેવા પ્રકારના જ્ઞાનભાન સાથેનો સમર્પણયજ્ઞ ચલાવ્યા કરતો. તેથી જ મારા જીવનમાં અનાસક્તિ, નિર્મમત્વ, નિર્લોભ, નિષ્કામ, નિરહંકાર વગેરે વગેરે ફલિત થતાં જતાં શ્રીપ્રભુકૃપાથી હું અનુભવતો. *જીવનદર્શન : ૧૫*

## પ્રાર્થનાભાવે સાધના

જ્યારે આ જીવને જીવનવિકાસના માર્ગ પરની ગાંઠ પડેલી અનુભવાતી જણાતી એને ઉકેલ્યા વિના જંપ ન વળે. એવી ઉત્કટ દશા રહેતી, અને હૃદયમાં હૃદયથી પ્રાર્થના થતી. છતાં તે ન ફળતી ત્યારે આ જીવ પોતાની જાતે મનને, ચિત્તને, પ્રાણને, બુદ્ધિને, અહમ્‌ને-તેનાં અનેક પાસાંઓથી તપાસી લેતો. ક્યાંક કવાણું હોવું જ ઘટે, કાં તો પ્રાર્થનાના ભાવમાં તે તે મનાદિકરણો પૂરેપૂરાં યોગ્ય રીતે ભળેલાં ન હોય અથવા એવી એકાગ્રતા કે કેંદ્રિતતા ન જામી હોય, એવું ઊંડું પૃથક્કરણ કરી, પ્રભુના ભાવમાં એકાગ્ર થવા તેની કૃપાથી મથ્યા કરવાનું બન્યે જતું. તેથી હૃદયનો ઊંડો પ્રાર્થનાભાવ પણ ફળેલો. પછી પ્રાર્થનાથી પરિણામ નીપજવાની ઝંખનાને પણ ટાળી દીધેલી. તેવું હોવું એ પણ યોગ્ય ન હતું. આપણે આપણા ભાગનું આવેલું કર્તવ્ય યોગ્ય રીતે પૂરા ભાવથી એના સંપૂર્ણ યથાયોગ્યપણામાં કર્યા કરવામાં જો પ્રભુકૃપાથી રત રહ્યા હોઈશું. તો તે તેના ભાગનું કાર્ય જરૂર કરવાનો છે, એવો આત્મવિશ્વાસ અને જ્ઞાનમૂલક શ્રદ્ધા આ જીવમાં પ્રગટી ગયાં હતાં.

પ્રાર્થનાભાવની એકાગ્રતા અને કેંદ્રિતપણું જામવામાં કે જમાવવામાં મન, બુદ્ધિ કદીક તર્ક ઉઠાવે તો તેમને હું કહેતો, 'જિગર સોંપી દીધા કેડે, નકામા તર્ક શા ખપના ?' અને હૃદયની ભાવના મોળી પડતાં એને પ્રેમભાવે સંબોધતો કે, 'ચરણમાં ખાખ થઈ મરવું, પ્રણયની એ નિશાની છે.'

*જીવનપોકાર : ૧૧૨-૧૧૩*

આમ, મારાથી પ્રાર્થના ઉત્કટ ભાવથી થયા કરતી. રોજ રોજ સાધનાના ગાળામાં તો એવી કેટલીયે પ્રાર્થનાઓ જે દિવસે જે ભાવ પ્રગટતો તે ભાવને દઢાવવાને થયા કરતી ! અને તે પ્રાર્થનાનો ગુંજારવ સ્મરણભાવની ધારણામાં પ્રગટાવ્યા કરતો. પ્રભુકૃપાથી હૃદયના તે ભાવનો અખંડ જાગૃતિપૂર્વકનો અભ્યાસ અંતરમાં ધારવાનું બનતું કે જેથી તે ભાવ ઊંડો ઊતરી જતો અને સમસ્તજીવનો આધાર તે ભાવમય બની જતો. અલબત્ત, આમાં પુનરાવર્તન તો આવે જ. કોઈ પણ ભાવનું જીવનમાં સાકારપણું પ્રગટાવવું હોય તો જીવંત પુનરાવર્તન આવશ્યક અને અનિવાર્ય છે. પુનરાવર્તન તો અભ્યાસનું હાર્દ છે. એવા જીવંત પુનરાવર્તનમાંથી હૃદયનાં નવસર્જન કરાવનારાં ચેતન અને શક્તિ પ્રગટે છે. પુનરાવર્તનની સાથે કોઈ ને કોઈ પ્રકારની નૂતનતા પણ પ્રગટતી હોય છે, કારણ કે એવા પુનરાવર્તનમાં હૃદયનો ભાવ પ્રગટેલો હોય છે. અને ભાવમાંથી નવસર્જન થતું હોય છે. નવસર્જન થતું હોવાથી પ્રત્યેક પુનરાવર્તનનો પ્રકાર જુદો જુદો પ્રગટતો હોય છે. એવા પુનરાવર્તનના ભાવમાં સત્સંગવાળા ભજનો કેટલાંય વર્ષો સુધી થયાં કરેલાં હતાં. દરરોજ બે કે ચાર, તે તે સમયના અંતરના ભાવને દઢ કરાવવાને પ્રાર્થનાગીતો રચાતાં હતાં. મોટી ત્રણચાર થેલીઓ ભરાય એટલી નોટો પ્રાર્થનાની થઈ હતી. એવામાં ૧૯૩૦-૧૯૩૨ના ક્રાંતિકારીના દિવસો આવ્યા. તેમાં ભાગ લીધો. લાઠીમાર, જેલ, દંડની પ્રસાદીઓ મળી. અસહકારના તે જમાનામાં દંડ ભરવાનો ન હતો, અને હોત તોપણ મારી પાસે એવી શક્તિ ન હતી. નડિયાદમાં મારે ઘેર ચારથી પાંચ વાર જપ્તી થયેલી અને બધું ઉસેટી ગયેલા. તેમાં પેલી પ્રાર્થના અને ભજનની થેલીઓ પણ ઘસડાઈ ગઈ તે ગઈ. આજની ઘડી ને કાલનો દહાડો ! પરંતુ ત્યારે પણ તે ગયાનો હર્ષશોક પ્રગટ્યો ન હતો, કેમ કે એના સર્જનનો હેતુ સધાતો અનુભવ્યો હતો.

ઉપર જણાવેલા સાધનાકાળમાં થયેલી પ્રાર્થનાઓ મને જીવનમાં કેટલી અને કેવી અણધારી રીતે મદદ કરેલી છે. સને ૧૯૩૨ની સાલમાં પરિક્ષિતભાઈ, હરિવદનભાઈ અને બીજા બધા જેલમાં હતા, ત્યારે મારે ભાગે ગુજરાત હરિજન સેવક સંઘના મંત્રીનું કામ માથે આવી પડ્યું હતું. આપણો નવસારી આશ્રમ ગાયકવાડી હદમાં આવેલો હોવાથી ત્યાંથી જ છૂપી રીતે બધી રાજકીય પ્રવૃત્તિનું કામ ચાલ્યા કરતું અને એ રીતે આપણા નવસારી આશ્રમ પર પોલીસની ચાંપતી દેખરેખ હતી. એટલે આશ્રમમાં આવીને આપણા પ્રેમી સાથીઓનો વિરોધ વહોરીને પણ તે બધી પ્રવૃત્તિને આશ્રમમાંથી સંચાલિત થતી બંધ કરવાનું અકારું કામ પ્રભુકૃપાથી કરવાનું આવ્યું. તે ઉપરાંત, આખા ગુજરાતની હરિજન પ્રવૃત્તિની કામગીરી પણ બજાવવાની હતી. એક તો તેનો મને બિલકુલ પરિચય નહિ. કેટલાં બધાં આશ્રમો અને શાળાઓનું સંચાલન કરવાનું અને તે તે દરેક સંસ્થાઓને આર્થિક મદદ પહોંચાડવી અને તે પણ નિયમિત રીતે મોકલવાનું બન્યા કરે, તેટલા ને તેવા તે કાળે સંજોગો ન હતા.

એક બાજુથી મળેલાં કર્મ પરત્વેની જાગૃતિ અને તે કર્મનો યોગ્યતા પ્રમાણે વર્તનમાં અને આચરણમાં તે પ્રગટી શકે તેવી જોગવાઈનું સંચાલન થવું, અને તેની સાથે સાથે જ જીવનવિકાસની સાધનાનું તેને યોગ્ય એવી ભાવનાનું સાતત્ય જીવતુંજાગતું જળવાઈ રહેવું - આ બંને પ્રકારની ભાવનાનો સુમેળ કેવી રીતે પ્રગટાવવો તેવી આંતરિક મથામણમાં ત્યારે ત્યારે પ્રગટાવાનું થતું. તે વેળા જીવનવિકાસની સાધના પરત્વેના ભાવમાં અખંડતા તો પ્રગટેલી રહેતી, પરંતુ તેની ઉત્કટતાની માત્રામાં મંદતા પડી જતી અને તેનું ભાન મને ઘણું ઘણું ડંખતું એટલે હું મારા સદ્‌ગુરુને વારંવાર પ્રાર્થના કરતો ત્યારે જેને ઉદ્દેશીને પ્રાર્થના કરતો તે સદ્‌ગુરુની સાથે મારું દિલ પ્રેમભક્તિપૂર્વક ભળેલું રહેતું. મળેલું અને ગળવાની તત્પરતાવાળું પણ રહેતું, તેવી વેળાએ મારા સદ્‌ગુરુ મારા દિલમાં દિલથી કરાયેલી પ્રાર્થનાનો જવાબ પણ વાળતા.

*જીવનદર્શન : ૩-૫*

## કવિ સાગર સાથે મુલાકાત

આ પરથી બીજો પ્રસંગ યાદ આવે છે. કવિ સાગર પાસે એકવાર પ્રેમલક્ષણાભક્તિનાં ગીતો સંભળાવવા સરખેજ જવાનું થયેલું. તે સંભળાવતાં અગાઉ એમની સાથે ઠીક ઠીક સત્સંગ થયેલો. સાધનાની અંતરતમ હકીકત

અંગે પણ વાતચીત થયેલી. તે પછી તેમને મેં ગીતો સંભળાવ્યાં. તેમણે કહ્યું કે, 'તમારા દિલમાં શુદ્ધ અનાસક્ત પ્રેમ છે અને તે ઘણી ઊંચી કોટિનો છે. તમે કહેલી સાધનાના આંતરપ્રદેશની હકીકતોથી મને ઘણો આનંદ થયો છે. પરંતુ પ્રેમભાવે તમને કહું છું કે લોકો આવા ઉચ્ચ પ્રકારનાં ગીતોમાંથી પણ યોગ્ય સાર ગ્રહણ કરવાને બદલે પોતાની જીવદશાની વૃત્તિને પોષશે. માટે, આ બધી કૃતિઓ આ પાસેના તળાવમાં ફેંકી દો.'

અને એક પળની પણ વાર લાગવા દીધા વગર પાસેના તળાવમાં તે બધું પધરાવી દીધું. કવિ સાગર પણ સ્તબ્ધ થઈ ગયા હતા !

*જીવનસંશોધન : ૩૪૧-૩૪૨*

**આ જીવ**ના સાધનાકાળમાં અપરા પ્રકૃતિનું વલણ કંઈ ઓછું ન હતું. શ્રીપ્રભુકૃપાથી એને શોધતો રહેતો. તે કાજે સતત પ્રાર્થનાભાવમાં રમ્યા કરતો હતો. તે સમયની તે કાજેની પ્રાર્થનાઓ 'હૃદયપોકાર' અને 'કેશવચરણકમળે' નામના મારાં પુસ્તકોમાં સંગ્રહાયેલી છે. *જીવનસોપાન : ૧૬૩*

## સાધનાકાળમાં મૌન

**આ જીવ** સાધનાકાળમાં મૂંગો રહ્યા કરતો. ઝાઝું કશું જ બોલતો ચાલતો નહિ. કંઈ જ કશા ઉપર ચર્ચાબર્ચા કરતો નહિ. *જીવનપોકાર : ૧૪૪*

હું છ વાર જેલમાં ગયો છું અને બધા મોટા સેવકોની બાજુમાં જ રહું. પણ કોઈની સાથે એક શબ્દ પણ ન બોલું. હું તો મારું કામ જ કરું. બધા લોકોની પ્રકૃતિનાં ત્યાં પણ દર્શન થતાં. એ જોઈને થતું કે આવા લોકો કઈ રીતે અહિંસા પાળી શકે ? રાગદ્વેષની ભૂમિકાવાળા અહિંસા પાળી ન શકે, એવું જોવા-જાણવા છતાં હું તો મૌન જ પાળતો. મૌનથી શક્તિ જળવાય છે એનો એક પુરાવો મારા શરીરની ઉંમર છે. મહાત્મા ગાંધીજી પણ અઠવાડિયામાં-ક્વચિત્ બે દિવસ મૌન પાળતા. આમ, મૌન એ સાધનાનું ઉત્તમ સાધન છે.

*મૌનમંદિરનું હરિદ્વાર : ૯*

## મન ઉપર કાબૂ

સાધનામાં મનનાં વલણો ઉપર રહીને જ જે તે કંઈ કરવાનું કામ હું કરતો. એનું કહ્યું માનીને નહિ, પણ મારે તે કરવાનું જ છે એમ ખ્યાલમાં દઢાવવાની ટેવ પાડતો. તેથી મન પોતાનાં આગ્રહો, મંતવ્યો, દષ્ટિબિંદુઓ, સમજણ, અનુભવો વગેરે માટે આગ્રહ રાખવાનું છોડી દેતું.

હું મનથી નોખો છું એવો અભ્યાસ કેળવતો, બાકી, મન તો જરૂર જીવપણામાં જ રખાવતું. હું માનતો કે 'મન જ નર્ક કે મોક્ષનું દ્વાર છે.' મનના તરંગોને કદી વશ ન થતો અને તે માટે જાગૃતિ રાખતો. મનની સાથે જાગૃતિ રાખી રાખીને અનેકવાર આવા પ્રયોગો કર્યા જ કરતો. તેથી આત્મવિશ્વાસ કેળવાતો.

*જીવનપ્રવેશ : ૧૦-૭૧*

મનની સ્થિરતા સાધનામાં જરૂરી છે. તેથી કશા કોઈ વિચારો ઉદ્ભવવા દેતો નહિ. આપણે માની લીધેલી રીતભાતો-રિવાજો-ટેવો વગેરેને છોડી દઈને મનને આઘાતો આપતો. તેથી આપણે આપણું કહ્યું કરવાનું છે, મનનું કહ્યું નહિ. આ અભ્યાસ પાડ્યા કરવાથી મન શાંત બન્યું. તેની ઉપર કાબૂ મેળવી શકાયો.

*જીવનપગરણ : ૮૦-૮૭*

## ધ્યાનમાં તદાકાર

**આ જીવ** હરિજન સેવામાં હતો, ત્યારે રાતના સમયે સ્મશાને સૂવા જતો. સાધના કરવા જતો, ત્યારે ધ્યાન કરતો. સાબરમતી (અમદાવાદ) ગાંધીઆશ્રમની પાસે ઝાડ નીચે મધરાતે ધ્યાનસ્થ સ્થિતિમાં કોઈવાર મારા સાથીદારો જોતા. તો કોઈકવાર હરિજન શાળામાં વિદ્યાર્થીઓ સમક્ષ ચાલુ વર્ગ હોય, ત્યારે પણ પલાંઠીવાળીને ભાવાવેશમાં કે ભાવસમાધિમાં બેઠેલા શ્રી હેમંતભાઈ જોતા, તો કુતૂહલતાથી પૂછતા, ત્યારે હું કહેતો કે 'આવું તો મને થઈ જાય છે.'

ધ્યાનમાં તદાકાર થવા માટે આપણી જાત, વાતાવરણ બધું ભૂલી જઈને, તેની સાથે તટસ્થતા કેળવતો અને તે થવા માટે હૃદય સર્વ પ્રકારે સરળતાવાળું, નિશ્ચિંતતાવાળું અને નિર્દ્વંદ્વ ભાવવાળું બનાવી ધ્યાન કરતો. મનને શાંત પાડતો. આમ, મારી પંદર-સોળ વર્ષ સુધીની સાધના-જપ અને ધ્યાન કરીને એવી અવસ્થા આવી કે ધ્યાન અને સમાધિ મારે માટે સહજ વસ્તુ બની ગઈ.

*ધ્યેય અને ધ્યાન : ૧૧, ૨૩*

## ભય ઉપર કાબૂ

**આ જીવ**ને જ્યારથી સાધનાનું કર્મ પ્રભુકૃપાથી પ્રાપ્ત થયું ત્યારથી તે ભાગ્યે જ ઘરમાં સૂતો હોય, હંમેશાં હું સ્મશાનમાં જ સૂતો. નડિયાદમાં જેટલો કાળ રહેવાનું બન્યું, તે બધા દિવસો ગામથી દૂર એકાંતમાં જ સૂવા

જવાનું બનતું. શય્યા તો 'ભૂમિતલ' જ હતી. શરૂ શરૂમાં તો પાણી પીવાનું પણ ન મળી શકે. સ્મશાનમાં લાકડાં સાચવવાંને માટે ત્યારે એક ડોશીમા રહેતાં હતાં, મારે માટે તે રોજ નાની માટલીમાં પાણી ભરી રાખતાં. સૂવાની જગા પણ વાળી રાખતાં. કડકડતી ઠંડી પડતી હોય કે મુશળધાર વરસાદ પડતો હોય, તોપણ તે કાર્યક્રમ સદાય ચાલુ જ રહેતો. કઠણાઈ હોવા છતાં કઠણાઈને માની નથી. *જીવનદર્શન : ૨૫૭*

જ્યાં જ્યાં ભય લાગે એવી ભયંકર જગ્યાઓ હોય ત્યાં જઈને રાતવાસો કરતો. વળી, જે જગ્યાએ સાપ, વાઘ, સિંહ વગેરે રાની પશુઓનો ભય હોય ત્યાં રાત ગાળવાનો જાગ્રત પ્રયત્ન પ્રભુકૃપાથી મને તક મળતાં બન્યા જ કર્યો હતો.

લોકોનાં રીતરિવાજ અને તેની ભીંસથી પણ માનવી ભયમુક્ત થઈ શકતો નથી. લોકોનો પણ તેને ભારે ભય હોય છે. લોકોના વાતાવરણથી તે વિરુદ્ધ વર્તી શકતો નથી અને તેવા વાતાવરણથી તે ભયગ્રસ્ત રહે છે. આ બધાથી ભયમુક્ત થવાને કાજે જ્યારે જ્યારે તેવા પ્રસંગો પ્રગટ્યા, ત્યારે ત્યારે આ જીવે પ્રભુકૃપાથી એવા અનેક પ્રકારના ભયમાંથી મુક્ત થવાને જબ્બર પ્રયત્ન કરેલ છે. *જીવન અને કાર્ય : ૩૭*

સ્મશાન અને એવી ભયાનક બીજી જગાઓએ રહેવાનું બનતું, તેમાં એકલી ભયમુક્ત થવાની મહત્ત્વાકાંક્ષા હતી, એવું છેક ન હતું. મને પોતાને માનવીના સમૂહના કોલાહલથી આઘે એકાંત જગા મળી શકે, તો સાધનાનું કામ ખૂબ શાંતિથી અને આનંદથી થઈ શકે તેવા હેતુથી પ્રેરાઈને એ જગાઓ પસંદ પડતી. શરૂમાં કંઈ ભય લાગતો ન હતો એવું પણ ન હતું. પરંતુ તેમ થતાં સ્મરણ કર્યા કરતો. પ્રાર્થના કરતો. ભય એક એવા પ્રકારના સંસ્કારોના પરિણામે પ્રગટે છે. તેવા સંસ્કાર હઠી જાય તો ભય જેવું લાગતું નથી. એવી ઊંડી સમજણ પ્રભુકૃપાથી દિલમાં પ્રગટેલી હતી, તેના કારણે ભયથી મુક્ત થતું જવાતું બની શકતું હતું. *જીવન અને કાર્ય : ૩૮*

## સાધનામાં અવરોધ

મારા જીવનના ઊર્ધ્વ આરોહણના વિકાસમાર્ગમાં પણ કેટકેટલા ભયંકર અવરોધો પ્રગટતા હતા. તે વેળા ખમીર, ખુમારી, ટટારી, એવા કારમા સંગ્રામનો

સામનો કરવાને જે ઉત્સાહ, ખંત, ઉદ્યમ, સાહસ, હિંમત, ધૈર્ય, ટેકીલાપણું, આત્મવિશ્વાસ એવા એવા કેટલાક ગુણોની સમગ્રતાની જીવંત શક્તિ વડે પેલા અવરોધોનો સામનો કરવા સમર્થતા મને મળતી. કોઈકવાર હું તૂટી પણ પડતો, હારતો, તેમ છતાં એવી વેળાએ પણ હારતાં હારતાં, તૂટી પડતાં તૂટી પડતાં અને મરતાં મરતાં પણ શ્રીભગવાનને હૃદયમાંથી હૃદયના આર્ત અને આર્દ્ર ભાવે સતત એકધારો પ્રાર્થનાનો પોકાર પાડ્યા જ કરતો અને જેમાં ને તેમાં શ્રીભગવાનને હૃદયમાં હૃદયથી (જીવંત) સામે ને સામે એકીટશે નજર સમક્ષ ધરાવ્યા કરતો.

## આત્મનિવેદનનો ઉપયોગ

તેવી વેળાએ હું મારા સદ્ગુરુને સામે ને સામે જ રાખ્યા કરતો, અને જે તે બધું એને આત્મનિવેદન કર્યા કરતો. અને જે તે બધું સહજ થયા કરતું. પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ મનાદિકરણોથી તે તે બધું જ એને આત્મનિવેદન ભાવે સમર્પ્યા જ કરતો. એવા આત્મનિવેદનનો તે પછીથી એવો જીવંત ચેતનાત્મક અભ્યાસ પડી ગયેલો કે કંઈ જ કશું એનાથી છાનું રહી શકતું જ નહિ. એને જે તે બધું કહેવાઈ જાય, અને તે તે પણ તે તે પળે જ, ત્યારે હૈયામાં હૈયાથી જંપ નિરાંત વળતાં. આવા જીવંત અભ્યાસથી પરસ્પરનું હૃદયમાં હૃદયથી હૃદયનું જે આત્મસગપણ જીવતું થાય છે, એનો સ્પષ્ટ ચોક્કસ ખ્યાલ બીનઅનુભવીને આવી શકવો દુર્લભ છે.

આમ, સતત સ્મરણ, પ્રાર્થના, ભજનકીર્તન, આત્મનિવેદન, સમર્પણયજ્ઞ સન્મુખતા-એવાં કેટલાંય સાધનોનો અભ્યાસ સતત કર્મ કરતાં કરતાં જ મારાથી થયે જતો હતો. તે પણ શ્રીભગવાનની પરમ કૃપા જ હતી અને એવા સતત ચાલુ રહ્યા કરેલા અભ્યાસ યજ્ઞમાંથી જીવનવિકાસના માર્ગમાં બીજાં કેટલાંય ગૂઢ સાધનો મળ્યાં કર્યાં હતાં. *જીવનસ્મરણ : ૧૧-૧૨*

## સાધનામાં કટોકટી

**આ જીવ**ના સાધનાકાળમાં એક ગાળો એવો મહામુશ્કેલી ભરેલો આવેલો કે જ્યારે તેનાથી થતા સકળ પુરુષાર્થથી કશું બની શકતું ન હતું. ઊંચે પ્રગટી શકાતું ન હતું. તે વેળાએ મેં જ્ઞાનભક્તિપૂર્વક શ્રીસદ્ગુરુનો આશરો લઈને પોકાર પાડેલો. અનેક પ્રાર્થનાઓ કરી છે. દરેક લીટીના છેડે મારા સદ્ગુરુનું

નામ 'કેશવ' આવ્યા કરતું. એવી પ્રાર્થનાઓથી જીવનમાં રચનાત્મક લાભ થયો છે. એ મારો પ્રત્યક્ષ અનુભવ છે. સદ્ગુરુની મદદ જરૂર મળે છે તે હકીકત સાચી છે. પરંતુ જ્યારે એનામાં આપણું દિલ પ્રેમભક્તિપૂર્વક લાગેલું હોય છે, ત્યારે તે અનુભવાય છે. સદ્ગુરુ પ્રત્યેનો આપણા દિલમાં પ્રગટેલો ભાવ આપણને સાધનામાં વિશેષ ને વિશેષ એકાગ્ર અને કેંદ્રિત કરવાને પૂરેપૂરો શક્તિવાળો બને છે. *જીવનસંશોધન : ૨૦૪-૨૦૫*

જ્યારે જ્યારે સાધનામાં ભરાઈ પડવાનું, ભેરવાઈ જવાનું એટલે કે એવા સાધનાના વિષય કરતાં બીજા અન્ય પ્રકારમાં અથડાઈ જવાનું બનતું હોય, તેવી તેવી પળે પ્રભુની કૃપામદદ પ્રાર્થનાભાવે યાચવાનું હું કદી પણ ચૂક્યો નથી. પ્રાર્થના એ તો મારા જીવનમાં રામબાણ ઉપાય હતો. એને મેં નિષ્ફળ ગયેલો જાણ્યો કે અનુભવ્યો નથી. શુદ્ધ, પ્રામાણિક, વફાદાર અને નેક દાનતના દિલના આર્દ્ર અને આર્ત ભાવથી પોકારેલો પ્રાર્થનાનાદ મિથ્યા કેમ થઈ શકે ? જીવનવિકાસના શુદ્ધ પરિણામનો હેતુ સાચો હોય, એનું સાધન જ્યાં પ્રાર્થનાભાવ હોય, એટલે એમાં ભાવ પવિત્ર જ હોય, અને તેમાં હૃદયની આર્દ્રતા, આર્તતા હોય અને જ્યાં તાદાત્મ્યમુક્ત ચેતનપણે સુમેળ પ્રગટેલો હોય, તો તે કેમ ન ફળી શકે ? *જીવનપોકાર : ૧૧૦-૧૧૧*

જ્યારે જ્યારે મારાથી કોઈ સ્વાર્થ પ્રકારની નહિ, પણ જીવનવિકાસના માર્ગ પરત્વેની ગાંઠ પડેલી અનુભવાતી, અને તે ઘણી ઘણી સાલતી. એને ઉકેલ્યા વિના ચેન કે જરા પણ જંપ ન વળે એવી ઉત્કટ દશામાં મારા હૃદયમાં હૃદયથી તેવી વેળા જે પ્રાર્થના થતી, તેમ છતાં તે ન ફળતી, તો હું મારી પોતાની જાત-મનને, પ્રાણને, ચિત્તને, બુદ્ધિને, અહમ્‌ને અને તેનાં અનેક પાસાંઓમાં વળી વળી તપાસી લેતો. ક્યાંક કવાણું હોવું ઘટે. અથવા કાં તો પ્રાર્થનાના ભાવમાં તે તે (મનાદિકરણો) પૂરેપૂરાં યોગ્ય રીતે ભળેલાં ન હોય, અથવા એવી એકાગ્રતા અને કેંદ્રિતતા ન જામી હોય એવું અનેક પ્રકારની જાતનું બધી બાજુનું ઊંડું ઊંડું પૃથક્કરણ કરી કરી, પ્રભુના ભાવમાં એકાગ્ર અને કેંદ્રિત થવાને એની કૃપાથી મથ્યા કરતો તેમ થતાં થતાં હૃદયનો ઊંડો તેવો પ્રાર્થનાભાવ પણ ફળેલો અનુભવતો.

*જીવનપોકાર : ૧૧૨-૧૧૩*

તેવી તેવી વેળાએ હું શ્રીપ્રભુકૃપાથી મારા સદ્ગુરુની ચેતનાની ભાવનાને અને શક્તિને હૃદયમાં હૃદયથી પ્રેમભક્તિ વડે આવાહન કર્યા કરી કરીને

શ્રીપ્રભુને પ્રાર્થના કર્યા કરતો. તે ભાવમાં મનને એકાગ્રતામાં કેંદ્રિતપણે પરોવ્યા કરતો અને મેં અનુભવ્યું હતું કે મને તેની કૃપામદદ મળ્યા જ કરતી.

*જીવનસોપાન : ૨૪૨-૨૪૪*

## નિરાશામાં લાચારી ન ભોગવવી

જેમ વેપાર કરવા મૂડી, તેની કળા, વિવેક, જ્ઞાન, અનુભવ વગેરે બધાંની જરૂર રહે છે, તેમ જીવનવિકાસની ભાવનાને વિકસાવવા કાજે પણ શક્તિરૂપી મૂડીની જરૂર રહે છે. આ મૂડી શરૂઆતમાં લાવવી ક્યાંથી ? આ પ્રશ્ને મને ઘણો મૂંઝવેલો. જેમ વેપાર કાજે બીજાં બધાં જોઈતાં સાધનો હોય, પણ ધનની મૂડી ન હોય, અને તે મેળવવા કાજે યોગ્ય ઓળખાણ કે સંબંધ ન હોય, તેવા માણસનો વેપાર કરવાનો ઘણો વિચાર હોય, તોપણ તે અમલમાં મૂકી શકતો નથી. તેવું આ જીવનું બની ગયેલું છે. પરંતુ નિરાશ થઈને લાચારી ભોગવીને બેસી ન રહેવું, એવું મારા સદ્‌ગુરુનું આ જીવને આજ્ઞાવચન હતું. ગુરુના સદ્‌વચનને ગમે તેવો ભોગ આપીને યથાર્થ પણે વર્તનમાં મૂકવું તે મૂકવું જ. એવી સમજણ શ્રીપ્રભુકૃપાથી દિલમાં ઊતરેલી તેથી નિરાશ દશામાંથી ઊગરી જવાનું બની શકેલું. તે વેળા સદ્‌ગુરુની ભાવનાની ધારણાને હૃદયસ્થ કર્યા કરતો. સર્વ એને અત્યંત આર્ત અને આર્દ્રભાવે હૃદયમાં હૃદયથી પ્રાર્થના કર્યા કરતો. ધ્યાન તેનો ઉકેલ કરવામાં રોકી સમજણપૂર્વકનું વર્તવાનું કર્યા કરતો હતો. આ જીવને તેનો ઉંકલ આપોઆપ જેમ જમીનમાંથી વાંસ ફૂટી નીકળે છે, તેમ ઊગી જતો. તેથી આ જીવને સૂઝ્યું કે હે જીવ ! તારી જીવનવિકાસ કરવાની અદમ્ય ઝંખના, તે પરત્વેની દૃઢ શ્રદ્ધા, પુરુષાર્થ કર્યા કરવાની ખાંખત, શૌર્ય, અનંત ધીરજ આદિ ગુણોની શક્તિઓ કંઈ જેવી તેવી નથી.'

*જીવનપોકાર : ૧૨૪, ૧૨૭*

## સાધનામાં ગુપ્તતા

સને ૧૯૩૧માં સાબરમતી જેલમાં હેમંતભાઈ અને હું સાથે હતા, ત્યારે તેમણે મને પૂછેલું કે શું ગણગણ્યા કરો છો ? તેમણે ઘણી વાર પૂછ્યું ત્યારે જ 'હરિઃ ૐ'નો જપ કરું છું' એમ કહેલું. તે સિવાય બીજું કશું જ કહ્યું ન હતું. બીજા મારા કર્મસાથીઓને એટલીય ખબર પડી ન હતી. પછી જીવનમાં અદ્‌ભુત ગણાય એવા પ્રસંગો કોઈને શેના જણાવ્યા હોય ? સાધના પ્રદેશના અનુભવોની કંઈક હકીકતો એવી હોય છે કે દિલમાં ને દિલમાં ભરાઈને જીવનની પડી હોય છે.તેનું સહૃદયી આગળ પણ મૌન સેવેલું છે. જોકે મૌન રાખવું અને સંયમ

જાળવવો એ આપણે ધારીએ છીએ એટલું સહેલું હોતું નથી. પ્રભુકૃપાથી જે કંઈ એનું કામ હતું, તે અત્યંત ગુપ્તપણે થાય એમ મને ઊગેલું હતું. તેથી છેક ૧૯૨૬થી હું અને હેમંતભાઈ સાથે હતા, છતાં ૧૯૩૮માં કરાંચીમાં પહેલવહેલો આ જીવના આધ્યાત્મિક જીવનનો સ્પષ્ટ ખ્યાલ તેમને જાગ્યો હતો. માત્ર ૧૯૩૧માં અમે બોદાલ આશ્રમમાં સાથે હતા, ત્યારે અંદરના ઓરડામાં વર્ગ લેતાં લેતાં એકવાર અચાનક કંઈક એવું નિમિત્ત મળતાં અને એનું સ્ફુરણ થતાં દેહભાન સંપૂર્ણપણે જતું રહેલું અને બહારના ઓટલા પર હેમંતભાઈને બોલાવવા છોકરાઓ ગયેલા, ત્યારે તેમણે આ જીવની તેવી દશા જોયેલી હતી. ત્યારે પણ મેં 'એવું મને કદી કદી થઈ જાય છે.' એવી રીતે કહેલું કે તેમને કુતૂહલ જાગે નહિ. વળી, એકાદ બે વાર આ જીવને મધરાતે બે-એક વાગ્યે બહાર ભીંત આગળ કે રાયણના ઝાડ નીચે ધ્યાન-પ્રાર્થનામાં બેઠેલો એ જોઈ ગયેલા હતા. આખો દિવસ ચાલતા ભારે શારીરિક શ્રમ પછી પણ મધરાતે જાગીને બેસવા જેટલી અને બીજે દિવસે એ જ નિત્યક્રમ ઊલટભેર ચાલુ રાખવા જેટલી શક્તિ મારામાં કેમ કરીને રહેતી હશે એવી નવાઈ તેમને લાગી હતી. એક વખત બોરસદના સાર્વજનિક દવાખાનાના નાગર ડૉક્ટર સાહેબે તેમને કહેલું કે એમને ભજન કરતાં કરતાં દેહભાન જતું રહે છે. આંખમાંથી સતત પ્રેમભક્તિનાં આંસુની ધાર વહે છે, એવું કેટલીક વાર જોયું છે. એ ખબર તેમને દાક્તર સાહેબની મારફતે પડેલી ખરી, પણ તેમાં આ જીવની કોઈ ઇચ્છા પ્રવર્તેલી નહિ. આમ, હેતુપૂર્વક આટલાં વર્ષ આ અંગે મૌન પાળ્યું છે.

હવે, આ પ્રસંગો કેમ લખું છું ? કોઈ ગુણ યોગ્ય અને પર્યાપ્ત પ્રાપ્ત થયા પછી તેની સળંગ ધારા વિકાસની અમુક કક્ષાઓ વટાવ્યા બાદ તેવી ને તેવી રહેતી નથી. પહેલાં આ જીવને મૌન અને ગુપ્તપણાએ થતી સાધના તે કાળ પૂરતાં યોગ્ય હતાં. તેમ હવે એવી સ્થિતિનું પ્રાગટ્ય પ્રભુકૃપાથી થયું છે કે જીવનનો આખો તબક્કો બદલાઈ ગયો છે. એના એ દેખાતા દેહમાં નવો જન્મ થયો છે. તેથી હવે આ જીવના વિકાસના હેતુ માટે પ્રભુકૃપાથી થયેલા અનુભવો સ્વજન આગળ વ્યક્ત કરવાનું યોગ્ય લાગેલું છે. *જીવનસંશોધન : ૨૩૩-૨૩૪*

ઈશ્વરની આવી બલિહારી છે. એ ઈશ્વરનો થવા માટે મેં જે જે પ્રયત્નો કર્યા છે તેને ટૂંકમાં રજૂ કર્યા છે. મારા ગુરુમહારાજે મને સાધનામાં દીક્ષિત કર્યો ત્યારે કહેલું કે, 'ઈશ્વરને માર્ગે જતાં જતાં તને જે જે અનુભવો થાય તેને તું

હૃદયમાં સંઘરી ના રાખીશ. પરંતુ જેઓ ભગવાનને માર્ગે જવા માગે છે તેમને તારા અનુભવોની જાણ કરજે. મેં તને જેમ ઈશ્વરને માર્ગે જવામાં પ્રોત્સાહિત કર્યો છે તેમ તું પણ લોકોને ઈશ્વરને માર્ગે જવામાં પ્રોત્સાહિત કરજે.' હું કરી રહ્યો છું કે જેથી કોઈને પણ એનો રંગ લાગે. મારા ગુરુમહારાજને આ જ મારી ગુરુદક્ષિણા છે. *ભાવહર્ષા : ૧૬-૧૮*

## સાધનામાં સ્વજનોનું વલણ

પ્રભુકૃપાથી મારે અક્કલ હોશિયારીમાં ખપવું નથી. પહેલાં પણ એમાં કોઈ ગણતું ન હતું. હેમંતભાઈ જૂના સાથી અને સાક્ષી છે. તે આ બધું જાણે છે. *જીવનસંશોધન : ૧૩૭*

અનેક વડીલ સ્વજનો પરત્વે તો જીવતોજાગતો સદ્ભાવયુક્ત આદર જ મારાથી તેમના પ્રત્યે પ્રવર્ત્યા કરતો હતો. આ જીવ મૌન પાળતો અને કોઈની સાથે બોલતો નહિ. તેથી તેવી રીતનું આ જીવનું વ્યક્ત થવું બીજા જીવોને કદાચ ન ગમતું. આ જીવના તેના વર્તાવથી હું બદલાઈ ગયો છું, અભિમાની થઈ ગયો છે, એમ કેટલાક માન્યા કરતા. પણ જે જીવો આ જીવના પૂરેપૂરા નિકટના પરિચયમાં આવેલા છે. અને જે જીવો ઘણા કાળથી જીવનસાથીઓ તરીકે પ્રભુકૃપાથી મળેલા છે અને જેમનો સંસર્ગ આ જીવને ઘણો ઘણો નિકટનો છે, જેમણે આ જીવમાં તેવાં પાસાંઓનો અનુભવ પૂરો પાકો થયેલો છે તેવા જીવો આ જીવમાં તેવું 'અભિમાન' છે કે તેવું 'હું પણું' છે કે નહિ તેનું યોગ્ય તારતમ્ય તે લોકો જોઈ શકેલા. *જીવનસંશોધન : ૧૩૭*

અનેક સ્વજનોની મેં ગાળો ખાધી છે. અનેક સ્વજનોથી ધુતકારાયેલો પણ છું. કેટલાંક સ્વજનોએ પાછો ધકેલવાનું પણ કરેલું છે, કેટલાકે ઘણો વિરોધ કરેલો છે. કેટલાકે મનમાં કાંઈ કાંઈ અન્યથાપણે માની લીધેલું છે. ઉચ્ચ જીવનમાં પ્રગટી શકે એવા પ્રગટેલા હોવા છતાં તેનું મહત્ત્વ કોઈને લાગેલું નથી. છતાં કોઈના પરત્વે આ જીવનો સદ્ભાવ ઘટેલો નથી. તેમના ખપમાં આવવા પ્રભુકૃપાથી ખડેપગે તૈયાર રહી શકાયું છે. કોઈ કોઈ જીવની અતિ ગંદી ગાળો ખાવાનું બન્યું છે, છતાં પ્રભુકૃપાથી તેમના પર પ્રેમ કરવાનું જ ભગવાને અમને સુઝાડ્યું છે. તે एની પરમ કૃપા છે. જો કોઈએ થોડો પણ ઉપકાર કર્યો હોય છે, કોઈનું આ જીવ પર થોડુંક પણ ઋણ હોય છે, તો તેને ચૂકવવા માટે પ્રભુકૃપાથી

આ જીવે ઘણી જહેમત ઉઠાવેલી છે, જીવનમાં જે કદી આચર્યું નથી, એવું આચરવાને કદી આ જીવે કોઈને કહ્યું નથી.

*જીવનમંથન : ૨૨૬*

સાધનાની અમુક કક્ષાઓ વિતાવ્યા બાદ એક ગાળો એવો પણ પ્રગટે કે જીવાત્મા તે વેળા પરવાવાળો કે બેપરવાવાળો સાથે સાથે બનેલો હોય એવા એના રંગઢંગ હોય છે. પરવાવાળાના રંગઢંગ સહુ કોઈને ગમે અને બેપરવાવાળાનો રંગઢંગ તો કોને ગમે ? હવે પ્રભુકૃપાથી મારે માત્ર કોઈને ગમાડવાને કારણે જીવવાનું રહ્યું નથી. પૂર્વના જીવનનો તો પ્રભુકૃપાથી કાયાપલટો થઈ ગયેલો છે. *જીવનપોકાર : ૧૪૭*

## સાધનામાં મસ્તી

સાધનાકાળમાં શહેરમાં સગાંવહાલાંઓનાં ઘરની પાસે થઈને રસ્તા ઉપર ભજન ગાતાં ગાતાં અને નાચતાં કૂદતાં ચાલ્યા જવાનું બનતું. માસી, માસા અને બીજાં સગાંવહાલાં મળે, પરંતુ મને કોઈ અટકાવીને બોલાવતું નહિ. તેમને હું જોઉં તો ભજનની મસ્તીમાં તેમને બે હાથ જોડી માથું હલાવી પ્રણામ કરું. પરંતુ કદી ઊભો ના રહું. એવી મસ્તીના તાનમા, મદમાં અને મુક્ત કંઠે પ્રભુકૃપાથી ગાવાનું બનતું, તેથી કરીને દિલમાં જે એક પ્રકારની મસ્તી ચઢતી તેની ખુમારી કોઈ સમજી શકનાર ન હતું. *જીવન અને કાર્ય : ૩૮*

કોઈ સાધુ હિમાલયની ગુફામાંથી આવી પોતાના જીવનની બધી હકીકત કહે તો તે તે માત્ર આપણે સાંભળી લેવાનું બને, પરંતુ તેની યથાયોગ્ય સાબિતીની હકીકત પણ આપણને મળી શકે નહિ, પરંતુ મારા જીવનનું તેવું નથી. હું સ્મરણ કર્યા કરતો હતો. પ્રાર્થના કર્યા કરતો હતો. જ્યાં ત્યાં જતાં આવતાં, હરતાંફરતાં, ખાતાંપીતાં અને સકળ કર્મ કરતાં કરતાં આ જીવ ભજન ગાયા કરતો હતો. અને કર્મ કરતાં કરતાં કેટલીયે વાર ભાવાવસ્થા થઈ જતી. તથા છેક **૧૯૨૪-૧૯૨૫ની સાલમાં શ્રીભાઈ સાહેબ** (સ્વ. રમણલાલ વસંતલાલ દેસાઈએ) મને કેટલીયે વાર ભજન ગાતાં ગાતાં ચરમ ભૂમિકાએ પહોંચેલો તદ્દન શૂન્ય અને સ્તબ્ધ થયેલી દશામાં બેઠેલો જોયેલો છે. અને તે હકીકત **'પ્રણામપ્રલાપ'**ની ચોપડીની પ્રસ્તાવનામાં તેઓશ્રીએ લખેલી પણ છે. આશ્રમમાં બાળકોને ભણાવતો હોઉં ત્યારે પણ તેવું થઈ ગયેલું કેટલાંકે તો જરૂર જોયેલું છે. ભયંકરમાં ભયંકર જગાએ જઈને રાત્રે સૂઈ રહેવું એ તો જાણે મારો

નિત્યનો ક્રમ. એટલે આ જે બધું મેં ગાયું છે, લખ્યું છે. તે હકીકત મારા જીવનની સાચી ઘટના છે અને તેના સાક્ષી પણ છે.

આમ, મારી સાધનામાં મારા ગુરુમહારાજ તો મને શત્રુની જેમ વળગ્યા હતા. કેટલીયે વખત કડવી ગોળી પ્રેમથી તેમણે ગળાવી છે. કેટલુંયે એવું કરાવ્યું છે પણ મારે તો એક તસુ જેટલું પણ ચસવું ન હતું. પણ તેમને તો મને ત્યાંથી ખસેડવો હતો. એક બાજું હું જડસું થઈને પૂરેપૂરો પડી રહેલો અને પેલાને ત્યાંથી ધક્કો મારીને પણ તેમાંથી મને ખસેડવાનું કરાવવું હતું. મને સાધનામાં ખેંચવાની તેમની આવી એક રમત હતી.પરંતુ તેનું સાચું ભાન કૃપા કરીને જો હું પ્રગટાવી ન શકું તો પેલો શું કરી શકે *જીવન અને કાર્ય : ૧૪૫*

પરંતુ ઘણીવાર એવું બનતું કે અંદર સમજાતું હોય, પણ પૂરું વ્યક્ત થઈ શકતું ન હોય. છતાં એમાંથી નવું સમજાતું, નવું અનુભવાતું અને નવું બળ મળતું. સદ્‌ગુરુ પરત્વે હૃદયમાં પ્રગટેલો જીવતોજાગતો સદ્‌ભાવ એ મને પ્રેરણા આપ્યા વિના રહી શક્યો નહિ. એવો પ્રત્યક્ષ અનુભવ મને થયો.

સદ્‌ગુરુના પ્રયાસથી જીવદશાનાં વમળોમાં કેવી કેવી રીતે ભરાઈ પડવાનું થતું. તેવાં વમળોમાંથી મુક્ત થવા કેવું કેવું મથવાનું બન્યું, તેવી જ્ઞાનભક્તિયુક્ત અને ધ્યેયના હેતુની સભાનતાવાળી જાગૃતિથી, જે ભારે સંગ્રામની, મથામણની અંતરમાં અંતરથી જે સૂક્ષ્મ પ્રક્રિયા પ્રવર્ત્યા કરેલી, તેનો આ મારો સાધનાકાળનો ઈતિહાસ છે. *જીવનરસાયણ : ૧૩*

શ્રીસદ્‌ગુરુપદે મૂક્યું માથું જેણે નમાવીને,
જે તે કંઈ બધું તેનું તત્પર કરવા જ તે,
ગરુડે ચઢી વ્હારે તે તત્કાળ ઊડીને તહીં,
-જવા પ્હોંચી શી એને છે, તાલાવેલી જ દિલથી.

*શ્રીસદ્‌ગુરુ : ૯૧* - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

## ખંડ - ૭

# સ્વપ્ન દ્વારા સાધના

# નિર્જન સ્થળે સાધના

શ્રેયસાધકનું જ્યારે માંહ્યલું રચનાત્મક
-પાકું વલણ સંપૂર્ણ થયેલું હોય, તે પળ
-સદ્‌ગુરુ સ્વપ્નમાં તેના આવીને શીખવે કદી,
ને તે શિક્ષા પ્રમાણેનું વર્તતો થાય તે પછી

*શ્રીસદ્‌ગુરુ : ૮૯* - **શ્રીમોટા**

‘પરમ જ્ઞાન, પરમ શક્તિ, પરમ શી ચેતના હરિ છે !’
ખરું સાકાર દર્શન આ, હરિનું તે જ સાચું છે.
વિપુલતા, ભવ્ય ઐશ્વર્ય, અનંત જ દિવ્ય સામર્થ્ય
-ગુણો એવાતણો અનુભવ હરિ સાકાર તે દર્શન.

*જીવનરંગત : ૪૯* **- શ્રીમોટા**

# સ્વપ્ન દ્વારા સાધના માટે આદેશ

આ જીવને જ્યારથી સાધનાનું કર્મ પ્રભુકૃપાથી પ્રાપ્ત થયું, ત્યારથી તે ભાગ્યે જ ઘરમાં સૂતો હોય. *જીવનદર્શન : ૫૧*

હંમેશની માફક સ્મશાનમાં હું સૂતો હતો. ત્યાં મને સ્વપ્ન આવ્યું. સાધનાનું સ્વપ્ન આવેલું. પણ સ્વપ્ન તો મિથ્યા. એટલે તેને કંઈ મહત્ત્વ આપ્યું નહિ. પણ બીજે દિવસે પાછું એ જ પ્રકારનું, જરાકે ફરક નહિ એવું સ્વપ્ન ફરીથી આવ્યું. ત્રીજે દિવસે આવ્યું. ચોથે દિવસે આવ્યું. પાંચમે દિવસે આવ્યું. ત્યારે થયું કે આ એકનું એક સ્વપ્ન રોજ આવે છે. સ્વપ્ન તો મિથ્યા. એ બધું જાણીએ છતાં પણ કરી જોવામાં આપણું શું જાય છે ? એકનું એક સ્વપ્ન આવે, રોજ રોજ આવે છે તેનું કંઈ કારણ હોવું જોઈએ. મિથ્યા હશે તોપણ આપણું શું જવાનું છે ? કરી તો જુઓ. એટલી 'રિસેપ્ટીવીટી' (સ્વીકારાત્મકતા) આવી. એટલે પાંચમા દિવસ પછી એ સાધન મેં કરવા માંડ્યું. એટલે સ્વપ્નમાં ચારપાંચ વખત સાધન બતાવેલાં. મને લાગ્યું કે સાલું, આ બરાબર નહિ. સ્વપ્નમાં સાધન બતાવે તે કરતાં સામે આવીને બતાવે તો સારું ! અને એ તો કેવી રીતે થાય ? તો કહે, એને આપણામાં જીવતો કરી દો. તો જીવતો કેવી રીતે કરી દેવો ? તે આપણી સન્મુખ તો રહેતો નથી. એટલે એનો જે આકાર હતો તે પચાસ, સાઠ, સિત્તેર, સો વાર રોજ સામે ને સામે રાખ્યા કરું. શરૂઆતમાં તો ધીમે ધીમે કલ્પનાની મદદથી કરવા લાગ્યો, એમ કરતાં કરતાં સવા વરસ જેવું થઈ ગયું ત્યારે અખંડ થઈ શક્યા. પછી એ સૂક્ષ્મમાં ઊતરે. સ્થૂળ સાધન હોય-સ્થૂળ સાધનમાં એકાગ્રતા કરવી જોઈએ. જ્યારે એકાગ્રતા થાય પછી એ સૂક્ષ્મમાં ઊતરે અને પછી તો મને એનો લાભ સારો મળ્યો.

*તદ્રૂપ-સર્વરૂપ : ૨૨-૨૩*

પ્રભુકૃપાથી આ જીવને સ્વપ્ન દ્વારા સાધનાની કેટલીક સૂક્ષ્મ રીતોની ખબર પડેલી. કેટલીક વખતે સ્વપ્ન દ્વારા કેટલુંક અનુભવવાનું અને જાણવાનું પણ મળેલું. સ્વપ્ન દ્વારા શ્રીસદ્‌ગુરુએ આ જીવને કંઈ કંઈ બતાવેલું હતું. મારા જીવનની તે નક્કર હકીકત છે. બીજા સામાન્ય જીવથી આવી હકીકતમાનું સાચું તથ્ય ન સ્વીકારી શકાય તે પણ સમજી શકાય તેવું છે. આ જીવને અનેક

પ્રકારના પ્રકૃતિમાં પડી રહેલા સૂક્ષ્મ દોષોનું તીવ્રતમ ભાન સ્વપ્નમાંથી જાગેલું હતું. અજાણતામાં થયેલા કેટલાક દોષો સ્વપ્ન દ્વારા સમજણમાં આવેલા. વહેવારવર્તનમાં વિવેકથી વર્તવાની કળા અને તેની રીતભાત અને તે શીખવાની કળા વગેરે પણ શ્રીસદ્‌ગુરુએ સ્વપ્ન દ્વારા **આ જીવ**માં પ્રગટાવેલી, સ્વપ્નમાં સ્વપ્ન દ્વારા શ્રીસદ્‌ગુરુએ કેટલાક પ્રકારની સૂક્ષ્મ વિધિઓ **આ જીવ**ના આધાર પર કરેલી. આવી હકીકતોની તાદૃશતા અને તેની સચોટતા અને તેની નક્કર વાસ્તવિકતા વગેરેનું જ્ઞાન **આ જીવ**ને એમની કૃપાથી થયેલું. તેથી કરી **આ જીવ**ની સાથે મારા સદ્‌ગુરુ, જીવતાજાગતા, દોરવતા અને પ્રેરવતા જ્યાં ને ત્યાં રહ્યા કરેલા છે. એવો આત્મવિશ્વાસ પ્રગટપણે જીવનમાં અનુભવાયેલો. આ બધી હકીકત ચસકી ગયેલા ભેજાની નથી.ઘણાખરા આને એક પ્રકારનું માનસિક તૂત પણ માને. તો તેમાં તેમનો દોષ લગાર પણ ન ગણાય. અનુભવે જેને જે સમજાય તે ખરું. મારી ઉપલી હકીકતો સૌ કોઈ સ્વીકારે જ એવો કશો દાવો નથી. મારે મન જે સાચું હોય, તે બીજાને તેમ લાગવું જોઈએ એવું પણ કશું નથી. જોકે સાધનાની અમુક કક્ષામાં ઉપર પ્રમાણે જણાવેલી હકીકતો બનવાની શક્યતા છે, એવું તે પ્રકારનું અનુભવીઓનું કથન ઉપલી હકીકતોના સમર્થનમાં કદાચ મળી શકે તો મળી શકે. જોકે મારે કોઈના એવા સમર્થનની જરૂર નથી.

*જીવનપોકાર : ૧૦૮-૧૧૦*

**આ જીવ**ને પ્રભુકૃપાથી સાધનામાં પડવાનું થયું અને શરૂઆતમાં બેએક વર્ષમાં તામિલનાડુ પ્રદેશનાં દૃશ્યો સ્વપ્નમાં આવ્યાં કરતાં હતાં અને હિમાલયનાં પણ. હિમાલયનાં તો છેક નાનપણથી જ આવ્યાં કરતાં હતાં. આ દેશનાં દૃશ્યો સ્વપ્નમાં આવ્યાં કરતાં, પણ તે કયા દેશના છે, તેની કશી ગતાગમ તે વેળા લાગે જ નહિ. કોઈ ઠેકાણેનાં દૃશ્ય હશે, એમ લાગતું. જ્યારે ૧૯૪૧ની સાલમાં પહેલવહેલો આ બાજુ આવેલો, ત્યારે તે બધું એકાએક તાજું થયેલું.

સ્વપ્નમાં જ્યારે ચેતનયુક્ત જ્ઞાનભાવની જાગૃતિ પ્રગટે, ત્યારે શાંતિ, સમતા, તટસ્થતા આદિ જળવાતી અને તે પણ છાપ પાડ્યા વિના વહી જાય, ત્યારે **જીવ** સાધનામાં ખૂંપેલો છે એમ ગણી શકાય. સ્વપ્નની દશામાં ચેતનયુક્ત જાગૃતિ ટકી શકવી એ કાંઈ મારા જેવા **જીવ**થી એકદમ થઈ શકવું શક્ય નથી.

જીવતીજાગતી ચેતનયુક્ત જાગૃતિ અને તે પણ પ્રખર ઉત્તમ કક્ષાની પ્રગટેલી હોય છે, તો જ સ્વપ્નની દશામાં સમતા, તટસ્થતા, શાંતિ, વિવેક આદિ સાબદાં બનેલાં અને યોગ્ય કામ આપતાં અનુભવી શકાય છે.

*જીવનપોકાર : ૩૧૮-૩૧૯*

ए જેવો વળગેલો રહે, તેવું તો કોઈથી કદી
-વળગી ના શકાયું છે, ए કેવો દૃઢ દિલથી !
આપણે જઈએ ભૂલી, કિંતુ ते નથી ભૂલતો,
एનો સંબંધ જીવંતો, અખંડ, અકબંધ શો !

*શ્રીસદ્‌ગુરુ : ૧૦* - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# નિર્જન એકાંત સ્થળોમાં સાધના

## બોકડની બાવળીમાં સાધના

નડિયાદમાં જ્યારે મારે બોકડની બાવળીમાં સૂવા જવાનું થતું, ત્યારે પણ મને બિવડાવવાને અને ભય પમાડવાને ત્યાં આવનારા લોક ઘણા પેંતરા પણ રચતા અને મને મારવાની અને ખૂન કરવાની પણ ધમકી આપતા હતા. ત્યાંથી જતા રહેવાને ઘણું ઘણું, વારંવાર ધમકી આપીને કહેતા. એકવાર તો ત્રણેક ભાઈઓ ચોરીનો માલ લઈને તે બાવળીમાં છુપાઈને ભાગ વહેંચતા હતા, તે વખતે તેમણે મને જોયો. તેમાંનો એક જણ બોલ્યો કે, 'સાલાને પૂરો જ કરી નાખો કે જેથી આપણને ઓળખે નહિ.' પરંતુ તેમાંનું કોઈ ભગવાનની કૃપાથી તે માટે સળવળ્યું નહિ. આમ તો બોકડની જગા પણ બધી રીતે ભયંકર પ્રકારની હતી.

*જીવનદર્શન : ૩૦૭*

ત્યાં ભયંકર બાવળી છે. અત્યારે છે કે કેમ તે જાણતો નથી. ત્યાં અનેક પ્રકારના ચિત્રવિચિત્ર માનવીઓ રાત્રે ભટકે. અનેક પ્રકારના ગુનાઓ થાય, એવી તે મશહૂર જગા. ત્યાં પણ પ્રભુકૃપાથી આ જીવ રાત્રે સૂવાનું કરતો.

*જીવનદર્શન : ૫૧-૫૨*

હું ભયંકર જંગલોમાં એકાંત સ્થળે ચાલ્યો જાઉં. સાથે કોઈ સાધન ન રાખું. એ વખતે તો સાધનબાધન કંઈ નહિ. ખાવાપીવાનું સાધન ન રાખું. પાણીનો પ્યાલો પણ ન રાખું. પૈસા થોડા ઘણા રાખું. કોઈને આપવા જોઈએ. પાણીનો પ્રવાહ હોય ત્યાં બેસું. માત્ર ભગવાનનું નામ દઉં, સ્મરણ કરું, પ્રાર્થના કરું, વારાફરતી, વારાફરતી સાધન કર્યા કરું. પાંચ છ દિવસના કડાકા થઈ જાય. ભૂખ લાગે ત્યારે જરી જરી પાણી પીવું. પાંચ છ દિવસ થઈ જાય પછી કોઈ માણસ ખાવાનું લઈને આવે. હું કહું, 'શું કામ આવ્યો ? તને કોણે મોકલ્યો ?' ત્યારે કહે, 'મને એમ થયું આ કોઈ માણસ આ નદી કિનારે બેસી રહેલો છે, એ ભૂખ્યો છે. એટલે હું તો લઈ આવ્યો.' પછી એ તો જાય. તો હું કહું, 'ભાઈ, હવે સાંજે ના લાવીશ. સવારે એક જ વખત લાવવું અને રોટલો અને શાક. બીજું કાંઈ લાવવું નહિ.' એણે કહ્યું કે, 'આમાં તમારો હુકમ નહિ ચાલે હું લાવું તે તમારે ખાવું પડશે.' 'તો જેવી તારી મરજી.' ભાઈ, મિષ્ટાન્ન ન લાવે તો સારું. કારણ કે હું (સાધના માટે) બેઠો છું. મને કોઈ મિષ્ટાન્ન નહિ

ફાવે. ત્યાં આગળ મને સૂઝેલું. બહુ મોટી મહેરબાની કે મને કોઈ વિચાર નહિ આવતો.

*તદ્રૂપ-સર્વરૂપ : ૧૧૭-૧૧૮*

## સૂપા નદી કાંઠે સાધના

એકલી ઊર્મિગમ્ય પ્રાર્થનાઓથી કશું સાધનામાં વાસ્તવિકપણે વળતું હોતું નથી. જ્યારે સાધનામાં આપણું દિલ વળવા લાગ્યું હોય અને તેમાં ગળવા માંડ્યું હોય, ત્યારે ત્યારે આપણામાં એક એવા પ્રકારનો ઉત્કટ આર્તભાવ અને આર્દ્રભાવ પ્રગટે છે. અને ત્યારે આપણી ઊર્ધ્વગતિ થવામાં જે જે અડચણરૂપ લાગતું હોય તે તે બધું એટલું બધું ખૂંચે છે, અને તીવ્રતમ વેદના એટલી તો પ્રગટે છે કે તેનાથી મુક્ત થવાને કાજે મરણિયો જીવતોજાગતો પ્રયત્ન થાય છે, એવા પ્રયત્નમાં જ્યારે દિલની દાનત, પ્રમાણિકતા, વફાદારી અને નિષ્ઠા સંપૂર્ણપણે પ્રકટે છે, ત્યારે તેવી દિલથી દિલની દિલમાં કરાયેલી પ્રાર્થનાનો પોકાર એવો તો જીવનવિકાસની ભાવનામાં ઉઠાવ પ્રકટાવે છે, કે તે તો તેનો એકમાત્ર અનુભવી જ જાણી શકે. જે પ્રાર્થના આપણે કરીએ, તે પ્રાર્થનાના અંતરમાં કે હાર્દમાં જો આપણો સાચેસાચો, ખરેખરો અને પૂરેપૂરો દિલનો જીવતોજાગતો સાબદો થયેલો પુરુષાર્થ પ્રગટેલો નથી હોતો, તો તેવી પ્રાર્થના જીવનવિકાસની સાધનામાં ફળીભૂત થઈ શકતી નથી.

એવા પ્રકારની પ્રાર્થનાએ મને જીવનમાં કેટલી અને કેવી અણધારી રીતે મદદ કરેલી છે, તેનો પ્રત્યક્ષ **આ જીવ**ના જીવનનો પ્રસંગ તમને આજે કહું છું. સને ૧૯૩૨ની સાલમાં પરીક્ષિતભાઈ, હરિવદનભાઈ અને તમે બધા જ જેલમાં હતા, ત્યારે મારે ભાગે ગુજરાત હરિજન સેવક સંઘના મંત્રીનું કામ આવી પડ્યું હતું. નવસારી આશ્રમ ગાયકવાડી હદમાં આવેલો હોવાથી ત્યાંથી જ છૂપી રીતે બધી રાજકીય પ્રવૃત્તિનું કામ ચાલ્યા કરતું. અને એ રીતે આપણા નવસારી આશ્રમ પર પોલીસની ચાંપતી દેખરેખ હતી. આશ્રમની આગળ સાદા વેશમાં પોલીસના માણસો પણ રહ્યા કરતા. એટલે આશ્રમમાં આવીને આપણા પ્રેમી સાથીઓનો વિરોધ વહોરીને પણ તે બધી પ્રવૃત્તિને આશ્રમમાંથી સંચાલિત થતી બંધ કરવાનું અકારું કામ પ્રભુકૃપાથી કરવાનું આવ્યું. તે ઉપરાંત, આખા ગુજરાતની હરિજન પ્રવૃત્તિની કામગીરી પણ બજાવવાની હતી. એક તો તેનો મને બિલકુલ પરિચય નહિ. કેટલા બધા આશ્રમો અને શાળાઓનું સંચાલન

કરવું ! અને તે તે દરેક સંસ્થાઓને આર્થિક મદદ પહોંચાડવી અને તે પણ નિયમિત રીતે મોકલવાનું બન્યા કરે, તેટલા અને તેવા તે કાળે સંજોગો ન હતા.

એક બાજુથી પરિસ્થિતિથી પ્રાપ્ત થયેલાં કર્મમાં સંપૂર્ણપણે પ્રમાણિક, વફાદાર અને તે કર્મને નિષ્ઠાની ભાવનાથી વળગી રહીને તે ઉત્તમમાં ઉત્તમ જે રીતે તે બને તેવી રીતનાં ખંત, ઉત્સાહ, કાળજી, વ્યવસ્થા અને દેખરેખ પ્રભુકૃપાથી રાખવાને માટે સતત એકધારા જીવતાજાગતા પ્રયત્નથી તેમાં મંડ્યા રહેવાનું બનતું, અને બીજી બાજુ તેની સાથે સાથે ભાવનાનું એટલે કે જીવનવિકાસની સાધનાને સતત એકધારી જીવતીજાગતી રાખવાને માટે દિલની ભાવનાનું સાતત્ય રહે અને તેને યોગ્ય જેટલા પ્રમાણની ઉત્કટતા હોવી ઘટે, તેટલી માત્રાવાળી ભાવના પ્રભુકૃપાથી ટકી રહે એને માટેની સભાનતા જાગ્યા કરતી. એક બાજુથી મળેલાં કર્મ પરત્વેની જાગૃતિ અને કર્મની યોગ્યતા પ્રમાણે વર્તનમાં અને આચરણમાં તે પ્રગટી શકે તેવી જોગવાઈનું સંચાલન થવું, અને તેની સાથે સાથે જ જીવનવિકાસની સાધનાનું તેને યોગ્ય એવી ભાવનાનું સાતત્ય જીવતુંજાગતું જળવાઈ રહેવું- આ બંને પ્રકારની ભાવનાનો સુમેળ કેવી રીતે પ્રગટાવવો તેની આંતરિક મથામણમાં ત્યારે ત્યારે પ્રગટાવવાનું થતું. તે વેળા જ જીવનવિકાસની સાધના પરત્વેના ભાવમાં અખંડતા તો પ્રગટેલી રહેતી, પરંતુ તેની ઉત્કટતાની માત્રામાં મંદતા પડી જતી અને તેનું ભાન મને ઘણું ઘણું ડંખતું. મળેલાં કર્મનાં ક્ષેત્રની ભાવનાનો અને જીવનવિકાસની સાધનાની ભાવનાનો સંવાદભર્યો યોગ્ય સુમેળ કેમ કરીને થાય, તે પણ સાધનાનો એક ઉત્તરોત્તર ચઢતા પ્રકારનો ક્રમ જ છે. પ્રભુકૃપાથી જે જીવ મળેલાં કર્મને સંપૂર્ણ પ્રમાણિકતાથી, વફાદારીથી અને કર્મની ભાવના પ્રમાણેની નિષ્ઠાથી શ્રીપ્રભુપ્રીત્યર્થે કરવાને દિલમાં દિલથી ઝંખે છે, તેને તેની સાધના પરત્વેની ભાવના પણ મદદ કરે છે.

પરંતુ સાધના પરત્વેની ભાવનાની જરા સરખી મંદતા કે ધીમી ગતિ આ જીવથી સાંખી લેવાતી નહિ. એટલે હું મારા સદ્‌ગુરુને વારંવાર પ્રાર્થના કરતો.

પ્રાર્થના ક્યારે મદદ કરે છે, તે ઉપર જણાવ્યું છે. તેની સાથે સાથે જેને ઉદ્દેશીને આપણે પ્રાર્થના કરતા હોઈએ, તેની સાથે આપણું દિલ પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક ભળેલું હોય, મળેલું હોય અને ગળવાની તત્પરતાવાળું હોય, તેવી વેળાએ આપણને સદ્‌ગુરુ આપણા દિલમાં દિલથી કરાયેલી પ્રાર્થનાનો જવાબ પણ વાળે છે. તે કેવી રીતે એ વાળે છે તે પણ આજે ખુલ્લા દિલથી અને પ્રેમથી લખું છું. મને કુદરતનું સૌંદર્ય અને એકાંત કેટલું બધું ગમે છે ! નડિયાદમાં પણ કામ કરતો હતો તે વેળાએ જ્યારે જ્યારે રજા પડે ત્યારે વિદ્યાર્થીઓને લઈને શેઢી નદી ઉપર આવેલા દખ્ખણિયા ઓવારે ચાલ્યો જતો. ત્યાં મારો સમય એકાંત ઉપાસનામાં, પ્રાર્થનામાં અને સાધનામાં પ્રભુકૃપાથી ગાળવાનું બનતું. તે સમયના ગાળામાં રાત્રિની રાત્રિઓ પણ સાધનામાં જ ગાળવાનું થયા કરતું. બોદાલ આશ્રમમાં પણ તમે મને કોઈક કોઈકવાર રાયણના ઝાડ નીચે બેઠેલો જોયો છે.

શ્રીસદ્‌ગુરુતણો પ્રેમ જેણે ચાખેલ છે હ્દે,
તેવા જ એકલા માત્ર સદ્‌ગુરુ તત્ત્વ પ્રીછશે.

*શ્રીસદ્‌ગુરુ : ૨૪૩* **- શ્રીમોટા**

૧૯૩૨ના લડતના ગાળામાં નવસારી આશ્રમમાં જ્યારે આવવાનું થયું, ત્યારે કોઈ એકાંત સ્થળે જવાનું બન્યું ન હતું. તેથી બધા વિદ્યાર્થીઓની સંમતિ મેળવીને હાલ જ્યાં સૂપા ગુરુકુળ છે, ત્યાંથી થોડેક દૂર થોડુંક જંગલ છે, ત્યાં અમે જવાનું વિચાર્યું. બધો સરસામાન આશ્રમમાંથી સાથે લઈને, જમવાનું પણ સાથે રાખીને રેંકડીમાં સામાન ભરીને વિદ્યાર્થીઓ સાથેની અમારી કૂચ ત્યાં ઊપડી. ચાલતાં ચાલતાં વિદ્યાર્થીઓ સાથે પરસ્પર આનંદ કરતાં કરતાં અમે ધારેલ ઠેકાણે પહોંચ્યા, અને નદીની રેતીમાં પડાવ નાખ્યો. વિદ્યાર્થીઓ આગળપાછળથી લાકડાં પણ વીણી લાગ્યા. રાતે અમારો જ્યાં પડાવ હતો, ત્યાં આગળ અમે ધૂણી પણ ધિકાવી. નાના વિદ્યાર્થી ભાઈઓ લગભગ રાતના સાડાદસ સુધી છાવણીની આગળપાછળ પહેરો ભરતા. તે પછી મોટા વિદ્યાર્થીઓ.

હું તો ધૂણીની નજીક કોઈ વાર પ્રાર્થનામાં, તો કોઈ વાર ધ્યાનમાં, તો કોઈ વાર બીજા પ્રકારની સાધનાના સાધનમાં રહ્યા કરતો. આંતરિક પ્રાર્થનાનો ભાવ તો તે વેળા પણ દિલમાં દિલથી એકધારો પ્રગટેલો રહ્યા જ કરતો. મધ્યરાત્રિ વીત્યા પછી થોડીક જ વારમાં મને ધૂણીની પાસે સદ્‌ગુરુનાં દર્શન થયાં. એકદમ તો એક એવા પ્રકારનો અચંબો થયો અને દિલ ભક્તિભાવથી પ્રેરાઈને આપોઆપ સહજપણે તેમને નમ્યું. આ વખતે નામસ્મરણ તો એકધારું અખંડ સતત ચાલ્યા જ કરતું. ભાવનાની અખંડતા પ્રગટેલી, પરંતુ તેમાં અવારનવાર ઘણીવાર ધીમી ગતિ થઈ જતી, અને તે ઘણું ઘણું સાલતું. આવી સાધનાની સ્થિતિમાં પણ મન અને બુદ્ધિ ગળી ગયાં ન હતાં, તેનું પ્રત્યક્ષ ભાન પ્રભુકૃપાથી ત્યારે પ્રગટ્યું.

પ્રભુકૃપાના એ અનુભવને મન પણ માને નહિ અને બુદ્ધિ પણ ન માને. તે તો કહે કે, 'એ તો પંચત્વ પામ્યા, હવે ક્યાંથી હોય વળી ? એ તો તારો તેમના પરત્વેનો પ્રેમભક્તિભર્યો અંતરનો જે ભાવ છે, તે ભાવ આ રીતે સાકાર થયો છે.' આવી રીતે મન અને બુદ્ધિએ સમાધાન મેળવ્યું. પરંતુ તરત જ તે પળે શ્રીસદ્‌ગુરુ બોલ્યા કે 'હે મૂર્ખ ! હું ખરેખર રીતે પ્રત્યક્ષપણે, વાસ્તવિક રીતે અહીં સ્થૂળ રીતે પણ હાજર થયો છું, અને તે તને ચેતાવવા માટે. તારું જે મહત્ત્વનું કર્મ છે, અને જે કર્મને તું જીવનવિકાસની સાધના માને છે, તે સાધનાના ભાવને પાકટ કરવાને માટે તને પ્રભુકૃપાથી આ પરિસ્થિતિ મળેલી છે. જે જીવ પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક પ્રભુનો દિલમાં દિલથી ભક્ત બની જાય છે, તેનું યોગક્ષેમ શ્રીભગવાન કૃપા કરીને પોતાના હાથમાં લઈ લેતો હોય છે. અને તે યોગક્ષેમ પણ કંઈ એક પ્રકારનું હોતું નથી. યોગક્ષેમના પણ ઘણા ઘણા અર્થ થઈ શકે. જીવનનું એક એક પાસું સાધનાનો ભાવ કેળવવા માટે છે. અને જીવનના પ્રત્યેક પાસામાં જેને શ્રીપ્રભુકૃપાથી સાધનાનો જીવંત ભાવ એકધારો જીવતોજાગતો સાબદો ટક્યા કરે છે, તેને શ્રીભગવાન કૃપા કરીને પોતાનો બનાવી લઈને તેનું સકળ પ્રકારનું તંત્ર તે ચલાવતો હોય છે. માટે તું નિશ્ચિંત બની જા. અને તારું બધું જ ભગવાન કૃપા કરીને ચલાવવાનો છે, તેની તું પૂરેપૂરી ખાતરી રાખજે.' તે વેળાએ તેઓશ્રીએ મને જે ગાળો ભાંડેલી તે તો લખતો નથી, કારણ કે તમને જુગુપ્સા થાય. વળી પાછું તેમણે કહ્યું કે, 'હજી

પણ તારાં મનબુદ્ધિ મારા અદૃશ્ય થઈ ગયા પછીથી કંઈક સંશય પેદા કરે તો તે માટે હું તને કહું છું કે અહીં એક ખરેખરો મૃતદેહ પડેલો છે, તેમ જ હું ખરેખર પ્રત્યક્ષ થયેલો છું.'

આવું પતિતપાવન દર્શન થયાં કરતું હતું. તે વેળા મેં મારી જાતને બધી રીતે ચકાસી અને જોઈ લીધું કે હું સંપૂર્ણ જાગ્રત છું, સભાન છું અને મને જે દર્શન થાય છે તે તદ્દન વાસ્તવિક છે. સંપૂર્ણપણે અનેક રીતે પ્રભુકૃપાથી તેની વાસ્તવિકતાનું યોગ્ય જ્ઞાનભાન જાગે એવા પ્રકારના ભક્તિભાવથી અને દિલને, મનને અને બુદ્ધિને તે દર્શનનું સચોટપણું, વાસ્તવિકપણું અને તેની યથાર્થતા સંપૂર્ણપણે લાગી જાય, તેવા ભાવથી તે આખા પ્રસંગને આવકારવાનું અને સ્વીકારવાનું બની શક્યું હતું.

પ્રભુકૃપાથી આ દર્શન થતાં જ દિલમાં એક એવા પ્રકારનો ઉત્કટ ભાવ જાગ્યો કે ગુજરાત હરિજન સેવક સંઘના મંત્રીપદનું કામ હાથમાં આવ્યું, અને એટલી બધી સંસ્થાઓનું કેમ કરીને આર્થિકપણે યોગ્ય રીતે સંચાલન થઈ શકશે અને ચલાવી શકાશે એવા પ્રકારની દિલમાં જે ગડમથલ જાગેલી, તે હવે સંપૂર્ણપણે અદૃશ્ય થઈ ગઈ. અને એક પ્રકારની જ્ઞાનભક્તિપૂર્વકની નિશ્ચિતતા પ્રગટી.

આ બનાવ તો એક થોડીક મિનિટોમાં જ પતી ગયો હશે, પરંતુ આ જીવ પર એની જે અસર પડી છે, તે તો કેટલાય જન્મોના પુરુષાર્થ વડે કરીને જે પરિણામ ન મેળવી શકાત તે પરિણામ તેમના આવા પ્રકારના પતિતપાવન દર્શનથી પ્રગટ્યું. પણ તે વેળા તો મનબુદ્ધિ બરાબર માને નહિ. અને આ પ્રસંગને પ્રેમભક્તિપૂર્વક કબૂલે પણ નહિ. તે તો કહે કે, 'આવું બની જ ન શકે. શક્ય જ નથી.' હું મનબુદ્ધિને ટકોરું કે 'ભલા ! મેં મારી સગી આંખોએ જોયું છે. કાનથી જાતોજાત તેઓશ્રીના શબ્દો સાંભળ્યા છે. તેમણે જે જે કહ્યું, તેનો રણકાર દિલમાં પ્રગટેલો છે. વળી, તેમણે પોતે જ કહ્યું છે કે, 'જેમ અહીં મૃતદેહ પડ્યો છે, તેમ હું સ્થૂળ રીતે તારી પાસે હાજર થયેલો છું. મનબુદ્ધિ કહે, 'અહીં મૃતદેહ ક્યાં પડ્યો છે ? એટલે મેં મનબુદ્ધિને વળી કહ્યું કે, 'તેઓશ્રી એકલું માત્ર બોલેલા જ નથી, પરંતુ તેમના જમણા પગના અંગૂઠાથી કૂંડાળું

કરીને બોલ્યા છે. આ રેતીમાં કેટલા બધા કલાકોથી વિદ્યાર્થીઓ આમતેમ રમ્યા જ કરે છે ! એટલે તાજું થયેલું કૂંડાળું હોય તો જ તે સ્પષ્ટપણે જણાઈ આવે. બાકી તો તે ભુસાઈ જાય.' (તેઓએ એવે ઠેકાણે કૂંડાળું કરેલું હતું કે જ્યાં સતત વિદ્યાર્થી ભાઈઓ જુદા જુદા પ્રકારની રમતો કર્યા જ કરતા હતા.) આવી અંદર બધી ગડમથલ મનબુદ્ધિમાં ચાલ્યા કરતી હતી, તે વેળાએ પહેરો ભરતા બે મોટા વિદ્યાર્થીઓને મેં બોલાવ્યા અને તેમને સંબોધીને મેં પૂછ્યું કે, 'ભાઈ ! જુઓને ! તમને આ ધૂણીની આગળ મોટું કૂંડાળું દોરેલું દેખાય છે ?' એટલે તેમણે બૅટરીથી પ્રકાશ ફેંકીને જોયું તો દોરેલું કૂંડાળું એકદમ તરત જ તાજું પડેલું હોય તેવું જણાયું, પણ વળી મનબુદ્ધિ કહે કે, 'પણ અહીં મડદું ક્યાં છે ?' તે ઉપરથી મોટા વિદ્યાર્થીઓને એકઠા કરીને કૂંડાળા જેટલી જગામાં વીરડો ખોદવાનું કહ્યું, કારણ કે જોકે મને પ્રભુકૃપાથી દિલમાં તો પ્રતીતિ હતી જ કે મૃતદેહ તો હોવો જ જોઈએ, પણ મનબુદ્ધિને પ્રભુકૃપાથી સાબિતી મળે તો મનબુદ્ધિને પણ પ્રેમભક્તિપૂર્વકનું સમાધાન થઈ શકે. દિલની ભાવનામાં અંતરનાં બધાં કરણોનો પ્રેમભર્યો સહકાર, સાથ મળવો ઘણો ઘણો જરૂરનો છે, તેનું પ્રભુકૃપાથી મને તે વેળા પણ ભાન પ્રગટેલું હતું. વિદ્યાર્થીઓ તો ખોદતા ગયા. લગભગ બે હાથ ખોદ્યું અને પાણી આવવાનું થયું, તોપણ મૃતદેહ તો જણાયો નહિ. મનબુદ્ધિ તો જીવતાંજાગતાં બેઠેલાં જ હતાં અને કહે છે કે 'જોયુંને, અહીં શબ ક્યાં છે ?' તેમ છતાં દિલમાં મને તો પ્રતીતિ હતી, એટલે વધારે ઊંડું ખોદાવવાને માટે મેં વિદ્યાર્થીભાઈઓને જણાવ્યું. વીરડામાં અડધા ફૂટ જેટલું પાણી થયું તોપણ કશું નીકળ્યું નહિ. વળી પાછું આગળ ખોદવાને જણાવ્યું. લગભગ એકાદ ફૂટ પાણીની નીચે એક મરેલા હોલાનું શબ અંતે નીકળ્યું, અને તે શબ પણ પાણીમાં હોવા છતાં તદ્દન કોરું ! આવા પ્રત્યક્ષ પુરાવાથી મનબુદ્ધિને પણ સમાધાન થયું.

બાળયોગી દેખાયા ત્યારે એમનો દેહવિલય થયો હતો. છતાં પ્રત્યક્ષ એ જ સ્વરૂપે આવેલા. આટલું બધું કહ્યું છતાં પણ બુદ્ધિ માનવા તૈયાર નહિ.

*જીવનદર્શન : ૫-૧૦*

# બાલારામના સ્થળે સાધના

મરણિયો નિર્ધાર કેવો હોય છે, તેનો પણ એક દાખલો ટાંકું. પાલનપુર પાસે બાલારામ કરીને એક બહુ કુદરતી સૌંદર્યથી ભરપૂર જગા છે. ત્યાં એકવાર મારે રહેવાનું બન્યું હતું. અલબત્ત, સાધનાના અભ્યાસને માટે જ. ત્યાં હતો ત્યારે એક બ્રાહ્મણભાઈ રોજ મહાદેવની પૂજા કર્યા કરતા, હું તો કોઈ પણ પ્રકારની તેમની સાથે વાતચીત કરતો નહિ. પરંતુ એક દિવસ સાંજ પડી ગયા પછી તે ભાઈ મારી પાસે બેઠા અને પોતાના જીવનની કથની કહેવા માંડી. તેઓ માત્ર ધનપ્રાપ્તિને અર્થે જ આ સ્થળે મહાદેવજીની ઉપાસના કરવા આવ્યા હતા. તેમણે તો એવો મરણિયો નિશ્ચય કરેલો કે 'કાં તો ભગવાન મને ધન આપે, કાં તો હું અહીં જ કમળપૂજા કરીશ !' કમળપૂજા એટલે શું તે હું જાણતો ન હતો. એટલે મેં તેમને સમજાવવા કહ્યું, 'મહાદેવજી ધનની પ્રાપ્તિ ન કરાવે, તો તેમના લિંગ પર પોતાના હાથે જ એક ઝાટકે પોતાનું માથું વધેરીને મહાદેવજી ઉપર ચડાવવું, તેનું નામ કમળપૂજા.' મને ત્યારે પણ એટલું બધું લાગી આવેલું કે 'આ માણસનો કેવો દૃઢ સંકલ્પ છે !' આપણો પણ સાધનામાં ભાવ પ્રગટાવવા માટે આવો મરણિયો નિશ્ચય પ્રગટવો જોઈએ. અને મને શીખવવાને માટે જ ભગવાને કૃપા કરીને આવું દર્શન કરાવ્યું. તેથી મને સાધનામાં વેગ પણ પ્રગટ્યો હતો.

આ બનાવ પછી થોડાંક વર્ષો વીતી ગયાં. અને સને ૧૯૩૧ની સાલમાં સોમાભાઈ (લેખકના નાના ભાઈ) વગેરેની સાથે અમારે કરાંચીની મહાસભામાં જવાનું થતાં બાલારામ અમે બધા ઊતર્યા હતા. અને બહુ વહેલી સવારમાં જે સ્ટેશનથી બાલારામ જવાય છે, ત્યાં ઊતરીને અમે તે સ્થળે પહોંચ્યા. ત્યારે તે બ્રાહ્મણનું માથું લિંગ ઉપર હજી તડફડતું હતું. એવું દૃશ્ય અમે બધાંએ જોયું. ત્યારે થોડાંક વર્ષો પહેલાંની તેણે કહેલી બધી હકીકત જીવતી બની ! તેનો કેવો દૃઢ સંકલ્પ ! અમે તો તરત ને તરત એકદમ ત્યાંથી ભાગી છૂટ્યા. નહિતર વળી પોલીસ કે કોઈ આવે તો અમારે પંચનામામાં દાખલ થવું પડે. અને અમારે તો તરત જ જવું હતું આબુ જોઈને કરાંચી.

આવો મક્કમ દૃઢ નિર્ધાર પ્રગટ્યા વિના સાધનાની દિશાના પ્રયત્નમાં કશા ચેતનવંતા પ્રાણ પ્રગટી શકવાના નથી. *જીવનદર્શન : ૨૮૦-૨૮૨*

## ગિરનારના જંગલમાં સિંહો વચ્ચે રહીને સાધના

મને કોઈકે પૂછેલું કે, 'મોટા, તમે કોઈ રાની પશુઓની સાથે રહેલા ખરા ?' ત્યારે મેં કહ્યું કે મારા એક એમ.એ. થયેલા મિત્ર વજુભાઈ જાની કરીને હતા. અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાના અધિકારી હતા. એમની સાથે અમે એકવાર ગિરનાર ગયેલા. સિંહની સાથે સાત દિવસ રહેલો. મેં વજુને કહેલું કે તારે ગમે તે થાય પણ કોઈને આ વાત કરવી નહિ. અને હું પણ કોઈને આ વાત કહેવાનો નથી. તે વખતે ભાઈ વજુએ મને કહ્યું કે, 'મોટા, મને અભય થઈ ગયો છે.' ત્યારે મેં કહ્યું કે,'ભાઈ, અભય એમ થવો સહેલો નથી. ગિરનારના જંગલમાં જઈને સિંહ હશે ત્યાં જઈશું અને એમની સાથે રહીશું.' આમ, અમે સિંહ સાથે રહેવા ગયા. સાત દિવસ ત્યાં ગિરના જંગલમાં સિંહની વચ્ચે રહીને સાધના કરી. *જીવન અને કાર્ય : ૬૦૮*

અનેક સાધનો એવાં एणे કરાવિયાં મને
બેસાડી સિંહની વચ્ચે પરીક્ષા શી અપાવી છે !
*શ્રીસદ્‌ગુરુ : ૨૩૮* - **શ્રીમોટા**

## ચિત્રકૂટના સ્થળે સાધના

એકવાર ચિત્રકૂટ નામના નિર્જન સ્થળે જવાનું આ જીવને બન્યું. ત્યારે એક બ્રાહ્મણ પંડિત રોજ એકવાર જમવાનું આપી જતા હતા. આવે વખતે જે કોઈ જમવાનું આપવા આવે, તેની સાથે કોઈ પ્રકારની વાતચીત હું કરતો નહિ. તે પંડિતજી સાથે મેં વાતચીત કરેલી નહિ. પરંતુ ત્યાંથી જતી વખતે તેમણે મારું સરનામું લઈ લીધું હતું. આ પંડિત એકવાર નડિયાદ પધાર્યા હતા. મારી બાએ સીધું સામગ્રી આપીને તેમની પાસે રસોઈ કરાવી હતી, કારણ કે તેઓ બીજા કોઈના હાથનું જમતા નહિ. મને તેમણે જણાવ્યું કે હું કદી ઘરમાં સૂતો નથી. મેં તેમને કહ્યું કે, 'હું તો રોજ ગામ બહાર સ્મશાનમાં સૂવા જાઉં છું. એટલે તમે મારી સાથે આવજો. અમે બંને તે રાત્રે સ્મશાનમાં સૂતા. હું રાત્રે મારી સાધના કર્યા કરું, અને તે પણ તેમની-તેઓ મેલી વિદ્યાના સાધક હશે- એવી છાપ મારા મન પર પડી હતી. તે પ્રકારની વાતચીત તે પછી તેમણે મને કરી. પ્રેતની પણ યોનિ હોય છે, જેમ મનુષ્યની યોનિ છે તેમ. મંત્રવિદ્યાથી તે

પ્રત્યક્ષ કરી શકાય છે, તેમ તેમણે મને તે પ્રત્યક્ષ કરીને બતાવ્યું. તે મને કહે કે મારે આ વિદ્યાનું છેલ્લું એક પગલું ભરવાનું છે. તેની પરિપૂર્ણતા થવા કાજે અમુક પ્રકારનો યજ્ઞ કરીને તેમાં અમુક અમુક હોમવાનું આવે છે, તે બધી વિધિ કરીને આની પૂર્ણાહુતિ થાય તો મને આ વિદ્યાની પૂરેપૂરી સિદ્ધિ મળી જાય. મેં તેમને કહ્યું કે, અમારે આવી સિદ્ધિ સાથે નિસબત નથી. અમારે સ્વરાજ જોઈએ છે, તે કહે કે આ પ્રેતવિદ્યાથી વાઈસરૉયને ડગમગાવી શકાય. પરંતુ તે વિદ્યાની પૂર્ણાહુતિ કરવાની જરૂર છે. તેમાં જે બધું હોમવાની વિધિ કરવાની છે, તેને માટે રકમ લેવા તમારી કને આવ્યો છું. મેં તેમને મારી આર્થિક સ્થિતિની હકીકત જણાવી દીધી. તેમણે મને સૂચવ્યું કે ઉઘરાણું કરાવી આપી મદદ કરો. તે મારાથી બની શકે તેમ નથી. તેની સ્પષ્ટતા કરીને અમદાવાદ જવાનું ભાડું આપી તેમને વિદાય કરી દીધા.

આવા પ્રકારની મેલી વિદ્યાના પણ મંત્ર હોય છે. તેની ખાતરી પ્રથમ મને ત્યારે થઈ. તેવી વિદ્યાની સાધનાથી એમનો વિષય સાક્ષાત્ સાકારરૂપ ધારણ કરી શકે છે, તો સાધનાના ભાવનો વિષય કાં સાકાર પામી ન શકે ? મતલબ કે પામી જ શકે, આવું સૂઝવાથી તે પંડિતના પ્રત્યક્ષ તેવા પ્રયોગથી મને પોતાને મારી સાધનાના અભ્યાસમાં વિશેષ આત્મવિશ્વાસ અને નવો પ્રાણ પ્રગટ્યો. આ ભાઈની પ્રવૃત્તિ તો નકારાત્મક હતી, પરંતુ મને પોતાને તો તેનાથી લાભ જ થયો.

*જીવનદર્શન : ૨૭૮-૨૭૯*

## નર્મદામૈયાના કિનારે તેંસઠ ધૂણી વચ્ચે સાધના

કોઈક અનુભવીએ કહ્યું કે બ્રહ્મચર્યને પરિપક્વ થવાને માટે કે બ્રહ્મચર્યનું યથાયોગ્ય પાલન થાય, સ્વાભાવિક થઈ જાય એને માટે અમુક પ્રકારની સાધનાની જરૂર છે. હૃદયમાં હૃદયથી ભાવ જ્યારે પ્રગટે છે ત્યારે બધી જ પ્રાકૃતિક હકીકતો ગૌણ બની જાય છે. આપણા દિલમાં ભાવ જ્યારે ચેતનવંતો પ્રકટે છે ત્યારે પ્રાણની, પ્રકૃતિની નિમ્ન હકીકતો, વિષયો બધા ગૌણ બની જાય છે. એ હકીકત હોવા છતાં એક એવા સાધનાના અનુભવી મહાપુરુષે સૂચવ્યું કે, ‘તું ચૈત્ર માસમાં કોઈ ખરેખરા એકાંત સ્થળે જઈને, પર્વતની એકાંત જગાએ જ્યાં જળાશય હોય ત્યાં શિલા ઉપર ખરેખરા તડકામાં બેસીને આ સાધના તું કરે અને તારા દિલમાં ભાવના તો છે એટલે તને તે સાધનાથી જે લાભ મળશે તે

તો અનોખો હશે. એ તને અનુભવથી સમજાશે.'

એટલે તે સૂચન સ્વીકારી લીધું અને કોઈક જગાએ, ખાસ કરીને યાદ છે ત્યાં સુધી નર્મદા માતાનો જ પ્રદેશ હતો, ત્યાં ભરબપોરે અગિયાર વાગ્યાથી એક તપેલી શિલા ઉપર બેસી જતો અને બેસવાની જગાથી ત્રણ ફૂટ આગળ દોઢ ફૂટ ઊંચી અને બે ફૂટ પહોળી એવી એકવીસ છાણાંની ધૂણી. તે પછી બીજા ત્રણ ફૂટ દૂર એવી બીજી એકવીસ ધૂણીઓ અને તે પછીના બીજા ત્રણ ફૂટના અંતરે ત્રીજી એકવીસ છાણાંની એકવીસ ધૂણીઓ ગોળાકારે બનાવેલી. એવી તેંસઠ ધૂણીઓ ધિકાવીને બેસતો. ઉનાળાનો ચૈત્ર માસનો પ્રખર તાપ અને શિલા ઉપર નગ્ન શરીરે બેસવાનું અને તે લગભગ પાંચ-સાડા પાંચ કલાક સુધી સાંજે પાંચ વાગતાં સુધી બેસી રહેતો. એ કાળ દરમિયાન ભાવાવસ્થા, ધ્યાનાવસ્થામાં આપમેળે જતો. ભજન કીર્તન કરતો ત્યારે ભાવાવસ્થા થઈ જતી.

આવી રીતે નગ્નાવસ્થામાં તપેલી શિલા ઉપર, આગળ પાછળ તેંસઠ ધૂણીઓ ધીકતી હોય, એની વચ્ચે પાંચ છ કલાક સુધી બેસી રહેવાનું થતું, તેમાંથી શરીરમાંથી પરસેવો ઘણો બધો નીકળતો. આ શરીરમાં પણ જે અનેક પ્રકારનો મળ છે, જેમ મળશુદ્ધિ સાધના માટે અનિવાર્ય છે, તેમ શરીરનાં અનેક કરણોની શુદ્ધિ-ચિત્તની શુદ્ધિ, પ્રાણની શુદ્ધિ, સંકલ્પની શુદ્ધિ-આ બધી શુદ્ધિઓની સાધનામાં જે અનિવાર્યતા છે તેવી રીતે આ શરીરના રોમેરોમની મળશુદ્ધિ થવી જરૂરી છે. અને એ મળ આ પરસેવા વાટે જ નીકળી શકે, શરીરમાંથી પરસેવો નીકળે છે એ કુદરતે આપણા શરીરમાં મૂકેલી પ્રક્રિયા આપણા શરીરની યથાયોગ્યતા જાળવવાને માટે જ મૂકેલી છે. શરીરમાંથી પરસેવો નીકળે અથવા તો શરીરનો પરસેવો જેટલો વધારેમાં વધારે નીકળે એ શરીરના આરોગ્ય માટે ઉત્તમ પ્રકારની હકીકત છે. તેથી હું એમ માનતો કે આ પણ એક પ્રકારનો મળ શરીરમાંથી નીકળી જાય છે. અને એ ગાળાની અંદર પણ સખત તાપની વચ્ચે ચિત્તની અવસ્થા તો ભાવનામાં જ રહ્યા કરતી. સતત પ્રાર્થના, ભજન, સ્મરણ, ધ્યાન - એ બધામાં લીન રહેતો. અને ભજન ગાતાં ગાતાં જે ભાવાવસ્થા થઈ જતી એ કેટલાય વખત સુધી ચાલ્યા કરતી.

એ પૂરી થયા પછી એવી વ્યવસ્થા કરેલી કે બે માણસો લીમડાનાં કૂણાં

કૂણાં જે પાન હોય તે બધાં વાટીને એક માણસ એક વાટકામાં કાઢી લાવે અને બીજો માણસ બીજા વાટકામાં કાઢી લાવે. અને એમને એ માટેના પૈસા આપતો અને પછી એ ધૂણીમાંથી બહાર નીકળીને બે રૂમાલથી આખું શરીર લૂછતો ત્યારે તે દિવસોમાં સ્નાન કરતો નહિ. અને પેલા લીમડાનો રસ ધીરે ધીરે સિપ કરતો, જરા જરા પીતો. જાણે કે ખાતા હોય એમ વારાફરતી એ પીતો અને પૂરો કરતો. એ જ ખોરાક અને એ જ પાણી. એ અઠ્ઠાવીસ દિવસની સાધનામાં કદી બીજો ખોરાક લીધો નથી. પાણી પણ પીધું નથી. બ્રહ્મચર્યના પાલન અર્થે બહુ ઉત્તમમાં ઉત્તમ આ સાધનાની રીત છે.

સાધના આમ જ થઈ શકે, એમાં વિધિનિષેધ છે નહિ. ભગવાન પરત્વેનો એકધારો ચેતનવંતો જીવતોજાગતો એકનિષ્ઠભાવ પ્રગટે એ જ મોટામાં મોટી હકીકત છે. એ ભાવ જો આપણા દિલમાં પ્રગટેલો જીવતો રહ્યા કરે તો બીજા કોઈ સાધનની જરૂર નથી. અને એ ભાવ કેળવવાને માટે અથવા તો ચેતનવંતો આપમેળે સતત વહ્યા જ કરે એ માટે અનેક જુદા જુદા પ્રકારની સાધનાનો આશરો લીધેલો છે. *જીવન અને કાર્ય : ૫૬૪-૫૬૬*

ધૂણી તેંસઠ મધ્યાહ્ને કેવી તપાવરાવી છે !
રસ છો લેવરાવ્યો છે, લીમડાનો શું માત્ર જે !
પાણી સુધ્ધાં ન લેવાનો હુકમ તે હતો,
હેતુ તેનો લઈ પ્રીછી, પળાયો ભાવથી જ શો !
*શ્રીસદ્‌ગુરુ : ૨૩૯* **- શ્રીમોટા**

# અઘોરીની સાધના

એકવાર ગુજરાત હરિજન સેવક સંઘમાંથી એક માસની રજા લઈને મધ્યપ્રદેશમાં ગયો હતો. તે વેળા ચોવીસપચીસ દિન બીજો કોઈ જાતનો આહાર કે પાણી કે બીજું લીધા વિના મારો માત્ર મળ જે રોજરોજ છેલ્લા દિન સુધી સહજમેળે નીકળતો, એ જ હું ખાતો અને પેશાબ પીતો. આથી, શરીરની મળશુદ્ધિ પણ સારી થયેલી અને શરીરની સ્થિતિ પણ સારી થઈ હતી. મળ ખાતાં સૂગ ચડતી ન હતી. પેશાબ પીતાં એટલી સૂગ ના હોઈ શકે. મળમાં દુર્ગંધ લાગતી ન હતી. છાણના જેવો સ્વાદ લાગતો હતો. ઉત્કટ ભાવનાને કારણે એવું બધું શક્ય બની શકે છે. આવો પ્રકાર અઘોરીની સાધનાનો પ્રકાર

ગણાય. એવી સાધના દરેકને આવશ્યક જ હોય એમ કદી ન ગણી શકાય. મને કોઈએ સૂચવ્યું ન હતું, મને તેમ કરવાનું ઊગેલું. *જીવન અને કાર્ય : ૪૧-૪૨*

મળ, મૂત્ર પરે કેવું ટકાવીને શરીરને,
અઠ્ઠાવીસ દિનો સુધી તપશ્ચર્યા કરાવી છે !
બહુવિધની એવી ઘૃણા કઢાવી નાખી તે,
ઉપકૃત કરેલો છે સદ્‌ગુરુએ બહુ રીતે.
*શ્રીસદ્‌ગુરુ : ૨૪૪* **- શ્રીમોટા**

## ભૂજ (કચ્છ)ના સ્થળે સાધના

નિર્જન ભયભર્યાં સ્થળોમાં કોઈને રાત ગાળવા દેવામાં આવતી ન હોય, ત્યાં પણ પ્રભુકૃપાથી મને પરવાનગી મળી ગઈ છે. એવાં સ્થળોના થયેલા અનુભવોને કેમ વર્ણવાય? અને પ્રત્યક્ષ અનુભવ વગર તે કેમ બરાબર સમજાય? જેમ જેમ સાધનામાં એક પછી એક ઊંચા શિખરોએ પહોંચીએ છીએ, તેમ તેમ એક દૃષ્ટિએ આપણે એકલા થતા જઈએ છીએ. તેથી બધામાં ભળી શકતા નથી. એવું નથી બનતું. આ પ્રકારનો નિઃસંગનો ભાવ કંઈ ઑર પ્રકારનો હોય છે. એમાં આનંદનો ભાવ વધે છે.

ભૂજ (કચ્છ)માં એ વખતે રાજ્ય ખાતાની પરવાનગીની જરૂર રાત ગાળવા માટે રહેતી, કારણ કે ટેકરી ઉપર હિંસક પશુઓનો ખૂબ ભય રહેતો હતો. તે પરવાનગી મળી અને ત્યાં રાત ગાળેલી. તે રાતનું ભાવભર્યું સ્મરણ જીવનમાં મુદ્રાકિંત થઈ ગયેલું છે. કેટલીય વાર એના પવિત્ર મીઠાં સ્મરણમાત્રથી દિલમાં સવિશેષ આનંદ-પ્રેમ પ્રગટ્યા છે. આ જીવની આધ્યાત્મિક માની સેવામાં એમનાં શરીરની અંત ઘડીએ હાજર રહી શકાયું ન હતું, તે દિલમાં ઘણું સાલતું હતું. પણ ઉપાય શો ? ત્યાં એ ટેકરી ઉપર મંદિરમાં ખુલ્લા ચોગાનમાં સૂતાં મધરાતે પ્રભુએ તે સંતોષ મેળવી અપાવ્યો. તેઓ પોતે પ્રત્યક્ષ થયાં. તેમના ખોળામાં સૂવાનો લહાવો લઈ શકાયો અને વાતો પણ થઈ. પછી જ્યાં પડખું ફેરવું છું, ત્યાં એ અદૃશ્ય થઈ ગયાં. એ તંદ્રાવસ્થાનો કે સ્વપ્નનો અનુભવ ન હતો. પૂરી જાગૃત અવસ્થામાં તેમનાં પ્રત્યક્ષ દર્શન સશરીર થયેલાં. આવી હકીકતો કોઈના માન્યામાં ન આવે. *જીવન અને કાર્ય : ૪૯-૫૦*

# ધૂંઆધારના ધોધની ગુફામાં સાધના

સાધનાનો ભાવ પ્રગટાવવાને માટે ઘણાં ઘણાં સાહસ પણ પ્રભુકૃપાથી થઈ શકેલાં છે. હિંમત પણ કેવી કેવી દાખવેલી છે જેને 'ધૂંઆધાર' કહે છે, તે નર્મદાજીના એક સ્થળે પ્રભુકૃપાથી મારે જવાનું થયેલું. તે ધૂંઆધારની સામે ઊભા રહીને જોઈએ તો ડાબા હાથ તરફ તે ધોધની છેક છેવાડે એક ગુફા જેવું હતું. તેમાં બેસીને સાધના કરવાનો હુકમ મળ્યો. એક તો ધૂંઆધારના ભયંકર અવાજથી જ જીવ ગભરાઈ જાય, તેમાં તે ઠેકાણે પહોંચવું અને ત્યાં બેસવું અને પાછું સાધનાની ભાવનામાં પ્રવર્તવું એ કંઈ નાનીસૂની હકીકત નથી. કોઈનું પણ ગજું ન ચાલી શકે એવું તે સ્થળ હતું. 'ન ચાલી શકે' એવું અવ્યક્ત પણ બરાબર નથી. ઘણાંની તો હામ જ હારી જાય, એવું તે સ્થળ હતું. પરંતુ પ્રભુકૃપાથી આપણને તો હુકમ મળ્યો કે તેનું પ્રેમભક્તિપૂર્વકનું પાલન કેમ થાય, તે જ માત્ર વિચારવાનું રહેતું હતું. જ્યારે તે તે કરવાનું ખરેખરું, ઉમળકાભર્યું દિલ પ્રગટે છે, ત્યારે તે કર્મ કરવાના ઉપાય અને હૈયાસૂઝ પણ તેમાંથી મળી રહે છે, એવો મારો એક વેળાનો નહિ, પણ અનેક વેળાનો જીવતોજાગતો અનુભવ છે. *જીવન અને કાર્ય : ૨૬૧-૨૬૨*

પછી મેં તો પ્રાર્થના કરી, 'હે પ્રભુ ! બુદ્ધિ તું જ છે અને બુદ્ધિ દ્વારા જ ઉપાય સૂઝે છે. તું જ મને ઉપાય બતાવનારો છે. ઉકેલ પણ તું જ કાઢનાર છે. અને મને આ સાધન તેં આપ્યું છે, તે ઉત્તમમાં ઉત્તમ પ્રકારનું છે. એ મારા ઉપર તારો કેટલો બધો ઉપકાર છે અને આખરે બુદ્ધિ તું જ છે અને બુદ્ધિમાં પ્રકાશ પાડનાર પણ તું જ છે. આ વાતમાં ઉપાય સુઝાડનાર પણ તું જ છે. એટલે આનો ઉપાય પણ સુઝાડશે જ એવો નિશ્ચય છે.' એવી પ્રાર્થના કરું.

*અન્વય-સમન્વય : ૫૧-૫૨*

જેનાથી કરીને તે ધૂંઆધાર પાસેની ગુફામાં જઈ શકાયું. એકવીસ દિવસ ત્યાં રહેવાનું પ્રભુકૃપાથી બન્યું હતું. અને દિવસની પળેપળ પ્રભુકૃપાની ભાવનામાં તથા જુદા જુદા સાધનાના અભ્યાસમાં ગાળવાનું બની શક્યું હતું, તે તેની પરમ કૃપા. પાણી પણ પી શકાય એવી યોજનાની સૂઝ પ્રગટેલી અને ખોરાક તો પાંચ-છ દિવસ હરિને આશરે જ. તે પછીથી કોઈક પાત્રમાં દોરડાથી તે બાંધીને તેને આમતેમ હલાવી હલાવીને મારા હાથની પકડની મર્યાદામાં તે

આવી શકે એવી રીતે દોરડાને હાલમડોલ કરાવીને એકવાર ખોરાક આપવાનું કોઈક લોક કરતા હતા. મળમૂત્ર પણ ત્યાં જ કરવાનું બનતું. આવી તો અનેક પ્રકારની કઠણાઈઓ આ જીવે સેવેલી છે. *જીવનદર્શન : ૨૬૨*

ગુફામાં બેઠો હતો ત્યારે ગુરુમહારાજ પધાર્યા. મેં કહ્યું, 'તમે તેજ સ્વરૂપ છો, તો તેજ સ્વરૂપ જેવા લાગતા નથી. મને તેજ સ્વરૂપનાં દર્શન આપો.' આખું શરીર તેજમય થઈ ગયું. તેજ સિવાય કંઈ નહિ. ટ્રાન્સપરન્ટ (પારદર્શક) શરીર.વાળ પણ ટ્રાન્સપરન્ટ. પછી પગે લાગ્યો. 'આપે તેજ સ્વરૂપનાં દર્શન આપ્યાં.' પછી કહે, 'કાલે તારી કસોટીનો કાળ છે ગંભીર રહેજે.' બીજે દિવસે એટલું બધું પાણી એ ગુફામાં અંદર આવ્યું, કે પછી મને કાલે કરેલ એ વાત સાચી લાગી. હું તો ગુરુમહારાજની પ્રાર્થના કરીને, એનો આકાર હતો તેને મારી સામે ને સામે જ રાખું. પાણી દસ મિનિટ રહ્યું અને પાછું જતું રહ્યું.

*તદ્રૂપ-સર્વરૂપ : ૧૦૩-૧૦૪*

''ધોધ ઊછળતા વચ્ચે આવેલી તે ગુફા વિશે,
બેસીને સાધના માટે આજ્ઞા એણે કરેલ છે,
જોતાંવેંત જ આવે શા ચક્કર, આવી કારમી
-ગુફામાં ધોધ વચ્ચેની પ્રેર્યો હુકમ બેસવા,
આધાર પગને લેવા અવકાશ હતો ન જ્યાં,
સ્વપ્નેયે ખ્યાલ ના આવે તે રીતે ઠેરવ્યો તહાં.
સેવાયો થડકારો ના એવી એની કૃપા શી તે !
હૈયે હિંમત પ્રેરાવી કેવી અદ્‌ભુત તે પળે !
કળા અદ્‌ભુત તારીથી વ્યવસ્થા જમવાતણી
-ગોઠવાવી શી દીધી ત્યાં ! તે કરામત તારી શી !
એવી અનેક રીતે તેં કેળવ્યા શો કરેલ છે !
તારી વિદ્યા કળાકેરો પાર કૈં ના પમાય છે.

*શ્રીસદ્‌ગુરુ : ૨૩૯* - **શ્રીમોટા**

મેં મારા ગુરુમહારાજને કહેલું કે, 'યુ આર સો મીસ્ટીક' (આપ ઘણા રહસ્યમય છો.) તો કહેલું કે, 'આઈ કેન નોટ બી કન્વિન્સ્ડ.' (હું સંમત થઈ શકતો નથી.) તારી મેળે જ તને આ થયું છે.' ખોટી વાત. મારી મેળે કેવી રીતે

થાય ? નહિ થાય. જાતોજાત તમે સામે ઊભા છો અને આ બધું મને શિખવાડ્યું. એ તો એક ને એક બે જેવી હકીકત છે. હવે તમે કહો કે 'નથી શિખવાડ્યું, તું તારી જાતને શિખવાડી રહેલો છે.' આ તમારી ગૂઢતાભરી વાર્તા મને સમજાતી નથી. મને સ્પષ્ટપણે સમજાવો, તો સમજણ પડે. એમણે કહ્યું, 'જો તારી જિજ્ઞાસા ઊતરતાં ઊતરતાં તારાં આંતરમાનસમાં પેસી ગયેલી છે. અવચેતન મનમાં એવું છે કે એ જિજ્ઞાસા ત્યાં જઈને તને પેલા સાધનની પ્રેરણા આપે છે. તો હવે એ જાણે કે તું સ્વીકારી નહિ શકે. પણ સદ્‌ગુરુ પરનો તારો ભાવ છે એટલે વચ્ચે સદ્‌ગુરુ આવી જાય છે. તે સદ્‌ગુરુને આણી દે છે. એટલે એ કહે તે તું સ્વીકારી લે છે. હજી તારી એવી આકલનશક્તિ જાગૃત થઈ નથી કે અંદરના માનસને તું સમજી શકે અને એની પ્રેરણા તું ઝીલી શકે. એટલે આ વચ્ચે મને ઊભો કરી દે છે. મૂળ વાત તો આ છે પણ એ તારાથી સ્વીકારાય તેવી હકીકત છે નહિ. એટલે એવું મીસ્ટીસીઝમ (ગૂઢતત્ત્વ) જો હોય તો આટલું જ.'

*અન્વય-સમન્વય : ૭૨-૭૩*

## તંત્રવિદ્યા શીખવા માટે એક મહાત્માની મુલાકાત

આપણા ગુજરાતમાં એક એવા મોટા સંત હતા. અમદાવાદમાં સર ચીનુભાઈને ત્યાં ઊતરતા હતા. સત્સંગ કરતા. સુરતમાં આવતા જતા. તંત્રવિદ્યા જાણતા હતા. પણ કોઈને શિખવાડેલી નહિ. હું એમની પાસે જતો. બેત્રણ વખત ગયેલો. એક વેળા પૂછેલું, 'આપની પાસે તંત્રવિદ્યા શીખવી છે. માટે આવ્યો છું.' 'અભિ હમ કો વક્ત નહીં હૈ, ફિર આના.' થોડાક વખત પછી ગયેલો. મને બેસાડ્યો. કહે, 'બેસો.' જમાડે ખરાં હોં ! જમાડે, બેસાડે, ચાના સમયે ચા આવે. એમના એક ભક્ત હતા તે મારે ત્યાં મૌનમાં બેસી ગયેલા, હજી જીવે છે. એણે બધી વાત એમને કરી. એણે 'મૌનમાં ઐસા હુઆ, ઐસા હુઆ.' પછી એમણે એને એમ કહ્યું કે 'મારે પણ બેસવું જોઈએ.' એણે કહેલું, 'જાઓ બાપા, અહીં સુરતમાં છે.' એટલામાં તો એ ગુજરી ગયેલા.

એક વખતે હું ફરીથી ગયેલો. ત્યારે પૂછ્યું, 'ફિર ક્યોં આયે હો ?' ત્યારે મેં કહેલું, ' પેલું શીખવા આવ્યો છું. આપે મને સરખો જવાબ આપ્યો નહિ- એટલે મને થયું શી જરૂર છે ? ભગવાનનું નામ મોટું છે. એમાં બધા તંત્ર આવી

ગયા. એમાં તંત્રમાર્ગ પણ આવી ગયો. એમાં કોઈ વાંધો નથી. ભગવાન તેના ભક્તને જે વખતે જે જરૂર હોય, તે તેને સુઝાડી દે છે, એવો મારો અનુભવ છે. એટલે હું તમારી પાસે આવ્યો નહિ. આપે મને શિખવાડવાની તૈયારી ના બતાવી. હું લાયક છું કે નહિ તેની પરીક્ષા કરવી હતી. તેને માટે હું તૈયાર હતો. આજે પણ પરીક્ષા કરવી હોય તો કરો. પણ આજે મારી શીખવાની દાનત નથી. મારે ભગવાન બસ. એનું નામ બસ. તંત્ર માર્ગથી મને લેવો હશે તો એ તંત્રનો માર્ગ મને આપશે. જે માર્ગથી જે કરવું હશે તે કરી આપશે. અને તે માટે હું મારા મનમાં નિશ્ચિંત છું.' એટલું બધું કહ્યું. મને પૂછ્યું, 'દસ લાખ કી મૂડી કર શકતા હૈ ? મૈં ખડી કર શકતા હૂં.' 'એટલા પૈસા મને આપી દો. મારે આ બધાં (સમાજનાં) કામ કરવાનાં છે.' દેખતા નહીં, મંદિર બંધાને કા હૈ. કોઈ દેતા નહીં હૈ, ભગવાન સે લેના ઔર ભગવાન સે લેકર ભગવાન કા કામ કરના હૈ.' પાંચસાત હજાર રૂપિયાની નોટ એમની પાસે આવી. મેં મારી જાતે જોયું. નકારી કેવી રીતે શકું ? પણ મેં કહ્યું, 'મારે આ વિદ્યા શીખવી નથી. હું મહેનત કર્યા કરીશ અને મહેનત કરતાં કરતાં ભગવાન જે આપશે તે ખરું. મને શ્રદ્ધા છે કે તે મને આપશે. મહેનત કર્યા કરીશ. જ્યાં જે બોલાવશે ત્યાં જઈશ. અને એમ કરતાં જે મળશે તે ખરું. સમાજને માટે હું કોઈ મંદિર બંધાવીશ નહિ. મંદિર ઘણાં છે. આપણા દેશમાં મંદિરનો ઓરતો હવે રહ્યો નથી. માટે કોઈ મંદિર નહિ બંધાવું. કોઈ મકાન નહિ બંધાવું. સાધારણ રહેવા જેવું કંઈક બંધાવીશ અને બધું કામ સમાજનું કરીશ.' એમણે કહ્યું, 'અચ્છા બેટા, કર કામ હો જાયેગા.' આશીર્વાદ દો. 'તું તો ભક્ત હૈ. તેરા કામ ભગવાન નહીં કરેગા, તો કિસકા કરેગા ?' તેરા કામ તો કરના હી પડેગા ઉસકો.' આવું સાંભળીને રાજી થઈને હું તો આવ્યો.

*તદ્રૂપ-સર્વરૂપ : ૭૦-૭૩*

જીવવું એકલું માત્ર ગુરુ વિના હરામ છે,
જીવવું ગુરુ વિનાનું, જાણે જાય જ પ્રાણ છે.

*શ્રીસદ્‌ગુરુ : ૧૨૯* **-શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# ખંડ - ૮

# હુકમ પાલન

જેમાં તેમાં બધાનામાં એને મહત્ત્વ આપજો,
જેમાં તેમાં બધાં કર્મે એને જીવંત રાખશો.

*શ્રીસદ્‌ગુરુ : ૧૧૯* - **શ્રીમોટા**

જીવનના ઊર્ધ્વ શિખર પર મને ચઢવા હુકમ માધ્યમ
-કૃપાથી તે મળેલાથી, થયું જીવનનું સાફલ્ય

• • •

હુકમમાં સદ્‌ગુરુ દિલનો ખરો અણસાર પ્રીછીને
-જીવનઘડતરતણો સાચો મળ્યો મોકો જ જાણ્યો છે.

• • •

હુકમથી આરપાર જ તે શું સોંસરવું જવાતું છે !
હુકમ શ્રીસદ્‌ગુરુ દિલનો હરિ ચેતનનો તણખો છે.

• • •

હુકમ પાલન, જીવન રળતર નૂતન ભવ્ય થવા કાજે
-સ્વીકારેલું ઉમળકાએ, અનુભવ્યું તે પ્રમાણે છે.

*જીવનઆહ્‌લાદ : ૪૭-૫૩* **- શ્રીમોટા**

# શ્રીસદ્‌ગુરુના હુકમ પાલનનું તત્ત્વજ્ઞાન

શ્રીસદ્‌ગુરુને હું જે રીતે સમજ્યો છું, જીવનમાં જે રીતે હું ઓતપ્રોત થઈને, એકાકાર થઈને, જ્ઞાનપૂર્વક ભક્તિથી શ્રીસદ્‌ગુરુમાં મળી, હળી, ભળી અને ભક્તિથી ગળી જઈને, એનામાં, હૃદયમાં હૃદયથી એકતા અનુભવવાનું બન્યું છે, તેવું બને ત્યારે જ તે સમયની ભૂમિકામાં સ્વીકારાત્મક (Pliable) મુલાયમતા પ્રગટી શકે છે, એવી સ્વીકારાત્મક મુલાયમતા જીવનમાં પ્રગટ્યા સિવાય શ્રેયાર્થીનો વિકાસ શક્ય નથી. એવી મુલાયમતા એટલે સંપૂર્ણ અનાસક્તિ. સર્વ પ્રકારના નિરાગ્રહ, બધા પ્રકારની સમજણ અને ટેવોથી મુક્ત, એવી ભૂમિકા થયેલી હોય, તો જ એવી સ્વીકારાત્મક ભૂમિકા પ્રગટી શકે. અને શ્રીસદ્‌ગુરુ પરત્વેની હૃદયની એવી સમજણ અને દિલની એવી ભાવના, એવી મુલાયમતા ઘડવાને માટે મેં શ્રીસદ્‌ગુરુના હુકમ-ઊછળતી, ધગધગતી ભાવનાની મસ્તીથી જ્ઞાનપૂર્વક પાળ્યા છે, ખરેખરી જાગેલી ગરજ અને જેમાં આપણો નર્યામાં નર્યો અને ઘણામાં ઘણો સ્વાર્થ હોય છે અને જેનાથી કરીને તે સાધવાનો હોય છે, તેનું બધું કહેવું આપણે તરત સ્વીકારી લઈએ છીએ. આ ઉપરની હકીકત આપણી બુદ્ધિ સ્વીકારી શકે તેવી છે. એમાં અતિશયોક્તિ મુદ્દલે નથી. ‘હુકમ‘ને હું જે રીતે સમજ્યો છું, જે ભાવનાથી અને હેતુથી સભાનતાથી ભૂમિકા કેળવવા અને તે ભૂમિકાને અનુભવવા ‘હુકમ‘નું મેં પ્રેમભક્તિપૂર્વક, જ્ઞાનપૂર્વક, હેતુની સભાનતાથી, ભાવની મસ્તીથી જે પાલન કરેલું છે, હુકમના પાલનમાં મારા હૃદયનો ભાવ ઊછળતા ધોધના જેવો રહેતો તે વિકાસને પંથે જવા માગતા હાલના જમાનાના શ્રેયાર્થીઓને કદાચ નહિ સમજાય, ગળે પણ નહિ ઊતરે, તેમ છતાં મારા જીવનને ઉત્તમમાં ઉત્તમ ઊર્ધ્વકક્ષાનો અનુભવ થવા માટે ‘હુકમ‘ને જે રીતે સમજ્યો છું અને પામ્યો છું તે બધું મેં વિના સંકોચે લખ્યું છે.

તે રીતે મને કેટલાક Old Tradition જૂની પ્રણાલિકાનો-હું ઉપાસક છું એમ સમજે છે. પરંતુ જીવન ઉપાસનાની બાબતમાં old-જૂનું કે new-નવું એવું કશું નથી. જે તે બધું ભાવનાની યથાયોગ્યતા ઉપર અને જીવનધ્યેયના હેતુની જીવંત ઉત્કટ સભાનતા પર રહેલું છે અને એ સભાનતા એ જ જીવન

છે. અને એવી સભાનતા શ્રીહરિકૃપાથી મારાથી રખાઈ છે. જે તે બધામાં વિકાસના યથાયોગ્ય ઉત્કટ સભાનતા ઉપર જ આધાર રહેલો છે. અને એવી સભાનતા વિશે સાધકોને લખાયેલા અનેક પત્રોમાં અનેકવાર લખાયું છે.

## શ્રીસદ્‌ગુરુ અને હુકમ

શ્રીસદ્‌ગુરુ અને હુકમ એ પરસ્પર અવલંબિત જરૂર છે, પરંતુ સદ્‌ગુરુની ચેતનાત્મક ભાવની સભાનતાપૂર્વકની ધારણા જે તે બધામાં અત્યંત જરૂરની છે. પ્રભુપ્રીત્યર્થની ભાવના પણ એટલી જ જરૂરની છે. પરંતુ શ્રીહરિ તો નિરાકાર છે, તેને કંઈક, જરા જેટલું પ્રતિબિંબ પાડતું સ્વરૂપ તે આ અખિલ બ્રહ્માંડ છે. તે પણ તેનો એક નહિ જેવો અંશમાત્ર, પરંતુ ચેતનનું જેમ સૂરજનું એક કિરણ તે તેના લાખમાં ભાગ જેટલું ન હોઈ શકે, તેમ છતાં તે સૂરજનો ભાગ તો છે જ. સમુદ્રના કરોડો તરંગો, તેમ છતાં તેમાંનો એક તરંગ એ પણ સમુદ્રનો એક ભાગ જ છે, તેવી જ રીતે જીવનના અનુભવ પ્રદેશની ઉત્તરોત્તર એવી અનુભવ પ્રદેશની ઉચ્ચમાં ઉચ્ચ એવી અગોચર, અગમ્ય, અવર્ણનીય એવી ચેતનની દિવ્ય ભૂમિકાઓની અનુભવની સમજણ લઈને પ્રકાશિત થયેલો એવો શરીરધારી આત્મા - તે શ્રીસદ્‌ગુરુ અને તેવો શ્રીસદ્‌ગુરુ તે ચેતનનો અંશ છે અને એવા શ્રીસદ્‌ગુરુ, હરિના સ્વરૂપે શરૂશરૂમાં તો મેં સાકાર સ્વરૂપે ભક્તિપૂર્વક ભજેલા છે. *જીવનરસાયણ : ૨૧-૨૪*

**'હુકમ'** વિશે મેં ઘણું લખેલું છે. આજના આવા સ્વચ્છંદી અને પ્રપંચકાળમાં ભણેલાગણેલા, કહેવાતા સુધરેલા વર્ગને આ હુકમનું તત્ત્વજ્ઞાન ગળે ઊતરવું મુશ્કેલ છે. પરંતુ જેને ગરજ લાગી હોય છે, અને જેના જેના તરફથી આપણી ગરજ થનાર છે, એવું જે જીવને અંતરમાં અંતરથી જીવતુંજાગતું લાગી ગયેલું હોય છે, તેનું કહ્યું માનવાને આપણે પૂરેપૂરા તત્પર થઈ જતા હોઈએ છીએ. તે તો ઘણાખરાના અનુભવની હકીકત છે. તેવી રીતે હુકમની પણ જુદી જુદી ભૂમિકાઓ છે. તે સ્થૂળ છે, સૂક્ષ્મ છે અને કારણ સ્વરૂપે પણ છે. ઉચ્ચત્તમ ભૂમિકાઓમાં પ્રેરણાના સ્વરૂપમાં પણ 'હુકમ' પ્રગટતો હોય છે. એ 'હુકમ'ના પણ જુદાં જુદાં પાસાંઓને અને તેની જુદી જુદી ભૂમિકાઓનાં રહસ્યોને- 'હુકમ'ને કેવા ભાવથી અને જીવનના ધ્યેયની, હેતુની જ્ઞાનભક્તિપૂર્વકની સભાનતાથી મેં ઉઠાવેલા છે, અને જીવનની ઊર્ધ્વતમ ભૂમિકાઓમાં મુદ્દલે

સંકલ્પ વિકલ્પ વિના પ્રેમભક્તિપૂર્વકના હુકમનું પાલન કરેલું છે. 'હુકમ'ના પ્રેમભક્તિપૂર્વકના પાલનથી અને હેતુના જ્ઞાનભક્તિપૂર્વકપણે પાલન કરવામાં આવે છે. ત્યારે જીવનની અનેક પ્રકારની મર્યાદાઓને ઓળંગી દેવાને માટે 'હુકમ' એ સમર્થમાં સમર્થ સાધન છે. શ્રીપ્રભુકૃપાથી આ જીવે તેવું તારવેલું છે. 'હુકમ'ને જુદી જુદી ચોપડીઓમાં મારા હૃદયના સચોટ ભાવથી એને મેં ગાયો છે.

*જીવનસ્પંદન : ૨૦-૨૧*

જણાયું મુદ્દલે નહોતું, હતી ના જે વિશે સમજણ,
હુકમ પાલનથી શું તે તે જણાયા તે કર્યું સન્મુખ.

*જીવનઆહ્લાદ : ૫૫* **- શ્રીમોટા**

## શ્રીસદ્ગુરુનો ફાળો ઉઘરાવવાનો હુકમ

૧૯૪૨ની લડત થઈ ત્યારે સિંધિયાના વહાણમાં કરાંચીથી હું નીકળ્યો અને સીધો મુંબઈ આવ્યો. મુંબઈથી સીધો ત્રિચી ગયો. ત્રિચીમાં નંદુભાઈ હતા. ત્યાંથી દસબાર માઈલ દૂર બંગલો ભાડે રાખીને સાધનાને માટે રહેતા હતા ત્યાં ગયો.

એક રાત્રે ગુરુમહારાજે કહ્યું, 'સાલા, તું પડી રહ્યો છે ? ગુજરાતમાં આટલા બધા છોકરાં ભૂખે મરે છે. આશ્રમની છોકરીઓ ભૂખે મરે છે, ખાવાનું કંઈ છે નહિ. ગાંધીજીના આશ્રમમાં પણ પૈસા નથી. તું જા. 'હું તો સંકલ્પ વિકલ્પ કરું નહિ. છતાં પૂછ્યું, 'પ્રભુ, મારે કંઈ પરિચય નથી. મેં શહેર જોયું નથી. ત્યાં મને પૈસા મળે નહિ.' એમણે કહ્યું, 'શું ના મળે ? લાગવગથી પૈસા મળે છે એ તારી સમજણ ખોટી છે. તું મનમાં નિશ્ચય રાખ. નિશ્ચય પાકો કે આટલા રૂપિયા મળશે. મળશે ને મળશે જ. એક વર્ષના એક લાખ રૂપિયા જોઈએ. તારે કંઈ વિચારવાનું નહિ. તું નિશ્ચય પાકો રાખ કે રૂપિયા મળશે જ.' એટલે આપણે પાકો નિશ્ચય કર્યો. તરત જ બીજે દિવસે સવારે હું નીકળી ગયો. મદ્રાસ આવીને મુંબઈ આવ્યો. હવે શું કરવું ? નિશ્ચય મારા મનમાં પાકો. લાખ રૂપિયા મેળવવા હતા. શી રીતે ? ત્યાં નંદુભાઈના મોટા ભાઈ હતા. એમને મારા માટે બહુ લાગણી નહિ. પણ નંદુભાઈને લીધે મારા પર સાધારણ લાગણી રાખે ખરા. એમની દુકાને હું ગયો તો કહે, 'મોટા, કેમ પધાર્યા, નંદુને એકલો મૂકીને ?' મેં કહ્યું, 'આવા કામ માટે આવ્યો છું.'

એમની પાસેથી નામ-સરનામાં મેળવીને મુંબઈના માણસોમાં કેટલાને મળવું તે નક્કી કરી લીધું. એ બધાંને મળી લીધું. એ બધાંએ પ્રેમથી પૈસા આપ્યા. રોજ હું તો બધાંના કાગળ ઘેર વાંચી વાંચીને, એ બધાંને ટ્રેનમાં બેઠાં બેઠાં જવાબ લખું. ગાડીમાં સંગાથ મળે. એ લોકો મને પૂછે, 'શું લખ લખ કરો છો ? ઊંચું જ જોતા નથી ?' હું કહું, 'આ જુઓ. વાંચો.' એ મને પૂછે, 'તમે કેમ નીકળ્યા છો ?' આટલા માટે. 'એમ કહે, 'ચાલો અમારે ત્યાં. એમ કહીને મને લઈ જતાં. કોઈક ચાર હજાર રૂપિયા, કોઈ પાંચ હજાર, કોઈ દશ હજાર- આવું પેલો માણસ કરી આપે. બધું એ જ કરે. મારે કંઈ જ તકલીફ ન કરવી પડે. બેચાર દિવસ પેલો માણસ કરી આપે. ફરી કોઈક બીજો એવો જાગે. એમ બધું ચાલ્યા કર્યું. એવામાં ઠક્કરબાપાને મળ્યો. તેમણે કહ્યું, 'મેં જાણ્યું કે તું આવું કામ કરે છે. રાજી થયો. બીજું કોઈક હોત તો હું છાપાંમાં આપત. પણ હું તને જાણું છું. પૈસા નથી તે ઉઘરાવે છે. આજે જ તને પ્રમુખ બનાવી દઉં. એ રૂએ તું તારું કામ કરી શકે. પૈસા ઉઘરાવી શકે. મેં કહ્યું, 'મારે કોઈ હોદ્દેદાર થવું નથી. એ થયા સિવાય મારે ઉઘરાવવું છે.' તો કહે, 'હું દિલગીર છું. હું તને મદદ નહિ કરી શકું.' 'તો કંઈ વાંધો નહિ. મારે તો હજાર હાથવાળા ધણીની મદદ છે. મને ભલામણનો કાગળ તો લખી આપો. કોઈ માગે તો બતાવાય.' એમ મેં કહ્યું તો કહે, 'એ તને ના લખી આપું. કેવી રીતે લખી આપું ? કારણ કે તું હરિજન સેવક સંઘમાં સભ્ય નથી, મંત્રી નથી, શિક્ષક નથી, કંઈ નથી. તને કયા હોદ્દા ઉપર લખી આપું ?' આજે તને પ્રમુખ બનાવી દઉં પછી તને લખી આપું. મેં કહ્યું, 'મારે કંઈ કશું થવું નથી.'

## ફાળો ઉઘરાવવામાં ઠક્કરબાપાની સહાય

તેમને મળીને હું મરીનડ્રાઈવ પર ગયો. કાઠિયાવાડના એક ભાઈ. એમનું નામ યાદ નથી. સંઘને દર વર્ષે બેત્રણ હજારની મદદ કરે. એમણે કહ્યું, 'તમને હું પૈસા આપું. આપું છું તેના કરતાં બમણા આપું. પણ હમણાં મારા પૈસા સરકારે જપ્ત કરી લીધા છે. ત્યાં છોકરાં ભૂખે મરે છે. તે વાત સાચી. તમે કશા કંઈ હોદ્દા વગર કામ કરો છો, તે વાત સારી છે, પણ તમે રીયલ માણસ છો અને બદમાશ નહિ હોવ તેની શી ખાતરી ?' આ સાંભળીને હું બહુ રાજી થયો. જ્યારથી આપણો સમાજ આવી ચોકસાઈ કરીને પૈસા આપશે ત્યારથી સારું

થશે. અને નકામા માણસો આવી રીતે ઉઘરાવતા બંધ થઈ જશે. ચોકસાઈ કરી તેથી રાજી થયો. પછી કહે, 'તમે શું કરશો ? તમે યોગ્ય માણસ તો છો.' મેં કહ્યું, 'કંઈ વાંધો નહિ. જે કંઈ સૂઝશે તે કરીશું.' પછી થયું કે આને તો ઠક્કરબાપા ઓળખે છે. ઠક્કરબાપા એ વખતે પૂના હતા. ત્યાં તેમની મિટિંગ હતી. હું તો ઊપડ્યો સીધો પૂના. જે ક્વાટર્સમાં જ્યાં ઠક્કરબાપાનો નિવાસ હતો,ત્યાં જઈ એમને મળ્યો. ચિઠ્ઠી મોકલી, તરત જ બોલાવ્યો, મળ્યો. 'કેમ ચૂનીલાલ, શું થયું ? કેટલા ઉઘરાવ્યા ?' મેં કહ્યું, 'એક વાત કહેવા આવ્યો છું. એક ઠેકાણે ગયો હતો, આપ તેમને ઓળખો છો ? દર વખતે આપણને હરિજન સેવક સંઘને- ત્રણથી ચાર હજાર રૂપિયા આપે છે. એમને ત્યાં ગયો હતો. તો કહે, 'સરસ, એ બહુ સરસ માણસ છે. તને પૈસા આપશે.' પણ તેમણે મને કહ્યું, 'તું બદમાશ નહિ હોય તેની શી ખાતરી ?' તેમણે કહ્યું, 'તેણે આવું કહ્યું.' મેં કહ્યું, 'હા.' તો તરત જ તેમણે પેડ હાથમાં લઈ લખ્યું. તેમણે જાતે જ લખ્યું. તેમના મંત્રીને પણ ના કહ્યું. - 'આ ચૂનીલાલ આશારામ ભગત હરિજન સેવક સંઘમાં પહેલાં મંત્રી હતા. ખૂબ સરસ માણસ છે, પ્રમાણિક છે. ખૂબ સારું કામ કરતા, ભગવાનના ભક્ત છે.' એવું બધું લખ્યું. 'માટે જે કોઈને આ મળે તેમણે અત્યારે આ કપરા કામમાં મદદ કરવી એવી મારી ભલામણ છે.' નીચે એમનું નામ અમૃતલાલ ઠક્કર લખ્યું. પહેલાં એ ના કહેતા હતા. પછી પેલા ભાઈને એ લખાણ બતાવ્યું. તેમણે છ હજાર રૂપિયા આપ્યા. પછી મારું કામ પણ ઘણું સારું ચાલ્યું. પછી 'જન્મભૂમિ'માં એ કાગળ છપાવ્યો.

પહેલવહેલો આ અનુભવ મને ૧૯૪૨માં થયો. મને આ પૈસા મળી શક્યા. તેમાં બિલકુલ લાગવગ નહિ. ઘણી વાર તો ચાલતો જાઉં. નંદલાલે કહ્યું, 'તમે બિલકુલ ચાલો નહિ. મોટરમાં જાઓ, વિક્ટોરિયામાં જાઓ. પણ બિલકુલ ચાલો નહિ.' નંદલાલે જ મને ફરવા માટે ઘણા પૈસા આપેલા. કારણ કે હું ફંડફાળામાંથી તો પૈસા લઉં નહિ. એટલે ઘણું બધું ચાલીને જાઉં. કોકવાર વિક્ટોરિયા કરું. બહુ દૂર જવાનું હોય તો મોટર કરું. પણ એ ત્રણ મહિનામાં મારું બાવીશ શેર વજન ઘટી ગયેલું. મહેનત બહુ કરેલી.

*શેષ-વિશેષ : ૬૧-૬૫*

## શ્રી મફતલાલ શેઠની મુલાકાત

આ વખતે બાપા મુંબઈમાં હતા. તેમને મળ્યો. રૂપિયા અગિયાર હજાર ઉપરાંતની રકમ તો થઈ ગઈ હતી. હજી પણ વધારે રકમ એકઠી કરવાની જરૂર હતી. કોઈકે મને શ્રી મફતલાલ ગગલભાઈનું નામ સૂચવ્યું. પૂજ્ય બાપાને મેં તે વાત જણાવી. તેમણે મને કહ્યું કે, 'તેમની કને ગયેલો હોવા છતાં મને તો એક પણ પૈસો તેમના તરફથી મળ્યો નથી, જો તું લઈ આવી શકે તો તને ઘણી ઘણી શાબાશી આપું.' ભાઈ ખંડેરિયા મારી સાથે હતા. શેઠશ્રીના મુખ્ય કાર્યકર્તા હતા. તેમના પર વિશેષ લાગવગ કોની પહોંચે છે, તે કેટલાક તેમના સંબંધમાં આવેલાને મળીને ખોળી કાઢ્યું અને તેવી લાગવગ લઈને તેમને મળ્યો અને રૂપિયા એક હજારની રકમ મળી. આ રકમ મેળવીને પૂજ્ય બાપાને અમે બંને તરત મળેલા. અમે એક હજારની રકમ લઈ આવ્યા. તેથી પૂજ્ય બાપાને ઘણો આનંદ થયો.

*જીવનમંથન : ૨૪૪*

## ઝવેરી બજારમાં

પૂજ્ય મોટા ભાઈએ સ્વતંત્રપણે ઉમંગે કરીને પૂજ્ય મામાને ત્રિચી લખેલું કે, 'ઝવેરી બજારમાંથી સંઘ સારુ ઉઘરાણું કરાવી આપવું.' તે મુંબઈ આવ્યા ત્યારે ફોનમાં મેં કહ્યું કે, 'તમને તસ્દી આપવાનું દિલ થતું નથી. કારણ કે હવે બાકીની રકમ તો મળી રહેશે.' અને સાંજે પછી તેમને પેઢીએ મળ્યો હતો. પૂજ્ય મામા મને ચારપાંચ ઠેકાણે લઈ ગયા. છતાં કશું મળ્યું નહિ. મારા પરના પ્રેમના કારણે કરીને આ કામ તેમણે માથે લીધેલું. એવા દિવસ પણ મને તો જાય છે જ્યારે ખૂબ રખડપટ્ટી થઈ હોય, છતાં કશું ન મળે. કંઈ કશું ન મળે તો નિરાશ ન થવાય. કોઈ ગમે તેવું સંભળાવે તોપણ શાંતિ જળવાય. અહમ્‌ને આઘાત લાગે તેવું વર્તન દાખવે, તોપણ સપ્રમાણ રહેવાય. આવા અનુભવો જેણે લેવા હોય તેણે આવું કામ સાધના તરીકે કરવું ઘણું જરૂરી છે. કરવા ધારેલી રકમ થતાં સુધી ધીરજ અને સહનશીલતાની ઠીક ઠીક કસોટી થઈ જાય ખરી. નિશ્ચયની મક્કમતા

ન પ્રગટી હોય તો માનવી જરૂર ડગી પણ જાય. તેમણે મને કહ્યું કે, 'તમારી ધારેલી રકમમાં ખૂટતી બાકીની મારા પદર (પોતાના)માંથી આપી દઈશ.' પણ તેમ કરવાને મેં આગ્રહપૂર્વક ના પાડી.

*જીવનમંથન : ૧૦૪*

## મીઠો સત્યાગ્રહ

મુંબઈમાં ફાળાની બાબતમાં એક કિસ્સો બન્યો. એક મંડળના મંત્રી પાસે ફાળા માટે ગયો. તેમણે મને કહ્યું કે, 'એક બે દિવસમાં મંડળની સભા થવાની છે. તેમાં તમે જો આવો તો મંડળના બધા સભાસદોને આ અંગે વાત કરી શકાય અને જો તમારી હકીકત બધાને ગળે ઊતરી જાય, તો ત્યાં ને ત્યાં જ બધા સભાસદોની તમારા ફાળાની ટીપ થઈ જાય.' તેમની સભા થઈ ત્યારે તેમાં હાજર થયો. સભાનું રૂઢિ મુજબનું બધું કામકાજ પતી જતાં, મંત્રીશ્રીએ બધા સભાસદોને મારી ઓળખાણ કરાવી. મારી હકીકત સહાનુભૂતિપૂર્વક બધાને સાંભળવા માટે વિનંતી કરી. મેં બધી હકીકત એવી ભાવનાથી કહી કે બધાના દિલમાં પ્રભુકૃપાથી કંઈક લાગણી જન્મી અને ત્યાં ને ત્યાં જ બધાએ ફાળામાં પોતપોતાની રકમની નોંધણી કરી. તેમાં પ્રમુખ સાહેબે પાંચસો એક રૂપિયાની રકમ સૌથી પહેલી ભરી અને બીજા બધાએ પોતપોતાની શક્તિ પ્રમાણે નાનીમોટી રકમ ભરી.

બેત્રણ દિવસ પછી પેલા પ્રમુખ સાહેબની પેઢી પર હું ગયો અને તેમને પ્રણામ કરી તેમણે બતાવેલી જગ્યા પર બેઠો. તેમણે એકસો એક રૂપિયાની રકમનો ચેક આપવાનું કહ્યું. હું તો આભો જ બની ગયો. પાંચસો એકને બદલે એકસો એક જ કેમ ? એમ પૂછતાં તેમણે જવાબ વાળ્યો કે, 'જો મેં પાંચસો એક ન ભર્યા હોત તો તમારા ફાળામાં આટલી રકમ ન થઈ શકી હોત. તે રકમ ભરવાથી તમને તો લાભ થયો છે. તમને સારી રકમ મળે તેટલા હેતુથી પાંચસો એક ભરેલા નહિ કે તમને તેટલી રકમ આપવાના હેતુથી.' આ સાંભળી દિગ્મૂઢ જ થઈ જવાયું. આવો અનુભવ પહેલવહેલો હતો.

મેં તો તેમને સદ્‌ભાવથી અને નમ્રતાથી કહ્યું કે, 'મને તો પાંચસો એક ખપે, તે નહિ આપો ત્યાં સુધી હું તો આપની પેઢી ઉપર આવીને બેઠો રહીશ.' તે પછી રોજ ને રોજ દસ વાગતાં એમની પેઢી પર જઈને બેસું. મારા પર આવેલા કાગળોના જવાબ લખવામાં એકધારો સમય ગાળું. રોજ આવીને તેમને પ્રણામ કરું અને જતી વખતે પણ પ્રણામ કરું. બધાના ગયા પછીથી અને તાળું વસાયા પછીથી હું રસ્તો માપું. એમ સાત દિવસ થયા.

આજે તેમણે મને બોલાવીને પૂછ્યું કે, 'તમે રોજનું રોજ આટલું બધું શું લખલખ કરો છો ?' મેં જણાવ્યું કે મારા કેટલાક મિત્રોના કાગળો મારા ઉપર આવે છે, તેના જવાબ રોજ ને રોજ લખું છું. આજના લખેલા કાગળો આપને જો જોવાનું દિલ હોય તો જોઈ શકો છો.' કુતૂહલતાથી પ્રેરાઈને તેમણે મારા કાગળો જોવા માંડ્યા અને જોતાં જોતાં કંઈક રસ પડવાથી વાંચવા પણ લાગ્યા. અંતે તે બોલ્યા, 'વાહ, તમે તો કોઈ જ્ઞાની લાગો છો !' તમે સાત દિવસ ધીરજ રાખીને બેઠા અને રોજ સવારસાંજ મને પ્રણામ કરતા હતા, મેં તમને બે કડવાં વચનો પણ કહ્યાં છે. તમારો આ મીઠો સત્યાગ્રહ મને જીવનમાં યાદ રહી જવાનો છે. તેમાં તમારા કાગળોના લખાણે તમારા પરત્વેના મારા સદ્‌ભાવમાં ઉમેરો કર્યો છે. તમને સાત દિવસ તપાવ્યા તે માટે મને માફ કરશો. તમારી નમ્રતાએ અને તમારા સદ્‌ભાવે પાંચસો એકની રકમ આપવા મને પ્રેર્યો છે.' એમ કહીને તેમણે આખરે રૂપિયા પાંચસો એક આપ્યા.

તે મળતાં મને ઘણો આનંદ થયો અને પ્રભુનો ઉપકાર માની પ્રાર્થનાભાવે ગદ્‌ગદ કંઠે આભાર માન્યો. આંખમાંથી આંસુ પણ પડ્યાં. પ્રભુની કૃપાનો તે પ્રસાદ જીવનને ધન્ય કરનારો હતો. આ પ્રસંગે મને ભગવાનની કૃપા અને તેની શક્તિનું ભાન કરાવ્યું. પેલા વેપારી સદ્‌ગૃહસ્થે ભલે મારા સદ્‌ભાવ અને નમ્રતાને તે રકમ દેવામાં મહત્ત્વની ગણાવી હોય, પરંતુ મહત્ત્વનું સાચું રહસ્ય તો શ્રીભગવાનની કૃપાનું હતું. એ ધન્ય પળ જીવનમાં સદાય જીવતી રહેવાની. શ્રીભગવાને આવી મારી કદર કરી તે કંઈ નાનીસૂની વાત છે ?

*જીવનમંથન : ૧૧૫-૧૮*

## ગાંધીવાદી સેવકનો પ્રકોપ - અનુભવ

શ્રી જીવણલાલ મોતીચંદ ઍલ્યુમિનિયમવાળાને ત્યાં ફાળા સારુ ગયો હતો. તેમને ત્યાં પૂજ્ય ગાંધીજીના નિકટના સહવર્તી તરીકે જેમણે ઘણાં વર્ષો ગાળેલાં છે, અને જેઓ ગુજરાતી ભાષાના એક સારા વિદ્વાન લેખક તરીકે જાણીતા છે, તેઓ પણ ત્યાં બેઠેલા હતા. મેં શ્રી જીવણલાલને હાલની પરિસ્થિતિની બધી હકીકત જણાવેલી અને એમ પણ કહ્યું, 'આ કામકાજ એક શુદ્ધ ધર્મભાવનાથી પ્રેરાઈને પ્રભુકૃપાથી કરી રહેલો છું. મુંબઈનું બસ-ગાડી વગેરેનું ખર્ચ પણ પદરનું (પોતાનું) છે. કંઈ પણ વેતન વિના માત્ર પ્રભુપ્રીત્યર્થે આ કામ માથે લીધેલું છે. 'આટલું કહેવાનું પૂરું થતાં પેલા બેઠેલા વિદ્વાન વડીલ સ્વજને ઉત્તેજિત થઈને અડધા કલાક સુધી મને પ્રવચન સંભળાવ્યું. પછીથી મેં શ્રી જીવણલાલભાઈને ફરી વિનંતી કરી. તેમણે મને....... રકમનો ચેક આપ્યો. તેમનો અભાર માની ત્યાંથી રવાના થયો.

પેલા વડીલ સ્વજનને તે પછીથી મેં એક કવિતા લખીને મોકલી આપી. તે વાંચી તેમણે મને પ્રત્યુત્તર આપેલો. *જીવનમંથન : ૭૦-૭૩*

## રમૂજી પ્રસંગ

હરિજન સેવક સંઘના ફાળાની રકમ દસ હજાર સુધી થવા આવી છે. આ અઠવાડિયામાં એક રમૂજી પ્રસંગ બન્યો. એક ઘણી મોટી સુપ્રખ્યાત પેઢીના શેઠની ઑફિસે જવાનું થયું. નામ લખીને પટાવાળાને આપ્યું. સાડા અગિયારથી ચાર સુધી રાહ જોતો બેસી રહ્યો. પણ અંદર આવવાને કે જવાને કોઈએ બોલાવ્યો કર્યો નહિ. ધીરજને પણ મર્યાદા હોય છે અને કામમાં તો ખાસ. મેં વિચારી લીધું કે, 'અંદર પ્રવેશ કરતાં તે મળવાની ના પાડશે તોપણ ભલે, કાઢી મુકાવશે તોપણ આનંદ, પરંતુ હવે તો અંદર ઘૂસવું તે ઘૂસવું જ.' એવો દૃઢ વિચાર કરી, હું તો અંદર પેસી ગયો. પાછળ કારકુન અને પટાવાળો બંને દોડતા આવ્યા. 'સાહેબ, આ માણસ રજા વિના એમ ને એમ ઘૂસ્યો છે.' શેઠ સાહેબે એમ ને એમ રજા વિના ઘૂસી આવેલ છે એમ જાણતાં ભવાં ચડાવ્યાં અને મને ધમકાવીને કહેવા લાગ્યા, 'ગામડિયો છે કે કોણ છે ? રજા વિના

અંદર ન અવાય એટલું પણ જાણતો નથી ? શું ભણ્યો છે ?' ભણવા કરવાની હકીકત જાણતાં તો તેમણે મને ખુરશી પર બેસવાને કહ્યું. પછી મેં જણાવ્યું કે, 'સાહેબ, આ ભાઈઓ કહે છે તે હકીકત સાચી છે. પરંતુ સાડાઅગિયારથી ચાર સુધી આપની ઑફિસ બહાર તપ કર્યું છે. મારી હકીકત કૃપા કરીને જો સાંભળો તો બે મિનિટમાં સંભળાવી દઉં.' તે શાંત રહ્યા. એટલે મેં ઝટઝટ ભાવપૂર્વક હકીકત જણાવી અને કહ્યું કે, 'મને પ્રભુકૃપાથી અને આપના આશીર્વાદથી વિવેકનું જ્ઞાન છે. પરંતુ ચારપાંચ કલાક થવા આવ્યા છતાં આપને મળવાની તક સુધ્ધાં ન મળે તેથી આ અઘટિત પગલું લેવાયું છે તો મને ક્ષમા કરશો !' આ સાંભળી શેઠસાહેબે તે કારકુન અને પટાવાળાને કહ્યું કે, 'હવેથી મને મળવા આવનારને અડધા કલાકથી વધારે થોભવું ન પડે એમ કરજો. આ નિયમને બરાબર પાળવાનો છે. તેનું ધ્યાન રાખજો.' એમ કહીને મારે એટલો બધો વખત ખોટી થવું પડ્યું તે બાબતે તેમણે ક્ષમા માગી. આ તેમનો સદ્ભાવ અને સજ્જનતા ભુલાય તેવાં નથી. સંઘને માટે દાનની રકમનો-સારી રકમનો ચેક પણ સાથે લખી આપ્યો. આમ, કેટલીક વખત સમજીને જ્ઞાનપૂર્વક અવિવેકનું પગલું ભરવું પડે છે. તેમાં સાહસ, હિંમત અને પ્રેરણાની પણ જરૂર ખરી.

*જીવનમંથન : ૧૨૧-૧૨૨*

## વારાંગનાઓને ઘેર

૧૯૪૨ની સાલમાં હરિજન આશ્રમને માટે પૈસા ઉઘરાવતો. હેમંતભાઈની બહેનને ત્યાં ખારમાં મુંબઈમાં રહેતો. રોજ સવારે વહેલો નીકળી જાઉં. એક દિવસ જે ગાડી હાથમાં આવી તે પકડી લીધી. થર્ડ ક્લાસમાં બધી બહેનો બેઠેલી. પછી હું તો ત્યાં બેઠો. ત્યાં મારા પર જે કાગળ આવતા, તે ગાડી ચાલતી હોય તોય એના જવાબો લખું. બીજાં બધાંને ત્યાં જવાનું, વાતો કરવાની એથી વખત મળે નહિ. તેથી જે વખત મળે તેનો બહુ જ્ઞાનપૂર્વક ઉપયોગ કરી લેતો. એક બાઈ હતી તેણે પૂછ્યું, 'ભાઈ, આ શું લખો છો ?' 'મારા મિત્રનો કાગળ આવેલો તેનો જવાબ લખું છું.' તો બીજે ઠેકાણે નિરાંતે લખવાની તમને નવરાશ નથી મળતી ?' 'ના બહેન, હું આવું કામ કરું છું.' એમ કહીને બધાંને

મારે સમજાવવા પડે. ૧૯૪૨ની લડતની આખી વાત એને સમજાવેલી. તે બહેને પૂછ્યું, 'તે અત્યારે ક્યાં જશો ?' મને ખબર નથી. ઊતર્યા પછી જે કોઈનો સંગાથ થતાં તેની સાથે જતો રહીશ. બીજો કોઈ બતાવશે તો ત્યાં જઈશ. મારી પાસે કોઈ યોજના નથી કે અમુક ઠેકાણે જ જવું.' તો કહે, 'અમારે ત્યાં આવશો ?'

'હા, તમારે ત્યાં આવીશ. મારે શું ? વાંધો નથી. તમે અમારા હિન્દુસ્તાન દેશના નાગરિક છો. તમે એમાં મદદ કરો એ જરૂરી છે.' 'અમે તમને મદદ કરીશું.'

મને લઈ ગયા. પછી મને બેસાડ્યો. મને કહે, 'ચા પીશો ?' મેં કહ્યું, 'હા, ચા પીશ. પણ જરા ધોઈ-બોઈને અને વાસણ સ્વચ્છ કરીને આપો.' મારા દેખતાં જ વાસણ ધોયું. મારા દેખતાં જ સ્ટવ ઉપર ચા મૂકી. મેં પીધી અને બે હજાર કે સત્તાવીસો કે એવા એકઠા કર્યા. ત્યાં જે કંઈ વાતચીત થઈ તેના પરથી એમ લાગે છે કે બહુ સમજુ બહેનો હતી. *જન્મ-પુનર્જન્મ : ૮૫-૮૭*

હરિજન સેવક સંઘ મારી કદર કરે કે ના કરે, તેનું મૂલ્ય મારે મન કશું નથી. મેં પોતે આ કામ મારા પોતાના ધર્મને માટે લીધેલું છે, નહિ કે સંઘને કારણે કે પરીક્ષિતલાલ કે ઠક્કરબાપાને કારણે. આ કઠણ કાળમાં જ્યારે ખાદી પહેરીને ફરવું એ આજે મુંબઈમાં નહિવત્ બની ગયેલું છે. તેવા સમયમાં ખાદીની ટોપી અને ખાદીનું પહેરણ પહેરીને ફરવાનું રાખ્યું છે. પોલીસની હેરાનગતિ પ્રેમથી સહેવી પડી છે. માર પણ ખાધો છે. મારબાવાડી પોલીસ ચોકીમાં રહેવું પડ્યું છે. શરીરની પણ હેરાનગતિ છે.વજન એકસો સત્તરમાંથી સત્તાણું થઈને વીસ શેર ઘટ્યું છે. આવું બધું હોવા છતાં અને આવું કરવા છતાં તેની કદર કોઈ કરે એવી આશા-અપેક્ષા મુદ્દલે નથી.

આ કામ હાથમાં લેવાથી મને તો એ જ્ઞાન મળ્યું છે કે જે કોઈ અનુભવી છે, તે પોતાને મળેલા યોગ્ય ધર્મનું ગમે તેવી આફતો હોવા છતાં પરિપાલન કરવાનો જ. તે કશાથી અલગ રહી ન શકે. તે તો બધામાં તેવો તેવો કાળ પાકતાં સમરસ થાય. *જીવનમંથન : ૧૧૮*

પૂજ્ય બાપાએ કહ્યું કે ગઈ સાલના હિસાબમાં ત્રણ હજારની ખોટ હતી એટલે તારે મુંબઈમાંથી ઝટ ભાગી જવાનું નથી, પણ ધીરે ધીરે ભેગું કરવાનું રાખવું. તને તો કોઈક ને કોઈક મળી રહેશે. પૂરેપૂરો પ્રયત્ન કરીને મથજે. કંટાળી જઈશ નહિ. ઓળખાણ-પિછાણ વિના, લાગવગ વિના, એકલે હાથે તું આટલું કરી શક્યો છે તે ઘણું ઘણું છે. પરિસ્થિતિ આવી છે એટલે વધારે રકમ એકઠી કરવાને મંડવાનું છે. આમ ખૂબ મહેનત કરી, કષ્ટ વેઠી, લગભગ એક લાખની આસપાસ રકમ ઉઘરાવી હરિજન સેવક સંઘમાં જમા કરાવી, ભગવદ્ કાર્ય પૂરું કર્યું. *જીવનમંથન : ૪૫*

હુકમ શ્રીસદ્‌ગુરુ દિલની હૃદય આજ્ઞા ખરેખર તે,
મળ્યું સદ્‌ભાગ્ય જીવનમાં અનુભવમાં સમજવાને.

*જીવનઆહ્‌લાદ : ૫૭* - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

# ખંડ - ૯

# શ્રીસદ્‌ગુરુની સદ્‌ભાવના

ન સાચો મેં તને જાણ્યો, પિછાણ્યો ના તને હૃદયે,
સહારો શો છતાં દઈને, મને કેવો ઉગાર્યો છે !
*જીવનઅનુભવગીત : ૧૨૫* - **શ્રીમોટા**

પ્રભુ શો ગૂઢ છૂપો જે બધાંનામાં વસેલો છે !
છુપાયેલા પ્રભુને તે છતો કરવા હૃદય જીવીએ.

*જીવનઅનુભવગીત : ૪૨૧* **- શ્રીમોટા**

# શ્રી ઠક્કરબાપાના ફાળા માટે ચમત્કારિક મદદ

સને ૧૯૩૮માં આ જીવનું શરીર લોહીના ઝાડાથી પટકાયું. વાડીલાલ સારાભાઈ દવાખાનામાં indoor (અંદરના) દર્દી તરીકે દાખલ થવાનું બન્યું. ત્યાં તે રોગ મટ્યો નહિ, એટલે કરાંચી જવાનું બન્યું. ત્યાં યોગ્ય સારવાર અને યોગ્ય દવા થતાં તે મટી ગયો. પણ તે પછી (અત્યારે લખતાં તારીખ વગેરે યાદ નથી આવતું) ગાંધીજીએ શ્રી ઠક્કરબાપાના શરીરને સિત્તેર વર્ષ પૂરાં થતાં તેને માટેના ફાળાને કાજે ‘હરિજન બંધુ’માં અગ્રલેખ લખેલો વાંચ્યો. તે સિત્તેર હજારનો ફાળો તો તદ્દન નજીવો, મામૂલી ગણાય અને તેવો ફાળો તો એકદમ ભરાઈ જવો જોઈએ. એમ પણ ગાંધીજીએ લખ્યું હતું. મારે પણ તે ફાળામાં કંઈક ભરવું જોઈએ, એવો આગ્રહ ત્યાંની એક બહેને ખાસ ખાસ કર્યા કર્યો.

મારી પાસે તો આપવાનું કંઈ જ નહિ, અને બીજા કનેથી લઈને તેમાં હું પૈસા ભરું એવું મને તો ગમે નહિ. તે બહેન મને કહે કે, ‘જો તમે દિલમાં દિલથી ફાળામાં ભરવાનું ખરેખરું ઈચ્છો, તો તમને રકમ આભમાંથી પણ પડીને મળી આવે.’ શ્રી ઠક્કરબાપા જે પ્રકારની સેવા કરી રહેલા છે અને આદિવાસીઓની, ભીલોની અને હરિજનોની તેમણે જે સેવા કરી છે, એ સેવામાં તેમની કેવી ધગશ છે ! વળી, તેમાં કશું યદ્વાતદ્વાપણું નથી. એટલું જ નહિ પણ તેમાં તેમણે એક યોગ્ય પ્રકારની વ્યવસ્થા ઉપજાવી છે, એક પ્રકારની તેમાં method (યોજનાપૂર્વકનું સંચાલન) છે, તેની સાથે સાથે અમુક પ્રકારની ચોક્સાઈ, કાળજી, ખંત, હિસાબની યોગ્ય પ્રકારની ચોખવટ વગેરે જે બધી કળાઓ તેમના જીવનમાં પ્રગટેલી છે, તે બધાંના પ્રમાણમાં તેમની સેવાનું મૂલ્યાંકન અને તેની યોગ્ય કદરભક્તિ ગુજરાતને પ્રગટેલી નથી, એવું મને ત્યારે પણ લાગ્યા કરતું.

એટલે બહેનની આગ્રહભરી ટકોરથી અને તેમના જીવનની આવી સેવાપરાયણતાના ભાવથી પ્રેરાઈને મારાથી તેમના માટે થવાના આ ફાળામાં જો કંઈક રકમ આપી શકાય, તો મને બહુ આનંદ પ્રગટે એવી અભિલાષા મારા મનમાં થનગનાટ કરવા લાગી. સાથે સાથે એમ પણ જાણતો હતો કે આ જીવ પાસે એક પાઈ પણ પોતાની ગણી શકાય એવી નથી, તેમ છતાં તે ફાળામાં

આપવાની અભિલાષા રાખવી તે આકાશકુસુમવત્ છે. આમ હોવા છતાં પ્રભુકૃપા હોય તો તેની શક્યતા જરૂર પ્રગટી શકે એવું ભાન પણ ત્યારે જરૂર પ્રગટતું.

હવે એમ બન્યું કે બેસતા વર્ષના દિવસે બાપુની સાથે તથા તે બહેનોની સાથે અમારે કરાંચીના કેટલાંક સદ્ભાવી સજ્જનોને ત્યાં મળવા જવાનું થયું. કરાંચીના માજી મેયર શ્રી ચાગલા સાહેબને ત્યાં તેમના બંગલે અમે ગયાં. તેઓ ત્યારે નમાજ પઢી રહ્યા હતા. એવી અમને ખબર મળી એટલે અમે બહાર જરાક વાર મોટર ઊભી રાખી નીચે ઊતર્યાં અને અંદર દીવાનખાનામાં પેસવા જતાં પહેલાં મારી નજરે એક વીંટળાયેલો કાગળ રસ્તા ઉપર પડેલો જોવામાં આવ્યો. કરાંચીમાં રસ્તા એટલા બધા સાફ સ્વચ્છ હોય છે કે કંઈ પણ કશું પડેલું નજરે ચડ્યા વિના રહી ન શકે. શ્રી જમસેદજીની આવા પ્રકારની સેવા બેનમૂન છે. તે કાગળને ચીંધીને બહેનને મેં કહ્યું, 'જો, પેલું કશું પડ્યું છે !' તે ઊંચકીને જોતાં તેમાં પાંચ રૂપિયાની નોટ નીકળી. અને તેમાં પણ ઉર્દૂ ભાષાનું લખાણ હતું કે, 'તે રકમ તારે મનગમતી રીતે વાપરવા માટે છે.' પ્રભુકૃપાથી આવી આભમાંથી પડેલી રકમ શ્રી ઠક્કરબાપાના ફાળામાં ભરી દીધી.

એકાદ બે વર્ષથી આ જીવને તમે કે બીજા સદ્ગુરુ તરીકે મને માનતા થયેલા હોવા છતાં, તમારી પાસે પણ કદી મેં માંગ્યું નથી, તે તો હકીકતની વાત છે.

## આર્થિક મુશ્કેલી

એક વખત મારે કોઈક સંજોગોને કારણે પૈસાની ઘણી ઘણી જરૂર પડી હતી, અને કોઈની પાસે માગવાનું તો ત્યારે પણ દિલ થતું નહિ. એટલે માગણી કરતો નહિ. પણ આ વખતે તેટલી રકમ વિના ચાલી શકે તેમ હતું નહિ. રકમની તો તાત્કાલિક જરૂરિયાત હતી. ભગવાન તેના ખરેખરા ભક્તને તેની આપત્તિના સમયમાં કોઈ ને કોઈ રીતથી મદદ પ્રેર્યા કરે છે, તેવા પ્રકારનું જ્ઞાનભક્તિપૂર્વકનું આશ્વાસન મારે માટે કંઈ નાનુંસૂનું ન હતું. તે આશ્વાસનથી મને એક પ્રકારની હૂંફ અને ઓથ મળ્યા કરતી. પણ તે તો નિરાકાર હતી. પરંતુ મારે તો ભગવાનની કૃપાથી એવી ઓથ અને હૂંફ સાકારપણે પરિણામ રૂપે પ્રગટેલી હોય, ત્યારે જીવનમાં પ્રગટેલી ભીંસ ટળી શકે એમ હતું. આવી

સ્થિતિ માટે મેં કદી પણ ભગવાનને પ્રાર્થના પણ કરી નથી. કોઈ પણ પરિસ્થિતિમાં પણ કોઈ પણ ભારેમાં ભારે કટોકટી ભરેલી તંગ સ્થિતિ પણ ભાવ કેળવવાને માટે, ભાવમાં ટકી રહેવાને માટે, કે ભાવમાં ભાવથી જીવંતપણે જીવવાને માટેની હોય છે. એટલે તે કાળની તેવી પરિસ્થિતિની પ્રગટેલી ભીડને હું કદી ગણકારતો ન હતો. પરંતુ તેથી કરીને ભીડ જતી રહેતી હતી એવું કશું ન હતું. જોકે ભીડની ભીંસ મને દાબી દેતી ન હતી અને વળગતી પણ ન હતી. તે તો પ્રત્યક્ષ અનુભવે પરખાતું અને તેમાં ભગવાનની પરમ કૃપા અનુભવતો.

*જીવનદર્શન : ૮૬-૮૯*

# શ્રીસદ્ગુરુની આર્થિક સહાય

મારા ગુરુમહારાજ મને ઘણીવાર કહેતા, 'જો મૈં હૂં સો મૈં હૂં. પીછે મેરા સ્વરૂપ અલગ હો જાયેગા ! પીછે મુઝે કોઈ નહીં બુલાયેગા, કોઈ પુકાર નહીં પાડેગા, કોઈ જગહ પર નહીં રહેનાવાલા હૂં. તું પોકાર પાડીશ ત્યારે હાજર થઈશ. તો મૈં કહાં જાઉંગા ? મૈં યહીં રહનેવાલા હૂં. યહી જગહ પર.' એમ એમણે મને કહેલું. મારે જ્યારે જરૂર પડે ત્યારે હું પોકાર પાડું. એક બે સંકટની વેળાએ મારે એવી જરૂર પડેલી. ગરીબનું સંકટ પૈસાનું હોય. એવું સંકટ પડેલું. તેરસો રૂપિયાની જરૂર પડેલી. એટલા બધા રૂપિયા તો મારે મન તો અધધધ રૂપિયા કહેવાય. તે રૂપિયા મને ધીરે પણ કોણ ? તો મેં ગુરુમહારાજને પ્રાર્થના કરેલી કે, 'પ્રભુ, આ અવસર આબરૂ જાય એવો છે. ક્યાંથી લાવું હવે ? બધા પ્રયત્નો કર્યા. પછી તમને પ્રાર્થના કરું છું. તમે તો હયાત નથી. પણ મને ખબર છે કે તમને હું હયાત કરીશ. મને વિશ્વાસ છે કે તમે પ્રગટ થશો જ.' બહુ રડતાં રડતાં પ્રાર્થના કરેલી. પછી આવેલા. મને કહે, 'દીકરા, તું શું કરવા રડે છે ? તારે માથે સમર્થ ધણી છે. તેની ખબર પણ નથી ?' સમર્થ ધણી હોય તેને કહી દેવાનું કે આ કામ તારે કરવાનું છે.' હુકમ મારાથી ના થાય. તો વિનંતી કરવી, પ્રાર્થના કરવી. એ તો થાય કે ના થાય ? પહેલાં પ્રાર્થના કરવી, વારંવાર પોકાર પાડવો. પણ રડવું બડવું નહિ. એ બરાબર નહિ.' એમ મને કહે. પછી મને કહે, 'શું કામ છે તારે ? કેટલા પૈસા જોઈએ છે ?' મેં કહ્યું, 'તેરસો જોઈએ છે.' તેમણે મને તેરસો રૂપિયા કાઢીને આપ્યા. જરૂર પડે તો સો વધારે આપું. એમ કહીને ચૌદસો રૂપિયા હાથમાં આપીને ગયા. હું તો ભગવાનનું

નામ લેતો રૂપિયા લઈને ઘેર ગયો. મારી માને કહ્યું, 'મા, રૂપિયા લાવ્યો.' મારી બા કહે, 'રડ્યા, આટલા બધા રૂપિયા અત્યારે રાતે ક્યાંથી લાવ્યો ? કોઈના ચોરીને લાવ્યો ?' મેં કહ્યું, 'મા, ચોરી તો નથી લાવ્યો. મારા ગુરુમહારાજે આપ્યા.' 'હોવે, તારા ગુરુમહારાજ આટલા રૂપિયા આપતા હશે ?' 'મા, તારે તો રૂપિયા સાથે કામ છેને ? તું તારે કામ કર. લે આ.' એમ કહીને આપ્યા અને કામ પત્યું.

એની પાછળ કહેવાનો મતલબ કે આવા જે લય થઈ જાય છે, તોપણ એના જે ભક્ત છે, જે એના સંબંધમાં છે, જેની સાથે એમને દિલ છે, તેવા લોકો પોકાર પાડે, અને ખરેખરો પોકાર હોય છે, ત્યારે કાં તો એ પ્રત્યક્ષ હાજર થાય છે, કાં તો સૂક્ષ્મ હાજરીથી એનું કામ પતાવે છે. બેઉ રીતે.

*તદ્રૂપ-સર્વરૂપ : ૮૬-૮૭*

અમારી સ્થિતિ ખૂબ જ ગરીબ હતી. નડિયાદમાં મારા ભાઈઓ અને એ લોકો જેમ તેમ નભાવે. આવી સ્થિતિ છતાં મેં રચનાત્મક કાર્ય કર્યું. વીસ વર્ષ સુધી હરિજન સેવા કરી છે. ત્યાર પછી ગુરુમહારાજના હુકમથી એ કામ છોડી આ સેવા કરવા બેઠો, ત્યારેય મારી પાસે પૈસા ન હતા. તે વખતે રૂપિયા પિસ્તાળીસથી વધારે વેતન ન લેવું એવી પ્રતિજ્ઞા કરેલી. પરીક્ષિતલાલભાઈ, હેમંતભાઈ તથા હરિવદન ઠાકોર એ બધા તો એકલરામ હતા. જ્યારે મારે તો આઠ જણનું પોષણ કરવાની જવાબદારી હતી. અને તેમાં મને દેવું થયા કરતું. ત્યારે એક જણ મને મળેલા કે જે મારું દેવું દર વરસે પૂરું કરી દેતા. અને ત્યાર પછી આ સેવા કરવા માંડી. એવાને, એક પછી એક ઘણી સરળતા ભગવાને કરી આપી છે. મારી કોઈ પ્રતિષ્ઠા ન હતી. અને આ કંઈ મારી મહત્તા માટે નથી કહેતો, પણ એનાથી સમજ પડે કે ભગવાનને અનન્યભાવે ભજવાથી ભગવાન એના ભક્તનું કામ પાર પાડે છે. એટલે એના પર ભરોસો રાખતા થઈ જઈએ, એના પર વિશ્વાસ રાખીએ તો એ આપણાં કામ કરશે. એનો અર્થ એવો નથી કે કર્મ છોડી દેવાં. બુદ્ધિથી ઉકેલ કાઢીને દરેક કર્મ તો કરવાનું જ છે.

ભગવાન જ્યારે ભક્તને જરૂર પડે છે ત્યારે રસ્તામાંથી પણ ધન આપે છે. એવા એક બે બનાવ બને તો લોકો 'કાકતાલીય' ન્યાય લેખે છે. 'કાકતાલીય'

એટલે કે કાગનું બેસવું અને તાડનું પડવું. પણ પાંચ છ વખત એમ બન્યું છે અને એના સાક્ષી પણ છે. એ ક્યારે બને કે ભગવાન પર ભરોસો, વિશ્વાસ, શ્રદ્ધા પ્રગટી જાય તો. ભગવાનની અદીઠી મદદ પણ આપણને મળશે એવો વિશ્વાસ આ કાળમાં કેળવવાની ઘણી જરૂર છે. *મૌનમંદિરમાં પ્રભુ : ૫૨-૫૩*

ગરીબી બાદશાહી તે, અમીરની પણ અમીર શી છે !
જરા છંછેડવા एને ન શક્તિ કોઈની પણ છે.
*જીવનઆહ્લાદ : ૧૦૪* **- શ્રીમોટા**

# પૈસા માટે આર્તપોકાર

મેં પૈસા માટે ભગવાનને એક જ વખત પ્રાર્થના કરી છે. મારો મોટો ભાઈ હતો. એને ક્ષયરોગ થયેલો. આણંદમાં ખ્રિસ્તીની ક્ષયની હૉસ્પિટલમાં રાખેલા. એ આર્યસમાજી અને પેલા ક્રિશ્ચિયન. એટલે ત્યાં એ ઝઘડા કરે. મેં કહ્યું, ‘ભાઈ, આપણે અહીં પેશન્ટ (દરદી) તરીકે રહ્યા છીએ. એટલે આપણે એમની સાથે મેળ રાખીએ તો આપણને સારી રીતે ટ્રીટમેન્ટ (સારવાર) આપે. તમે એની સાથે સિદ્ધાંત માટે ઝઘડો તો તમને એ સારી રીતે ટ્રીટમેન્ટ નહિ આપે અને આપણે પૈસા ખોવાના થશે. માટે તમારે સમજવું જોઈએ. પણ એ તો એવા આકરા સ્વભાવના કે એ પાદરી અને ડૉક્ટરની સામે જ થાય. એમણે બાઈબલ વાંચેલું એટલે એમાંથી બધું કહે, ‘આવી વાતો તમે માનો છો ? આ તો બધું હંબગ છે.’ એવું તો હંબગ આપણામાંય છે. હા, પછી એમને દવાખાનામાંથી કાઢી મૂક્યા. પછી મારે એમને લઈને છેક ભાવનગર જવું પડેલું. બેળેબેળે એટલા બધા પૈસા ખરચ થયેલા કે દેવું કરવું પડેલું.

હવે જેનું દેવું કરેલું એ માણસ માગ્યા કરે. વખત એવો કે મને મન પર ભાર લાગે. રોજ કેટલો વખત એના જ વિચારમાં જાય. ત્યારે હું કહું કે, ‘હું ભગવાનની ભક્તિમાં બેઠો છું કે આ પૈસામાં બેઠો છું ? એ બરાબર નથી.’- એમ કહીને વિચારને ઝાટકીને પાછો ભગવાનના નામમાં મનને પરોવું. જેમની પાસેથી પૈસા લીધેલા તે મારાં સગાં માસી હતાં. પૈસાદાર હતાં. ‘સાતસો રૂપરડી ન આવી તોય શું ?’ એમ ગણે એવાં પૈસાદાર હતાં. પણ પૈસાની બાબતમાં ના ગણે. કોઈક ગણતાં હશે. પણ આ માસી તો એવાં હતાં. તે એક દિવસ હું ભજન ગાતો ગાતો જતો હતો ત્યાં મને રસ્તામાં રોક્યો. અને એટલી

બધી ગાળો દીધી અને કહ્યું કે, 'કાળા ચોરના પૈસા લઈ આવ અને મને આજે ને આજે પૈસા આપી જા.' બહુ લોકો ભેગા થઈ ગયા. કોઈકે કહ્યું કે, 'ઇચ્છાબહેન, તમે શું કરવા આ છોકરાને કહો છો ? એ કંઈ તમારા રૂપિયા ખાઈ જવાનો છે ? આમેય તમારો સગો ભાણેજ છે એટલે એને ભેટ આપેલા એમ સમજો. પણ એને આટલો બધો પજવો છો શું કરવા ? આટલી બધી ગાળો દો છો ? અને તમે આમ કેમ બોલો છો ?' મને સાહેબ, એ વખતે એટલું બધું લાગી આવ્યું કે, 'સાલા, આપણે ગરીબ છીએ ત્યારે આપણને કહે છેને ? ગરીબ ના હોત તો એમની તાકાત હતી કે મને એક અક્ષરેય કહેત ? ન કહી શકત અને ભરબજારમાં સગી માસી થઈને મારું આવું અપમાન કર્યું અને ન બોલવા જેવું બોલ્યાં ?' ત્યારે મેં આર્તપોકારથી ભગવાનને કહ્યું કે, 'હે ભગવાન ! તું મારી લાજ રાખ. આમણે મારું અપમાન કર્યું એમ નથી લાગતું,પણ હું એવું માનું છું કે તું મારા માથે ધણીધોરી છે, હવે આ કાળે તારે મારી મદદમાં આવ્યા સિવાય છૂટકો નથી. કોઈ કાળે કોઈ સ્થળેથી કોઈ મને સાતસો રૂપિયા આપે એમ નથી. મારી ગરીબાઈ છે અને મને મદદ કરવા માટે તું જ મારો ધણી છે.'

તે સાહેબ, નિશાળેથી ઘેર ગયો. ઘેર જઈને હંમેશાં નાહવાની મારી ટેવ. હંમેશાં નાહીને જ જમું. ત્યાં જ પોસ્ટમૅન આવ્યો. એણે કહ્યું, 'ભાઈ તમારું ઇન્સ્યોર્ડ રજિસ્ટર છે.' મેં એ લીધું. તો એમાંથી બરાબર આઠસો રૂપિયા નીકળ્યા. કોઈકે વલસાડથી મોકલેલું. એમાં એડ્રેસ હતું. મેં કાગળ લખ્યો કે, 'ભાઈ, આ પૈસા કેવી રીતે મોકલ્યા ? ઓળખાણ નથી, પિછાણ નથી અને બરોબર સરનામું કરીને તમે પૈસા મોકલ્યા. તને કોણે કેવી રીતે કહ્યું અને પૈસા કેમ મોકલ્યા ?'

પેટલાદમાં મણિભાઈ જશભાઈ દીવાન હતા. એમના દીકરાનાં વહુ ત્યાં રહેતાં. હું પણ ત્યાં ભણવા રહેતો એટલે સંબંધ થયેલો. આજે પણ સંબંધ છે. એમણે વલસાડ કાગળ લખેલો, કેમ કે એમને એમ કે પેટલાદથી મોકલશે તો એ સ્વીકારશે નહિ. એટલે એમણે એમના સંબંધીને વલસાડ કાગળ લખેલો કે, 'કાગળ મળે કે તરત જ તમે આટલા રૂપિયા ઇન્સ્યોર્ડથી મોકલાવી આપો.' આ મને ખબર પડી ! પણ ખરી રીતે તે મારા ભગવાને મને અપાવ્યા.

આ પૈસા મળ્યા એટલે જેવું તેવું નાહીને હું તો માસી પાસે ગયો અને કહ્યું કે, 'માસી, આ તમારા સાતસો રૂપિયા.' 'જોયુંને, હું આટલું બોલી તો તું આપી ગયો. પણ તું એમ ને આપી ગયો હોત તો કેવું સારું ?

મેં કહ્યું, 'બા, મારી પાસે પૈસા ન હતા. હું કંઈ મૂરખ નથી કે તમારા પૈસા ના આપું. આજે જ પૈસા આવ્યા. આ પાકીટ જો અને સરનામું જો. વલસાડથી મને કોઈકે મોકલ્યા છે.' પાછું એ પાકીટ લઈને કોઈકની પાસે એણે વંચાવડાવ્યું-ખાતરી કરવા. મેં સાતસો રૂપિયા આપી દીધા. ત્યારથી મને એટલી ટાઢક થઈ અને સંતોષ થયો. 'હે ભગવાન ! તું ગરીબ માણસની સંભાળ રાખે છે ! કેટલી તું આબરૂ સાચવે છે ! તું ન હોત તો આ જગતમાં મારું કોણ હોત ?'

આમ, ભગવાનમાં વિશ્વાસ તો ખરો. પણ હજી ઈન્ટૅલૅક્ચૂઅલ ઍન્ડ ડીવોશનલ એ રિયાલિટીનો વિશ્વાસ નહિ પ્રગટેલો. પણ આ કાગળથી મને એક રિયાલિટીનો વિશ્વાસ પ્રગટી ગયો કે ભગવાન ખરી વખતે એના ભક્તને મદદ કર્યા વિના રહેતો નથી. એવા તો મારા જીવનમાં કેટલાય પ્રસંગો બનેલા છે, જેમાંનો એક પ્રસંગ તો મેં તમને કહેલો. *અન્વય-સમન્વય : ૪૮-૫૧*

'हरि હાર્યાનો ભેરુ તું,' મને પ્રત્યક્ષ જીવનમાં
-કૃપાથી તેં બતાવ્યું છે પ્રયોગોથી અનુભવમાં.

*જીવનઆહ્લાદ : ૧૫૦* **- શ્રીમોટા**

## ગુરુ પ્રત્યે વિશ્વાસ

મારા ગુરુમહારાજ કદી ગમે તેમ બોલે. આપણને શરૂ શરૂમાં વિશ્વાસ ના પડે. એટલે એને લીધે સાચું ના સમજાય. વિશ્વાસ ના બેસે. બધું ખોટું છે તેમ જ સમજાય. પણ કેટલીક બાબતમાં આપણને વિશ્વાસ ના બેસે તોપણ આપણને વિશ્વાસ બેસે એવા બે ત્રણ દાખલા એમણે કરાવ્યા છે. મારે ઘરને લીધે થોડી પૈસાની જરૂર પડેલી. એ વખતે એવો મૅનીઆ કે ગરીબ હોઈએ તોપણ બાર મહિનાનું અનાજ તો ભરવું જ જોઈએ. મારી બા કહે, 'આપણે બાજરી ભરવી છે, ઘઉં ભરવા છે, ડાંગર લાવવી છે, એની વ્યવસ્થા કર.' પાંચ સાત દિવસ ગયા ત્યાં સુધી શાંત રહી. પછી ક્યાં સુધી શાંત રહે, બિચારી ? એને ઘર ચલાવવુંને ! બધાંને ખાવાનું રોજ આપવું. પછી બહુ ગુસ્સે થઈ. ત્યારે હું તો

સાંભળ્યા કરું, અને ગુરુમહારાજને પ્રાર્થના કર્યા કરું. મને વઢવા મંડે. આમ, એક દિવસ ગયો, અને બીજે દિવસે વૈષ્ણવ મંદિરના મુખિયાજી મને કહે, 'અલ્યા ભગતજી !' મેં કહ્યું, 'હા, જી.' તો કહે, 'તમે રોજ અહીંથી ભજન ગાતાં ગાતાં જાઓ છો તે વહુજી મહારાજ તમારા ઉપર બહુ રાજી થયાં છે.' બહુ સરસ. બહુ ઉપકાર માનું છું.' 'રાજી થયાં છે એટલું જ નહિ પણ તને આ પૈસા આપ્યા છે. એકસો એકાવન રૂપિયા તને ભેટ આપ્યા છે. આ સાચી વાત છે.' મારી બાને જઈને આપી આવ્યો. મેં કહ્યું, 'લે, જો ભગવાન કેવી મદદ કરે છે !' નહિતર મને પેસવા ના દે મંદિરમાં. અસ્પૃશ્યતાનું કામ કરું એટલે પેસવા ના દે. મંદિર આગળથી ભજન ગાતાં ગાતાં જઉં તે બેઠાં બેઠાં મને રોજ સાંભળે. ઘણી વખત એમેય કહું કે, 'વૈષ્ણવ નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે.' તે ઘણાય લોકોને ખોટું લાગે. આ તો મોટેથી ગાતો ગાતો જતો. એકવાર તો મને એક જણે મારેલો. બે ચાર ધોલ લગાવી દીધેલી. એના મનમાં એમ કે હું જાણે એને કહું છું. પણ હું એને કહેતો ન હતો. મારી જાતને સંબોધીને કહ્યા કરતો હતો. કોઈને સંબોધતો ન હતો. *જોડાજોડ : ૩-૪*

## ભગવાને મદદ કરી

મારું લગ્ન થયું. મારી પાસે પૈસા મળે નહિ. મારી બા કહે, 'દેવું કર.' મને ગરીબને કોણ પૈસા આપે ? વળી, હું હરિજનનું કામ કરતો હતો. સગાંવહાલાં બધાં વિરોધી. હું તો પૈસા વિના લગ્ન કરવા ગયેલો. હું કૉલેજમાં ભણતો ત્યારે નાગર છોકરાઓ મારા મિત્રો હતા. ત્યારે મને કલ્પનાય નહિ. મેં તો લગ્નની કંકોત્રીઓ નહિ કાઢેલી. એમને ખબર પડી કે ચૂનીલાલનું લગ્ન થાય છે. એટલે બે ચાર જણ પૈસા લઈને આવેલા. મેં તો એમ જ માન્યું કે મારો ભગવાન કેવો છે એટલે મને મદદ કરી. *જોડાજોડ : ૯૪*

જીવનમાં કેટલી વાર મદદ માગ્યા વિના એણે
-પથે અફળાયાની પળમાં મદદ કેવી કરેલી છે.

*જીવનઆહ્લાદ : ૧૫૦* - **શ્રીમોટા**

## સોનાની કંઠી મળી

એક સાંજે અમે બધાં નદીકિનારે એક સાધુમહારાજનાં દર્શને જતાં હતાં. તે વેળા મારી સાથે હસમુખભાઈ, અમદાવાદવાળા નાનુભાઈ ભટ્ટ તથા બીજા

પણ કોઈક હતા. (જેનો ખ્યાલ અત્યારે પ્રગટતો નથી.) નદીના કિનારાની અને સ્થળની લગભગ નજીક આવી પહોંચતાં એક ઠેકાણે ફાટેલાંતૂટેલાં લૂગડાંની વાળેલી પોટલી જેવું મારી નજરે ચડ્યું. અને તે હાથમાં લઈને ખોલતાં તેમાંથી એક સોનાની કંઠી નીકળી. તેની સાથે પણ તામિલમાં લખાણ હતું. તે લખાણમાં પણ 'તારા પોતાના ઉપયોગ માટે આ છે.' એમ હતું. તે કંઠી શ્રી હસમુખભાઈએ બજારમાં વેચીને તેની રકમ મને આપી, અને પ્રભુકૃપાથી મારી ભીડ ભાંગી.

*જીવનદર્શન : ૮૯*

## ઈચ્છા ભગવાને પૂરી કરી

શ્રી માલવિયાજીએ આપણી સંસ્કૃતિને જીવતી રાખવાને કાશીમાં હિન્દુ યુનિવર્સિટી સ્થાપી હતી. તેના નિભાવને અર્થે ભારતના હિન્દુ સમાજને નાણાં માટે ટહેલ નાખી હતી. જીવનનું મૂળ તો સંસ્કૃતિ છે. સંસ્કૃતિ પરત્વેનું પ્રભુકૃપાથી મારું આકર્ષણ અજબ અને અતૂટ હતું, અને હજી પણ છે. એટલે તેમની અપીલના કારણથી દિલમાં એક પ્રકારની ઉત્તેજના પણ પ્રગટી. મારાથી પણ તેમાં કશુંક અપાય, તો ધન્યતા અને કૃતકૃત્યતાની ભાવના જરૂર મને જાગે એમ દિલમાં થયું.

પરંતુ આર્થિક સ્થિતિ એટલી બધી તો તંગ હતી કે ન પૂછો વાત. માત્ર સુડતાળીસ રૂપિયા અને આઠ આનામાં સાત જીવોનું પોષણ કરવાનું. બાકી અઢી રૂપિયા તો સહકારી મંડળીમાં ફરજિયાત બચત તરીકે જતા. જીવનવ્યવહારમાં મારા પોતાને માટે એક પૈસો પણ નકામો ખરચવાનું મારાથી બની શકતું નહિ. હજામત પણ મહિને એક જ વાર કરાવતો. ત્યારે હજામતનું સાધન પણ પાસે ન હતું. એવી આર્થિક તંગીની ભીંસમાં યુનિવર્સિટી ફંડમાં આપવાને મારી પાસે કશું ન હતું. તેમ છતાં આપવાનું દિલ તો પ્રગટ્યા કરતું.

એવામાં તમે અને હું બંને સાબરમતી આશ્રમમાંથી ક્યાંક શહેરમાં જવાને નીકળ્યા. આશ્રમથી થોડેક જ દૂર ચાલ્યા હોઈશું, ત્યાં ચંદ્રભાગાના પુલની નજીક જમણે હાથે એક વૃક્ષ હતું. ત્યાં આવતાં મને લઘુશંકાની વૃત્તિ થઈ અને તમને મેં 'જાઉં' એમ પૂછ્યું, અને તમે સંમતિ આપી. તે કાળે એવું એવું બધું પણ પૂછી પૂછીને કરતો હતો. કોઈને આવું બધું ગાંડપણ લાગે, પણ તેમાં મારો જીવનવિકાસનો હેતુ જાગ્રતપણે રહેતો હતો. લઘુશંકા પૂરી થઈ રહેતાં ઊઠવાનું

થતાંવેંત પાસે પડેલા એક કાગળિયા પર મારી નજર પડી. અને તે હાથમાં લેતાં, તમે પાસે જ હતા એટલે તમને તે બતાવતાં તેમાંથી બે વીંટી નીકળી. અને સાથે પાછું લખાણ પણ હતું કે, 'આ તારા ઉપયોગ માટે છે.' આપણે બંનેએ બજારમાં સાથે જઈને તે વીંટીની રકમ બનારસ મોકલી દીધી. જીવતીજાગતી ભાવનાનો આ કેવો પ્રત્યક્ષ પુરાવો છે. *જીવનદર્શન : ૮૪-૮૫*

## ઍરોપ્લેનમાં મુસાફરી

એક વખત કરાંચીથી સાબરમતી આશ્રમમાં પાછો આવ્યો અને સને ૧૯૪૦ના જુલાઈ, ઑગસ્ટ અને સપ્ટેમ્બરનો અડધો માસ ત્યાં (સાબરમતીમાં) રહેવાનું બન્યું હતું. પાછું મારે કરાંચી જવાનું હતું. ક્યારે જવું તે નક્કી થયેલું ન હતું. પરંતુ ઓચિંતું એક દિવસ ટપાલીએ આવીને મારા હાથમાં રજિસ્ટર્ડ પાકીટ મૂક્યું. તો તેમાંથી રૂપિયા સાઠની નોટો નીકળી અને ઉર્દૂ લિપિમાં જે લખ્યું હતું તે તમે (હેમંતભાઈ) જ શ્રી કુરેશી સાહેબ પાસે જઈને વંચાવી આવ્યા હતા. લખાણમાં એમ હતું કે, 'તારે તારા જન્મદિવસે જ કરાંચી જવું અને તે પણ ઊડીને જ જવું એવો હુકમ છે.' ચાર સીટનું એક નાનકડું વિમાન ત્યારે જતું. તેમાં ટિકિટ મળવી બહુ મુશ્કેલ હતી. શરૂમાં તો ટિકિટ નહિ મળી શકે એવું જ લાગ્યું. બેત્રણ વાર તપાસ કરતાં ટિકિટ તો મળી અને તે દિવસે 'હવાઈ જહાજ'માં બેસીને 'પૈદાઈશ કે દિન' મુસાફરી કરી.

વિમાનમાં બેસવાનો તે બધો કાળ કોઈ ન વર્ણવી શકાય એવી અગમ ધ્યાનાવસ્થામાં જ પસાર થયા કર્યો હતો. વિમાનમાં જવાની મારા જેવાને તો કલ્પના પણ ક્યાંથી ઊગી શકે ? મારી પાસે આર્થિક સ્થિતિની તેવી શક્યતા પણ નથી. અને તમારા જેવા કે ભાઈ નંદલાલ જેવા ખાસ કારણ વિના વિમાનની સહેલગાહ મને કરાવે એવી વિચારસરણી પણ તમારામાંથી કોઈની ત્યારે ન હતી. અને આવી રકમ ઓચિંતી આપમેળે ક્યાંકથી આવી પડી ! વળી, તેની સાથે ઉર્દૂનું લખાણ લખેલું હતું. તે તમે શ્રી કુરેશી સાહેબ પાસે વંચાવી પણ આવ્યા હતા. આવા તાજુબીભરેલા બનેલા પ્રસંગથી કોઈકને શંકા અને સંશય પણ પેદાં થયાં હતાં. મારી પાસે એવી કોઈ રકમ પણ ન હતી, કે જે હું ટપાલમાં ભરીને મોકલાવી શકું. ઉર્દૂ લખાણ લખેલું તે તો કોઈ એમ માને કે ધારો કે કોઈકની પાસે લખાવ્યું હોય. પરંતુ તે દિવસોમાં હું ક્યાંયે બહાર

નીકળતો નહિ, તેની તમને સારી પેઠે ખબર છે. ક્યાંય પણ શહેરમાં ગયા વિના અમદાવાદની ભદ્રની સેસન્સ કોર્ટની પોસ્ટ ઑફિસની છાપ તે રકમવાળા પાકીટ પર હતી. મારે અમુક દિવસે જ કરાંચી જવું. તેવું કશું અગાઉથી નક્કી થયેલું પણ ન હતું. એટલે તેવી પ્રેરણા અને તે માટેની રકમ આભમાંથી મારે માટે પડી. *જીવનદર્શન : ૯૧-૯૨*

મારા જીવનના આવા બીજા પણ પ્રસંગો ઇન્દ્રિયાતીતપણાના પ્રભુકૃપાથી પ્રગટેલા છે.

વિમાનમાં બેસીને ગયો ત્યારે એટલી ઊંચી કક્ષાએ જે અનુભવ થવો જોઈએ તે મને થયેલો. ત્યારે બેઠો ત્યાંથી મને સમાધિ થઈ ગયેલી તે ઊતર્યો ત્યાં સુધી. અને એ ઓલિયાની સાથેની વાતથી ખબર પડી કે એક મનુષ્યને મેં પ્રેરણા કરેલી અને તેની મારફત તને રકમ મળેલી.

*મૌનમંદિરમાં પ્રભુ : ૫૨-૫૩*

## પ્રભુ દ્વારા અગમચેતી

નવસારી આશ્રમમાં હું કામ કરતો હતો અને કરની લડતમાં ઠક્કરબાપાએ મને કામ સોંપ્યું અને નવસારી આશ્રમમાંથી ગાંધી આશ્રમ (સાબરમતી)માં જવાનું થયું. ત્યારે બધાંએ મને કહ્યું કે તમે એવું કંઈ કરો કે જેથી તમારું સ્મરણ કાયમનું થાય એટલે ઓચિંતું મને સૂઝ્યું કે આપણે સાઇકલ પર સૂપા (ગુરુકુલ) જઈએ. ત્યારે તો વરસાદની સિઝન. રાત્રે ચોમાસામાં કશે જવાય નહિ. અને રસ્તા તદ્દન ખરાબ. તોપણ નીકળ્યા. પણ મને રસ્તામાં સૂઝ્યું કે હવે આગળ મુસાફરી ન કર. સાંજના ચારપાંચનો સમય હશે. એટલે મેં છોકરાઓને આ વાત કરી. પણ છોકરાઓએ મને કહ્યું કે હજુ આઠ દસ માઇલ જવાશે. પણ મેં કહ્યું કે જુઓ આ જંગલ મજાનું છે. ઝાડ નીચે સાફ કરીને બેસીએ. અને અહીં બધી સગવડ છે અને રાતના વખતે બાળવા કરવા માટે લાકડાં વીણી લાવીશું અને એમ રાત પસાર કરીશું. રાત્રે પહેરા રાખીશું. બાર વાગ્યા સુધી તમે અને બાર વાગ્યા પછી હું. અમે ત્યાં વાસો કર્યો.

એમ કરીને વળતે દિવસે નીકળી ગયા. થોડે ગયા પછી તો અઢી વાંસ જેટલો ખાડો સડકમાં હતો. એમાંથી અમે બચી ગયા. જો રાત્રે ચાલ્યા કર્યા હોત તો એમાં પડત અને ઘણાંને વાગત. એટલે આવી કોઈ પ્રેરણા થાય તો એને

સ્વીકારી લેવી. આવી પ્રેરણાને શંકાકુશંકાથી બરબાદ કરી દઈએ છીએ એટલે બુદ્ધિના વિચારોથી આવાં સૂચનો બંધ થઈ જાય છે અને એવાં સૂચનો જો સ્વીકારીને વર્તીએ તો એવાં સૂચનો પ્રગટે અને નહિ તો બંધ પણ થઈ જાય.

## પ્રભુની ચેતવણી

એકવાર ગાંધી આશ્રમમાં કામ કરતો હતો અને બૅંકમાંથી પૈસા લાવવાના હતા. ત્યારે ખાનગી બસ હતી. એક વ્યક્તિ બસમાં વાત કરે કે 'અકસ્માત થાય તો ? બસમાં નથી જવું.' એટલે મને થયું કે મને આ સૂચન છે. એટલે હું પાછો આવ્યો અને મેં નક્કી કર્યું કે હું તો સાઈકલ ઉપર જઈશ. આમ તો સૂચન મેં મારે માટે જ સ્વીકાર્યું. બધા મને આશ્રમમાં પૂછે, 'કેમ ભગત, પાછા આવ્યા ?' મેં કહ્યું, 'હું તો સાઈકલ પર જઈશ.'

વિદ્યાપીઠ આગળ એ બસને અકસ્માત થયેલો અને ઘણાંને વાગ્યું હતું એમ મેં સાઈકલ પર પસાર થતાં જોયું. વિદ્યાપીઠમાં જઈને બધા મિત્રોને એ લોકોને મદદ કરવા કહ્યું. પોલીસને બોલાવવાની વાત પણ કરી અને હું બૅંકમાંથી પૈસા લઈને પાછો આવ્યો ત્યાં સુધી કશી તજવીજ થઈ ન હતી. પણ મેં પેલું સૂચન સ્વીકારી લીધું તો એમાંથી હું બચી ગયો.

પણ એ ચેતવવાનું ભગવાન ક્યારે કરે કે જ્યારે આપણે ખુલ્લા થયેલા હોઈએ અને એવી સલાહને પ્રેમભક્તિપૂર્વક આચરીએ તો. જીવનના એક એક ક્ષેત્રને એ આવરી લેતો હોય છે, ભગવાન તો રોમેરોમ અને મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ બધાંમાં પ્રવર્તતો હોય છે, પણ આપણે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌થી દોરવાયેલાં હોવાથી એ મદદ આપણે સ્વીકારી શકતાં નથી. એટલે એવી ઓથ સ્વીકારવા પ્રાર્થના, નિવેદન, સદ્‌વાંચન, ભજન કરવાથી ભગવાનની ઓથ આપણા દિલમાં છતી થાય છે.

*મૌનમંદિરમાં પ્રભુ : ૨૪-૨૫*

પ્રેમે અપાર ઉરને મન, ચિત્ત, જેણે-
છે સોંપિયાં તુજ પદે કરી લગ્ન તેને-
સંસારસાગર થકી પ્રભુ, તારશે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

*તુજ ચરણે : ૧૮* - **શ્રીમોટા**

# મહીગળતેશ્વર નદીને કાંઠે

ભગવાનનો ભાવ એ તો સચરાચર છે અને હાજરાહજૂર છે. એના અનુભવ પણ એણે કૃપા કરીને જીવનમાં આટલા થોડા સમયમાં પણ કરાવ્યા છે. એનું હાજરાહજૂરપણું મહીગળતેશ્વર જતાં એણે બતાવ્યું. ખાસ એકાંતમાં જઈને એકાદ દિવસ રહીને ત્યાં ધ્યાનમગ્ન રહીએ એવો વિચાર હતો. બોદાલ આશ્રમમાંથી એકવાર વિદ્યાર્થીઓને લઈ મહીગળતેશ્વર આપણે ગયેલા, ત્યારથી તે સ્થળ તમને ગમી ગયેલું એટલે તમે તે નામ સૂચવ્યું. પહેલાં આપણે ગોધરા ગયા. ત્યાં પહોંચ્યા ત્યાં સુધી તો કંઈ નહિ. રાત પડી અને મુશળધાર વરસાદ, વીજળીના કડાકા અને મોટાં મોટાં ઝાડ પણ હાલી ઊઠે એવું તોફાન થયું. સવારે નીકળી મહીગળતેશ્વર જવાનું તદ્દન અશક્ય લાગતું હતું. અને ટ્રેન તો બહુ વહેલી સવારે સાડાચાર વાગ્યે નીકળી જાય. એટલે (ગોધરા) આશ્રમમાંથી સાડા ત્રણેક વાગ્યે નીકળવું પડે એમ હતું. છતાં પ્રભુકૃપાથી બરાબર નીકળવાનો વખત થયો અને વરસાદ બંધ થઈ ગયો ! એવી તોફાની રાતે એટલા વહેલા બહાર ગામ જનારા કોણ હોય ! એટલે ઉતારુઓ પણ બહુ થોડા હતા. રેલવેના આપણા આખા કંપાર્ટમેન્ટમાં આપણે બે જ એકલા હતા. એકાંતમાં પ્રભુકૃપાથી તમને એક હાથનો સ્પર્શ જીવંત ચાલુ રહે એવી રીતે ભાવસ્થ દશામાં જવાનું થયેલું. તમારું જીવનપ્રયાણ કેવા ઘોર વનમાંથી મારી સોબતમાં થશે અને કેવો દાવાનળ એ વનમાં સળગશે તથા અસંખ્ય જૂનાં (જીવપ્રકૃતિરૂપી) વનવાગળાં અને ચામાચીડિયાં વગેરે તેમાં બળીને કેવાં ભસ્મ થઈ જશે અને આપણે મંદિરે પહોંચીશું–એ બધું પ્રભુકૃપાથી પ્રત્યક્ષપણે સિનેમાની જેમ દેખાયું અને તમને તે બધું કહેલું, એટલે આપણો જવાનો હેતુ તો ત્યારે જ, મહીગળતેશ્વર જતાં પહેલાં, સિદ્ધ થઈ ગયો હતો. પરંતુ તમારી ખાસ ઈચ્છાથી તોયે આપણે અંગાડી સ્ટેશને ઊતરેલા. સવારે પાંચેક વાગ્યે સ્ટેશને ઊતર્યા ત્યારે એવા અંધારામાં મહીગળતેશ્વરનો રસ્તો ક્યાંથી સૂઝે ! તેથી આપણે માંહોમાંહે વાત કરતા કે શું કરવું ? એટલામાં જ એક બીજો જ ઊતારુ અંગાડી સ્ટેશને ઊતર્યો હશે કે સ્ટેશને જ પહેલેથી હશે, તેણે આપણી વાત સાંભળીને જાતે તરત જ કહ્યું, ‘ચાલો, મારી સાથે, મારે ત્યાં જ જવું છે.’ ધોધમાર વરસાદ આપણે નીકળીએ

ત્યારે જ રહી જાય, ટ્રેનમાં આપણા ડબામાં કોઈ પણ બીજું ન હોય, અંગાડી સ્ટેશને એક જ કોઈક તૈયાર થઈને ઊભેલું હોય, અને આપણને રસ્તો વગર પૂછ્યે બતાવે - એ બધા યોગાનુયોગમાં પ્રભુનો હાથ-એનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર આપણને શું નથી દેખાતો ? મહીગળતેશ્વર નદીને કાંઠે શાંતિ અને ધ્યાનનો પણ અસાધારણ અનુભવ થયો હતો.

*જીવનસંશોધન : ૩૯૭-૩૯૮*

જીવનમાં કેટલી વાર ગરુડે શો ચઢી મુજને !
મને તેં સહાય દીધી છે, ભૂલું તે કેમ શી રીતે !
*જીવનઆહ્‌લાદ : ૧૫૧* **- શ્રીમોટા**

## મારવાનું કારસ્તાન

બૂચ કરીને એક નાગર સદ્‌ગૃહસ્થ હતા. કાઠિયાવાડમાં એક નાના ઠાકોર હતા. ઠાકોરે અમને મારવા માટે યુક્તિ કરીને જમાડવાનું ગોઠવેલું. ‘તમે તો ખરા બ્રાહ્મણ છો. તમને તો દેશને માટે બહુ લાગણી. તો તમારા જેવા બીજા બ્રાહ્મણ મને ક્યાંથી મળે ?’ મેં તો ના કહી કે ‘આમાં જશો નહિ. આ ઠાકોરને આજે ક્યાંથી ભાવ જાગ્યો ?’ એમ મેં કલ્પના કરી. આજે પેલા લોકોને ભાવ જાગ્યો. હંમેશાં વિરોધમાં જ રહે છે. પોલીસ બધા એમને ત્યાં જ રહેતા હતા અને ખાતા પીતા. એ ઠાકોર તો વિરોધમાં જ હતો. ‘આજે ક્યાંથી પુણ્યભાવ જાગ્યો ? એક બે વાર વિચાર કરો. પછી નક્કી કરો. ગરીબનું કહ્યું માનો.’ લાડવા ખાવાનું મન થયેલું. એટલે કહે, ‘શું કરશે આપણને ? બહુ તો આપણને મારશે. માર ખાવા તો આપણે આવ્યા છીએ.’ ‘સારું ચાલો ત્યારે.’ અમે બધાં ગયા. બધાંને જમાડ્યા કર્યા. આરામ કરાવ્યો. સાંજે છ પછી મિટિંગ રાખીશું એમ નક્કી કર્યું. પોલીસ બધા ખરા. પણ બધા આઘે રાખેલા. એક આસિસ્ટન્ટ ડી.એસ.પી. હતો. એ જાણે કે આ કારસ્તાન છે. ઠાકોર એકલાએ નહિ કરેલું. કલેકટર અને બીજાએ ભેગા થઈને આ કારસ્તાન કરેલું. એવું નક્કી કરેલું કે મરણ ન થાય તે જોવું. પણ મારવા ખૂબ. બધું શણગારેલું. ‘વંદેમાતરમ્’ એ ગીત ગવાયું. બધા બોલવા ઊભા થયા. મારો વારો પણ આવ્યો. મારું ભાષણ પૂરું નહિ થયેલું ત્યાં જ બધાને ઝૂડંઝૂડા-લાકડીઓથી છોકરાઓને મારવા લાગ્યા. ચારેબાજુ પોલીસો ઊભેલા અને જે જાય તેને સારી પેઠે મારે. કેટલાક નાસી

ગયા. કેટલાક મારી બાજુએ ઊભેલા-એ માર ખાતા હતા. એ પણ કોઈ ને કોઈ કારણથી છટકી ગયેલા. મને સખત મારવા લાગ્યા. એ વખતે ડી.એસ.પી. બચુભાઈ નાગર હતા. એ એકદમ આવ્યા. કહ્યું, 'આને શું કામ આટલો બધો મારો છો ?' મારે ભગવાનનું નામ ચાલતું હતું.' 'એનામાં શક્તિ નથી.' મને ઊંચકીને ધર્મશાળામાં લઈ ગયા. પછી એ મને કહે કે, 'ઊભો થા અને પેલા છોકરાને બચાવ. મરી જશે બિચારો !' મેં કહ્યું, 'તમે ગુરુમહારાજનું કહ્યું માનીને આવ્યા નહિતર આ કાળમાં કોણ માને ?'

ઘણી વાત એવી હોય છે કે આપણી બુદ્ધિમાં બેસે નહિ. તેમ છતાં બનતી હોય છે. ભગવાનની બાબત છોડી દો. આ સંસારવહેવારની બાબતમાં પણ આવું ક્યારેક બને છે. બુદ્ધિમાં ઊતરી ન શકે. *તદ્રૂપ-સર્વરૂપ : ૮૯-૯૦*

કેટલો કેળવાયો છે અભય મુજ જીવને !
તેને પારખવા અર્થે સદ્ગુરુએ કૃપાથી તે,
માર ખવડાવા કેવો પ્રેર્યો હુકમ છે મને,
તસુ એક હઠ્યા વિના ખાધો છે લાઠીમાર મે.
*શ્રીસદ્ગુરુ : ૨૪૪* - **શ્રીમોટા**

# જેલમાં ડાયેરિયા

એક વખત જેલમાં મને ડાયેરિયા (ઝાડા) થઈ ગયેલા. વારંવાર જવું પડે. અને અમારા લોકોએ (જેલવાસીઓએ) ઘણા આવા વેશ કાઢેલા ! એટલે એ લોકો સાચું માને જ નહિ. કારણ કે અમારા લોકોએ આવી બનાવટો કરેલી. તે અમારી ઇમ્પ્રેશન (છાપ) આવી થઈ ગયેલી. મને દાખલ કર્યો. બધા કહે, 'એ હંબગ છે.' મેં કહ્યું કે 'અપવાસ પર જઈશ-કશું ખઈશ નહિ. મારી વાત સાચી છે કે મને ડાયેરિયાનો રોગ છે.' બીજે દિવસે ન ખાધું. કેદી જ્યારે ન ખાય ત્યારે નિયમ પ્રમાણે એનો રિપોર્ટ કરવો પડે. પછી સુપરિન્ટેન્ડેન્ટ (અધિકારી) આવ્યા. મેં નમસ્કાર કર્યા. મેં અંગ્રેજીમાં સારી રીતે વાત કરી કે, 'સાહેબ, આ સ્થિતિમાં કેદી શું કરી શકે ? એ તો ગુલામ છે. એને સ્વતંત્રતા આપો. નહિતર હું પૂનામાં જાઉં. તો હું ખાતરી કરાવી આપું કે મને આ રોગ છે. ન ખાવું એ જ હથિયાર, કારણ કે ખરી વસ્તુને પણ જ્યારે તમે માનો નહિ.' મને કહે કે 'તમારી વાત બહુ સાચી છે, પણ બધાએ આવું ખોટું ચલાવ્યું છે માટે અમને

થાય.''તમારી વાત સાચી. પણ મારી વાતમાં કોઈ ઢોંગ નથી. મારી વાત સાચી છે.' એમ મેં કહ્યું. પરીક્ષા તો થઈ ગયેલી. ડૉક્ટરે તપાસી લીધેલો અને રિપોર્ટ મોકલી આપ્યો હતો. પછી મને પૂના મોકલી આપ્યો. ત્યાં પણ એવું થયું, તો મારા ગુરુમહારાજે મારી પ્રાર્થના સાંભળેલી. એટલો બધો હેરાન કર્યો એ જડ જેવા લોકો તો માનશે નહિ. આ જેલર લોકો આ માનશે નહિ. એટલે આનો ઉપાય શો ? ભગવાન છે. એ આપણને છૂટો કરી આપે તો થાય. બાકી તો થાય એવું નથી. મેં પ્રાર્થના કર્યા કરી. પછી મને લઈ ગયા. ત્યાં ડૉક્ટરોએ કહ્યું કે, 'દરદીને આટલું બધું થયું તોય તમે એને લાવ્યા નહિ ? તમે કેવા માણસ છો ?' મારું શરીર તો લાશ જેવું થઈ ગયેલું. પછીથી બધું ગયું. મારા ગુરુમહારાજને પ્રાર્થના કરેલી છે, 'હે પ્રભુ ! મને વચન આપો. મારે તો હજુ કેટલાંય કામ કરવાનાં છે, કરોડ રૂપિયાનો હુકમ આપ્યો. હજુ તો કાંઈ થયું નથી. હજુ તો હુકમ આવ્યો કે તું જા. આ લડતમાં જા. દેશની ભક્તિને લીધે નહિ, પણ તારી સાધના કેટલી પ્રબળ છે તેની તને ખબર પડશે. પોલીસોના દંડાનો માર ખા. ત્યાંથી ખસવાનું નહિ. ત્યાં ને ત્યાં ઊભા રહીને ભગવાનનું નામ લેતાં લેતાં તું માર ખા. એટલે અભય કેટલો કેળવાયો છે. તને તે વખતે ડર લાગે તો માનવું કે આપણે ખોટા છીએ. પણ જો ડર ના લાગે તો, ભગવાનનું નામ લેતાં લેતાં માર ખાઈશ તો હું રાજી થઈશ, કે તારો અભય બરોબર કેળવાયો છે ! તારી તાકાત જળવાશે. સાત-આઠ વાર આવા માર ખાવાના પ્રયોગો થયેલા છે. એક બે વખત તો ઉપરીઓએ આવીને મને માર ખવડાવેલો.

*તદ્રૂપ-સર્વરૂપ : ૮૭-૮૯*

કરુણાનિધિ તુજ નામ અનુભવથી પડેલું જે
-મને સાર્થક ખરેખર તે જીવનમાં સાચું લાગ્યું છે.

*જીવનઆહ્લાદ : ૧૫૦* **- શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

**ખંડ - ૧૦**

**ભાવાવસ્થા**

**તાદાત્મ્ય ભાવ**

**ભાવનાનો તલસાટ**

**ધ્યાનાવસ્થા**

કૃપા વર્ષાવી ર્‌હે મુજ પર પ્રભુ ! તું હર ઘડી,
પ્રભુ, માગું છું હું બસ તુજ કને એટલું લળી,
બીજી વાંછા મારે હૃદયતણી હૈયે પ્રભુ ! નથી,
તને એ માટે હું નિશદિન સ્તવું છું હૃદયથી.

*જીવનદર્શન : ૧૩૬* **- શ્રીમોટા**

જેવો તને અનુભવ્યો પ્રભુ, ઉર જેણે,
તેઓ તને નિજ મને ત્યમ ઓળખે છે,
ભાસ્યો ન એકસરખો કદી કોઈને તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

*તુજ ચરણે : ૨૨* - **શ્રીમોટા**

# ભાવાવસ્થા

## પ્રાર્થનાભાવ

બાળકને જોતાં એના જેવી નિર્દોષતા જીવનમાં પ્રગટો, કોઈ પ્રેમી ખરા હૃદયના પ્રેમભાવવાળું જોઈએ તો એમના જેવો ખરેખરો પ્રેમ પ્રભુ પરત્વે મારા જીવનમાં પ્રગટો, કોઈ સાચેસાચા કાર્યરત એવા જીવને જોઈએ, તો એના જેવી લઢણ મારા ધ્યેય પરત્વે મારામાં પ્રગટો, કોઈ સાધુ પુરુષને આપણે જોઈએ, તો એમના જેવી સાધના કરવાની તીવ્ર તત્પરતાવાળી ભાવના અને શક્તિ અને એવું ઓજસ મારા જીવનમાં પ્રભુકૃપાથી પ્રગટો, કોઈ નિર્મળ ભાવનાવાળાં બહેન કે મા જોઈએ તો એમના જેવી નિર્મળતા મારામાં પ્રગટો, કોઈક નૈસર્ગિક સુંદર દૃશ્ય જોઈએ તો એના જેવો પ્રભુનો આવિર્ભાવ મારામાં પણ ઉદ્‌ભવો, નદીને જોતાં એ જેવા ઉત્સાહ અને ઉન્માદથી અવિરતપણે ધસારાબંધ જેમ પોતાના ધ્યેય પ્રતિ ધસ્યા કરે છે, તેવું મારા પોતાના જીવનમાં થાઓ, કોઈ બે ખરા મિત્રને જોઈને તેમના જેવો મૈત્રીભાવ, સખાભાવ, પ્રભુ પરત્વે જીવનમાં જાગો-એવા એવા અનેક જીવનમાં મળતાં પ્રસંગો અને દૃશ્યો જ્યાં જ્યાં નજરે પડે ત્યાં એવો ભાવ જાગૃતિ રાખીને, પ્રકટાવીને, હૃદયમાં કેળવીને ધ્યેયનો હેતુ ફળાવવા અર્થે તે તે પ્રકારની હૃદયથી હું પ્રાર્થના કરતો, તે પણ સાધનાનું એક મોટું સાધન બન્યું. આ પ્રમાણે આ જીવે પ્રાર્થના ભાવે કર્યા કરેલું છે. આવા પ્રકારના ભાવ સાધનામાં મદદકર્તા નીવડવાથી મને એ પ્રકારનો જ્ઞાનાત્મક અભ્યાસ પડ્યો હતો. આથી, ધ્યાનમાં એકાગ્ર સ્થિતિ થતી.

*જીવનસંશોધન : ૨૮૭-૨૮૮*

## ભાવાવસ્થામાંથી સહજાવસ્થા

કરાંચીમાં દિવસના કેટલીયેવાર મને ભાવાવસ્થા થતી. કોઈ સુંદર દૃશ્ય, ભાવવાળું વાચન, એવું વાંચન, નૈસર્ગિક સરળતા, કોઈ સુંદર ભજન-એવાં એવાં અનેક નિમિત્ત મળતાં અનેક રીતે ભાવાવેશ પ્રકટતો અને તે લાંબાગાળા સુધી પણ ચાલતો. આ સ્થિતિ ત્રણેક વરસ સુધી રહ્યા કરી. એમ ભાવાવસ્થા વારંવાર પ્રકટતાં પ્રકટતાં તેમાં પણ સહજતા અને સળંગતા પ્રગટતી અને તે પછી તે સહજ, જીવંત બનતી. તેમાંની આંતરિક દશા તેવી ને તેવી અખંડિત

રહ્યા કરતી. નિરંતરતાની ભાવાવસ્થામાંથી આંતરિક ચેતનનું વ્યક્ત થવાપણું આપમેળે પ્રગટ થતું.

કરાંચીમાં આ જીવની મસ્ત દશાનો અનુભવ તમને (નીલકંઠદાદા) થયેલો છે. આધ્યાત્મિક પ્રકારના આ જીવના કેટલાય જુદી જુદી જાતના અનુભવોના પ્રસંગોનો પણ તમને પરિચય થયેલો છે, અને તેવા પ્રકારના જીવનનું તાદૃશ્ય દર્શન પણ થયું છે. *જીવનસંશોધન : ૫૦-૫૧*

## ભજન ગાતાં ભાવાવસ્થા

ભજન ગાતાં ગાતાં ઘણી વખત ભાવાવસ્થામાં પ્રગટી જવાનું બનતું. સાધનાની કક્ષામાં એક કાળ એવો હતો કે જ્યારે ભાવ-ઉન્માદ પ્રગટતો. જીવનની તે કાળની સ્થિતિ પરત્વે ઊંડું ઊંડું જે કાંઈ વેદનાયુક્ત સભાનપણું પ્રગટતું, તેનાથી કરી જે પ્રાર્થના થતી, તેનો દિલમાં રણકાર એવો તો થતો અને એવા તો ભાવથી ઉત્કટતાથી દિલથી પ્રાર્થના થતી કે જેથી એ ભાવ જાણે કે મને પણ ગળી લેતો. *જીવનસંશોધન : ૩૧૯*

## લગ્ન વખતે ભાવાવસ્થા

શ્રીપ્રભુકૃપાથી જીવનમાં આદર્શનું સભાનપણું જાગેલું હતું. પરંતુ તે પહેલાં મારી બા તથા મોટા ભાઈએ મારો વિવાહ કરી દીધો હતો. તેમાં મારી સંમતિ લેવાની હોય જ નહિ એમ તેમનું માનવું હતું. મેં બંનેને કહી દીધું હતું કે મારે જીવનને કેવી રીતે ફળાવવાનું છે, તેનું ઝાંખું ઝાંખું દર્શન પ્રભુકૃપાથી મને છે. તેને સાકાર કરવા યાહોમ થઈ જવાની એકમાત્ર ઝંખના છે. તેની સાથે વિવાહનું સુસંગતપણું ક્યાંય બંધ બેસે તેમ નથી.

છતાં તેમણે કશું લક્ષમાં લીધું નહિ અને એમ એ હકીકત વિસારે પડ્યા કરી. હું જાણે તે હકીકત સાવ ભૂલી ગયો હતો. મારા મનમાં તે અંગે કદી કશો વિચાર સ્ફુરેલો નહિ. જ્યારે સને ૧૯૨૬માં બા પાસે મારાં લગ્ન લેવા અંગે વાત આવી ત્યારે તેણે મને પૂછેલું અને મેં ના જ પાડ્યા કરેલી. બા બિચારી મુંઝાયા કરે. જ્યારે તેના ઉપર ભારે દબાણ આવ્યું, ત્યારે તે મારા પર ઘણી ચિડાઈ હતી. મને કહ્યું કે તમને ઉછેરવા આ બાએ દળણાંખાંડણાં કર્યાં, કેટકેટલી મહેનત કરી મોટા કર્યા, તેવી માનું વચન પળાતું નથી, તો પછી તું તારા ગુરુમહારાજનું વચન શું પાળવાનો છું ? આગળના વખતમાં કેટલાય ભક્તો

થઈ ગયા, તેઓ પરણેલાં હતાં. તેમણે તારા જેવા ફતવા કર્યા ન હતા. હું જાણું છું કે તું ભગવાનનું ભજન કર્યા કરે છે, ઘરમાં સૂતો નથી, શરીર માંદું હોય ત્યારે પણ રાતે ગામ બહાર ગમે ત્યાં સૂઈ જાય છે, પરંતુ અમારે સંસારમાં રહેવાનું છે અને તારા બીજા ભાઈઓ પણ છે. જો તું પરણવાની ના પાડી દે તો અમારા કુટુંબ-કુળની આબરૂ જાય. તારા બીજા ભાઈઓનું શું થાય ? તારે પરણવું જ પડે.

મારી બાએ રોકકળાટ કર્યો તે મને સાચો લાગ્યો હતો. સૌથી વિશેષ મારી બાનું એ વાક્યબાણ, 'તમને ઉછેરવા માએ દળણાંખાડણાં કર્યાં એવી માનું વચન તું પાળી શકતો નથી, તો તારા ગુરુનું વચન શું પાળી શકવાનો છે ?' મને સોંસરવું દિલમાં તીરની માફક પેસી ગયું અને હું પરણવા તૈયાર થઈ ગયો.

લગ્ન કરવાની તત્પરતા દિલથી બતાવી, તે સાથે જીવનના ધ્યેયને સાકાર કરવાના સાધનાના કાર્યક્રમમાં મુદ્દલ ફરક પડ્યો ન હતો. કોઈ પ્રકારની સગવડને મનમાં સ્થાન મળ્યું ન હતું. માત્ર એમ થતું કે જો લગ્ન થવાનું જ છે, જો તે આપમેળે આવે છે તો ભલે આવે. આપણા આ મનવા કેટલા ટકે છે, કેમ ઢળે છે તે પણ જાણવા-અનુભવવા મળશે. જો દિલનો આદર્શ પરત્વેનો નિશ્ચય દૃઢ હશે, તો તે સંગ્રામ ખેલ્યા વિના કેમ બેસી શકશે ? એ સંગ્રામ ખેલાશે તેમાંથી શૂરાતન, પરાક્રમ, તેજસ્વીતા વગેરે પ્રગટવાનાં છે અને જીવન પાંગરવાનું છે. જીવનના ધ્યેયને સાકાર કરવાની દિલની જિજ્ઞાસા અગ્નિ જેવી છે. એને સંકોરતા રહેવું શ્રીપ્રભુકૃપાથી બન્યા કરતું હતું.

આમ, લગ્ન લેવાયું. દિલને દિલ કહ્યા કરતું હતું કે બચ્ચા ! હવે જ તમને ભાવનાની સાચી સમજણ પડવાની છે. ઘેર (નડિયાદ)થી લગ્ન કરવા નીકળ્યો ત્યારથી આદર્શની જલતી રહેલી જ્યોત પ્રજ્વલિત થયેલી અનુભવતો હતો. ભાવનાનો ઓઘ ઊડ્યા જતો અનુભવાતો હતો. કદીક બાહ્યભાન ભુલાય ત્યારે જાગૃતપણે ટકવા મનમાં મનથી ભજન ગાવાને પ્રયત્નશીલ થતો અને સ્મરણ પ્રાર્થના પણ કર્યા કરતો હતો. લગ્ન કરવા ચોરીમાં બેઠો હતો. ગોર મહારાજ અગડંબગડં બોલતા, તેનું થોડુંક ભાન થયેલું. તે પછી ધીરે ધીરે શરીરનું ભાન જવા માંડતું હતું. ત્યારે ભજન ગાવાનો મોકો ન હતો. અજુગતું પણ લાગે. મારી બાને ન ગમે એટલું જ નહિ, એટલું બધું ખરાબ લાગે કે ચૂનિયાએ મારી આબરૂ લીધી !

મારી બાને ભયંકર આંચકો લાગશે તે કારણથી બાહ્યભાન જતું રહેતું લાગતું હતું, તેને સંકોરવા ભજન આદિ સાધન થઈ જ ના શક્યું. અને એવી ભાવાવસ્થા પ્રગટી કે જેમાં બાહ્યનું મુદ્દલે ભાન રહ્યું ન હતું. સ્થિતિ કલાકેક ટકી હશે. લગ્નજીવનના ખરા ટાંકણે જ પ્રસંગે ટક્કર લીધી, તેના પરિણામે ભાવનાનો તોર અને ઝોક કેવા પ્રકારનો હતો, તેનો પ્રત્યક્ષ અનુભવ મને તે વેળા થયો, તેથી શ્રીપ્રભુકૃપાથી આ જીવ નિશ્ચિત થયો. જ્વાળામુખી સમી જીવનઆદર્શની જિજ્ઞાસા ખરેખરી પ્રકટેલી હોય છે, ત્યારે તેનો માર્ગ આમ તેમ કરી લેતી હોય છે, એનો પણ પ્રભુકૃપાથી અનુભવ થયો. તે યુવતીનું મૃત્યુ લગ્ન પછી પાંચેક માસમાં થયું હતું. *જીવન અને કાર્ય : ૬૧-૬૩*

ભાવમાં ગતિ છે પૂરી, છતાંયે વરતાય ના,
આધારે પ્રસરાતાં તે ક્યાંક તો અટકે કદા,
એને ઓળંગવા ત્યારે પોતે પ્રયત્ન ના કરે,
વારંવાર થતાં સ્પર્શે એનું ત્યાં કામ તે કરે.
*ભાવ : ૧૧* **- શ્રીમોટા**

## નારાયણસ્વામી સાથે
## તિરુપતિ બાલાજીના મંદિરમાં ભાવસમાધિ

હાલ પણ એવી મૂર્તિઓ છે, કે જે પ્રાણપ્રતિષ્ઠાવાળી છે. હું મૂર્તિમાં માનતો નહિ. હું મંદિરમાંય જતો નહિ. પણ બાલાજીમાં મને અનુભવ થયો હતો. કન્યાકુમારીમાં કન્યાકુમારીની મૂર્તિ આગળ બૈરાંનો વેશ પહેરીને ગયો હતો. સાડલો, ચણિયો, કબજો બધું પહેરીને ગયેલો. ડાકોરમાં રણછોડરાયજીમાં પણ એવું દૈવત છે. એટલે અસલની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા આવા લોકોએ કરેલી. તિરુપતિ બાલાજીમાં શંકરાચાર્યે કરેલી. દ્વારકાના મંદિરમાં હું ગયો હતો ખરો, પણ મને અનુભવ ન થયો. મેં સંકલ્પ પણ કરેલો કે 'આમાં દૈવત હોય-ગૂઢ છુપાયેલું હોય એનો મને અનુભવ થજો.' પણ કંઈ થયેલું નહિ. મેં એકાગ્રતાપૂર્વક ધ્યાન પણ કરેલું, પણ દ્વારકામાં મને અનુભવ નહિ થયેલો.

તિરુપતિ બાલાજીમાં તો અઢી કલાક સુધી ભાવસમાધિ રહેલી. નારાયણ સ્વામી મને લઈ ગયેલા. હું મદ્રાસમાં રહેતો, ત્યારે એ આવ્યા હતા.

મેં કહેલું કે 'એક ઠેકાણે આપણે બે સારા નહિ. આપણે બીજે ઠેકાણે જઈએ.' તેમ છતાં એમણે મોટર મોકલીને મને બોલાવી મંગાવ્યો. 'મોટા, ચાલો તિરુપતિ જાના હૈ.' મેં કહ્યું, 'ભગવાન મંદિરમાં થોડો વસે છે ? બધે જ છે. પછી આપણે મંદિરમાં શા માટે જવાનું ?' 'આપણે જો જઈએ તો સંસારી લોકો જશે. પદાર્થ પાઠ તરીકે આપણે જવું જોઈએ.' જ્યારે આ લોકો જાય ત્યારે દસ પંદર મોટરો તો એની જોડે હોય જ. પંદર મોટરોના કાફલા સાથે અમે ગયા. હું તો મારા નિયમ મુજબ દસ વાગ્યે તો જમી લઉં. મેં જમી લીધું પછી હું તો સૂતો. શેઠિયા લોકો વાત કરે : 'આપણે કઈ ટિકિટ લઈએ ? હજારની લઈએ ?' 'હજારની નહિ, પાંચસોની લો. એટલે બરાબર થઈ જશે.' આ સાંભળીને હું તો ઊભો થઈ ગયો. 'મારી ટિકિટ લેશો નહિ, ભાઈ ! પૈસા આપીને ભગવાનનાં દર્શન કરવા અહીં આવ્યો નથી. હું તો લાઇનમાં ઊભો રહીશ. જ્યારે દર્શન થાય ત્યારે ખરાં. લાઇનમાં નહિ ઊભો રહું, તોય મારે જરૂર નથી. અહીં આવ્યો છું એટલે વેગળેથી દર્શન કરી લઈશ. ના આવ્યો હોત તો જરૂર નહિ.' 'તપ કર્યા વગર ચાલે નહિ. આવ્યા છો શું કરવા ?' પછી મેં કહ્યું, 'એમ કરો આપણે ભજન ગાતાં ગાતાં ચાલો. કોઈની મગદૂર નથી કે આપણને રોકી શકે. ભજન કરતાં કરતાં આપણે જઈશું. પૈસાનો ખર્ચ નહિ થાય. અને આપણને મસ્તી પ્રગટશે.' એટલે ભજન કરતાં કરતાં ગયા. અને છેક મૂર્તિની પાસે જઈને ઊભા રહ્યા. મને અને એમને (નારાયણસ્વામી) બંનેને ભાવસમાધિ થઈ ગયેલી. મંદિરના ઇતિહાસમાં તે દિવસે તિરુપતિ બાલાજીનું મંદિર મોડામાં મોડું બંધ થયું. અમને જમાડ્યા અને પ્રસાદ આપ્યો. અમારી સાથે ઘરે લઈ જવા પણ પ્રસાદ આપ્યો. અમે રહ્યા ત્યાં સુધી પ્રસાદ ખાધેલો.

મને તિરુપતિમાં આવો અનુભવ થયેલો. બીજું કન્યાકુમારીમાં અને ડાકોરમાં-રણછોડરાયજીમાં. બીજા કોઈ મંદિરમાં હું ગયો નથી.

*અન્વય-સમન્વય : ૨૪-૨૬*

ભાવને પામતાં કેવો ન્યાલ ન્યાલ થયો હદે,
લળી લળી નમું એવા ભાવને ભાવથી પદે !

*ભાવ : ૮૮* - **શ્રીમોટા**

# ચેતના શક્તિના પ્રસંગો

કાંતાબહેનના આવેલા કાગળમાં છે કે 'એકવાર પૂજ્ય બા, સિદ્ધાર્થ વગેરે સાથે શ્રીરંગમ્ થી ઘોડાગાડીમાં પાછાં ફરતાં ઘોડાગાડી રસ્તામાં અકસ્માત છૂટી થઈ ગઈ, બરાબર તે જ સમયે, તે જ દિવસે આ જીવ અમદાવાદ શહેરમાંથી સાઈકલ પર જતો હતો. આ જીવ તેમનો (તેમનો એટલે પૂજ્ય બા વગેરેનો) તે પળે તેમની ગાડીના પ્રત્યક્ષ અકસ્માતનાં દૃશ્યનો પ્રત્યક્ષ ખ્યાલ પ્રગટતાં આ જીવ પણ પડી ગયો હતો. એ અકસ્માતની હકીકત અમારા કાગળથી તેઓ જાણી શકે તે પહેલાં-અકસ્માત બન્યો તે જ તારીખે-તે બાબતમાં કવિતાના રૂપમાં અને તે કવિતાની કોઈક એકાદ બે લીટામાં તે પ્રસંગ સૂચવેલો.

*જીવનપોકાર : ૨૨૩*

હેમંતભાઈ જ્યારે આ જીવને માત્ર મિત્ર તરીકે ઓળખતા હતા, તે વેળા જ્યારે તે શિહોરમાં માંદા થઈને રહેલા, ત્યારે તેમને નવસારીથી મળવા જવાનું આ જીવે કરેલું. માત્ર હું ત્યાં ત્રણ દિવસ રહેલો. એ ત્રણ જ દિવસમાં એમના (હેમંતભાઈના) શરીરનું વજન દોઢ શેર વધેલું. (તે એમના જેવા માટે દોઢ શેર વધવું તે જેવું તેવું નથી.).

બીજા એક પ્રસંગે તેમનું શરીર માંદું હતું. તેઓ દવા લઈને તેમની સાથે આવેલા. પછીથી તો દવા લેવાનું જ ન કર્યું. અને તેમની કને માત્ર આ જીવ સાથે રહેવાની જ દવાથી તેમના શરીરનું વજન દશ શેર વધ્યું હતું. તેમના શરીરની સ્થિતિ કેટલી બધી ખરાબ હતી, અને કેટકેટલી નબળાઈ રહ્યા કરતી, તે તો તે પોતે જાણે છે. આજે તેમનું શરીર પહેલાંના પ્રમાણમાં તો ઘણું સારું ગણાય. એ આજે પાંચ છ માઈલ તો સહેજે ચાલી શકે છે. પહેલાં તો બે ફર્લાંગ ચાલવું શક્ય ન હતું.

અઠ્ઠાવીસની સાલ કે તે પહેલાં તેમને આખે શરીરે ઘણી જ ખંજવાળ આવ્યા કરતી. જ્યારે જુઓ ત્યારે એમને ખંજવાળતા જ જોયા કરીએ. તેમના આ જીવનવિકાસના માર્ગ પરત્વેના વલણ પછી તેમના શરીરની તે ખંજવાળ ત્યારથી ગઈ છે, તે ગઈ છે. અને તેમની ખંજવાળ આ જીવના શરીરે ચઢેલી છે, તે કેવો મોટો નક્કર અનુભવ છે !

એક વેળા હું પોતે બનારસમાં હતો. તે હેમંતભાઈને ખરજવાની પીડા વિશેષ હતી, એટલે હેમંતભાઈને બે તાર કર્યા. એક ડૉક્ટરને અને બીજો બીજે. ડૉક્ટરે તેમની સેવા તો કરી, પણ પૂજ્ય મોટીબાએ હેમંતભાઈની દવા કરી તેમને મટાડ્યું, પણ તે વેળા **આ જીવ**ના શરીરે તે પીડા ત્યાં ઉદ્‌ભવેલી, અને તેનું બાકી રહેલું ચિહ્‌ન આજે પણ મારા ડાબા હાથની કોણી આગળ રહેલું છે.

આવા બનાવોની હારમાળા છે. એણે પોતે પ્રભુકૃપાથી જે પ્રમાણે વર્તવાપણું હતું, તે પ્રેમભાવથી વર્તી જ બતાવ્યું છે. બીજા **જીવો**ના સંબંધમાં પણ તેવા તેવા અનુભવો છે જ.

એકવાર **આ જીવ** કેરાપટ્ટીમાં હતો. ત્રિચિ નજીક પેટમાં ઘણો દુખાવો શરૂ થયો. અને તે ત્રણ દિવસ સુધી રહેલો. તે વેળા અમારા મિત્ર... નાં પત્ની અ.સૌ....... બહેનને પ્રસવની પીડા પ્રકટેલી, અને તે ત્રણ દિવસ પછી ઠીકઠાક બનેલું. તારીખો પણ મળતી જ આવેલી.

એકવાર ... બાને ત્યાં રહેતા હતા. પેઢીએ પૂજ્ય મામા અને મોટા ભાઈ વગેરે રહેતા હતા. ઘરમાં એક નાની દીકરી, તે વેળા તો નાની, પણ રસોઈ વગેરેનું કામ શિખવાડવું જોઈએ, તેટલી ઉંમરની તો ખરી. તેથી તેને રોજ વહેલી ઉઠાડું. ચૂલોબૂલો કેમ સળગાવવો તે બતાવું. રસોઈ તેની કને જ કરાવું. સવારમાં તે તો વહેલી રસોઈ કરીને થોડુંક ખાઈને મિશનની કોન્વેન્ટની શાળામાં જતી રહેતી. એટલે ખાવાનું તો લગભગ સાડા આઠ વાગ્યે-વહેલું થઈ જતું. અને સાડા આઠ પછીથી તો તે બસની રાહ જોતી. ઓટલા પાસે ઊભી ઊભી કે બેઠી બેઠી વાંચે. તે છોકરીના પિતા તો રોજ બપોરે સવા વાગ્યે પેઢીએથી ઘેર આવે. તે દીકરીના બા હાજર હોય તો તેના પિતાને રોજ ઊનું જ જમાડેને ? અને સાડા આઠ વાગ્યામાં ખાવાનું રાંધેલું હોય તે કંઈ સવા વાગ્યા કે દોઢ વાગ્યા સુધી ઊનું થોડું જ રહી શકે ? એટલે બપોરના પોણાએક વાગતાં ચૂલામાં કોલસાબોલસા નાખી સળગાવીને બધી રસોઈ ગરમ કરી આપું, જેથી તેમને જમવાનું ગરમાગરમ મળી શકે. તેઓ તો **આ જીવ**ને એમ જ કહે કે 'એવી તકલીફ તમે લો છો, તે તો મુદ્દલે ગમતું નથી. મારે તો જે તે બધું જ જરૂર ચાલશે.' પરંતુ **આ જીવ**ને ઊગવાપણું હોય તો ઊગે કે **આ જીવ**ના હૃદયનો પ્રેમભાવ બધાં પર કેવો છે ! બધાંને માટે **આ જીવ** તો

મથતો જ હોય છે. બીજા વહાલાં અને અમુક અળખામણાં એવું આ જીવમાં તો કશું જ નથી ! તેથી આ જીવ કહેતો, ‘ભાઈ ! ક્યાં કોઈની ખાતર કરવાનું બને છે ? જે તે બધું ભાવના ખાતર જ હોય છે. હૃદયની ભાવના જો સાચી હોય તો બધુંયે એની મેળે બન્યા કરે.’

હવે એક દિવસ એવું બન્યું કે પૂજ્ય મામા અને મોટા ભાઈ સાડા અગિયાર વાગ્યાના સુમારે... બાને ઘેર આવ્યા. અને વાતોમાં ને વાતોમાં એક થવા આવ્યો. સવા વાગ્યે તો પેલા ભાઈ પેઢીએથી ઘેર આવી ચઢ્યા. અને અમે જમવા બેઠા. પણ કોઈ માનશે ? રસોઈ તો એવી ને એવી જ ઊની હતી. દાળ વગેરે પણ ઊનાં ને ઊનાં જ હતાં, અને તે પણ ઘણી સારી પેઠે ઊનાં હતાં. રસોઈ થઈ ગયેલી તો સાડા આઠે. જમવા બેઠા તો લગભગ દોઢેક વાગ્યે. ચૂલાબૂલા તો ટાઢાઠપ-તદ્દન સપૂચા ટાઢાઠપ કરીને પેલી નિશાળમાં જતી છોકરી જતી રહેતી. એટલા બધા કલાક રસોઈ એમને એમ વગર ગરમીએ રહેવા છતાં ઘણી સારી પેઠે ઊની રહેલી, તે અમારા બંનેની પ્રત્યક્ષ અનુભવની હકીકત છે.

માટે ભાવનાનું બળ પ્રચંડ હોય છે. ભાવનાના ઉત્કટપણાને લીધે આવી હકીકત સંપૂર્ણ વાસ્તવિકપણે એની નક્કરતામાં ખરેખરી બનતી હોય છે.

એક ઠેકાણે કોઈ એક જીવનું મૌનએકાંત ચાલતું હતું. એક દિવસ સાંજના ટાણા પછી ભાઈ કુમારને ત્યાં મૌનના ઓરડા આગળ, તેમણે જપ કરવાનું સૂચવ્યું. તે પછી તે ભાઈનું, તે ઓરડા આગળ, દસેક મિનિટ જપ બોલવાનું બન્યું. તે પછી તો એમને એવો ભાવ જાગેલો કે રસ્તામાં ઘેર જતાં જતાં જપ બોલતાં બોલતાં તેઓ ગયા. ઘેર ગયા પછી પણ અડધા પોણા કલાક સુધી એકતાનતાની મંત્રમુગ્ધ દશામાં તે રહ્યા કરેલા હતા. આ જીવ પણ તેમની પાછળ પાછળ તેમને ઘેર જઈને તેમની સ્થિતિ જોઈ આવેલો, પણ તેમને તે હકીકતની ખબર ન હતી.

એકવાર એક પૂજ્ય વડીલને એક એવા પ્રકારની દશા પ્રકટેલી રહ્યા કરેલી કે એક વિચાર સરખો પણ મનમાં ફરકી ન શકે.

જે જે આ જીવના નજીકના સંબંધમાં આવ્યા છે, અને જેમની સાથેના કંઈક હૃદયના સ્વજનના જેવો સંબંધ થયો છે, તે તે દરેક જીવનાં તેમનાં તેમનાં

શરીરના માંદગી અને રોગ આ જીવના શરીરે પ્રેમભાવે ભોગવ્યાં કરેલાં છે. તેવા ખરા અને સાચેસાચા અનુભવ તેમનાં ઘણાં સ્વજનોને થયેલાં છે. કોઈ પણ તેની ના પાડી શકે તેમ નથી. દરેકની સાથે હૃદયની સહાનુભૂતિપૂર્વક તાદાત્મ્ય-એકતાનો ભાવ સહજપણે પ્રકટતાં તેમનામાં તેમ બની જતું હોય છે. આ જીવના શરીરમાં તો એવું કેટલુંય બન્યા કરતું હોય છે ! કેટલીક વાર તો આવીને પસાર પણ થઈ જતું હોય છે, કોઈક વાર શરીરના આધારમાં થોડોક સમય તે ટકે પણ ખરું.

મારે એક જીવાત્મા સાથે ઘણો જ નીકટનો પરિચય હતો અને છે. અમુક અમુક જીવના શરીરને જે કંઈ થતું તે, આ જીવના શરીરને થતું. તે કંઈ એક બે વખત બન્યું નથી. નહિતર વળી કાગનું બેસવું અને ડાળનું પડવું એની જેમ પણ લોક તો ગણી કાઢે. પણ આ તો તેવા પ્રસંગોની પરંપરા ઉપર મુજબના પ્રસંગોની જેમ બનેલી કે બનતી અનુભવી છે. *જીવનપોકાર : ૨૪૪-૨૪૮*

## બાલિકાને માતાનાં દર્શન

મારા એક વડીલની દસ વરસની બાલિકા ખૂબ ખૂબ રડતી હતી. એને એની મા યાદ આવ્યા કરતી હતી. એની યાદ એટલી બધી ઉત્કટપણાની હતી કે એનાં ડૂસકાં બંધ જ ન થાય. મા વગરની એ બાળકીનો હૃદયનો તલસાટ અફાટ હતો. એના તલસાટના જેવા તલસાટની આગ આપણામાં ભભૂકવી ઘટે. એના તલસાટની ઉત્કટ લાગણીથી પ્રભુકૃપાથી આ જીવના હૃદયમાં ખૂબ કરુણાનો ભાવ જાગ્યો. એની માને ગુજરી ગયાને પાંચેક વરસ થઈ ગયાં હતાં. તોપણ પ્રભુકૃપાથી બોલાઈ જવાયું કે, ‘બહેન ! મા તને જરૂર દેખાશે. હા, હા, જરૂર દેખાશે. તું જો !’ અને સાચે જ તેનાં સદ્‌ગત મા તેને દેખાયાં. તેમણે તેને શાંતિ આપી અને ન રડવા કહ્યું. તે હકીકત તેણે અમને કહી, ત્યારે દિલમાં એવી એક ભાવના પ્રગટી ઊઠી, કે આપણે પણ એ બાલિકાની જેમ પૂરાં શ્રદ્ધાવિશ્વાસવાળા થઈ શક્યા હોત, તો આપણને પણ એની માની જેમ પ્રભુનાં દર્શન ક્યારનાંયે થઈ ગયાં હોત ! *જીવનસંશોધન : ૩૦૨-૩૦૮*

# તાદાત્મ્યભાવ

## ભત્રીજી સાથે તાદાત્મ્યભાવ

મારી ભત્રીજી જેને મેં જ ઉછેરેલી અને મોટી કરેલી. તે શિક્ષકની નોકરી કરતી. તેને નારમાં પરણાવેલી. તેને ક્ષય થયો. મારી પાસે તો પૈસા મળે નહિ, એટલે મારી બા મને વારંવાર કહે કે, 'દીકરીને તું આપણે ઘેર લાવ. પણ હું 'ના' કહું. કારણ કે મારી પાસે પૈસા નહિ. તેને ઘેર લાવું તો દવાદારૂ કરાવવા પડે. એટલે બાએ કહ્યું કે બીજું કંઈ નહિ તો દીકરીને જોવાને તો મને લઈ ચાલ. મારી પાસે એટલાય પૈસા ન મળે, પણ એટલા પૈસા ઉછીના લઈને અમે બે જણ નાર ગયાં. મારી ભત્રીજીએ મને કહ્યું કે, 'ચૂનીકાકા, તમે ભગવાનની ભક્તિ કરો છો. તમે મને જિવાડો એવી તમારી પાસે મારી માગણી નથી. પણ મને જે ઉધરસનું અને બીજું બધું દર્દ થાય છે તે સહેવાતું નથી. અને લોહી મહીંમહીંથી પડે છે તે મારાથી સહન થતું નથી. મારા મનને હળવાશ પ્રગટે એટલું કરી આપો તો બહુ સારું !' મેં દીકરીને આશ્વાસન આપતાં કહ્યું કે 'બેટા, હું ભગવાનને પ્રાર્થના કરીશ.' અને સાચે જ આ જીવે સાબરમતી આવીને પ્રાર્થના કરી. અને પહેલવહેલો આ તાદાત્મ્યનો કિસ્સો મારા જીવનમાં મારી ભત્રીજીના શરીરને જે ક્ષયરોગ થયેલો તેનાથી મારા શરીરને એ અનુભવ પ્રત્યક્ષ થયો. મને પણ લોહીની ઊલટી થવા લાગી. ઉધરસ આવવા લાગી. એટલે તે કાળે આશ્રમના મુખ્ય વ્યવસ્થાપકશ્રી નરહરિભાઈ પરીખ હતા. તેમને મારા માટે ઘણો ભાવ હતો. એટલે તેમણે કહ્યું કે 'ચૂનીભાઈ, આ રોગ તમને થયો છે તે બરાબર નથી.' એટલે તેમના સ્નેહી ડૉ. મણિભાઈ ભગત હતા, તેમને બોલાવ્યા અને તેમની પાસે આ જીવના શરીરને તપાસડાવ્યું. અને એમની દવા શરૂ કરાવી.

એક બહેનને ડાયાબિટીસ-મીઠી પેશાબનો રોગ થયેલો, તેવો રોગ આ જીવના શરીરમાં પણ થયેલો. સ્પોન્ડીલાઈટીસ-કમરના મણકાનો રોગ પણ થયેલો છે. તે પણ આવા જ કોઈ કારણને લીધે.

ચાચાજી શ્રીગુરુદયાલ મલ્લિકજી અને આ જીવને ગાઢ સંબંધ. એવા ચાચાજીને ગૂમડું થયું હતું. તેમની સાથેના તાદાત્મ્યભાવને લઈને આ જીવને ગૂમડું થયું અને બેસી પણ ગયું હતું.

આવા કેટલાય બીજા જીવોની સાથે પણ તાદાત્મ્યભાવ આ જીવને હતો. આવી તાદાત્મ્યતા પ્રગટેલી હોવા છતાં, તેવી તેવી સ્થિતિમાં હોવા છતાં, આ જીવ જીવતાજાગતા ચેતનાત્મકપણે સંપૂર્ણ સાક્ષીભાવમાં પ્રવર્તતો હતો. તે તાદાત્મ્યભાવ આ જીવમાં પ્રગટેલો હોવાથી જ્યાં જ્યાં નિમિત્ત હોય ત્યાં ત્યાં તે લોકોના શરીરમાં આવો ગુણધર્મ પ્રગટે છે. આ પણ એક હકીકત છે.

*જીવન અને કાર્ય : ૫૭૩-૫૭૪*

હરિના નામ પર કેવા દીવાના દિલ અમે છીએ !
હૃદયથી વારી વારી જઈ હરિ ચાહ્યા કરેલો છે.

*જીવનઆહ્લાદ : ૨૩૯* - **શ્રીમોટા**

## 'હરિ રડે છે અને તે પડી ગયો છે.'

થોડા જ દિવસની વાત છે. દાતણ થઈ રહેલાં. આશ્રમની જમીનમાં કંબોઈ ગઈ સાલ જોયેલી. તેથી તે જો હોય તો ત્યાંથી દાતણ કાપી લાવું, એમ કરી ચપ્પુ લઈ ત્યાં જવા નીકળ્યો. સાથે ઇંદુબા પણ આવી. હરિ વગેરે છોકરાં જે ઠેકાણે રમતાં હતાં, તે જગાએથી તે સ્થળ લગભગ ચારસો ફૂટ દૂર હશે. ઇંદુબાને મેં કહ્યું કે 'હરિ રડે છે અને તે પડી ગયો છે.' તો તે કહે, 'ના, ના, મને કોઈનું રડવું કરવું સંભળાતું નથી.' પછી તો અમે દાતણ કાપીને આવ્યાં, તો હરિ તો રડતો હતો, કેમ કે તે પડી ગયો હતો, તે હકીકત સાચી નીકળી. આ લખવાનો ભાવાર્થ તો એ છે કે જેનામાં આપણી ખરેખરી સાચી વાસ્તવિકતાયુક્ત હૃદયની ઉત્કટભાવના પરોવાતી હોય છે, તેને આપણી સમક્ષ પ્રકટતા શી વાર લાગે ? માટે આપણે હૃદયમાં હૃદયની ખરેખરી તેવી ભાવના પ્રકટાવ્યા કરવાનું શીખીએ, તે આપણે કાજે ઉત્તમ હકીકત છે. ભાવનાનું પ્રાબલ્ય કંઈ જેવું તેવું નથી. *વસંતબહાર : ૨૧૬-૨૧૭*

## કવિવર ટાગોરના મૃત્યુ વિશે

કવિવર ટાગોરના શરીરના મૃત્યુ વિશે પહેલેથી જાણવાનું બની શકેલું. હું અને હેમંતભાઈ ખારમાં બજારમાં ફરવા નીકળેલા, તે વખતે કંઈ પણ છાપાના સમાચાર જાણ્યા વિના તેમને ટાગોરના મૃત્યુ અંગેના અહેવાલની હકીકત કહેલી. આ બધું લખાણમાં આ જીવનું મહત્ત્વ બતાવવાનો હેતુ નથી.

પરંતુ સાધનામાર્ગમાં આગળ જતાં જતાં આવી શક્યતાઓ પણ છે. તે સમજાવવાને કારણે આ હકીકત લખી છે.

*જીવનમંથન : ૩૨૨*

## ઓચિંતો ધક્કો

કુંભકોણમ્‌માં બપોરે અમસ્તો જાગતો પડેલો, ત્યારે શરીરે ઓચિંતો ધક્કો લાગ્યો. સૂવાની જગ્યાથી ચારસો ફૂટ દૂર આશ્રમનો દરવાજો ચણાતો હતો. ત્યાં એક કડિયો કામ કરતો હતો. એક નાનકડી બેન્ચ, દેવદારનું ખોખું અને તે ખોખા ઉપર ઊભો ઊભો તે સિમેન્ટનું પ્લાસ્ટરિંગ કરતો હતો. તેના શરીરના વજનથી દેવદારનું ખોખું નમ્યું અને શરીર ધડાક દેતાંને નીચે પડ્યું. તે પછી હું ઊઠીને ત્યાં ગયો અને નંદુભાઈને બૂમ મારી. નંદુભાઈ, કડિયા કામ કરતા હતા ત્યાં જ બેઠા હતા. એમને પૂછ્યું, ‘એને બહુ વાગ્યું નથીને ?’ પ્રભુકૃપાથી તેને કશી ઊની આંચ આવી ન હતી. અને કામ કરી શકતો હતો.

થોડાક દિવસ ઉપર એક ઝાડનું મોટું થડ ચાર મજૂરો આશ્રમમાં ઊંચકતા હતા, તેમનાથી થડ લથડ્યું. અને એક જણના ખભા પર પડ્યું. ખભાથી સાથળ પર, સાથળથી ઢીંચણ પર અને ઢીંચણથી નળા પર અને નળા પરથી પગની પાનીના ઉપલા ભાગ પર પડ્યું. દોઢેક કલાક એને શેક કરવો પડ્યો પણ વીસ મણ ઉપરાંતનો બોજો પડવા છતાં પ્રભુકૃપાથી તેને કશી ઈજા થઈ નહિ.

અહીં આશ્રમમાં કામ ચાલતું, તે વેળાએ કેટલાક બનાવો બનેલા, જેમાં જાતે સહન કરીને પણ બીજા જીવોને આ કામ નિમિત્તે ઊની આંચ ન આવે તેમ પ્રભુકૃપાએ થયેલું, પરંતુ એમાં અમારી કશી ખૂબી નથી. એ બધી કરામત જો હોય તો તે શ્રીભગવાનની કૃપા છે. *જીવનમંડાણ : ૧૪૬-૧૪૭*

## ગાંધીજી સાથે તાદાત્મ્યભાવ

(અનુષ્ટુપ)

મરેલું હો પૂરેપૂરું માંહેથી તૂમડું યદિ,
પોતાને તારવા શક્તિ પામે છે તે હૃદે નકી.
પારો જ્યારે મરેલો હો, શક્તિ રોગ સુધારવા

-આપમેળે મળે એને, એવું આપણું જાણવું.
મહાત્મા ધન્ય કે જેણે મૃત્યુને ઘોળી પી લીધું,
એવી કૃપાની શી શક્તિ આજે તે જાણવા મળ્યું,
મૃત્યુને ભેટવામાંયે જેને પ્રેમ રહ્યા કરે,
મૃત્યુ ને જીવવું-બેથી એવો નિત્ય વસે પરે.

ઉપરનું લખાણ એક કાગળિયામાં લખીને રાખી મૂક્યું હતું. હસમુખભાઈ એ વાંચવા જતા હતા. ત્યારે મેં ખેંચી લીધું. મહાત્મા ગાંધીજી અંગે રેડિયોમાં બ્રૉડકાસ્ટ થઈ ગયા પછી તે કાગળિયું વાંચવા આપીશ એમ કહ્યું હતું. એકવાર તો જાણે જતું જતું ચેતન અમોને તક આપવાને एणे રહેવા દીધું. એ પ્રસંગના સ્મરણના અનુભવ ઉપર ઉપલું લખાણ લખ્યું હતું.

ગાંધીજીને પેશાબમાં ઝેરી જંતુઓ ઘણાં જણાતાં હતાં. તે અંગે 'આજે હવે નહિ હોય' તેનું તા. ૨૪-૨-૧૯૪૩ને રોજ તે અંગેનું બ્રૉડકાસ્ટમાં જાહેર થયું તે પહેલાં, પેશાબ લઈને વહેલી સવારમાં હસમુખભાઈને તાત્કાલિક તપાસ કરાવી લાવવાને સુધરાઈના દવાખાનામાં મોકલ્યા હતા. ગાંધીજી સાથેનો હૃદયની સરળતાભર્યો ભાવ, અત્યંત સ્નિગ્ધ માર્દવતાયુક્ત આદરભાવ, ઓગણીસ વર્ષ તે ક્ષેત્રમાં કામ કરેલું હોવાથી તેવો હૃદયનો પ્રેમભાવ રહેલો હોય, તે તે બધું એટલે કે તેવા તેવા ભાવ તેમની સાથે તટસ્થતાયુક્ત તાદાત્મ્ય પ્રગટતાં તેમનું આપણામાં તેવું તેવું પ્રગટાવે છે. *જીવનમંથન : ૩૨૧-૩૨૩*

હૃદયમાં ભાવ પ્રગટંતાં થતાં મન શાંત ને સ્વસ્થ,
બધા તે પ્રશ્નની ચાવી ચપોચપ શી મળી ગઈ છે !

*જીવનઆહ્લાદ : ૨૬૩* - **શ્રીમોટા**

# ભાવનાનો તલસાટ

## માતાનું મૃત્યુ

સાબરમતી આશ્રમમાં આ જીવના શરીરને લોહીના ઝાડાનો રોગ થયેલો અને તે પછી આરામ લેવા અને દવા કરાવવા કરાંચી ગયો હતો. ત્યાંથી બધું ઠીક થઈ ગયા પછીથી સાબરમતી આશ્રમમાં આવ્યા પછી દિલમાં એમ જ નક્કી થઈ ગયેલું કે હવે આ કામ કરવું નથી. અને જેનાથી કરીને આપમેળે જે જે જીવો આવી મળે તેમના માનસને જરા જેટલું પણ ભગવાનની કૃપાથી ઊંચે પ્રગટાવી શકાય એવા પ્રકારની સેવા કરવાનું સદ્ભાગ્ય થાય તો ઉત્તમ, એવી ભાવનાથી પ્રેરાઈને હરિજન સેવક સંઘના કામમાંથી નિવૃત્ત થવાનું દિલ થયું.

મારા મોટા ભાઈનો દીકરો ભાઈ શાંતિ તો કામે વળગી ગયો હતો. એટલે ભાઈ શાંતિ અને તેની મા-એ બંનેનું તે પોતે સંભાળી લે તેવો તે થયો હતો. સવાલ એકમાત્ર મારી બાનો હતો. તે તો ધારે તો મારા નાના ભાઈ મૂળજી કે સોમાભાઈ સાથે પણ રહી શકે. મેં મારી બધી હકીકત તેને જણાવી. તેણે મને કહ્યું કે, ‘પાશેર ચણ ચકલાંને તો નાખવાના મળતા નથી, અને આટલી નાનકડી નોકરી છે તે મૂકી દઈને શો મોટો જગ જીતી નાખવાનો છે !’

આમ, તેની તો નામરજી હતી, એટલે વળી મેં બેચાર દિવસ જવા દીધા અને વળી પાછી તેને સમજાવી. ત્યારે તેણે મને કહ્યું કે ‘માસિક પાંચ છ રૂપિયાની રકમ મારે તેને આપવી.’ મેં તેવી વ્યવસ્થા પણ કરી. પરંતુ મારી પાસે તેણે શરત મૂકી; ‘જ્યારે હું મરી જાઉં એવી માંદી હોઉં ત્યારે મારી અંતઘડીએ તારે મારી પાસે આવવું.’ તે તો મેં પ્રેમથી તરત સ્વીકાર્યું. મેં તેને કહ્યું, ‘તેવી વેળાએ તારી સેવા પ્રેમથી કરવી એ તો મને ગમેય ખરું અને તે તો મારો ધર્મ પણ ગણાય. એટલે એવી ખબર પડતાં વેંત જ તરત હું તારી પાસે જરૂર આવી જઈશ.’

તે પછીથી હરિજન સેવક સંઘની સેવામાંથી નિવૃત્તિ લીધી. તોપણ મારે સંઘના હિસાબ વગેરે ઑડિટ કરાવવાના હતા. એટલે તે અંગેની જેટલી જવાબદારી બાકી રહી હતી, તે પૂરેપૂરી પ્રેમથી અદા કરી. આટલાં બધાં

વર્ષોની એકધારી એક ક્ષેત્રની કરેલી સેવા-એણે પણ કંઈ જીવનમાં ભાગ ભજવ્યો નથી, એમ નથી. મારા સંઘમાંથી નીકળી જવાથી કરી કોઈને મારી કશી ખોટ પડી હોય તેવું બન્યું લાગતું નથી. બધાંયની સાથે પ્રેમ, સદ્ભાવ અને સુમેળની ભાવના જ કેળવી કેળવીને કામ કર્યું હતું. તે પછી હું તો જુદે જુદે ઠેકાણે જતો અને ત્યાં રહેતો અને તમે (હેમંતકુમાર) તથા નંદલાલ વગેરે જીવનવિકાસની સાધના માટે પ્રેરણા અને દોરવણી મારી પાસેથી લેવાનું કર્યા કરતા રહ્યા છો, એટલે તમોને કાગળ લખવાનું ત્યારથી બન્યા કર્યું છે. બેચાર મહિને મારી બા પાસે હું જઈ આવતો.

મારી બા પછીથી મારા નાના ભાઈ મૂળજીની સાથે નડિયાદમાં રહેવા ગઈ હતી. તે પછી મારે બે બહેનોને લઈને વળી પાછું હિન્દુ વિશ્વવિદ્યાલયમાં બનારસ જવાનું આવ્યું. ત્યાં મહિનો, દોઢ મહિનો રહ્યા હોઈશું. તેવામાં મૂળજીનો નડિયાદથી મારા પર કાગળ આવ્યો કે મારી બાના શરીરને નડિયાદમાં ગંભીર માંદગી છે. એટલે જેમની સંભાળ રાખવાનું અને જેની સાથે આવવાનું મારે બનારસમાં થયું હતું, તે બહેનોના પિતાને (બાપુને) મેં કરાંચી મારી બાના શરીરની માંદગીની બાબતમાં તાર કર્યો, પરંતુ તેમણે તો તારથી જવાબ આપી દીધો કે મારે કોઈકને મૂકીને નડિયાદ જવું.

હિન્દુ યુનિવર્સિટીમાં એવો એક કાયદો હતો કે તેનાં મકાનોમાં કોઈકમાં છાત્રાલયથી સ્વતંત્રપણે કોઈક ઠેકાણે કોઈ બહેન રહેતી હોય, તો તેની સાથે તેમના કોઈ વડીલ કે વાલી હોવા જોઈએ. મારાથી ગમે તેને જુવાન ઊછરતી બહેનો પાસે મૂકીને જવાય જ કેવી રીતે ? અહીં 'ગમે તેને 'એટલે કોઈક ઓળખીતા-સંબંધીને. એવું ઓળખીતું-સંબંધી પણ મારે બનારસમાં ખોળી પણ કેમ કરીને કાઢવું ? તે બહેનોના પિતાએ ખરી રીતે તો ત્યારે બનારસ આવી જવું જોઈતું હતું. પરંતુ તેમનાથી નહિ આવી શકાય તેવું હોય.

'મળેલી પરિસ્થિતિનો ધર્મ (જે પણ સાચો ધર્મ છે) અને તેની પછીથી પ્રગટેલી બીજી પરિસ્થિતિનો ધર્મ એમ બંને પ્રકારના સાચા ધર્મ વચ્ચે કોને પ્રથમ પસંદગી આપવી ?' એમ એક જટિલ કોયડો ઊભો થયો હતો. એક બાજુ મારી બાના શરીરની સખત માંદગી અને તેને આપેલું વચન, બીજી બાજુ તે પહેલાંથી આ બે બહેનોની સંભાળ લેવાને કાજે અને તેમની અભ્યાસ વગેરેની

વ્યવસ્થા કરવાને કાજે તેમની સાથે મારે રહેવાનું આવ્યું હતું તે. હવે સામાન્ય રીતે અને સાધારણ રીતે મને મારી મા પાસે આવી છેવટની માંદગીમાં જવાનું દિલ થઈ આવે જ તે સ્વાભાવિક છે. વળી, મેં તેને તેના શરીરની છેલ્લી માંદગી વખતે તેની પાસે હાજર રહેવાનું વચન પણ આપ્યું હતું, પરંતુ આ બહેનોની પાસે રહે કોણ ? અને તેમને એમ ને એમ મૂકીને તો જઈ શકાય તેવું હતું જ નહિ અને બા પાસે મારે હાજર થયા વિના ચાલી શકે એવું પણ હતું નહિ !

બંને પરિસ્થિતિના સ્થળમાં મારે મારા એક શરીરથી હાજર રહેવાનું ઘણું ઘણું જરૂરનું હતું. એ જ વખતે બંને જુદે જુદે ઠેકાણે એક જ શરીર કેમ કરીને હાજર રહી શકે ? એ તો કદી પણ શક્ય જ ન હતું. જ્યારે હવે એમ લાગ્યું કે નડિયાદ તો કોઈ પણ સંજોગોમાં જઈ શકાય એમ નથી, અહીં બનારસમાં જ રહેવું પડશે, ત્યારે મારી પાસે ભગવાનની પ્રાર્થના સિવાય બીજો કોઈ ઉત્તમ ઉપાય રહ્યો નહિ.

અમારા મકાનમાં છાનોમાનો મૌન ધારણ કરીને બેસી જ રહ્યો. અને ભગવાનને પોકારવા જ લાગ્યો : ‘હે પ્રભુ ! મારી પણ કેવી વિચિત્ર પરિસ્થિતિ થઈ ગયેલી છે ! બંને પ્રકારના ધર્મમાં હે પ્રભુ ! હું તો અટવાઈ ગયો છું, મારી મા પાસે તેની માંદગીના સમયે કેવી રીતે હાજર રહેવું તેનો મને મુદ્દલે કશો ઉકેલ જડતો નથી. જો બનારસ આવવાનું થયું તે પહેલાં તેના શરીરની માંદગીનું જાણ્યું હોત તો બનારસ આવત જ નહિ, પરંતુ હવે હું શું કરું ? આપેલું વચન કોઈ પણ ભોગે પાળવું તો જોઈએ જ અને તે પાળવાની મારી પૂરેપૂરી દિલની તત્પરતા પણ છે, પરંતુ હું ત્યાં જાઉં કેવી રીતે ? વારંવાર હું તો ભગવાનને આવી આવી પ્રાર્થના જ કર્યા કરું.

જમવા કરવાનું અને બીજી એવી શરીરની ક્રિયાઓ પણ મૂકી દીધી હતી. એકમાત્ર ભગવાનને પોકાર જ પાડ્યા કરતો. મેં મારી માને વચન આપેલું, અને તેવું વચન પણ હું પાળી શકતો નથી.‘પાળી શકતો નથી.’ એટલે કે મારું દિલ નથી એમ તો નથી. પરંતુ મારાથી સંજોગોને કારણે પાળી શકાતું નથી. તેનું દર્દ એટલું બધું તો સાલતું કે આના કરતાં તો જાણે કે હું ભગવાનને ચરણકમળે જેમ પેલા બ્રાહ્મણ ભાઈએ બાલારામમાં કમળપૂજા કરી હતી તેવી

રીતે મારું વચન પાળી ન શકવાના એક પરિણામ તરીકે શ્રીભગવાનને જાણે કે દેહ સમર્પણ કરી દઉં !'

એટલી બધી વ્યથા મને થઈ તોપણ એવા પ્રકારની કોઈ અદમ્ય પ્રેરણા આ દિલમાં જાગતી નહિ. હું તો વારંવાર ભગવાનને પોકાર પાડ્યા કરું કે, 'હે પ્રભુ ! આ તે કેવી વિકટ પરિસ્થિતિ ! ન આ છોડાય કે ન ત્યાં જવાય ! અને વચન તો પાળવું જ રહ્યું.' ભગવાનને તો હું વારંવાર પ્રાર્થના કરું કે 'હે પ્રભુ ! હે દીનદયાળ ! તું મારી લાજ રાખજે. તું મારું વચન પળાવજે. હે ભગવાન ! મારા માના શરીરની છેલ્લી માંદગીના સમયે તેની પાસે હાજર રહેવાનું વચન મારી બાએ મારી પાસે માગ્યું હતું. તેણે બિચારીએ મારી કને બીજું કશું જ માગ્યું ન હતું. અને મારી પાસે તેને આપવા જેવું બીજું હતું પણ શું ? આટલું પણ ન કરી શકાય એવી લાચારી ભરેલી પરિસ્થિતિમાં પ્રભુ, મુકાઈ જવાનું બન્યું છે, તે હવે તો તું લાજ રાખે તો લાજ ટકી શકે.'

મારી મા આવે ટાણે મારી હાજરીને માટે જરૂર વલોપાત કરતી હશે. તેના મનમાં મારે માટે તો એટલો વિશ્વાસ જરૂર હશે કે 'ચૂનિયો જરૂર આવશે.' અરેરે ! મારી માનો મારા પર જે વિશ્વાસ છે, તેનો ભંગ પણ થઈ જવાનો ! હે પ્રભુ ! આ તો કપરી કસોટી છે. આવી વેળા આ મારું વચન પળાવવાનું કામ તારા સિવાય બીજું કોઈ કરી શકે એમ નથી. હે મારા વહાલા પ્રભુ ! દીનાનાથ ! કૃપા કરજે. મારો તારી પાસે કોઈ હકદાવો નથી. તારી પાસે મારું કામ કરાવવા જેટલો તારી સાથે પ્રેમભક્તિનો નાતો પણ જીવતો થયો નથી. તારા જે અનેક સંતભક્તો થઈ ગયા છે, તેમની તો ચરણની રજનીયે રજ હું નથી. એટલે પછી કયા દાવાએ તારી પાસે હું માંગણી કરું ? પરંતુ આ કટોકટીની અસહ્ય પરિસ્થિતિમાં તારા એકમાત્ર શરણ સિવાય મારો ગરીબનો કોઈ ઇલાજ નથી. હે ભગવાન ! હે બાપા ! તું કર્તાહર્તા છે. મારે આ બેડીમાં જકડાઈ રહેવાનું બન્યું છે એટલે તો હું નડિયાદ ઊડીને જઉં પણ કેવી રીતે ? મારું દિલ તો જરૂર મારી મા પાસે જ છે. તેની તો જરૂર મને આત્મભાવની સ્થિતિએ પ્રતીતિ છે, પરંતુ આ સ્થૂળ દેહને ત્યાં કેવી રીતે હાજર કરવો ? મારા દિલનાં ટેક, નિશ્ચય, નિર્ણય અને દિલ તો મારી મા પાસે સ્થૂળ દેહે હાજર થવા માટેના જ છે. તેને આપેલું વચન મારાથી પાળી શકાય તેવી જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના પણ છે.

સાધનાની જુદી જુદી ભૂમિકાઓમાં ભાવના પણ સાકાર થાય છે. તેવો અનુભવ પણ તારી કૃપાથી મને જરૂર થયો છે. તો મારી મા પાસે હાજર રહેવાની મારી આ પ્રચંડ ઉત્કટ ભાવના જે પૂરેપૂરી જીવતીજાગતી છે તે ભાવના તારી કૃપાથી ત્યાં આકાર લે એવી મારી તને ઘણી ઘણી પ્રાર્થના છે. સાધનાકાળમાં સ્થૂળ માગણી માટે કોઈ દિવસ મેં તારી પ્રાર્થના કરી નથી. સાધનાનાં ક્ષેત્રમાં જે જે અડચણો, વિઘ્નો, મુશ્કેલીઓ નડતાં હતાં, તે બધાં આવરણો દૂર કરવાને માટે જ મારાથી તનતોડ ભારેમાં ભારે પ્રયત્નો પણ તારી કૃપાથી બન્યે જતા હતા. તેવા પ્રયત્નો કરી કરીને તારી પાસે તે તે આવરણોને નિવારવાને માટે હું વારંવાર પ્રાર્થના કર્યા કરતો હતો અને તેવી પ્રાર્થના હે પ્રભુ ! તેં સાંભળ્યા કરેલી પણ છે. અને મને કૃપા કરીને તારી પાસે તે તે આવરણોને નિવારવાને માટે હું વારંવાર પ્રાર્થના કર્યા કરતો હતો અને તેવી પ્રાર્થના હે પ્રભુ ! તેં સાંભળ્યા કરેલી પણ છે અને મને કૃપા કરીને મદદ આપ્યા કરેલી છે. તારી કૃપાનો અહેશાન તો કોઈ કાળે પણ ભૂલી શકાય તેમ નથી. મારી આવી ત્રિશંકુની પરિસ્થિતિમાં તારા સિવાય મને કોઈ બીજો મદદગાર નથી. તારી કૃપાથી સંકલ્પ શક્તિનું સામર્થ્ય એટલું બધું જબરજસ્ત હોય છે, તેનું મને જ્ઞાનભાન છે.પરંતુ તેવી મારી સંકલ્પશક્તિનું સઘળું સામર્થ્ય તે એકમાત્ર તું જ છે. તારામાં જ હે પ્રભુ, બધું જ સમાયેલું છે. હવે તો તું જ મારી વહારે ચડે અને મારું વચન પળાવવાની ખાતર મારા દિલમાં પ્રચંડ અને ઉગ્ર મારી મા પાસે સ્થૂળ દેહે હાજર થવાની ઉગ્ર ભાવનાને તું જ એક સાકાર સ્વરૂપ આપી શકે તેમ છે. માટે હે પ્રભુ ! દીનદયાળ ! મારા વહાલા ! મારા ગરીબની સામું જોજે. મારી લાજ રાખજે.

ત્યાં હાજર થઈને મારે પોતાને સંતોષ મેળવવો નથી. મારી સ્થૂળ હાજરીથી મારી માને સંતોષ થાય કે 'હા, ચૂનિયો આવ્યો અને તેણે વચન પાળ્યું. એટલું જ મારે જોઈએ છે. આવા તેના શરીરના અવસાન સમયની સ્થિતિમાં તેને મારે માટે આત્મસંતોષ પ્રગટે તે જ હેતુથી હે પ્રભુ ! હું તારી પાસે માગું છું.' મારા દિલમાં પ્રગટેલી આ જાતની ભાવનાનો તલસાટ એટલો બધો તો પ્રચંડ અને ઉગ્ર હતો કે જે તલસાટની સાથે કદાચ ગોપીની વિરહભાવનાના તલસાટને સાથે સરખાવી શકાય. આ તલસાટથી સતત ભગવાનને પોકાર્યા જ કરતો. એ તલસાટની વેદનાને કારણે તેમાંથી એવો આર્તનાદ અને આર્દ્રભાવ પ્રગટતો કે ભગવાનને તે તલસાટના ભાવથી પ્રેરાઈ પ્રેરાઈને પ્રાર્થના થયે જતી.

આ બધું અંતરમાં અંતરથી જ થયે જતું. આવી વિકટ પરિસ્થિતિમાં પ્રભુ સિવાય મારો બીજો કોઈ આરો હતો નહિ. મારા દિલની ભાવનાની સાથે હમદર્દી અને સહાનુભૂતિ બતાવી શકે એવું પણ કોઈ ન હતું. મારે કોઈના એવા આશ્વાસનની જરૂર પણ ન હતી. મારે તો હજાર હાથવાળો ધણી અને હજાર આંખવાળો સમર્થ એ જ સાચું આશ્વાસન હતું. આવી રીતે અંતરની પ્રાર્થનામાં ત્રણેક દિવસો વીતી ગયા હશે. આવા આર્દ્રતા અને આર્તતાયુક્ત પ્રાર્થનાના તબક્કાના ગાળામાં એક પળે એવું થયું કે ઓચિંતો જ વીજળીનો દીવો જે સળગતો હતો, તે બંધ થઈ ગયો. તે પરથી મને તાત્કાલિક ઊગી આવ્યું કે મારી માના શરીરનું અવસાન થયું અને જીવ ગયો. ત્યારે મારાથી રડાયું કરાયું તો ન હતું, પરંતુ તેવા કાળે પણ એકમાત્ર ભગવાનની પ્રાર્થનામાં જ મારું દિલ તો રહ્યા કરેલું હતું. આમ, પ્રભુકૃપાથી માના દેહાંતના સમયની ખબર મને ત્યાં રહ્યે રહ્યે પડી ગઈ હતી.

પછી નડિયાદથી ભાઈ મૂળજીનો તાર આવ્યો કે મારી માનું શરીર અવસાન પામ્યું છે.

દિલમાં કોઈ પણ પ્રકારનું ચેન પડતું ન હતું. એક જ પ્રકારની ભાવના- મારા સ્થૂળ દેહની હાજરી મારી માની પાસે તેની યોગ્ય વાસ્તવિકતામાં પ્રગટે એવી ભાવના જ સતત એકધારી તેના ઉચ્ચમાં ઉચ્ચ ચેતનવંતા પ્રાણમાં અને તેના તલસાટમાં જીવતીજાગતી ટક્યા કરેલી રહેતી હતી. તે પ્રાર્થના વારંવાર ભગવાનને જ પોકાર્યા કરતો. 'હું અને મારો ભગવાન અને મારી તે ભાવના'- એના જ માત્ર અસ્તિત્વનું ભાન તે કાળે મારા દિલમાં રહેતું હતું. આવું બધું અંતરમાં અંતરથી ચાલ્યા કરતું હતું. તોપણ ભગવાન પરનો ભરોસો એટલો જ અટલ અને અતૂટ હતો. ભગવાનની અનંત શક્તિ છે અને તે જ મારે માટે જે યોગ્ય હોય, તેમ તે કરવાનો છે. એવો પણ ભક્તિભર્યો આત્મવિશ્વાસ હતો. હું તો તેને વારંવાર વિનંતી કર્યા જ કરતો.

ભગવાને ગજેન્દ્રને મુક્તિ અપાવી તે તો એક પૌરાણિક હકીકત હતી, અથવા તો તેમ તે ન પણ બન્યું હોય. અને તે એક પ્રતીકરૂપે ઉદાહરણ માત્ર હોય, પરંતુ અનેક વેળાએ ભક્તની વહારે તે મારો વહાલો 'ગરુડે ચડીને આવ્યો છે' તે હકીકત બીજા ભક્તલોકના ખરેખરા બનેલા જીવન પ્રસંગોમાં

જાણેલી છે, તેમ છતાં તે ઉપરથી પણ નહિ, પરંતુ મને પોતાને મારા સાધનાકાળના જીવનમાં આંતરિક કટોકટીની પળે તે કેટલીયે વાર વહારે ધાયો છે, તેની તો મને પ્રત્યક્ષ અનુભવાત્મક સાચેસાચી પ્રતીતિ હતી, અને તેવા પ્રકારનો અનુભવ એ તો મારા જીવનની અમોઘ શક્તિ અને મૂડી છે. તેના આધાર વડે કરીને તો પ્રભુકૃપાથી કદી પણ નતમસ્તક બની શક્યો નથી. સાધનાકાળમાં પ્રગટેલા દૈવાસુર સંગ્રામમાં તેવા પ્રકારની અનુભવાત્મક પ્રતીતિને કારણે તો હું એની કૃપાથી ખુમારીથી ટટાર રહી શક્યો છું. જીવનની તે તે કાળની એવી કેટલીયે હકીકતો આજે નજર સમક્ષ તરવર્યા કરે છે, કે જ્યારે મારા ભગવાનને પોકાર્યા કરું છું કે ‘હે પ્રભુ ! તેં આટલી બધી મને મદદ કરી છે તો આ એક અણમોલો એવો પ્રસંગ છે, કે જ્યારે તું મારી વહારે ચડીને મારી ટેક રાખે, તો હું ધન્ય ધન્ય થઈ જાઉં, કૃતકૃત્ય થાઉં. પરંતુ હે વહાલા ! તારા પર મારાથી બળજબરી કેમ કરી શકાય ? હું તો માત્ર એક દીનહીન ભાવે તને કાલાવાલા કરું છું. તેના સિવાય બીજું કરી પણ શું શકું ? હે પ્રભુ ! હે દીનાનાથ ! હે કૃપાસિંધુ ! હે કરુણાસિંધુ ! તું જ એક મારી આવી કટોકટીની સ્થિતિમાં મારો સાચો આધાર છે. મારું વચન પળાવજે. મારા પર કૃપા કરજે.’

તે પછી નડિયાદથી મારા ભાઈ મૂળજીનો મારી પર કાગળ આવ્યો. તેમાં તેણે લખ્યું હતું કે ‘મારી માના શરીરના અવસાન પામ્યાના થોડાક સમય પહેલાં બાએ મૂળજીને બૂમ પાડીને કહ્યું હતું કે ‘અલ્યા, મૂળિયા ! મૂળિયા ! જો આ ચૂનિયો આવ્યો !’ ત્યારે મારા ભાઈ મૂળજીએ મારી બાને કહ્યું કે ‘ચૂનીલાલ તો કાશીમાં છે. અહીં ક્યાંથી આવી શકે ?’ ત્યારે વળતું મારી બા બોલી કે ‘અરે ! એ તો આ રહ્યો ! મારા પગમાં માથું મૂકીને બેઠો છે ! મારા શરીરે હાથ ફેરવે છે ! જો ! તે અહીં જ છે.’ આવા પ્રકારના શબ્દો તે કાગળમાં વાંચ્યા. તે કાગળમાં જે લખેલું હતું, તેના ભાવાર્થ પ્રમાણે (શબ્દેશબ્દ તો નહિ, પણ ભાવાર્થ પ્રમાણે) લખું છું. કારણ કે કાગળ આડોઅવળો છે અને તે અત્યારે મારી પાસે નથી. મારા ભાઈનો આ કાગળ વાંચીને ભગવાને મારો ટેક જાળવ્યો, મારી લાજ રાખી, વચન પળાવ્યું, તેનાથી મને જે હર્ષોન્માદ પ્રગટ્યો, તે આનંદ કોટી બ્રહ્માંડના આનંદની તોલે આવી શકે એમ નથી. ભગવાન એટલો બધો સમર્થ છે અને તે સમર્થની મારે માથે જીવતીજાગતી જબરી ઓથ છે, એવો

આ પ્રત્યક્ષ જીવતોજાગતો પ્રચંડ અનુભવ એની કૃપાથી પ્રગટ્યો. ત્યારથી મારું જીવન તો ધન્ય ધન્ય અને કૃતકૃત્ય થઈ ગયેલું એની કૃપાથી અનુભવ્યા કરું છું. મારા જીવનની અનુભવની કક્ષાઓની દૃષ્ટિએ આ પ્રસંગનું મૂલ્યાંકન કંઈ નાનુંસૂનું નથી. તમારાં બધાં સ્વજનોનાં દિલમાં આ બધું વાંચીને બહુ તો અહોભાવ પ્રગટે, પરંતુ એવું પ્રત્યક્ષ જીવંત અનુભવનું દૃષ્ટાંત વાંચીને પણ કોઈ પણ સ્વજનનું રૂંવાટું વધારે ફરકવાનું નથી અને કોઈને પણ સાધનાનાં ક્ષેત્રમાં અદમ્ય પ્રેરણા પ્રગટીને, 'ચાલો ! આ સાધનાને આત્મસાત્ કરી દઈએ.' એવો ટેક પણ પ્રગટવાનો નથી. તેમ છતાં મારા દિલમાં આ પ્રસંગે ભગવાનની સમર્થતા અને તેની અનંત શક્તિને માટે અને તેણે મારે કાજે જે કર્યું છે તથા મારા માટે જે પ્રત્યક્ષ કરી બતાવ્યું, જે બનવું જગતની વાસ્તવિકાતની દૃષ્ટિએ બની જ શકે નહિ તેવું છે, તે મારા વહાલા પ્રભુએ કૃપા કરીને પ્રગટાવ્યું. તેવો આ દ્વંદ્વાતીત, ગુણાતીત પ્રકારનો અનુભવ એ તો એક ઘણો મોટો બનાવ છે.

બનારસમાં મારા પર મારા ભાઈનો આવેલો કાગળ ભાઈ નંદલાલ કને હજી પણ સચવાયેલો રહેલો છે, એમ હું માનું છું. આ કાગળ વાંચીને મારા વહાલા ભગવાનને ચરણકમળે વારંવાર મારું શિર તો પ્રેમભક્તિભાવે આભારનાં દર્શનથી ગદ્ગદ થઈ જઈને નમ્યે જ જતું હતું. આ પ્રકારની પ્રાર્થનાનો ભાવ અને તેની અસર એકધારી સજ્જડ કેટલાય સમય સુધી જીવતીજાગતી રહ્યા કરી હતી. જાણે કોઈ ભારે નશાના ઘેનમાં પડ્યો રહ્યો હોઉં એમ તે પ્રાર્થનાના ભાવમાં એની કૃપાથી જાગ્યા કરવાનું બન્યા જતું. કેવો આ ધન્ય પ્રસંગ અને કેવી આ મારા ભગવાનની જીવંત ધન્ય કળા ! મને તો મારા જીવનના આ એક જ પ્રસંગથી મારા જીવનની પૂરેપૂરી કૃતાર્થતા થઈ ગઈ હોય એવું લાગ્યા કરે છે. આ તો એક ઘણી મોટી હકીકત છે. જે કદી કોઈ પણ રીતે શક્ય ન બની શકે, તે શક્ય બન્યું. મારા દિલથી તો તે એક સંપૂર્ણ સ્વાભાવિક રીતે બની ગયેલી હકીકત છે. **આ જ હેતુથી પ્રેરાઈને 'તુજ ચરણે'માં આ લખ્યું છે : 'જે જે અશક્ય થતું શક્ય, કૃપાથી જેની.'**

*જીવનદર્શન : ૩૧૦-૩૨૨*

# ધ્યાનાવસ્થા

## ઘરેણાં ચોરાયાં

ધ્યાનનો ચમત્કાર કહો, કે ધ્યાનમાંથી પ્રકાશ પામતો સંકલ્પ કેવા પ્રકારનો આકાર લે છે તેનો એક પ્રસંગ કહો, તેવો એક મારા જીવનનો ખરો બની ગયેલો દાખલો ટાંકું છું.

બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં એક બંગલો ભાડે લઈને એ બે બહેનો સાથે મારે રહેવાનું બનેલું. સામાન્યપણે તો તેઓ ઘરેણાં બહુ ઓછાં પહેરતાં. એક વખત બંને બહેનોએ બહાર ફરી આવીને તેમની પાસે જે કંઈ ઘરેણું હતું તે બધું મને આપી દીધું. મેં મૂર્ખાએ તે બધું મારા પહેરણનાં ગજવામાં મૂક્યું. થોડાક કલાક પછી એ બે બહેનોની સાથે અમારે વિશ્વનાથના પ્રખ્યાત મંદિરમાં મહાદેવનાં દર્શને જવાનું થયું. ત્યાં અમે ધક્કામુક્કીમાંથી પસાર થઈ મંદિરના ગર્ભદ્વારે જઈ પ્રેમભાવે દર્શન કર્યાં અને ત્યાં એટલી તો મધુર ભાવે શરણાઈ વાગતી હતી કે તે સાંભળવાને પણ રોકાયાં. તે પછીથી અમે અમારે મુકામે હિન્દુ યુનિવર્સિટીમાં પાછા આવ્યાં.

બીજે દિવસે અમારે ગંગા નદીમાં નૌકાવિહારને અર્થે જવાનું હતું. એટલે બહેને મને કહ્યું કે ‘તમારાં કપડાં બધાં બદલો.’ બધાં કપડાં મેં બદલ્યાં અને પહેરેલા પહેરણનાં ગજવામાંથી જે તે બધું નવા પહેરણનાં ગજવામાં મૂકવા માટે જૂના પહેરણનાં ગજવાં ફંફોસવાં માંડ્યાં. તે વેળાએ જ માલૂમ પડ્યું કે મારા પહેરણનું ગજવું કપાઈ ગયું છે અને તેમાંથી પેલાં મૂકવાં આપેલાં ઘરેણાં પણ ચોરાઈ ગયાં છે ! મને તો એમ થયું કે ‘મારે ભરોસે જે કાંઈ મૂક્યું, તેની સહીસલામતી અને તેની જવાબદારી મારી પોતાની જરૂર ગણાય.’ એ જવાબદારીનું ભાન મને ત્યારે બહુ તીવ્રતમ પ્રગટેલું. બહેનને તે હકીકત જણાવતાં એણે તો તેને નજીવી જેવી ગણીને જરાકે મહત્ત્વ આપ્યું નહિ. તે તેને માટે તો ઘણું ઘણું ઉત્તમ ગણાય. જોકે મને મનમાં તેની ચણચણાટી તો થતી ન હતી, પણ કોઈએ મારામાં મૂકેલી જવાબદારીને હું પ્રેમથી વફાદાર ન રહી શક્યો, એનું મને દુઃખ અને દર્દ હતું.

તે પછી તો અમે ગંગામાતાના પુનિત પ્રવાહમાં નૌકાવિહારને માટે ગયાં. નૌકામાં બહેનની એક સખીએ મુગ્ધ કરી દે એવા ભાવથી કેટલાંક ભજનો ગાયાં. ભજનો સાંભળતાં સાંભળતાં મને પણ દિલમાં ભાવાવેશ પ્રગટ્યો, અને મારી શરીરની સ્થિતિ બાહ્યભાન રહિત થઈ ગઈ.

પરંતુ તેવું પ્રગટાવવાની સ્થિતિ પહેલાં, પેલાં ઘરેણાંને માટે 'કોણે ગજવું કાપ્યું હશે ?' અને 'મારી જવાબદારી હું બરાબર રીતે અદા ન કરી શક્યો.' તે દર્દનો વિચાર ઊડતો ઊડતો સ્ફુરી ગયેલો ખરો. તેવા ભાવાવસ્થાના ધ્યાનના પ્રકારમાં ઊંડું જવાતાં જવાતાં ત્યાં જે એક દશ્યનો અનુભવ થયો તે તો અદ્ભુત અને રોમાંચકારી છે. વિશ્વનાથના મંદિરમાં કોણે કેવી રીતે ગજવું કાપ્યું, તે દશ્ય પણ આબેહૂબ દેખાયું. તે વેળાએ ધ્યાનની ધ્યાનસ્થ દશામાં પણ તે ચોરનાર જીવને મારાથી કહેવાઈ ગયું કે,'અલ્યા, આ ઘરેણાં મારાં નથી. મને કોઈકે મૂકવાં આપેલાં છે, અને હું તો ગરીબ માણસ છું અને હું ભરપાઈ કરી શકું તેમ નથી. આ મિલકત તારાથી જીરવી નહિ શકાય. તું મને પાછી સોંપી જા. મારું રહેઠાણ અમુક અમુક ઠેકાણે છે.' સવારે પરીક્ષાનો ટાઈમ હોવાથી અડધોપોણો કલાક હિન્દુ યુનિવર્સિટીના અમુક સ્થળે હોઉં છું અને રહેવાનું મકાન પણ અમુક સ્થળે છે, તે બધું મેં તેને વર્ણવી બતાવ્યું. આ બધું જ ધ્યાનાવસ્થામાં બનેલું, તે એટલું બધું તો તાદશ્ય હતું અને તેની ઘેરી અસર દિલ પર એવી તો ભારે પડી ચૂકેલી કે તે હકીકત જાણે પ્રત્યક્ષ નજરોનજર થયા કરતી હોય એવા પ્રકારના અનુભવનો ઉઠાવ જાગ્રત થયેલો એવી ધ્યાનસ્થ અવસ્થા આખાએ નૌકાવિહાર દરમિયાન રહ્યા કરી હતી. એવી અવસ્થાથી અમારી નાની બહેન તો મારા પર ખૂબ ચિડાતી. તેને આવું ન રુચે તે સ્વાભાવિક હતું. નૌકા ઓવારાને સ્પર્શી ત્યારે જેમ તેમ કરીને મને ભાનમાં આણવાનું મોટી બહેન કરી શકી, તે પછી અમે પાછા હિન્દુ યુનિવર્સિટીના અમારા મકાનમાં ઘેર આવી ગયાં.

બીજે દિવસે યુનિવર્સિટીના જે મકાનમાં પરીક્ષા લેવાની હતી, ત્યાં અમે ઉપરના માળે હતાં. મોટી બહેન તો તેના પરીક્ષા હૉલમાં હતી અને હું તથા

બહેનની એક સખી બહારના વરંડામાં ઊભાં હતાં. તે વેળા સામેથી વેગળેથી એક માણસ હાંફતો હાંફતો, દોડતો દોડતો આવતો હતો. અને મને બોલાવવાની નિશાની કર્યા કરતો હતો.

મારી સાથેની બહેને મારું લક્ષ તે પરત્વે દોર્યું. મને તે દોડી આવનાર ભાઈએ બૂમ પાડીને જણાવ્યું કે 'ભાઈસાહેબ, કૃપા કરીને નીચે ઊતરો.' હું નીચે ગયો અને તેને મળ્યો. તેણે મને કહ્યું કે 'આ તમારાં ઘરેણાં પાછાં લઈ લો. હું તો આખા શરીરે એટલો બધો દાઝી મરું છું કે મારાથી આ અગ્નિનો દાહ જીરવી શકાતો નથી. માટે કૃપા કરીને તે મટી જાય એવું કરો.'

ઘરેણાં મળી જવાથી પ્રભુની કૃપાનો કેવો ચમત્કાર બન્યો તે અનુભવીને મારું હૈયું તો ભાવથી ગદ્ગદ થઈ ગયું. એટલે તેના બોલવાનું તો મને કશું ભાન રહ્યું ન હતું. મને ઘરેણાં મળી જવાથી એટલી બધી હા...શ પ્રગટી અને એવો તો નિરાંતનો અનુભવ પ્રગટ્યો કે જેનું વર્ણન લખી શકું, એટલે કે ભાષામાં ઉતારી શકું, એવું મારી કલમમાં જોર નથી. એવો કવિ પણ હું નથી. વળી પાછું પેલા માણસે કાલાવાલા કરી કરી, કરગરી કરગરીને, મને પગે પડીને કહ્યું કે, 'ભાઈસાહેબ, મારો આ પ્રચંડ દાહ મટાટી દો.' મેં તેને કહ્યું, 'ભાઈ, આ તો મારા ભગવાનની કરામત છે. પણ તું કેવી રીતે પારખી શક્યો કે આ ઘરેણાંનો માલિક હું પોતે છું ?' ત્યારે તેણે કહ્યું કે 'ગઈ કાલની સમી સાંજ પછી મને ઓચિંતો એવો આખા શરીરે પ્રચંડ દાહ પ્રગટેલો છે કે તે સહ્યો જતો નથી. આ આખા સમય દરમિયાન મને તમારા શરીરની આકૃતિ આબેહૂબ વારંવાર નજર સમક્ષ પ્રત્યક્ષ તર્યા કરતી, અને તમે ક્યાં રહો છો તે મકાનની જગાની ખરેખરી રીતે તેના અમુક ચોક્કસ સ્થળની પણ મને ખબર પડી હતી, અને સવારના તમે ક્યાં હશો,તે પણ હું દેખી શકતો હતો.

રાતે ને રાતે આવવાની મારા શરીરમાં તો તે વેળા શક્તિ પણ ન હતી. અત્યારે પણ જેમ તેમ કરીને આવી શક્યો છું. નીકળવાનું થયું ત્યારે તો ચાલી નહિ શકાય એમ લાગતું હતું. પણ પછીથી એમાં એટલી બધી ગતિ પ્રગટી કે દોડ્યા જ કરવાનું બન્યું છે, અને એકીશ્વાસે અહીં આવ્યો છું. માટે કૃપા કરીને તમે આ દેહ મટાડો.'

મેં પણ તેને અચાનક ઍમ કહ્યું કે 'ભાઈ, તું હવે એક વ્રત લે. કે વિશ્વનાથના મંદિરમાં દર્શને આવનારનું ગજવું કાપીશ કરીશ નહિ. એવું વ્રત તું જો પ્રમાણિકતાથી પાળવાનું વચન આપશે અને તે વચનનું પૂરેપૂરું પાલન કરશે, તો પ્રભુકૃપાથી તારા શરીરનો દાહ જરૂર મટી જશે. કોઈ બિચારો મારા જેવો ગરીબ, દર્શન કરવાને આવે અને તેનું ગજવું તારા જેવાથી કપાઈ જાય, તો તેના કેવા હાલહવાલ થાય ! તે બિચારા ગરીબને કેટલી હેરાનગતિ ભોગવવી પડે ! માટે કૃપા કરીને મંદિરમાં કોઈનું પણ ગજવું કાપવું નહિ એવો અડગ ટેક લે.' તેને શરીરે દાહનો અગ્નિ એટલી બધી તો વેદના પ્રગટાવતો હતો કે તે બિચારાએ એવું વ્રત મારી આગળ લીધું તો ખરું જ અને તે પાળવાનું વચન પણ મને તેણે આપ્યું. વધુમાં તેણે કહ્યું, 'ભૂખે મરીશ, તે હા, કબૂલ, પરંતુ કોઈ પણ આકરામાં આકરા ભૂખમરાના પ્રસંગમાં પણ મંદિરમાં કોઈનું પણ ગજવું કાપીશ નહિ.'

મને તેના કથન ઉપર વિશ્વાસ પણ પ્રગટ્યો અને તેમાં તેની સચ્ચાઈ પણ લાગી. મેં પણ પ્રભુને તેનો દાહ મટાડી દેવાને માટે દિલમાં દિલથી પ્રાર્થના કરી. અને થોડીક વારમાં તેના શરીરનો દાહ મટી ગયેલો પણ તેણે પોતે અનુભવ્યો, અને તે માણસ મને પગે લાગીને રસ્તે પડ્યો.

ધ્યાનની ઊંડાઈ અને તેની ભાવાવસ્થા કેવી વાસ્તવિકપણે પ્રગટે છે, તેનો આ પ્રકારનો વર્ણવેલો અનુભવ મને પ્રભુકૃપાથી થયો. ધ્યાનાવસ્થામાં શરીરનું ભાન જતાં જતાં જે સંકલ્પ પ્રગટે અથવા જે સંકલ્પ તે વેળા કરી શકવાનો જ્ઞાનયુક્ત સંયમ આપણાથી જો મૂકી શકાય તો તે સંકલ્પ કેવો સાકાર બની જાય છે, તેનો આ આપમેળે પ્રગટેલો પ્રત્યક્ષ પ્રયોગ હતો.

*જીવનદર્શન : ૯૫-૧૦૦*

ભાવ તો ભક્તિનું મૂળ ખરું પ્રત્યક્ષ જાણવું,
જ્ઞાનના ભાવથી ભાવ જન્મે, તો યોગ્ય સૌ થવું,
ને ભાવ રાખવા માટે કર્મ તો કરવાં પડે,
તેથી સૌ કર્મમાં ભાવ જ્ઞાને પરોવવો ઘટે.

*ભાવ : ૩૦* - **શ્રીમોટા**

# માતાનો નવો જન્મ

એક સાહેબે મને પૂછેલું કે 'અનુભવી પુરુષના સંપર્કમાં આવેલાનો નવો જન્મ જલદી થાય છે એ વાત ખરી છે ?' એ સાહેબ બહુ અંગત હતા. એટલે બધું છૂટથી પૂછી શકે. મેં એમને કહ્યું કે 'વાતનું પાછું તું પ્રૂફ (સાબિતી) માગે ! એ સાબિત કરવા હું ક્યાં જાઉં ?' 'ના, મને તમારા પર વિશ્વાસ છે. તમે મને કહેશો એમાં મને શ્રદ્ધા છે.'

'તું એવા લોકો સાથે બહુ નિકટના પરિચયમાં-સંબંધમાં રહે તો જન્મ વહેલો થાય એ વાત ચોક્કસ. આમ તો ટ્રાન્ઝીશન પીરિયડ (વચગાળાનો સમય) બહુ લાંબો હોય છે.' તો કહે, 'તેની શી ખાતરી ?' તેની ખાતરી મારી મા.'

*શેષવિશેષ : ૫૦-૬૬*

તેનો જન્મ ક્યાં થયો ? એમ પ્રશ્ન થયો એટલે મેં ધ્યાનનો પ્રયોગ કર્યો.

ધ્યાનમાં જ્યારે સંપૂર્ણપણે એકાકાર થઈ ગયા હોય અને શરીરની કોન્શીયસનેસ શરીરની સભાનતા જવાની પળ હોય એ પળે જો જે કોઈ સંકલ્પ રાખીએ તો એ સંકલ્પ સાકાર થાય. આ કંઈ નાનીસૂની વાત નથી. આ તો બોલવામાં સહેલું છે. પણ એવી વખતે આવી એટલી બધી તીવ્રતાવાળી, ઉત્કટમાં ઉત્કટ સભાનતા કોઈ પણ એક સંકલ્પ પરત્વે જીવતીજાગતી ચેતનવંતી તે વખતે પ્રગટેલી હોવી એ દુર્ઘટ ઘટના છે. પણ મારે માટે તો એ હસ્તકમળવત્ જેવી સ્થિતિ હતી. એટલે મેં તો ત્યારે એવું ધ્યાન ધરી અને શરીરની સભાનતા જવાની પળે જ તે સંકલ્પને મારામાં ધારણ કર્યો. અને એ ધારણ કરતાંની સમયે જ મને કાશીની જુદી જુદી શેરીઓ અને ગલીઓને ક્યાં ક્યાંથી કેવાં કેવાં વળાંક થઈને કેવે કેવે ઠેકાણે, ચાર રસ્તા આવે તો ત્યાં કેવું કેવું હોય-આ બધુંય પ્રત્યક્ષ મારી નજરોમાં આવ્યું અને ત્યાં એક એક કોઈક વળાંકની કોઈક ગલીમાં કોઈક એક ઘેર એક બાળકી માતાને જન્મી છે. એ બાળકી તે મારી માતાનું સ્વરૂપ, એ મને પ્રત્યક્ષપણે બધું નજરોનજર સામે આવ્યું.

સવારમાં વહેલાં ઊઠીને એ પ્રમાણે મને જે તાદશ્યપણે એકેએક પ્રત્યક્ષ detail વાળું જે દર્શન થયેલું અને તે બધું મને બહુ સ્મરણમાં રહેલું તે પ્રમાણે ચાલતાં ચાલતાં ફરતાં અનેક વળાંકો લેતાં લેતાં જે જે પ્રમાણે નિશાનો મળેલાં

તે પ્રમાણે ત્યાં જતાં એ ઘર આગળ પહોંચી ગયો અને તે ઘરના ઓટલા ઉપર બેસી રહ્યો. ઘરના લોકોનું ધ્યાન દોરાયું નહિ એટલે મેં પોતે ભજનો ગાવાં માંડ્યાં અને સ્મરણ કરવા લાગ્યો. ધૂન ચલાવી એટલે બેચાર માણસો ઘરમાંથી બહાર આવ્યા પણ કોઈએ કાંઈ પૂછ્યું નહિ.

પછી એક ભાઈ આવ્યા અને પૂછ્યું કે 'ભાઈ ! તમે કેમ આટલો બધો વખત ઓટલે બેસી રહ્યા છો ?' વાત તો હિન્દીમાં કરતા હતા. તેઓને હું તો બીજું શું કહું ? પણ મેં એમ કહ્યું કે રાત્રે મને સપનું આવ્યું કે તમારે ઘેર એક બાળકી જન્મી છે. એ બાળકી તે મારા જીવન સાથે સંકળાયેલો જીવ છે. એને મારે માત્ર દર્શન કરીને જતા રહેવું છે. બીજું કશું મારે કામ નથી. મને આવો હુકમ મારા ગુરુમહારાજ તરફથી મળેલો છે, એટલા માટે હું બે કલાકથી અહીં બેસી રહ્યો છું. તે ભાઈ કહે, તે બાળકીનો જન્મ હમણાં જ થયો છે. એને બાર-ચૌદ કલાક પણ થયા નથી અને તમે અજાણ્યા માણસને કેવી રીતે બતાવાય ? મેં કહ્યું, 'જેવી તમારી મરજી. મારે કોઈ જાતનો આગ્રહ નથી. પણ આ તો મને હુકમ થયો છે ભગવાનનો, એટલે હું બેઠો છું. તમે કહેશો તો ચાર પાંચ કલાક પણ બેસીશ. પણ મને વાંધો નથી. માત્ર દર્શન કરીને હું ચાલ્યો જઈશ.'

એ લોકોને મારા પર કાં તો દયા આવી, કરુણા આવી, ગમે તેમ પણ મને અંદર લઈ ગયા અને બૈરાં લોકે-વેગળે જઈને છોકરી લાવી મને આપી. મેં મારા ખોળામાં લીધી. બાળકીને પગે લાગ્યો. મને પ્રતીતિ થઈ ગઈ કે આ જે આવા ચેતનવંત શરીરધારી આત્મા છે એનો સંસર્ગ રાગવાળો પણ જો હોય, પણ તે ખરેખરો રાગવાળો હોય અને એ રાગમાં honesty, sincerity and devotion of purpose પૂરેપૂરાં પાકાં હોવાં જોઈએ.

મારી માને મારા ઉપર ઘણો રાગ હતો. તેનાં દર્શનથી મને ખાતરી થઈ અને એનાથી મને આનંદ થયો. ભગવાને કૃપા કરીને, અત્યંત કરુણા કરીને માનાં દર્શનનો જે અનુભવ કરાવ્યો એથી મારા જીવનમાં જે ગદ્ગદ ભાવ તે કાળે પ્રગટ્યો અને ભગવાન ઉપર હું એટલો બધો વારી ગયો કે માત્ર કલ્પના જ થઈ શકે.

*વાણી-૮ : ૪૬-૪૮*

હૃદે શી સંભાળે પળપળ મને માડી મારી કૃપાળુ !
સદા મા સંભારે પળપળ હૃદે ભૂલતાં ચૂકતાં શું,
મને મારી માડી જરી નવ કશે આડફંટે જવા દે,
મને મારી માડી સતત નિજની દૃષ્ટિમાં રાખતી રે.

*ગંગાચરણે : ૩* - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

**ખંડ - ૧૧**

# હિમાલય યાત્રા

❦

હિમાલયની ગુફામાંથી કથું છું હું ન કથની આ,
રહીને કર્મ વ્યવહારે બધાં સાધન થયેલાં શાં !
કશાનાં મારવાં ગપ્પાં, કશી હિંમત ન મુજમાં છે,
થયાં સાધનની મેં સ્પષ્ટ રજૂઆત જ કરેલી છે.
જીવનમાં જે રીતે વર્ત્યો રજૂ કર્યું સર્વ મેં તે તે,
જરા પણ અતિશયોક્તિને દીધી છે પેસવા ના તે.
બધો ઇતિહાસ, જીવનની થયેલી સાધનાનો તે,
-કૃપાથી મેં હરિચરણે નિવેદનરૂપ કથિયો છે.
બધો હિસાબ મુનીમ દે લખી લખીને દિવસ અંતે,
બધું મુજ શેઠની આગળ કથ્યું તેમ જીવન અંતે.

*જીવનઆહ્લાદ : 8* **- શ્રીમોટા**

પાડ્યા કરીશ પ્રભુ, બૂમ તને હું નિત્યે,
ના આપશે જ્યહીં સુધી પ્રભુ, માગું હું જે,
કંટાળતો પ્રભુ, રખે કંઈ તેથી, જોજે,
છોરું ગણી તુજ, મને પ્રભુ, અંક લેજે.

*તુજ ચરણે : ૪૮* - **શ્રીમોટા**

# હિમાલયયાત્રા

## 'તુજ ચરણે'ની રચના દ્વારા હિમાલયયાત્રા

પ્રાર્થનાએ મારા જીવનનું એક મોટું કાર્ય પણ સાધેલું છે. ઘણા નાનપણના કાળમાં મને હિમાલયનાં બહુ સ્વપ્નાં આવ્યાં કરતાં. હિમાલયમાં જવાની વારંવાર પ્રેરણા ત્યારે જાગ્યા કરતી. એટલું જ નહિ પણ સાધનાકાળમાં પણ એવું થયા કરતું હતું. ગુરુમહારાજે સદ્ભાવના પ્રગટાવી કે 'તુજ ચરણે'ની પ્રાર્થનાને મારે છપાવવી અને તેમાંથી જે રકમ મળે તે વડે હિમાલયની યાત્રા કરવી. ૧૯૨૩ની સાલમાં તે છપાવવાને માટે માત્ર નાનકડી રકમ જ જોઈતી હતી, પરંતુ તેટલી રકમ પણ મેળવવી મારે માટે બહુ દોહ્યલી હતી. તે પ્રથમ છાપવાની રકમ મારી આધ્યાત્મિક માએ મને આપી હતી. પ્રભુકૃપાથી તે 'તુજ ચરણે' વેચવાની ઝુંબેશ તો કરી ન હતી. તેમાંથી મને રૂ.૪૩૭-૧૪-૦૦ની રકમ મળી શકી, અને સંજોગ મળતાં તેથી હિમાલય યાત્રા પણ પ્રભુકૃપાથી કરી શક્યો.

*જીવનદર્શન : ૧૮૨-૧૮૩*

'તુજ ચરણે'ના લખાણ પાછળ એક વાત છે. જ્યારે મારી ઉંમર ચોવીસ પચીસ વર્ષની હશે, ત્યારે નડિયાદમાં મેથોડિસ્ટ ચર્ચના એક પાદરી-અમેરિકન ત્યાં હતા. તેમણે આપણા ધર્મ અને દેવદેવીઓ સંબંધે વાત કરી અને કહ્યું કે 'તમારામાં ઘણાં બધાં શાસ્ત્રો, ઘણાં દેવદેવીઓ અને ગૂંચવાડો થાય એવું શાસ્ત્રપુરાણ વગેરે છે, જ્યારે અમારે ત્યાં એક જ ધર્મ અને એક જ ઈશ્વર !'

ત્યારે મેં કહ્યું, 'ના, એવું નથી. જુદી જુદી રુચિના જુદા જુદા માણસોને માફક આવી જાય તે રીતે ધર્મની વાતો અને આચારો નક્કી કરવામાં આવ્યાં છે. અમે પણ એક જ ઈશ્વરમાં અને એક જ પરમતત્ત્વમાં માનીએ છીએ.' ત્યારે પેલા પાદરીભાઈ કહે કે 'મારા જોવામાં એવું કંઈ આવ્યું નથી.' એટલે તે જ દિવસની રાતે સળંગ જાગતો બેસીને મેં 'તુજ ચરણે' લખી નાંખ્યું અને બીજે દિવસે પાદરીભાઈને તે કાવ્ય બતાવ્યું. તેના લેખક કોણ છે તે બતાવ્યું નહિ. તે ગુજરાતી જાણે એટલે તેમના કહેવાથી મેં આખું કાવ્ય વાંચી સંભળાવ્યું. તે

સાંભળીને તે રાજી થયા. આમ, આમાં સાકાર અને નિરાકાર બંને રીતના પ્રભુનો, તેની ભક્તિનો ઉલ્લેખ છે. *શ્રીમોટા સાથે વાર્તાલાપ : ૯૩-૯૪*

તેથી જ 'તુજ ચરણે'માં છેવટે લખ્યું છે કે -
''પાસે ન કૈં ધન છતાં શિશુકાળથી જ્યાં
સેવ્યાં હતાં જીવન-સ્વપ્ન ઊંડા જવા ત્યાં,
જેણે મને સરળતા કરી આપી કેવી !
આ પ્રાર્થના પ્રભુ-નિમિત્ત બની મને શી !

યાત્રા હિમાલયતણી મુજને કરાવી,
દીધો ઉકેલ દુઃખનો મુજને બતાવી;
ને ગૂઢ શું જીવનહાર્દ મને જણાવ્યું !
એવું નિમિત્ત પ્રભુદત્ત સ્તવી હું થાકું.
*તુજ ચરણે : ૪૮* **-શ્રીમોટા**

## હિમાલયયાત્રા જતાં પહેલાંની સ્થિતિ

બીજી વખત હિમાલય જવાનું હતું તે પહેલાં મારા શરીરના ડાબા પગે વાગેલું. હાડકામાં પણ ખાડો પડેલો હતો. તે પગ ઘણો દુઃખતો હતો. તેનો કરાંચીમાં ઍક્સ-રે ફોટો લેવરાવેલ. હજી પણ ત્યાં આગળ માત્ર જરાક ગાંઠ બાઝી ગયા જેવું રહેલું છે. તેવા પગે તરત જ હિમાલય ચડવાનો હતો. વાગ્યું હતું સાબરમતીમાં અને કરાંચી તરત જવાનું થયેલું. વળી, તે વેળા સાથે સાથે આ જીવના શરીરને ઝાડાનો રોગ લાગુ પડેલો. સાથે ચાલનાર એક બહેનને તે વિશેની શંકા પણ ઉત્પન્ન થયેલી. તેથી તેને તેવું બતાવવાની જરૂર પડેલી. તેમ છતાં એની કૃપાથી ત્યાં ચાલી શકાયેલું. મતલબ કે સામાન્ય સંજોગોમાં અને આ જીવના શરીરની જેવી સ્થિતિ હતી, તેવી દશામાં, બીજા જીવનું શરીર તેમ ન કરી શકે.

*જીવનપોકાર : ૩૨૨-૩૨૩*

## હિમાલયની યાત્રાના હેતુની સમજણ

હિમાલયની યાત્રામાં શ્રી નંદુભાઈનું કુટુંબ તથા તેમનાં બાને જાત્રા કરાવવા હું લઈ ગયેલો. ત્યારે તે ઘરડાં છે એવું મેં વિચાર્યું ન હતું. નંદુભાઈનાં યુવાન પત્ની, તેમનો નાનો દીકરો સાથે હતાં. પણ વિકટમાં વિકટ માર્ગે બધાંને લઈ ગયેલો. જ્યાં નર્યો બરફ, એટલું જ નહિ પણ ૬૦ વર્ષની ઉપરની ઉંમરના નંદુભાઈનાં બા હતાં. એમને હિમપ્રદેશમાં ઊંચકીને લઈ જવા માટે માણસો સાથે આવેલા, એમને મેં ગુસ્સે થઈને, ગાળો ભાંડીને ભગાડી મૂકેલા ! ત્યારે નંદુભાઈના મનમાં થયેલું પણ ખરું કે 'શ્રીમોટા આ શું કરે છે ? ગુસ્સે થઈને માણસોને શા માટે કાઢી મૂકે છે ?' પણ તેમને મારા હેતુની સમજણ નહિ. પણ તે પ્રદેશ જ્યારે આવ્યો ત્યારે પેલા ડોલીવાળા માણસ કહે, 'બાને આ ડોળીમાં તો નહિ લઈ જઈ શકાય. કંડીમાં લઈ જવાશે.' કંડીવાળાને તો કાઢી મૂક્યા હતા. એટલે હવે બાને તો ચાલવું જ પડે. બાને ચલાવવાં હતાં એ મારો હેતુ હતો. પારકાંની ખાંધ પર બાને તેમણે બેળેબેળે પણ ચલાવેલાં. અને એટલું જ નહિ પણ એ એટલો બધો વિકટ માર્ગ હતો અને લપસણો હતો. નર્યો બરફ કે ચડાય જ નહિ. પવાલી એ માર્ગનું નામ. નંદુભાઈનાં પત્ની કાંતાબા તો એકવાર ગબડી પડેલાં અને વચ્ચે જો ઝાડ ન આવ્યું હોત તો તે છેક નીચે પડ્યાં હોત. એમનું શરીર પણ હાથ ન આવ્યું હોત. પણ ભગવાનની કૃપા કહો કે ઝાડ આવવાથી તે બચી ગયાં. માણસ એમને પકડીને લઈ આવ્યો. પણ એ પછી એમની ચાલવાની હિંમત બિલકુલ ન રહી. પણ મેં એમની સાથે સાથે ચાલવા માંડ્યું.

*જીવન અને કાર્ય : ૫૦-૬૬*

## હિમાલયયાત્રાના ચેતનાના પ્રસંગો

અમે બધાં હિમાલયની યાત્રામાં જતાં હતાં, ત્યારે કાંતાબહેન હંમેશાં મારી સાથે વહેલી સવારથી પગપાળા મુસાફરીમાં નીકળી પડતી. અમે બંને તો વહેલાં નીકળી જતાં. ભાઈ બધો સામાન ઠીકઠાક કરી પછીથી મોડા નીકળતા. કેટલીકવાર માથે વરસાદ પડતો હોય અને હું મોટેથી બધાને સાંભળી શકાય

એવી રીતે અને એવા સાદે, બધા સ્થળે પહોંચે ત્યાં સુધી વરસાદ અટકી જવાની પ્રાર્થના કરતો હતો. આવી પ્રાર્થનાથી વરસાદ પડતો અટકી જતો. આવું તો કેટકેટલીવાર બનેલું હતું. આશરે છ સાત વાર તો ખરું.

રસ્તામાં ચાલતાં ચાલતાં કાંતાબહેનને શરીરમાં ચૂંક આવતી હશે અને તે ચૂંક તો કેવી ! તે તો જરા પાછળ હતી અને આ જીવ આગળ ચાલતો હતો. મોઢેથી તેણે તે હકીકત જણાવેલી નહિ. એને શેકની ઘણી જરૂર હતી. અમારી સાથે રસોઈયો હતો. તેણે અને આ આ જીવે થઈને સળગી શકે એવાં લાકડાં એકઠાં કર્યાં. તેની કને દીવાસળી હતી તે બધી તેણે પેટાવી જોઈ, પરંતુ કર્મસંજોગે બધી જ દીવાસળી ખલાસ થઈ ગઈ. દેવતા ન સળગ્યો તે ન જ સળગ્યો. હવે દીવાસળી તો રહી જ નહિ. દેવતા સળગાવવાની તો ઘણી ઘણી જરૂર હતી. ત્યાં ઘાસ અને એવું એવું જે બધું એકઠું કરેલું હતું અને તેના પર નાનાં નાનાં ઝટ સળગી શકે એવાં સળેકડાં ગોઠવીને મૂક્યાં હતાં, ત્યાં આગળ મેં મોંથી ધમણની પેઠે ફૂંકવા માંડ્યું. ઘણી વાર સુધી એમ ફૂંક્યા જ કર્યું અને પ્રભુકૃપાથી દેવતા સળગ્યો.

જે સ્થળે અમારે પહોંચવાનું હતું તે સ્થળ હજી અઢી માઈલ દૂર હશે. થોડો થોડો વરસાદ પડ્યા જ કરતો હતો. આપણા અહીંના વરસાદ અને ત્યાંના હિમાલયમાં પડતા વરસાદના પ્રકારમાં ફરક હોય છે. પડતા વરસાદમાં અમે એટલું ચાલ્યા કર્યું. માથે પડતો વરસાદ અનુભવી રહેલા છીએ, અને ચાલતાં ચાલતાં સ્થળે પહોંચ્યાં ત્યાં સુધી માથે તેવો વરસાદ પડ્યા કરતો હતો. તેમ છતાં તે સ્થળે અમે પહોંચ્યાં ત્યારે અમારાં કપડાં કોરાં હતાં ! પડતાં વરસાદમાં એટલું બધું ચાલવાનું થતાં પણ કપડાં પાણીથી તરબોળ ન થઈ ગયાં, એ ભારે નવાઈ નહિ તો બીજું શું ? અમે કંઈ માથે છત્રી જેવું ઓઢ્યું કર્યું ન હતું. આ હકીકતના બહેન અને આ જીવ બંને જીવતાં સાક્ષીઓ છીએ.

આ જીવ હિમાલયમાં તેઓની સાથે હતો. એકવાર પૂજ્ય મોટીબાની પાલખી ગબડેલી. તે પોતે પણ (જોકે તે તો પાલખીના સ્થળેથી ઘણે દૂર દૂર

આગળ હતા.) ગબડ્યા અને બોલ્યા, 'આજે તો બાની પાલખી પડી અને બા અને બધાં બચી ગયાં.' આ જીવે એ પોતાના પર તેવું લઈ ન લીધું હોત તો કદાચ વધારે મોટો અકસ્માત થયો હોત.

એકવાર હિમાલયમાં રસ્તે ચઢતાં ચઢતાં બહેનને ભારે થાક લાગ્યો. એવી તો ભારે તરસ લાગી ! અને તે તરસ તે કેવી ! કંઠમાં જાણે કાંટા ભોંકાતા હોય તેવું લાગ્યા કરે. હવે તો એક ડગલું પણ આગળ ચાલી શકાય એવી સ્થિતિ ન રહી. તરસ તો કહે મારું કામ ! એક ઠેકાણે ભેખડની છેક નીચે ઊંડે પાણીનો મોટો વેકળો વહેતો હતો. ઊતરવું ઘણું ઘણું કઠણ અને જોખમકારક હતું ખરું. પણ હવે કરવું શું ? તરસ છીપ્યા વિના તેનાથી તો ચલાય એવું હતું જ નહિ. આ જીવે તો શ્રીભગવાનની તે વેળા અંતઃકરણથી પ્રાર્થના કરી. અંતે પોતે પાણી લેવા કાજે નીચે ઊતરવાની તૈયારી કરી. જેવા પોતે ડગલાં ભરવા માંડતા હતા, ત્યાં અચાનક એક છોકરો એકદમ બહુ જ પાસે પાણી લઈને ઊભેલો દેખાયો અને બહેનને આપ્યું, તે તે બહેને પેટ ભરીને પાણી પીધું, પોતે તૃષાથી તૃપ્ત થઈને પાછું વળીને જુએ છે તો તે છોકરો દેખાયો જ નહિ ! રસ્તો સીધો હતો. દૂર સુધી જતાં પણ દેખી શકાય એવો રસ્તો હતો. નીચે ખીણમાં ઊતરે કરે તો તે પણ જોઈ શકાય તેવું હતું. ગમે તેમ થયું, પણ પાણી પ્રભુકૃપાથી મળ્યું તે હકીકત કંઈ જેવી તેવી હકીકત નથી. છોકરો કદાચ ઝપાટાભેર ક્યાંક જતો રહ્યો હોય અને દેખ્યામાં ન આવ્યો હોય એમ પણ બને. આ બધું ગમે તેમ હો, પણ આ જીવે પોતે અંતઃકરણથી પ્રાર્થના કરી અને પોતે પાણી લેવા ઘણી જોખમકારક જગામાં નીચે ઊંડી ખીણમાં પાણી લેવાને કાજે ઊતરવા તૈયાર થયેલા તે તો હકીકત છે. એના પરિણામે તે બહેનને પ્રત્યક્ષ કોઈએ આવીને પાણી આપ્યું, તે પણ હકીકત છે.

અમારા છેલ્લા ઉતારાની રાત રહેવાની જગ્યા ઘણી જ રળિયામણી હતી. અને ત્યાં મોટી વેલ વગેરે ચઢેલી હતી, તેથી તે યાદ રહી જાય તેવી હતી. રાત્રે સામાન વગેરે પૅક કરીને દસેક વાગ્યે પરવાર્યાં હોઈશુ અને મધરાતે બે

અઢી વાગ્યે તો ત્યાંથી નીકળ્યાં હોઈશું અને રુદ્રપ્રયાગ આઠેક વાગ્યે પહોંચી ગયેલાં, કે કદાચ તે પહેલાં પહોંચ્યાં હોઈશું. અમને શરીરે કોઈને થાક કશો જ લાગેલો નહિ. અને બહેનને તો રસોઈ વગેરે કરવાનું પણ ત્યાં કામ હતું. ઘી વગેરે ન હતું. એટલે તે બહેનને ભિક્ષા માગી લાવીને લઈ આવવાનું સૂચવેલું. આટલા બધા માઈલ એકધારું ચાલવું અને તે પણ રાત્રે માત્ર થોડાક કલાક સૂવાનું મળ્યું હોય તેવી સ્થિતિમાં ચાલવાનું બનવું અને તે પાછો શરીરે થાક ન લાગવો અને તેટલું ચાલીને આવીને પાછું કામે વળગી જવાનું બનવું અને તે વળી જેને જીવનમાં ચાલવાનો જરા પણ મહાવરો ન હોય તેવા માટે - આ બધી ઘટના મારા તારા જેવા સામાન્ય માનવીથી બની શકે તેવી નથી. સામાન્ય સ્થિતિમાં માનવી જરૂર આટલું ચાલી ન શકે, ખાસ કરીને જે કોઈ જીવને ચાલવાની મુદ્દલે ટેવ નથી અને આજે પણ તે જીવ બે માઈલ તો ભાગ્યે જ ચાલી શકે - મતલબ કે ચાલી જ ન શકે. તેવો જીવ આટલા બધા માઈલ ચાલે અને શરીરે અવક્રિયાનાં કોઈ પણ લક્ષણ વિના તેવું પણ બની શકે એ ઘણી અજાયબ ઘટના છે. અઠ્ઠાવીસ કલાકમાં અમે લગભગ બત્રીસ માઈલ ચાલ્યા હોઈશું. ત્રણ કટકે તેટલો પંથ કપાયો હતો. તેર કલાક ચાલવામાં ગયેલા. ભાઈ તેમની હિમાલયની નોંધમાં લખે છે કે અઠ્ઠાવીસ કલાકમાં (જેમાં ચાલવાના કલાક તો તેર હતા) અમે સૌ બત્રીસ કલાક ચાલ્યાં. આ એક હેરત પમાડે એવી ઘટના મને લાગી. અને જ્યારે ચમોલીમાં તો શરીર-દુઃખથી થાકીને હારી ગયેલો જ્ઞાનસિંગ પણ (જે માંદો હતો અને જેને ચમોલીથી છૂટો જ કરી દેવાનો હતો અને કરી પણ દીધો હતો, તેને બદલે બીજો માણસ પણ રાખી લીધેલો અને તેને પાલખી ઊંચકનારા માણસો સાથે રાતે સુવાડેલો, પણ વહેલી સવારે પેલો નક્કી કરેલો માણસ ક્યાંય ભાગી ગયો હતો. જ્ઞાનસિંગે ચાલતી તો પકડેલી, પણ તેને બીજો માણસ દોડતો જઈને આઘેથી પાછો બોલાવી લાવ્યો, ત્યારે માંદગીને કારણે અને તે હવે પાલખી નહિ ઊંચકી શકે તેવું ખાસ લાગવાથી તેને ન છૂટકે છૂટો કરવો પડેલો, એવો જ્ઞાનસિંહ પણ) અઠ્ઠાવીસ કલાકમાં બત્રીસ માઈલ પાલખી સાથે ચાલ્યો. આ જ્ઞાનસિંગની

ચાલવાની ઘટના, અમારા બધાંની ચાલવાની ઘટના, સિદ્ધુભૈયાની અને બહેનની ચાલવાની ઘટના-એ બધું આશ્ચર્યકારક ગણાય.'

હિમાલયની યાત્રાએ નીકળ્યાં ત્યારે અમે હૃષીકેશ સીધા જઈને શ્રીકાળીકમળીવાળા બાવાની ધર્મશાળામાં ઉતારો કરેલો. ત્યાંથી અમે હરદ્વાર આવેલાં. હરદ્વારમાં ભાઈ સિદ્ધાર્થનું શરીર સારું ન હોવાથી ત્યાં ડૉક્ટરને પણ બતાવેલું અને દવા લીધેલી. તેના શરીરને ઘણા ઝાડા થયા કરતા. અમદાવાદ હતો ત્યારથી દવા તો શરૂ કરેલી અને નીકળતી વખતે પણ ઝાડા હતા. હરદ્વારમાં હૃષીકેશથી આવીને પણ દવા તો શરૂ કરેલી, પણ કંઈ મટતા ન હતા. અમે તેની દવા લઈને સાંજે પાછા હૃષીકેશ જતાં હતાં, ત્યારે આપોઆપ એમ ઉચ્ચારાયું કે, 'આવતીકાલે તો આપણી હિમાલયની પગપાળા યાત્રા શરૂ થવાની અને સિદ્ધાર્થને હજી ઝાડા બંધ થયા નહિ ! તેનું શરીર સાજું હોત તો ઘણો આનંદ પડત.' ત્યારે ભાઈએ કહ્યું કે 'ત્યારે એને સાજો કરી દોને ?' કોણ જાણે શી ઘટના બની તે તો એકલો શ્રીપ્રભુ જાણે. તે જ વખતથી તેના શરીરને સારું થયું. પરંતુ તેને જે પીડા હતી અને રોગ હતો તે તો આ જીવ ભોગવતું હતું. આ જીવને રસ્તામાં ઘણીવાર ઝાડા થાય. વારે ઘડીએ લેંઘો છોડવો ન પડે એટલા માટે તે લેંઘાની સિલાઈ એવી રીતે કરાવેલી કે પાછળથી બટન છોડી દે એટલે તે ભાગ ખુલ્લો થઈ જાય. એમ કેટલીયે વાર આ જીવનું દિશાએ જવાનું થતું. અને તે કામથી પરવારતાં બિલકુલ વાર લાગતી નહિ. તેથી બહેનને વહેમ ગયો કે કદાચ આ ખાલી ખાલી તો ન હોય ! પણ તે બોલેલાં નહિ. મનમાં ને મનમાં એવી વૃત્તિ તેમને થયેલી. તેથી તેમણે બહેનને બોલાવીને મળ બતાવેલો. આટલું શરીરે ભોગવતા હોવા છતાં તેની અશક્તિ શરીરને ન હતી અને હિમાલયમાં તેમનાથી ચઢવાનું નિરાંતે બની શકતું.

આવું બધું લખવાની પાછળ બીજો એક એવો પણ હેતુ છે કે જેથી સાચી રીતે હૃદયની ભાવનાથી મથનાર જીવ જીવન પ્રગટાવવામાં પ્રાર્થનાના રહસ્યનું

કેટકેટલું ઉપયોગીપણું છે, તે પોતે સમજે અને પ્રાર્થનાનો જ્ઞાનભક્તિપૂર્વક અંતરમાં અંતરથી આશ્રય લે. પ્રાર્થના જેવું ચેતનવંતું અને બળવાળું બીજું કોઈ સાધન નથી. હૃદયમાં હૃદયના સાચા ભાવથી, આર્તનાદ અને આર્દ્રભાવે, જે જીવ એનો આશરો લે છે, એને તેવી પ્રાર્થના કદી નિરાશ કરી શકતી નથી. એવી છે પ્રાર્થનાની અંતરતમ શક્તિ.

*જીવનપોકાર : ૬૫-૭૩*

હિમાલયની યાત્રામાં શ્રીબદરીનાથનાં દર્શને જવાનું હતું. અને બહેન તો માસિકમાં હતાં. હવે દર્શન કેમ કરી જવાય ? વૈષ્ણવ આચારવિચારવાળાં મોટીબા સાથે હતાં. અને આટલે સુધી આવ્યાં અને દર્શન ન કરી શકાય તે પણ ઠીક લાગતું ન હતું. શ્રીભગવાને કૃપા કરીને બહેનની એવી દશા ટાળી દીધેલી, તે સાવ સ્વચ્છ તથા શુદ્ધ બનેલી અને દર્શન કરી શકેલી. આવી હકીકત તે માત્ર કંઈ કલ્પના છે એમ તો કંઈ થોડું જ કહી શકાય એમ છે ?

*જીવનપોકાર : ૧-૨*

આવા કેટલાયે બનાવો બનેલા, જેમાં જાતે સહન કરીને પણ બીજા જીવોને આ કામ નિમિત્તે ઊની આંચ ના આવે તેમ પ્રભુકૃપાથી થયેલું. એવા તો કેટલાયે બનાવો હશે અને છે કે જે બનતા હોય અથવા બનવાના હોય તેની ખબર પડ્યા કરે, પરંતુ એમાં ખૂબી કશી અમારી નથી. એ બધી કરામત જો હોય તો તે શ્રીભગવાનની કૃપાની છે. *જીવનમંડાણ : ૧૪૬-૧૪૭*

માથે સમર્થ ધણી છે પ્રભુ, એમ જાણી,
નિશ્ચિંત હું રહું પડ્યો પ્રભુ, સોડ તાણી,
જાણું ન કૈં કરવી શેં તુજ પ્રાર્થના હું,
ગાંડાની જેમ બકવાટ કર્યા કરું હું.

*તુજ ચરણે : ૪૭* **- શ્રીમોટા**

## હિમાલયમાં અઘોરીબાબાની મુલાકાત

જ્યારે ગુજરાત હરિજન સેવક સંઘમાં હતો, ત્યારે ચેતનામાં નિષ્ઠા પામેલા મહાત્માના અનુભવને માટે હિમાલય ગયેલો. મુખ્ય હેતુ જન્મોત્રી, ગંગોત્રી,

કેદારનાથ, બદરીનાથ, તુંગનાથ અને બીજે જવાનો હતો. ગંગોત્રીમાં માતાજીનું મંદિર છે. ગંગામાતાના મંદિરની સામેની બાજુના કિનારે રહેતા કોઈ મહાત્માની વાતો કદીક કરતો. ઉપરાંત, ગંગોત્રીથી આગળ કેદારનાથ જતાં કોઈ ચટ્ટી પાસે ઊતરેલાં, ત્યારે મારી ખાસિયત પ્રમાણે બધાંને પૂછેલું, ત્યારે ખબર પડી કે એક અઘોરી બાવા અમુક ઠેકાણે રહે છે. તે ઠેકાણાની ચોક્કસ માહિતી અહીંથી મળી હતી. એ ચટ્ટીમાં દુકાનવાળો હતો તે કહે, 'અમુક ઠેકાણેથી અમુક ટેકરી પર ચડીને જવાનો રસ્તો નથી ઝાડ કે બુટ્ટી એવું કંઈક ઊગ્યું હોય એને પકડી પકડીને બેળેબેળે ચડીને જઈએ ત્યારે પાછું બીજું આરોહણ આવે છે. ત્યાંથી ત્રીજું પશ્ચિમ દિશામાં જઈને પૂર્વ દિશામાં વળી ઉત્તર દિશાએ જવાનું છે. તે બધું ચડાણ બહુ આકરું છે. બધું થઈને લગભગ દસબાર માઈલ થાય. ત્યાં એક અઘોરીબાવા ઉચ્ચ પ્રકારના અનુભવી પુરુષ છે.

મારી સાથે બોજીવાળો હતો. તેને પાસેની રકમ વગેરે આપતાં કહ્યું, 'જો ભાઈ, પાંચ દિવસ સુધી તું અહીં રહેજે. મારો બધો સામાન, રૂપિયાની આ રકમ વગેરે તું તારી પાસે રાખજે. એમાંથી ખાવાપીવાનું બધું ખર્ચ કરજે. પાંચ દિવસ થઈ જાય ત્યાં સુધીમાં હું ના આવું તો તું તારે ઘેર લઈ જજે. તે ઉપરાંત, શ્રી પરિક્ષિતલાલ તથા મારી બા વગેરેને કાગળ લખીને સરનામું કરીને આપી દીધા અને સૂચવ્યું, 'આ કાગળો તું ઘરે જાય ત્યારે ટપાલમાં નાખતો જજે.'

એમ કહીને હું તો ઊપડ્યો. સાથે લીધો એકમાત્ર કામળો.. થોડું ખાવાનું અને લશ્કરના સિપાહીઓ પાણી પીવાને રાખે છે તેવી વૉટરબૅગ. રસ્તો ઘણો ચડાણવાળો, અઘરો અને આપણી હિંમત, પરાક્રમ અને શૌર્યને પડકાર દે તેવો હતો. એકબે વખત તો પગ લપસ્યા હતા અને પડેલો પણ ખરો. છતાં વચ્ચે ઝાડ પકડી રાખવાને લીધે બચી પણ ગયેલો. હંમેશાં મને ભગવાનમાં એટલો બધો વિશ્વાસ છે કે એનાથી મને મદદ મળ્યા જ કરે છે. કેવા કેવા માણસોએ મને હાથ દીધા છે, સહાય કરી છે, ઓથ દીધી છે એ હકીકત છે. મથામણ કરતો કરતો ચડ્યો અને બતાવેલ સ્થળે પહોંચ્યો.

ત્યાં દુર્ગંધ બહુ આવતી હતી, એટલે લાગ્યું કે આ જ તે જગા હશે. ત્યાં મોટું ઝાડ આવતું હતું. તેની આગળ હાડકાં અને મળ બધું પડેલું હતું. ત્યાં જઈને બેઠો. એમ કરતાં કરતાં તો રાત પડવા આવી. પોતાની પાસે પાણી તો

હતું, તેમાંથી થોડું પીધું. ખાવાનું સાથે હતું તે પણ ખાધું. એથી એક દિવસમાં બધું ખાવાનું પૂરું થઈ ગયું. કેમ કે સાથે મોટો જાડો ધાબળો ઊંચકવાનો હતો. એટલે વધારે ભાર લઈને ચડી શકાય એમ ન હતું. રાતના એક બે વાગ્યા. પોતાની મસ્તીમાં અને પોતાના ભજનમાં, ભાવમાં હું મશગૂલ હતો ત્યારે પેલા અઘોરીબાવા આવ્યા. એ છાનામાના બોલ્યા ચાલ્યા વિના બેસી રહ્યા.

તેમ ત્રણ દિવસ પસાર થઈ ગયા. મને તરસ અને ભૂખ કકડીને લાગેલી. પણ એની નવાઈ ન હતી. પેલા અઘોરીબાવા કંઈ બોલે ચાલે નહિ. ચોથા દિવસની વાત. પેલા બાવા બોલ્યા, 'બચ્ચા, ભૂખ-તરસ લગી હૈ ?' ત્યારે કહ્યું કે, 'ભૂખ લાગી છે' એટલે તે એક કાચલીમાં રાબ જેવું આપીને બોલ્યા, 'બચ્ચા, પી જા. ઈસસે તેરી ભૂખ-તરસ મીટ જાયેગી. ઈસસે ભૂખ ભી નહીં લગેગી. તૃષા ભી નહીં લગેગી.' મેં એ લીધું. એમાંથી ઘણી દુર્ગંધ આવતી હતી. મને આવી બાબતનો પરિચય, એટલે એ ધીરે ધીરે ખાવા લાગ્યો. ખાતાં ખાતાં મને કંઈ બીજો સ્વાદ આવ્યો નહિ. પણ બધું સાફ કરી ગયો. કાચલી પણ ચાટીને સાફ કરી દીધી. પણ એની એક વાત અદ્‌ભુત હતી કે તેનાથી ભૂખ ગઈ અને તરસ પણ ગઈ. અને ભાવ એવો પ્રગટ્યો કે ભાવની સ્થિતિમાં, ભાવાવસ્થામાં કેટલા વખત સુધી તદ્રૂપ થઈ ગયો !

તે પછી જ્યારે શરીરની સભાનતામાં આવ્યો, ત્યારે અઘોરીબાવાએ કહ્યું, 'અરે બચ્ચા ! તું મેરે સાથ ઈધર રહ જા. તેરેકુ જો કુછ દિલ મેં કરને કી મહત્ત્વકાંક્ષા હૈ, વો સબ ઇધર તેરુકુ સંતોષપૂર્ણ મિલ જાયેગા.'

મેં કહ્યું, 'હું ગરીબ આપનાં દર્શન માટે આવ્યો છું. કેટકેટલાયે અનુભવી મહાત્માઓ છે. એમની શુભાશિષો મને જો મળી શકે તો તેની પ્રાર્થના કરું છું. કોઈની પાસે કશું માગતો નથી. એમની સાથે એવો ભાવ રાખું છું કે પ્રેમભક્તિના કારણે મારા હૃદયમાં એક એવા પ્રકારની સ્વીકારશક્તિ (રીસેપ્ટીવિટી)થી ભાવની તદ્રૂપતા મારા જીવનમાં પ્રગટે અને જીવંત વહ્યા કરે.

અઘોરીબાવાએ કહ્યું, 'તારે તે માટે અહીં રહી જવું પડશે. અહીંથી જઈ શકીશ નહિ. હું કેટલાય વખતથી અહીં આવા એક સમર્થ શિષ્યની શોધમાં છું. પરંતુ બહાર શોધવા હું ગયો નથી. મારી પણ એક એવા પ્રકારની પ્રચંડ ભાવના છે કે તને આકર્ષણ લાગ્યા વિના રહેવાનું નથી. તું આપમેળે આવ્યો

છે. મેં તને કંઈ બોલાવ્યો નથી. તું શોધતો શોધતો આવ્યો છે તો તું રહી પડ. તારી ધારેલી બધી જ ઇચ્છા પૂરી થશે એમાં કોઈ જાતની શંકા નથી.'

મેં એમને કહ્યું, 'પ્રભુ, મળેલી પરિસ્થિતિ, મળેલા સંજોગો અને એના પરત્વેનો ધર્મ અને એના પરત્વેના ધર્મનું પ્રેમભક્તિપૂર્વક, એના હેતુની સભાનતા સાથે આટલું કર્યું એ જ ધર્મ છે. બીજા કોઈ ધર્મને હું જાણતો નથી. અત્યારે મારો ધર્મ હિમાલયમાં આપના જેવા મહાત્મા અને મહાનુભાવોના ચેતનાત્મક ભાવને સ્વીકારવો, અનુભવવો, દિલમાં દિલથી અનુભવવો એ જ મારી આ યાત્રાનો હેતુ છે. મારે હજુ ઘણે ઠેકાણે જવાનું છે. મારો હેતુ હજુ ફલિત થયો નથી. મારે હાલમાં પ્રાપ્ત થયેલું જે કર્મ છે, સંજોગો છે, પરિસ્થિતિ છે, તેના પરત્વેની મારી ફરજમાંથી હું મુક્ત થઈ શકું નહિ. મને કોઈ બેળેબેળે રાખી શકે એવી કોઈ તાકાત નથી.'

તે બાવા બોલ્યા, 'હું જોઉં છું તું કેવી રીતે જાય છે ? તું મારી સાથે રહે તો સારી વાત છે. તને બધું મળી શકશે. આ હઠ તું નહિ છોડે તો તારું શરીર ટકી શકવું મુશ્કેલ બની જશે. હું જોઈશ કે તું કેવી રીતે જાય છે ?'

મેં કહ્યું, 'आ जीव 'કોઈ પણ પ્રકારના ભયને ગાંઠે એવો નથી. ભયને જીવનમાંથી ભગાડી મૂક્યો છે. ભગવાનની કૃપાથી અભય મારા ગુરુમહારાજના આશીર્વાદથી પ્રાપ્ત કરેલો છે. તે મારો જીવનનો મોટામાં મોટો શૃંગાર છે, ગૌરવ છે. જીવનની એક નક્કરતા અને ચેતન અનુભવવા માટેની જીવંત વાસ્તવિક આવશ્યકતા છે.'

ભજન ગાતો ગાતો મસ્તીમાં નીચે ઊતરી ગયો. ઊતરતાં વાર પણ ન લાગી. નીચે આવ્યો, નાહ્યો-ધોયો, પછી રસોઈ બનાવી અને જમ્યો પછી સૂતો. સવારે ઊઠ્યો ત્યારે શરીર નીરોગી, પણ પછી ઝાડા થવા લાગ્યા. ઘણા ઝાડા થયા. ઘણા ઝાડા થાય ત્યારે ચટ્ટીમાં રિવાજ કે ત્યાં રહેવા ન દેવાય. એથી એક ઝરણા પાસે ઝાડની નીચે પથારી કરી મીણિયું પાથર્યું અને ઉપર સૂતો. શરીરથી ચાલી શકાય એવી સ્થિતિ રહી ત્યાં સુધી વેગળો જઈને ટટ્ટી જઈ આવતો. સાફ કરતો, ધોતો પછી હાથ, પગ અને મોઢું ધોઈને સૂઈ જતો. પછી બેભાન થઈ જવાની તૈયારીમાં હતો, ત્યારે કોઈ બંગાળી સાધુ જેવા પાસે આવ્યા એટલું મને યાદ છે.

આશરે અઢાર કે વીસ દિવસ બેભાનમાં પસાર થયા હશે. પેલા બંગાળી સાધુ સેવા કરતા હતા. તે કહેતા હતા તે ઉપરથી જાણેલું કે પોતે બેભાન અવસ્થામાં પણ ભગવાનની એકધારી એકાગ્રતાની કેંદ્રિતતાથી એવો પોકાર હૃદયમાંથી નીકળતો કે ભગવાન મને સાંભળે. એમના ગુરુમહારાજ પર મને એવો અટલ વિશ્વાસ હતો.

સમર્થ ગુરુએ બચાવ્યો. તે પછી ધીરે ધીરે શરીરમાં ચેતન આવવા લાગ્યું અને ઊઠતો બેસતો થયો. બંગાળી સાધુએ ઘણી સેવા કરેલી. પાસે એવું કંઈ ન હતું કે એ સેવાનો, ઋણનો બદલો વાળી શકું. ઓઢવા પહેરવા માટે જે થોડું હતું એમાંથી એક પાતળો કામળો અને પચીસ રૂપિયા સાધુને પગે લાગી, નમસ્કાર કરીને આપ્યા. સાધુએ કહ્યું, 'ભાઈ, આ બધું તું શું કરે છે ? તારી પાસે કંઈ નથી અને મને આપે છે તે બરાબર નથી.' સાધુએ કશું લીધું નહિ. 'મને તારી સેવા કરવાનો હુકમ મળેલો એટલે હું આવેલો. તું કેટલે દૂર હતો. ત્યાં મને કોઈકે કહ્યું કે, 'તું જા ફલાણે ઠેકાણે મારો ભક્ત છે તેની તું સેવા કર. તારી સેવા મેં કરી છે ખરી પણ હું નિમિત્તમાત્ર છું.

પછી ચાલવા જેટલી શક્તિ આવતાં ત્યાંથી ઊપડવાનો દિવસ નક્કી કર્યો. બંને જણ વાતો કરતાં કરતાં ચાલતા હતા, તે પછી પેલા સાધુ દેખાયા નહિ. મને થયું કે તેઓ લઘુશંકા કરવા ગયા હશે, હમણાં આવશે. જ્યારે પાછળ ફરીને જોયું તો ક્યાંયે સાધુ મળે નહિ. દેખાયા જ નહિ, ગયા તે ગયા !

*જીવન અને કાર્ય : ૫૮૭-૫૯૧*

જો કોઈ હોય હરનાર દુઃખો, પ્રભુ તું !
ને ટાળનાર ભયનો ભગવાન છે તું,
તું જે દયાળુ, પરમેશ્વર એક છે તું,
એવા પ્રભુ હૃદયથી તુજને નમું હું.

*તુજ ચરણે : ૩૭* - **શ્રીમોટા**

# હિમાલયમાં એક સાધુની મુલાકાત

ચેતનામાં નિષ્ઠા પામેલા આત્માઓ હોય તેમને પણ જીવનમાં સંઘર્ષ થવાનો છે. તે સમાજથી વેગળો નથી. ગુફામાં બેસીને જીવન ગાળનાર આત્મા તો

જવલ્લે જ હોય છે. તે પણ સમાજથી વેગળો નથી જ હોતો. હું આ જ હેતુ માટે એકલો નીકળેલો. ૧૯૩૩ની આખરમાં હિમાલયમાં મને એક મહાત્મા મળ્યા. તે બરફમાં રહેતા. ફક્ત પાસે એક નાનું હથિયાર રાખ્યું હતું. જેથી બરફ ખોદીને હવા આવવાનો રસ્તો થઈ શકે અને પાણી મળી શકે. ખોરાક વગર પણ ચલાવી શકે, આ માર્ગમાં પેશાબ-મળત્યાગ ઉપર પણ કાબૂ લાવી શકે છે. ઊંઘ ઉપર પણ સ્વામિત્વ લાવી શકાય. એવા આ મહાત્માનાં દર્શન થયેલાં. તેમને મેં પૂછ્યું કે 'તમે સમાજથી અળગા રહીને શું કરી શકો ? 'તેમણે કહ્યું, 'સમાજથી ભલે અળગો લાગતો હોઉં, પણ બ્રહ્માંડ સાથે જોડાયેલો છું. એનાથી અલગ નથી.' તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ એમાં (fallacy) દોષ નથી. તેમને મેં પૂછ્યું,'અહીં રહ્યે વ્યક્તિ સાથેનો તમારો સંબંધ કઈ રીતે ?' એમણે કહ્યું, 'શરીર પરંપરાનું બનેલું છે કે નહિ ? જીવનની અનંતતા છે કે નહિ ? ફળફૂલ વગેરે થાય છે કે નહિ ? કોઈ પણ વસ્તુ ફેરફાર વગરની છે ? છતાં પણ અનંતતા કાયમ છે કે નહિ ? તેવી જ રીતે સાંકળ ચાલ્યા કરતી હોય છે. મનુષ્ય જીવન પણ અટકેલું રહેતું નથી. તે અહીં અટકતું નથી, એ આગળ પણ રહેવાનું અને પાછળ પણ હતું. તારું નાાનકડું મગજ વહેવારમાં ચાલે નહિ. સંશય ટળે તો તો મોટી વાત થાય. પણ બુદ્ધિથી આ વાત ન સમજાય-અનુભવ વગર થાય નહિ.' મેં તેમને બહુ પ્રાર્થના કરી કે સમજાવે. તેમણે કહ્યું કે 'એકલો પૃથ્વી સાથે સંબંધ નથી. સકળ બ્રહ્માંડ સાથે સંબંધ અહીં બેઠાં બેઠાં નિમિત્ત પ્રગટે છે.' મેં કહ્યું, 'એ સ્વીકારાતું નથી. સમજાતું નથી મને આમાં સમજ પડતી નથી.' તેમણે કહ્યું કે 'પૃથ્વી કશાક સાથે સંકળાયેલી છે તે આપણે માનીએ છીએ. તે સૂર્યમાળા સાથે સંકળાયેલી છે. બીજા સાથે, ત્રીજા સાથે સંકળાયેલ છે એ બુદ્ધિ કેવી રીતે માને છે ?' મેં કહ્યું, 'તેની સમજણ તો નથી પણ એવું શીખેલા એટલે તે દિલમાં ચોંટી ગયું છે.' મેં પૂછ્યું કે 'તમે અહીં રહ્યે રહ્યે કેવી રીતે સંકળાયેલા છો ?' તેમણે કહ્યું કે 'આપણને જેવી રીતે એમ નથી લાગતું કે પૃથ્વી સંકળાયેલી છે, છતાં હકીકતમાં તે વાત સાચી છે. તેવી રીતે અનુભવથી માનીએ તો તે સૂક્ષ્મમાં પ્રગટે છે. અહીં બેઠાં બેઠાં જેવું નિમિત્ત

પ્રગટે છે તે બધા અહીં હાજર થાય છે. ફક્ત મનુષ્યો જ નહિ, દેવદેવીઓ પણ. સૃષ્ટિમાં ચૌદ પ્રકારની યોનિઓ છે. તેમાં દેવદેવીઓની પણ એક યોનિ છે. પ્રેતયોનિ પણ છે. મારે એ બધાં સાથે સંબંધ છે. એ લોક સાથે નિમિત્ત પ્રગટે તોપણ શું અને ન પ્રગટે તોપણ શું ? શરીર છે ત્યાં સુધી એ ચાલ્યા જ કરવાનું છે. મારી પાસે થોડી પળો માટે આવવાથી પણ તેનો ઉદ્ધાર છે. મારી સાથે થવાથી તાદાત્મ્ય કેળવાય છે. બુદ્ધિથી સંશય ટળે એવી ખાતરી નથી. કોઈ વ્યક્તિ બધાને લુચ્ચી લાગતી હોય. મને તેનો સારો અનુભવ હોય. આપણને અનુભવથી જ ખાતરી થઈ શકે. માણસે અનુભવ ઉપર મક્કમ રહેવું જોઈએ. અનુભવ વગર સંશય જાય નહિ. બુદ્ધિથી નહિ જ જાય.' આ તેઓ હકીકતરૂપે કહેતા અને હું જડસું માફક સમજી રહેલો. તેમને મેં પૂછ્યું, 'તમારા જેવા ઘણા મહાત્માઓ આ દેશમાં છે, છતાં ઉદ્ધાર કેમ નથી થતો ?' તેમણે આગળ કહ્યું, 'આનાથી બીજ રોપાય છે એ તરત ફળી નથી જતું. પણ જ્યારે એ સંસ્કારનો ઉદય થાય ત્યારે એ જાગે છે. તું પણ પહેલાં ક્યાં માનતો હતો ? તું માનતો કે આવા મહાત્માઓ જગતને ભારરૂપ છે. તને તારા નામ સાથે બોલાવ્યો છતાં તું જઈ શકતો ન હતો. તને ઓળખતા ન હતા. પિછાન ન હતી છતાં તને બોલાવ્યો હતો.'

*મૌનએકાંતની કેડીએ : ૨૧-૨૩*

અમારું જે જીવન સાચું બધું અંતરનું જીવન તે,
શકે જાણી ન કોઈએ, અવરને ના ગતાગમ છે.
*જીવનસ્મરણ : ૨૫૪* **- શ્રીમોટા**

## હિમાલયના મહાત્મા પાસે માલવિયાજીએ મંદિરમાં કરાવેલ પ્રાણપ્રતિષ્ઠા

પંડિત માલવિયાજીએ હિન્દુ યુનિવર્સિટીમાં કાશીવિશ્વનાથ જેવું મંદિર બનાવેલું. શહેરના કાશીવિશ્વનાથ મંદિરની નકલ કરાવી એમણે ત્યાં પણ ગંગાની નહેર બનાવેલી. બધે પાણી જેવું બનાવેલું. બધું તૈયાર થયેલું. પણ એની પ્રાણપ્રતિષ્ઠા કોણ કરે ' પ્રાણપ્રતિષ્ઠા વિના પૂજાય નહિ.

હિન્દુ યુનિવર્સિટીની અંદર બનાવેલું. પછી એની પ્રાણપ્રતિષ્ઠા કરવી પડેને ? તો પ્રાણપ્રતિષ્ઠા કરવા માટે કોઈ લાયક માણસ પણ જોઈએને ? એ લાયક માણસ શોધતા હતા. માલવિયાજીને સાધુસંતો સાથે સહવાસ પણ વધારે. એ માટે માલવિયાજી ફર્યા. તે ફરતાં ફરતાં જડ્યું કે હિમાલયમાં ગંગાજીનું મંદિર છે, તેની પેલી બાજુ એક નાગા સાધુ છે. તે આવા જ્ઞાની પરમ પુરુષ છે એવી એમને ખબર પડી. એટલે એ પોતે ત્યાં ગયા. એમ ને એમ તો એ માને એવા હતા નહિ. આપણે તો દર્શન કરીએ. ત્યાં ગયા, બેઠા, બેત્રણ દિવસ થયા. ત્યાં આગળ બહુ પહેલાંની હિન્દુઓની એક સંસ્થા છે. કાલીકામળીવાળા બાબાની સંસ્થાઓ ઠેકાણે ઠેકાણે છે. માણસો રહી શકે એવી બધી સગવડો રાખે. કાલીકામળીવાળા બાવાએ કરેલી. માલવિયાજી મહારાજ પાસે બે દિવસ એમ ને એમ બેસી રહ્યા. એમ ને એમ બેસે, બધું જુએ, તપાસે. માલવિયાજી સંસ્કૃતના બહુ જાણકાર અને જ્ઞાની હતા. પછી કંઈ વાત ઉપાડી. પેલા બરાબર જવાબ આપતા. એવા જવાબ આપતા કે માલવિયાજી ખુશ થઈ ગયા. પછી ઈશ્વર વિશે બીજા બધા પ્રશ્નો પૂછતા એના પણ બધા સાચા જવાબ આપ્યા. એટલે આ પણ અનુભવ સાચો. આમ, માલવિયાજીને ખાતરી થઈ.' બીજું કંઈ કારણ નથી. જેમ કાશીમાં કાશીવિશ્વનાથ છે, એવું એક મંદિર અમે બનાવ્યું છે. યુનિવર્સિટીમાં હજારો વિદ્યાર્થીઓ ત્યાં ભણે છે અને ત્યાં ગંગાજીની નહેર કાઢી છે એ પણ આગળ પાછળ ફરે છે. બરોબર પ્રોટોટાઈપ કાશીવિશ્વનાથ મંદિર જેવું કર્યું છે. એની પ્રાણપ્રતિષ્ઠા કરવી છે. ઘણા વખતથી હું ખોળતો હતો કે કોઈ એવો અનુભવી પુરુષ મળે કે જેના હાથે પ્રાણપ્રતિષ્ઠા થાય. પછી હું તમને આ જ સ્થિતિમાં મૂકી જઈશ.' 'બહુ કપડાંલત્તાં પહેરીશ નહિ. તારે મને લઈ જવો હોય તો લઈ જા. કપડાંબપડાં નહિ પહેરું.' 'તમારા માટે ફસ્ટ ક્લાસનો સ્પેશિયલ ડબો રાખીશ અને ફૂલનો પહેરવેશ આપીશ.' 'મને ફૂલનો વાંધો નથી. ગમે તેવાં ફૂલ નહિ ચાલે. સુગંધીવાળાં ફૂલ જોઈએ.' 'તૈયાર રાખીશ.' અને મહારાજ હિમાલયની તળેટી સુધી તો નાગા રહેલા. પછી સ્ટેશન પર આવ્યા ત્યાર પછી ફૂલના શણગાર કરેલા.. માથે મુગટ, ગળામાં માળા. આ

બધું ફૂલનું તૈયાર કરેલું. તે મહારાજને પહેરાવી દીધું. પછી ત્યાં બેસાડ્યા. એ તો કશું બોલે-કરે નહિ. આ બધું વર્ણન મેં 'હિન્દુ'માં વાંચેલું. એટલે મને થયું કે,'આ મહારાજનાં દર્શન કરીએ તો બહુ સારું. કંઈ કૃપા થવાની હોય તો થાય. એટલે આ મહારાજનાં દર્શન કરવાને માટે ઓગણીસો ચોત્રીસની સાલમાં ગુફામાં ગયેલો. ત્યાં જઈને બેઠો. માલવિયાજીએ મહારાજ માટે ઘણી સારી સગવડ કરી આપેલી. પહેલાં અહીં ઓરડી મળે નહિ. શિયાળામાં, ઉનાળામાં તે એક જ સ્થિતિમાં ત્યાં જ પડ્યા રહે. પછી માલવિયાજીએ એમને માટે ઘર કરાવ્યું. કંઈ કશી એમને માટે જોઈતી વસ્તુઓ મળે એવી વ્યવસ્થા ત્યાં આગળ કરાવી. અમુક વખતે બંધ થઈ જાય, અને છ મહિના ચાલે, છ મહિના પછી બરફ પડવા માંડે. એટલે બંધ થઈ જાય. એટલે છ મહિના પછી પણ વસ્તુઓ રહે એવી સગવડ કરી આપી.. એમની સેવામાં પોતે ઓળખતા હતા એવી એક બાઈ રાખી હતી. બે માણસો રાખ્યા. માલવિયાજીએ બધી વ્યવસ્થા પાકી કરી અને નીચે ઊતરી આવ્યા. એવું બધું મેં વાંચેલું છે.

હું ત્યાં ગયેલો. કેટલાય માણસો એ મહાત્માનું ભૂંડું બોલે. મહાત્માનું ખરાબ બોલે.

*તદ્રૂપ-સર્વરૂપ : ૮૨-૮૫*

## ગંગોત્રીમાં રહેતા સાધુમહાત્માની મુલાકાત

હિમાલય ગયેલો, ત્યારે ત્રણ મહાત્માઓનાં દર્શન થયેલાં. એમાં એક તો અઘોરીબાબાની વાત કરી. બીજા હિન્દુ મહાવિદ્યાલયના સંદર્ભમાં માલવિયાજીને મળેલા એમની વાત કરી. અને ત્રીજા હિમાલયમાં જ રહેતા હતા. અને જ્યાં ગંગાજીનું મંદિર છે, એમાં જ રહેતા. છ મહિના ચાલે અને છ મહિના બંધ રહે, ગામડાંમાંથી પણ લોકો ત્યાં આવતા. કોઈક કોઈક રહે અને છ મહિના નીચે ઊતરી જતા. હું એક બાજુ કોઈક ઠેકાણે રહેતો.

એક બાઈ એમની સેવામાં રહેતી. એણે એવી બધી વાત મને કરી. મહારાજની બધી નેગેટિવ વાતો હતી. અને સંસારમાં એને સ્વીકારવાવાળા બહુ થોડાક હોય. મને થયું કે, 'આવા મોટા મહાત્મા પુરુષ છે અને આ બાઈને આટલો બધો મદ છે ? એ ભગવાનની કૃપાથી જાય તો સારું. કારણ કે

આ બાઈ કેટલાયને કહેતી ફરશે અને લોકો આ બાઈનું માનશે. અને પેલા મહાત્મા તો કંઈ સ્પષ્ટતા કરવા જવાના નથી. લોકો તો વાત ફેલાવ્યા કરે. એટલે મેં ભગવાનને પ્રાર્થના કરી કે તું એને સદ્‌બુદ્ધિ આપ અને એનું ખરું સ્વરૂપ જુએ અને આવી બુદ્ધિ એની નીકળી જાય એવું તું કર. આ દૂર હટાવવા જેવી વાત મને લાગે છે. માટે કોઈ પણ ઉપાયે આ તો થવું જ જોઈએ.' એમ આખી રાત પ્રાર્થના કરવા માંડેલી. પછી સવારમાં ઊઠીને, દાતણપાણી કરીને નદીમાં નાહીને ધોયેલાં કપડાં પહેર્યાં. ગંગાસ્નાન કરતાં પ્રાર્થના કરી. પછી એ બાઈ આવીને મને પગે પડી અને કહે, 'મોટા, હવેથી હું આ કામ નહિ કરું. મેં ભયંકર ભૂલ કરી નાખી. આવા મોટા મહાત્મા વિશે આવી વાત ફેલાવી ! હવે એનું પ્રાયશ્ચિત્ત મને બતાવો.' મેં કહ્યું, 'આનું પ્રાયશ્ચિત્ત એ કે દૃઢ વ્રત લે. ભૂલેચૂકે પણ આના વિરુદ્ધમાં કંઈ પણ તારે કહેવું નહિ. અને તને કંઈ પણ શંકા થાય તો એમને જઈને પૂછી આવજે.' તો કહે, 'મારી જોડે તેઓ વાત કરશે ?' મેં કહ્યું, ' હા, જા, તારી જોડે વાત કરશે.' પછી એ બાઈને મહાત્મા પાસે લઈ ગયો. પગે લાગ્યો. પછી મેં બધી વાત કરી. અને કહ્યું, 'આને કંઈ પણ શંકા થાય, કંઈ વાત કરવાનું મન થાય, તો કૃપા કરીને ભગવાનની ખાતર એટલું કરજો. વચન આપો.' તો કહે, 'હા, જા વચન. એને જ્યારે આવવું હોય ત્યારે આવે. એની સાથે વાત કરીશ. એણે કેવી કેવી વાતો મારા વિશે ફેલાવી છે, તે હું જાણું છું. મારે તો કંઈ જાણવા કરવાનું હોય નહિ. જેવી ભગવાનની મરજી. પણ એને આવીને જે કંઈ પૂછવું હોય તે પૂછે. વાતચીત કરવી હોય તોપણ કરે. અને એને મદદ જોઈતી હશે તોપણ આપીશ.' મેં એ બાઈને કહ્યું, 'જો, કેટલા ઉદાર છે ! તેં ખરાબ કર્યું, પણ તને મદદ આપવાને માટે તૈયાર થયા. તે તને એનું ઉદાર હૃદય સમજાય છે કે નથી સમજાતું ? 'તો કહે, 'સમજાય છે.' પછી અમે આવતા રહેલા. પણ આવા મહાત્માઓ હોય છે.

એક મકાન હતું એમાં રહેતા હતા. એક છોકરો રાખેલો. એક બાઈ રાખેલી. તે બધું કરે. અને બધો પૈસાનો હિસાબકિતાબ રાખવા એક મુનીમ

રાખેલો. પૈસા કોણ મોકલાવે તેનો હિસાબ રાખતો. ત્રણ જણ રહેતાં હતાં. માણસો આવજા કર્યા કરતા. મરજી આવે તો સવાલનો જવાબ આપે. નહિતર ના આપે. મૂંગા મૂંગા બેસી રહે. પૂછીએ એટલે જવાબ આપવો જ જોઈએ એવું નહિ. બેચાર વાર પરસીસ્ટન્ટ (પાછળ પડવું) થાવ, તો આપવો હોય તો આપે. આપણે પરસીસ્ટન્ટ થવું જોઈએ. આપણે એની પાછળ ફર્યા જ કરવું. પાંચ છ દિવસ સુધી ગયો ત્યારે એમણે છઠ્ઠે દિવસે મારી સાથે વાત કરી. એટલી ધીરજ રહે નહિ અને એ 'ના બોલ્યા, છો સૂઈ ગયા. આપણે તો હેંડો.' એમ કહે તેને માટે નકામું. *તદ્રૂપ-સર્વરૂપ : ૭૩-૭૫*

ન રંગાયે બુદ્ધિ જહીં સુધી ખરી ભક્તિના રંગથી તે,
ન માને આવે તે મદદ ખપમાં પૂરી પિછાનવાને;
કર્યે કોરી બુદ્ધિ થકી જનનીની ખાલી વાતો, ન પામે,
રહ્યો ખાંડાધારે પથ, મરજીવા શૂર જે ભક્ત પામે.

*ગંગાચરણે : ૨૩* - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# ખંડ - ૧ ૨

# સાક્ષાત્કાર

જેણે સાચું નિજ જીવનનું કાર્ય જે ઊર્ધ્વગામી
માન્યું, તેમાં નિજ જીવનનું સર્વ કાંઈ સમર્પ્યું.
છોને ફાવે કંઈ પણ ભલે ક્ષેત્ર તે હો ગમે તે,
સેવા એવો પણ જગતની એની રીતે કરે છે.

જેનાથી કૈં જગત પરનાં સર્વ સામાન્ય એવાં,
જેઓ જેઓ નિજ જીવનમાં કૈંક સામર્થ્ય પામ્યાં,
એવી શક્તિ ગૂઢ, સકળને જે રમાડી રહી જ્યાં,
તે શક્તિનાં સહુ રમકડાં આપણે તો બિચારાં.

*જીવનમંથન : ૯૨* **- શ્રીમોટા**

શરીરમાં છેક અવતરવા તને દિલ પ્રાર્થના મુજ છે.
પ્રગટ ત્યાં અવતરી પૂર્ણ શરીરને સાબદું કરજે.

*જીવનસૌરભ :* **- શ્રીમોટા**

# સાધનાની ફલશ્રુતિ

મેં સાધના શરૂ કરી ૧૯૨૧ની આખરમાં અને ૧૯૨૮ના માર્ચમાં આ શરીરને સાપ કરડ્યો. ત્યાર પછી નામસ્મરણ અખંડ જીવતું બનવા લાગ્યું. ત્યાં સુધી મનની સાથે કામ પાડવાનું હતું અને સાધનામાં તેને પરોવવાને કાજે કંઈ કંઈ ઉગ્ર પ્રકારો સાધવા પડેલા. મન કંઈ એમ ને એમ નંથાઈ જતું નથી. મારામાં જો મારા ગુરુમહારાજ પરત્વેની ઉત્કટ ભાવના અને લગની ન હોય તો તેમ થઈ શક્યું હોત કે કેમ એ વિશે મારા મનમાં શંકા છે. કદાચ ન જ થઈ શક્યું હોત. હું એમના ચેતના સ્મરણને મારા હૃદયમાં સાથે રાખી રાખીને જ્યાં ત્યાં ફરતો અને જે તે કંઈ કર્યા કરતો. એવું ચેતનાસ્મરણ જ્યારે અખંડ બની જાય અથવા તો તેની ઉત્કટતાની પારાશીશીમાં હોય છે ત્યારે મન શાંત અને મદદ કરનારું હોય છે. જ્યારે આપણે આપણામાં નથી હોતા, તેવી વેળાએ જ મનની કારી ફાવે છે. મન પોતાના અસલ સ્વભાવમાં જતું રહે છે. કારણ કે મનની પકડ ઢીલી થઈ જાય છે. મનને એકની એક બાબતમાં હજારો વાર પકડી રાખીએ એમ કહેવું તો સહેલું છે, પણ તે પકડ્યું પકડી રાખી શકાતું નથી. અને પકડી રાખવા કાજે જે યોગ્ય જ્ઞાનપૂર્વકના બળની જરૂર રહે છે, તે કાજે તો સાધનાની પરમ જરૂરિયાત છે. મનને વારેવારે સંકેલી સંકેલીને, સંકોરી સંકોરીને આપણે ટકોર્યા કરવું પડે છે. *જીવનમંડાણ : ૧૧૭-૧૧૮*

# મને સાપ કરડ્યો

સારા કે માઠા ગણાતા પ્રત્યેક પ્રસંગમાં શ્રીભગવાનની કૃપા વરસી રહેલી જ હોય છે. આ કંઈ માત્ર કલ્પનાની વાત નથી. પણ આ જીવનમાંથી અનુભવથી તારવેલી હકીકત છે. ૧૯૨૮ની સાલમાં પૂજ્યશ્રી સરદારના હાથે બોદાલમાં હરિજન આશ્રમ ખુલ્લો મૂકવાનો હતો. તે પ્રસંગે નડિયાદથી મારી બા સાથે ત્યાં જવાનું બનેલું. સરદાર હોય એટલે પછી લોકોનાં ટોળેટોળાં ઊમટે અને ધાંધલ અને ધમાલ તો હોય જને ! સવારમાં કેટલાક લોકો, અમારા ખેતરમાં રહેતા હશે. એવા એક સાપને મારવા લાગેલા. તેમને તેમ કરતાં વારીને તે સાપને છોડાવેલો. તે દિવસે સારોય દિવસ ધમાલ, ધમાલ અને બસ ધમાલ જ રહ્યા કરી હતી. રાત્રે પણ ગિરદી એટલી અને શોરબકોર પણ તેવો જ. તેથી એકાંત,

શાંત અને જરા નિરાંત મળી શકે એવા હેતુથી જરા આઘે, પાસેના ખેતરમાં હું સૂતો હતો. તેવામાં પૂજ્ય શ્રી ઠક્કરબાપા મને આરામથી શાંત જગામાં સૂતેલો જોઈ પોતે પણ ત્યાં જ સૂવા આવ્યા. અને એમનું જોઈ શ્રી શ્રીકાંત શેઠ પણ પોતે ત્યાં સૂતા. હું વચમાં હતો. રાતે મધરાતે, માથામાં એક એવો ભારે ઝાટકો થયો હોય અને મોટા ભારે વજન સાથેનું માથામાં મધ્યમાં વેગથી સોંસરું ઝાટકા સાથે કંઈક કશું થયું હોય એવું લાગ્યું અને ફટાક કરતાંને મારાથી બેઠું થઈ જવાયું, અને સાથળે પણ કંઈક જરા લોહી તથા ડંખ જેવું લાગ્યું. બીજાઓ પણ સફાળા જાગી ઊઠ્યા અને લીમડો અને મીઠું વગેરે આપવા લાગ્યા. લીમડો અને તેનો રસ તો ઘણો લીધેલો, એટલો અભ્યાસ હોવાથી તે કદાચ કડવો ના પણ લાગે એમ જણાવ્યું. પછી તો બેભાન થઈ જવાપણું અનુભવવાનું થવા લાગ્યું. તે વેળા પૂજ્ય ગાંધીજીનું એક વચન ઓચિંતું યાદ આવી ગયું. 'જેને સાપ કરડ્યો હોય એને મારી મારીને પણ જાગતો રાખવો એમાં હિંસા નથી પણ શુદ્ધ અહિંસા છે.' સાર આવો છે તે યાદ આવતાં જ મન સાથે નક્કી કરી લીધું કે ગમે તેમ, જે થવાનું હોય તે ભલે થાઓ, પણ બેભાન તો નથી જ થઈ જવું. અને જોરજોરથી સ્મરણ કરવા લાગ્યો. સતત સ્મરણ ખૂબ મોટેથી લીધા કરતો. એક બાજુ સાપનું ઝેર બેભાન કરાવવાને મથે અને બીજી બાજુ જાગૃતિ રાખીને નામ લીધા કરી બેભાન ન થઈ જવાય તે માટેની જોરદાર પ્રેરણા અંતરમાં અંતરથી થયા કરે. આમ, ગજગ્રાહ યુદ્ધ મચેલું. મૃત્યુનો અનુભવ જરૂર થયો અને નામસ્મરણ આપોઆપ એવા તો પ્રાણપૂર્વક અને વેગથી થયા કરેલું કે તે થયે જ જાય.

મને બોદાલ ગામમાં સાપ ઉતરાવવા લઈ ગયા, ત્યાંથી આસોદર (તા. બોરસદ) પણ લઈ ગયા. તે પછી આણંદના મિશન દવાખાનામાં મને રાખ્યો હતો. આ યુદ્ધમાં નામસ્મરણ પ્રભુકૃપાથી (છોંતેર કલાક) એવું તો લેવાયા કરાયું કે તે પછી અખંડ રહ્યા કર્યું અને હૃદયસ્થ થયું. આ પહેલાં જતાં-આવતાં, ઊઠતાં બેસતાં, ખાતાંપીતાં અને સકળ કર્મ કરતાં કરતાં પણ નામસ્મરણનો અભ્યાસ પાડવાનો મહાવરો પાડવા એની કૃપાથી મથવાનું તો ચાલુ જ હતું, પણ તે અખંડ થતું ન હતું. આ ગાળામાં કેટલીયે વાર હાર ખાવાપણું બનેલું, પણ આ એક ધન્ય પ્રસંગ એવો બન્યો કે જેથી કરીને જે અતિ મુશ્કેલીથી સાધ્ય

એવું સરળ અને સહજ એવું બની શક્યું. તેમાંથી મને શ્રીભગવાનની પરમ કૃપાનો અનુભવ થયો. *જીવનપગરણ : ૧-૩*

## અજપાજપ શરૂ

ભગવાનની કૃપાથી મને સાપ કરડ્યો એટલે નામસ્મરણ છોંતેર કલાક સુધી થયું. મેં પણ કહ્યું, 'કે મારે મરવું નથી. વેદના તો એવી થાય કે એ વેદનાની તો કોઈ કસર નહિ. માથું તો જાણે કચ્ચરઘાણ થઈ જાય. એક બાજુ સાપનું ઝેર બેભાન બનાવી દે અને મરણ નજીક દેખાય એટલે નામસ્મરણ જોર જોરથી બોલ્યા કરું.' ખાધા-પીધા વિના નૉનસ્ટૉપ નામસ્મરણ જોરથી છોંતેર કલાક ચાલ્યું તેમાં ભગવાનની શક્તિ હતી, મારાથી તે થયું ન હતું. અને મારા ગુરુમહારાજ આવીને બેઠેલા ત્યાં આગળ. નૉનસ્ટૉપ છોંતેર કલાક. સાપ ઉતારવા મને બે ત્રણ ગામ લઈ ગયેલા અને છેવટે આણંદમાં ડૉ.કુકની હૉસ્પિટલમાં લઈ ગયેલા. મારી તપાસ કરી, ઈન્જેક્ષન-દવા-પેથોલોજી કરવાને ઝેર બધું કાઢ્યું. પણ એ જે નૉનસ્ટૉપ અખંડ નામસ્મરણ ચાલ્યું. ત્યારથી મારું ભગવાનનું સ્મરણ અખંડ થયું. મેં મહેનત કરીને આપણા પોતાના પુરુષાર્થથી સતત સોળ કલાક સુધી કર્યું. પછી તો ભગવાનની કૃપા જ કામ કરે છે. આગળ જતાં એની કૃપા હોય એને કૃપા મળે છે. મથનારને મળે છે. એની કૃપા મળી રહે છે. *જીવતા નર સેવીએ : ૬-૭*

શરીરને સર્પ કરડાવી, સ્મરણ તારું કરાવ્યું છે,
શરીરને સર્પના દંશે, ભયંકર વેદના શી તે !
છતાંયે જ્યાં સહન કરવાતણી હદ આવી ઊભી છે,
અને જ્યાં મૃત્યુ ઊભું છે, ત્યંહી તું સહાયે દોડ્યો છે.
શરીરની તે ભયંકરતા ભરી શી વેદનામાં તે !
શરીર તૂટી પડે કેવું, બધું જ્યાં ભાન ચૂકે છે !
પ્રભુ તે વેળા કેવો તું, ચઢી સહાયે સ્મરાવીને,
સ્મરણ તારું જગાડીને મને પાછો જિવાડે છે.

*શ્રીસદ્ગુરુ : ૫* - **શ્રીમોટા**

## નીરવતાનો સાક્ષાત્કાર

મને સાધનાકાળમાં કે તે પછી સંન્યાસ લેવાનો વિચાર કદીએ ઊઠેલો નહિ. શરૂથી જ જીવનનો સ્વીકાર એ મારું ધ્યેય હતું. સાધનાની આગલી કક્ષામાં જ્યારે અજપાજપ થતાં ત્યારે કાનને આંતરિકપણે સ્પષ્ટપણે સંભળાતા. અજપાજપ સર્પદંશ પછી એટલે કે ઘણુંખરું ૧૯૨૮ પછીથી શરૂ થયેલા. મનની નીરવતા ૧૯૩૦ની આસપાસમાં પ્રાપ્ત થઈ. તે વેળા નિંદ્રા નહિ જેવી આવતી. આખી રાતોની રાત જાગ્રત દશામાં રહેવાનું થતાં વર્ષોનાં વર્ષો તેવાં પસાર થયાં છે. દિવસે બાર બાર કલાક ગુજરાત હરિજન સેવક સંઘની ઑફિસનું કામ કરતો હતો. ભાવનાના પ્રાબલ્યને લીધે તેમ આપોઆપ થતું હોય છે. તેથી શરીરને કે તેના બીજા આંતરિક ભાગોને કશી ઈજા થતી નથી. ભૂખ, તરસ, શૌચ, ઈચ્છા આદિ ઉપર પૂર્ણ કાબૂ આવી ગયા પછી મુક્ત દશા શરૂ થાય. ભાવનાના જોશને લઈને આ બધું વાસ્તવિક બની શકે છે. મન, પ્રાણ અને શરીરની સકળ માગણીઓ ત્યારે શાંત થઈ જાય છે અને તે સર્વ ઉપર સહજ રીતે કાબૂ આવે છે. *જીવન અને કાર્ય : ૯૭-૯૮*

આ તત્ત્વની સાધના એવા પ્રકારની છે કે આપણને પોતાને એનો સ્પર્શ થતાં નવજીવન મળતું હોય એમ લાગ્યા કરે છે, પ્રોત્સાહન મળ્યા કરે છે. વિશ્વાસ-શ્રદ્ધા બઢ્યાં કરે છે અને આપણી આગળપાછળના ઉપર પણ તેની અસર જાણેઅજાણે અને પછીથી પ્રગટપણે પડતી રહે છે. *જીવનસંશોધન : ૨૫-૨૬*

એની કૃપાથી આપણે અનુભવતા રહીએ તો માઠો પ્રસંગ તે માત્ર માઠો પ્રસંગ નથી. પણ જીવનને તરાવવાનો તે મહામૂલો પ્રસંગ અને લહાવો બને છે. એમ લાગતાં મારા જીવનમાં જોમ, ઉત્સાહ, આનંદ, અદમ્ય આવેગ પ્રેરણાદિ પ્રગટ્યાં અને મનની નીરવતા પ્રાપ્ત થઈ. *જીવનપગરણ : ૩*

ગુરુની લે' હૃદે જેને લાગી રે' દિનરાત છે,
ગુરુની ચેતના એને પ્રેરણા ઑર પ્રેરશે.
*શ્રીસદ્‌ગુરુ : ૧૨૯* **- શ્રીમોટા**

## સગુણ બ્રહ્મ-દ્વૈતનો સાક્ષાત્કાર-શ્રીકૃષ્ણ દર્શન

૧૯૩૪માં મને સગુણ બ્રહ્મના સાક્ષાત્કારમાં કૃષ્ણ બેત્રણ વાર જણાયા હતા. દર્શન થયાં હતાં. તે કૃષ્ણ મુરલીધારી અને એવી રીતના નહિ, તેમ આ

પાર્થિવ શરીરનાં તત્ત્વોના પણ નહિ. છતાં પરમ સૌંદર્યથી છલોછલ ભરપૂર અને અપાર તેજના અંબારથી ભરેલા સદેહી કૃષ્ણનાં દર્શન તે હતાં. બધું સૌંદર્યમય તે હતું. સૌંદર્ય જ સૌંદર્ય. અવર્ણનીય તે દર્શન હતું.

તે સ્વરૂપ એટલું અને એવું તો મનોહર અને હૃદય આકર્ષક હતું કે જેના આકર્ષણની તોલે બીજા કશાની પણ કલ્પના આવવી શક્ય નથી. તે મુલાયમ, આરપારદર્શક સ્ફટિક જેવું ખૂલતું, નીલવર્ણરંગી, જીવંત દર્શન હતું. દર્શન સ્થિર ન હતું, રમતું, હાલતું, ચાલતું, પળમાં પાસે આવતું અને પળમાં થોડેક દૂર પણ જતું લાગતું, તો વળી પળમાં શરીરની અંદર પણ પેસી જતું અનુભવાતું અને તે આધારનાં જુદાં જુદાં મનાદિકરણોને સ્પર્શતું અને ત્યાં કંઈક સૂક્ષ્મ પ્રક્રિયા કરતું હોય એવું લાગ્યા કરતું હતું. ક્યાંક ક્યાંક તો તે અંદર પ્રવેશી તેનું તેનું સમારકામ કરતું પણ અનુભવાતું. ભ્રૂકુટિ અને બ્રહ્મરંધ્રના ભાગમાં પોતાને પ્રસ્થાપિત કરતું અને હૃદયમાં બિરાજેલું પણ અનુભવાતું હતું. સમગ્ર આધાર તપ્તવર્ણી અને પૂર્ણપ્રકાશથી આલોકિત થયેલો જણાતો હતો. પોતે પોતાને પણ અનુભવી શકાય એવી ભૂમિકા પણ અનુભવાતી હતી. તો કોઈક પળોમાં તેનો વિસ્તાર પણ અનુભવાતો હતો. તે શ્રીકૃષ્ણનું અલૌકિક દર્શન એટલું તો અદ્‌ભુત, રોમાંચક, મુગ્ધ, સ્નિગ્ધ, કોમળ હતું કે ન પૂછો વાત ! સમગ્ર શરીર તો વજન વગરનું બની ગયેલું હોય એવું લાગતું અને અધ્ધર અધ્ધર જ હોય તેવું પણ લાગતું. તેની અસર ચિરસ્થાયી સમગ્ર આધારમાં અને તેનાં કરણોમાં રહ્યા કરેલી અનુભવાયા કરેલી છે. અને એની અસર તે પછીથી ચિરસ્થાયી એની કૃપાથી નીવડેલી છે.

આ અનુભવ પછીથી સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ અને દિવ્ય પ્રદેશોનાં વિઘ્નો પ્રગટેલાં ન હતાં એવું કશું નથી. તેવું બધું તો થયા કરેલું હતું. પણ તે દિવ્ય કૃપાની મદદથી તેમનું તેમનું નિવારણ થઈ શક્યું હતું.

આવાં તેનાં કૃપામય મંગળ દર્શન-અનુભવ પછીથી આધારનાં કેંદ્રમાં કોઈક અવર્ણનીય પલટો આવી ગયેલો અનુભવાતો હતો, અને પછી તો તે કાયમ જ રહ્યો. ઉત્તરોત્તર જીવંતપણે વધારે પ્રકાશિત જ્વલંત પ્રગટતો રહ્યા કર્યો હતો.

એવાં પરમ દર્શનની પ્રાપ્તિ પછીથી તેનું મુગ્ધ અને આહ્‌લાદકારક પરમ ચૈતન્યથી વિલસતું હૃદયગમ્ય આકર્ષણ એટલું બધું તો સજીવ અને

ચેતનાત્મકપણે જીવનમાં પ્રગટે છે કે જેનું સાતત્ય કદી પણ તૂટી શકતું નથી. તેવા આકર્ષણનો ભાવ ઉત્તરોત્તર એટલો બધો તો ગાઢ પ્રગટ્યા કરે છે કે આપણે તેનાથી કરીને ભાવની સહજ અવસ્થામાં પ્રગટી જતા હોઈએ છીએ. એવો ભાવ જે પહેલાં દર્શનની સર્જન અવસ્થામાં જે એકમાં એકાગ્ર અને કેંદ્રિત હતો, તે ભાવ તેની એકાગ્રતા અને કેંદ્રિતતાની સંપૂર્ણ ટોચે પહોંચે છે. તે બાદ તે જ ભાવને વિસ્તારની પાંખો પ્રગટે છે, તેવો ભાવ પછીથી તો કોઈક સુંદર રમણીય દૃશ્ય, કુદરતનું નૈસર્ગિક સૌંદર્ય, કોઈક નદીનું ખળખળ વહેતું દૃશ્ય, નવપલ્લવિત થતું વૃક્ષ, સુંદર આરોગ્યપૂર્ણ બાળકનું દૃશ્ય કે એવું સ્થૂળ રૂપનું દૃશ્ય, કોઈ ભાવનાત્મક વિચારનું વ્યક્તત્વ કે એવું કોઈક ભાવનાત્મક ભજન-આવા આવા પ્રકારનું નિમિત્ત પ્રગટતાં તેવો ભાવ તેવાં તેવાં દર્શનથી કરી ઉત્કટપણે જેને પ્રગટે છે, અને આ જીવાત્માને આપમેળે ભાવસમાધિ પ્રગટી જતી હોય છે, અને તેનાથી ધન્ય બનતો, તેની અસર પણ લાંબા ગાળા સુધી દિવસના કર્મવહેવારમાં હોય છે. અને રોજિંદા વર્તનમાં પણ જીવંત ચેતનાત્મકપણે રહ્યા કરી હતી.

*જીવનદર્શન : ૩૭૯-૩૮૧*

ખરો સગુણનો સાક્ષાત્કાર એટલે પોતાના આધારમાં ચેતનની ગુણશક્તિ પ્રાદુર્ભાવ થવો તે.

હરિની ચેતનાત્મક જ્યાં હૃદયમાં ભક્તિ લાગે છે,
મનાદિને અને હરિને પછી છેટું ન ક્યાંયે છે.

*જીવનકેડી : ૨૫૧* **- શ્રીમોટા**

# નિર્ગુણ બ્રહ્મ-અદ્વૈતનો સાક્ષાત્કાર

કાનપુરથી તા. ૧૩-૩-૧૯૩૯ના રોજ કાશી આવ્યો હતો. તે પાછું કાનપુર જતાં પ્રયાગના સ્ટેશને પૂજ્ય ગાંધીજીને પગે લાગ્યો. ત્યારથી એ દર્દ શરૂ થયું છે. તા. ૨૯-૩-૧૯૩૯મીએ તે દર્દ એની તીવ્રતમ માત્રાએ હતું. જીરવી પણ શકાતું ન હતું. મન જોકે તેથી અસ્વસ્થ થયું ન હતું, ઉદાસી આવી ગઈ ન હતી, પરંતુ દર્દ એટલું સખત હતું કે બધાં સાથે આનંદપૂર્વક જે વિનોદ કરું છું અને હોહા કરું છું તે બધું ન હતું. તેમ છતાં પાછા પ્રત્યક્ષ આવી મળેલાં કર્મ તો પ્રભુકૃપાથી પૂરેપૂરાં થઈ શકતાં હતાં. અહીં અમારે રહેવાને માટે બંગલાની

તપાસ કરવાની હતી. તેથી બંગલો મેળવવાને માટે સગવડ કરવાની હતી, ઘણાંને મળવાનું હતું, તેમાં બીજું બધું પણ ગોઠવવાનું હતું. તે બધાં કામમાં જવા આવવામાં કશી અડચણ નથી આવી. એ બધું કરતો હોઉં તે જાણે સપાટી પરની ચેતનાથી થતું હોય એમ લાગતું હતું. રાત્રે શું થવાનું છે, એના વિચાર પણ આવતા ન હતા, જોકે રાત્રે દર્દ ઘણું વધે છે એવા અનુભવો તો ઘણા થયા. આ દર્દ દિવસે પણ રાડ પોકારાવે એવું હતું અને ઊલટો જીવ તો ઊંડો ઊતરતો જતો લાગતો, એટલે બહારની ચેતના કામ પૂરતી, ઘણી ઓછી થઈ ગયેલી અને અંદરની ચેતનાની જાગૃતિ એકદમ તીવ્રતમ થઈ ગઈ હતી. કરાંચીમાં મળેલા બાબાની સૂચના અનુસાર તા. ૨૯-૩-૧૯૩૯મીએ કશુંક થવાનું છે એની ખબર.... બહેનને તો હતી. તેથી તે જરાક ઊંચા જીવે ફરતી હતી, પરંતુ હું તો રાત્રે નિરાંતે સૂતો.

રાતના એક વાગ્યામાં દસેક મિનિટ પહેલાં અમારા બંગલાની આગળથી હરિઃ ૐની બે બૂમ એકાએક સંભળાઈ. બૂમ મારનાર ભાઈ સામેથી આવ્યા. તે સંપૂર્ણ નગ્ન હતા. માથે ઘણા બધા ગૂંચળાવાળા વાળ, નીચે ઊતર્યો અને જાણ્યું કે તેઓ મને એવી મધરાતે ક્યાંક લઈ જવા માગતા હતા. ... બહેનને ચિઠ્ઠી લખીને ઉપર મૂકી આવ્યો કે જેથી મારી ચિંતા ન થાય. મારી ગેરહાજરીમાં તે જાગી ગયેલી અને મને ન જોવાથી સહેજ ફિકર-ચિંતા પણ થયેલી. પરંતુ આવું બધું તો કરાંચીમાં ઘણું બન્યા કરતું તેથી તેને વિશ્વાસ બેઠેલો કે પછીથી બધાં ઠીક વાનાં થઈ જશે, વળી, તા. ૨૯-૩-૧૯૩૯ના રોજ કશુંક થવાનું છે તેની તેને ખબર પણ હતી. એટલે નિશ્ચિત થઈ ગઈ હતી.

પેલા ભાઈએ મને જણાવ્યું કે મારે મણિકર્ણિકાના ઘાટની પેલી બાજુ ગંગાજીની સામે પાર જ્યાં તેમના ગુરુમહારાજ રહેતા હતા ત્યાં જવાનું હતું. તેમણે તેમને મોકલ્યા હતા. અને એ ગુરુ પાસે મારે રહેવાનું હતું. મેં કહ્યું, ‘હું તો રાત્રે ત્યાં આવું. અને સવારે પાછો આવું.’ મારી ફરજ અત્યારે અહીં આ બહેનોની સાથે રહેવાની છે. એટલે એ મૂકીને બીજું કંઈ કરવા જવું તે પરધર્મ છે. પછી ભલેને એથી મને ગમે તેટલો લાભ પ્રાપ્ત થતો હોય !’ ‘परधर्मो भयावहः’ એટલે તમે જો મને ત્યાં આવવાનું કહો તો ત્યાં આવું. તે બાબતમાં તો તેમણે ના પાડી. વળી, બાબાએ કરાંચીમાં બતાવેલું ધ્યાન કરવાનું તો

એમણે ચોખ્ખી ના પાડી. 'કરશે તો ભયંકર આફત પડશે.' વળી, તે ધ્યાન શરૂ કરે, ત્યારે તારી અત્યંત કાળજીભરી સંભાળ લેવાય એવી વ્યવસ્થા હોવી જોઈએ. તારી કોઈ આ બાબતમાં પ્રેમભક્તિવાળી મા કે બહેન હોય તો તેવાની કોમળ સારવાર નીચે તારે રહેવું અથવા અમારા ગુરુજી પાસે ચાલ. ત્યાં તારી સંભાળ અમે રાખીશું.' મેં કહ્યું કે 'હાલમાં આ બહેનોની સંભાળ મારે લેવાની છે. એટલે એકબે માસ પછી આવું.' તો તેણે સાફ ના પાડી.'આવવું હોય તો અત્યારે જ ચાલ.' એટલે મેં પણ તેમને એમની સાથે એમના ગુરુમહારાજ પાસે જવાની ચોખ્ખી ના પાડી. કરાંચીના બાબાએ અત્યંત ગુપ્તપણે આપેલી વિદ્યા વિશે અને તેનો પ્રયોગ કરવાનો છું તે વિશે તે ભાઈ અહીં કાશીમાં કેવી રીતે જાણી ગયા અથવા 'શું ખરેખર મને ભયંકર આફત પડશે ?' એવા બધા વિચારો મને થયા નહિ, અને આ પ્રયોગની બાબતમાં જેમ થતું હોય તેમ થવા દેવું એમ ધારી પાછો મેડા ઉપર આવતો રહ્યો. અને કરાંચીમાં મળેલા બાબાએ બતાવેલો પ્રયોગ કરવા બેઠો.

હજી શરૂઆત થઈ ત્યાં જ સમગ્ર ચેતન એકાગ્ર થતું અનુભવ્યું. શરીર, મન, બીજાં બધાં કરણો ભિન્ન છે એવું સ્પષ્ટપણે અનુભવાતું ગયું. થોડીક વાર થઈ ત્યાં તો માથાના વચલા ભાગમાં સખત ગરમીના ઝરા વહેતા હોય એમ ભાન જાગ્યું. અને આખા શરીરમાં એની અસહ્ય બળતરા થઈ. ભાન ઊડી ગયું. લગભગ બેભાન થઈ ગયેલો. પડી જવાયું પણ હતું. જીભ લગભગ બળી ગયા જેવી થઈ ગઈ હતી. હજી પણ સૂકી સૂકી લાગ્યા કરે છે, લાય બળ્યા કરે છે અને છાતી બળ્યા કરતી હતી. પેટથી છેક નીચેના ભાગ પર તો તે ભાગ પૂરેપૂરો બળી ગયેલો હોય તેવું જણાયું. તેમાંનો થોડો ભાગ તો જરા પછીથી પાક્યો પણ હતો. આખું શરીર લાય જેવું ગરમ બની ગયું હતું... બહેનને તો કશી ખબર ન હતી. પ્રભુકૃપાથી તેને ઓચિંતું શૌચ જવાનું થયું અને તે ઊઠી અને મને બેભાન જેવો પડેલો જઈ કંઈક સારવાર કરી. અમારી જોડે કરાંચીના એક સંગીતશિક્ષક પણ હતા. પણ તે બિચારા આ બાબતમાં કાંઈ જ સમજી શકે નહિ. ...બહેને તો ઘણી કાળજીથી સંભાળ લીધી. થોડી વારે કંઈક કળ વળી. આની અસર બે દિવસ રહી.

આ બધાનો કશો અર્થ સમજાયો નહિ. કંઈ કશાના આડાઅવળા વિચાર પણ મનમાં ઉદ્‌ભવતા નથી. એક જ પ્રકારની ભાવનામાં અખંડિતતા પ્રગટેલી છે. ગંગાજીના પ્રવાહ જેવો એ ભાવ સતત એકધારો ટકી શકે છે. મારું વહાણ તો ક્યાં લંગારાશે તે જાણતો નથી. તેવા પ્રકારના કોઈ વિચાર પણ થતા નથી. માત્ર એક જ લક્ષ એની કૃપાથી રહ્યા કરે છે. બાકી તો સમુદ્રની લહેરોની જેમ ભાવના અને આનંદ આનંદના ભાવ સાથે રોમેરોમમાં જ એક અકથ્ય ભાવ પ્રગટ્યા કરે છે. તે શબ્દોમાં કેમ લખી શકાય ? એટલે ધામે તો પહોંચ્યા વિના રહેવાવાનું નથી એવો દઢ જીવંત વિશ્વાસ પ્રગટેલો છે. આપણે તો આનંદમાર્ગના પ્રવાસી છીએ. 'આટલું જ અને હવે આગળ નહિ' એવું આ માર્ગમાં કશું નથી. આ માર્ગ તો અનંત છે. એટલે પ્રભુકૃપાથી આપણે તો ચાલ્યા જ કરવાનું છે. પ્રભુકૃપાથી એકમાત્ર આનંદની ભૂમિકા પર જે તે બધું અહીં તો આ આધારમાં થયા કરે છે.

*જીવનસંશોધન : ૨-૭*

સને ૧૯૩૯ના માર્ચની ઓગણત્રીસમી-રામનવમીની રાત્રે કાશીમાં અદ્વૈતના સાક્ષાત્કારનો અનુભવ થયેલો. જાણે અનેક કોટિ સૂર્યનો પ્રકાશ આજુબાજુ પથરાઈ જઈને શરીરમાં પણ પ્રવેશ્યો. ત્યારે મહાસમાધિમાં ઊતરી જવાનું બનેલું. સમાધિમાંથી જાગતાં જોયું તો શરીરનો ગુહ્ય ભાગ અને તેની આજુબાજુનો ભાગ પણ બળી ગયેલો, જેની દવા બનારસ યુનિવર્સિટીના આયુર્વેદિક કૉલેજના ડીન શ્રી પાઠક સાહેબની કરાવેલી.

તે અનુભવ વેળાથી, ત્યારથી જ મુક્ત દશાની શરૂઆત થઈ ચૂકી. **'I am omnipresent' હું સર્વત્ર વિદ્યમાન છું.'** એવી ચેતનાત્મક ભાવનાનો સર્વ પ્રકારે વિકાસ પ્રવર્તમાન હતો અને છે.

તે કાળે જે અનુભવ થયો તે પણ એક સગુણનો અનુભવ હતો. પરંતુ તેમાંથી તાત્કાલિક હનુમાન કૂદકો મારીને અથવા તો હનુમાન કૂદકાથી તેમાંથી નિર્ગુણના અનુભવમાં પ્રવેશવાનું બન્યું. તે અનુભવનું પોતાના આધારમાં સંપૂર્ણ પ્રતિષ્ઠિત થઈ જવાપણું બનીને તેમાં સંપૂર્ણ કેંદ્રિતતા જીવંતપણે પ્રગટીને તે પછી તેના ભાવનો વિસ્તાર થયા કરતો અનુભવમાં પ્રગટ્યા કર્યો. તેમાં તે

ભાવરૂપે હતો તેમ પણ ન કહી શકાય. જેમાં તેમાં તે એકરૂપ પ્રવર્તતો અનુભવાય અને તેમ છતાં પાછો પોતે તે તે બધામાં હોવા છતાં નોખો પણ હોય અને એકરૂપ પણ હોય એવું સતત અનુભવાયા જતું. તાદાત્મ્યનો ચેતનનો ગુણધર્મ તે પછીથી જીવનમાં પ્રગટવા માંડ્યો એમ જરૂર કહી શકાય.

માતાને બાળક પરત્વે જે તાદાત્મ્યવૃત્તિ હોય છે, તે તો પ્રકૃતિવશાત્ હોય છે અને તે પણ તેમાં સળંગ એકધારું તાદાત્મ્ય હોતું નથી.. બાબર અને હુમાયુનો દાખલો એ પણ એક જીવ પ્રકારની તેના પરત્વેની ઉત્કટમાં ઉત્કટ લાગણીનો પ્રાદુર્ભાવ ગણી શકાય અને તેવું તો એકાદ વાર બની જાય. જ્યારે ચેતનના ગુણધર્મમાં તે તે બધું પ્રકૃતિવશાત્ બનતું હોતું નથી અને તેવી ચેતનાત્મક તાદાત્મ્યતા સળંગ એકધારી પ્રગટેલી રહે છે. અને તેવી સળંગ એકધારી તાદાત્મ્યતા હંમેશને માટે તેને તે સ્થિતિમાં જીવંત પ્રગટ્યા જ કરે એવું પણ હોતું નથી. ચેતનાના તેવા અનુભવ પછીથી કોઈકનામાં તે અમુક કાળ સુધી પ્રવર્ત્યા કરે અને કોઈકને તે પછી તેવું ન પણ બને. કોઈકને તો વળી તેના આધારના રોમેરોમમાંથી પસાર થઈને અદશ્ય પણ થઈ જાય. જેનું શરીર ચેતનના આધારને માટે તેના ભાવની યથાયોગ્યતાના પ્રમાણમાં સંપૂર્ણપણે યોગ્યતાવાળું વિકસેલું ન હોય તો તેવાને કદાચ વધુ સમય તેવું બને ખરું.

*જીવનદર્શન : ૩૮૨-૩૮૩*

## નિર્ગુણ સાક્ષાત્કાર પછીથી શરીરની સ્થિતિ

કાશી, તા. ૧૯-૬-૧૯૩૯

શરીર પાછું ઠીક રહેતું નથી. પહેલાંની જેમ પાછો ઘણો ઘણો થાક લાગે છે, માથું ભારે બહુ રહે છે, મોંમાં કડવાશની લાગણી ઘણી રહે છે, તાવ રહ્યા કરે છે. ઉધરસ પણ છે અને આખા શરીરે ગરમી ગરમી લાગે છે. અહીં એક કૌતુકની વાત થઈ ગઈ. એક ભાઈના ઘરનું સરનામું મળેલું. તે પ્રમાણે તેનું ઘર ખોળતાં ખોળતાં એક દાક્તર સાહેબ મળી ગયા. પછીથી ખબર પડી કે તેઓ તો અહીંની આયુર્વેદિક કૉલેજના પ્રિન્સિપાલ છે. અને તેમનું નામ ડૉ. બાળકૃષ્ણ અમરજી પાઠક છે. મને ગુજરાતી જાણીને અને સ્વર્ગસ્થ નરસિંહરાવ દિવેટિયાની દોહિત્રીઓની સાથે આવેલો છું, એમ જાણીને તથા મારો ચહેરો જોઈને પોતાની

મેળે આપોઆપ 'તમે શરીરથી માંદા છો અને તમને ઘણી અશક્તિ હોય તેવું લાગે છે, મોઢા પર ઘણી ફિક્કાશ લાગે છે; ચાલો, તમને તપાસું અને દવા આપું.' એમ કહીને શરીરને સારી પેઠે તપાસ્યું, ત્યારથી પ્રેમથી દવા આપ્યા કરે છે. દવાથી કંઈ ખાસ ફાયદો તો નથી. તમે જાણો છો કે આ શરીર કેવાં કેવાં ગતકડાં કર્યાં કરે છે ! જુદા જુદા દાક્તરો અને વૈદ્યો જુદાં જુદાં નિદાન કરે છે અને દવા આપે છે. *જીવન સંશોધન : ૧*

શરીરની સર્વ રગરગમાં જીવંતું એ જ ચેતન છે,
પરંતુ એ જ ચેતનથી ન બદલાયું શરીર પોતે.
જીવનની સૂક્ષ્મ આ વાત ગળે કોઈને ન ઊતરશે.
જીવનની વાસ્તવિકતાની છતાં સાચી હકીકત તે.
*જીવનકેડી : ૨૪૮-૨૫૦* - **શ્રીમોટા**

## પ્રેરણાદાતા પૂજ્ય શ્રીસદ્ગુરુ મોટાને

('મારી સાધનાકથા' વિશે મારાથી આ લખાયું છે, સંપૂર્ણ યોગ્યતા માટે મારી કોઈ લાયકાત નથી.)

કેવી પ્રસાદી વ્હાલાની ! વ્હાલી વ્હાલી શી લાગતી !
વારંવાર શું તે હૈયે આંખે ભાવે લગાડવી.
-ગમતી કેટલી કેવી ! ખરો જ પ્રેમી પ્રીછશે,
તેથી પ્રસાદી આ એની લઈ અર્પું બધાંયને.

પ્રેરણા કેવી કેવી તે સદ્ગુરુથી મળે છે !
ઘડાવાના મળ્યા કેવા મોંઘા તે પાઠ જીવને !
આછુંપાતળું થોડુંયે સદ્ગુરુનું રહસ્ય જે
-દર્શાવવાનો મળ્યો મોકો, શો અહેસાનમંદ હું !

જેવી જેવી લખાઈ છે 'ગાથા' શ્રીસદ્ગુરુતણી,
આભાર દિલથી માનું થયાં નિમિત્ત જે ચહી,

બાકી મારાથી આ 'ગાથા' લખાવી શક્ય ના હતી,
ગાંડુંઘેલું લખાયું જે એ તો એની કૃપા ઘણી.
મહિમા કેટલો ગાવું સદ્‌ગુરુનો અપાર જે !
ગાતાં ગાતાં હૃદે હર્ષ કેવો ઊછળતો ચઢે !
અનુભવે પડેલી છે જેવી સમજ અંતરે,
સ્ફુર્યાં કરેલી છે જેવી તેવું તેમ લખાયું છે.
ભાવ એનાથી સ્ફુર્યો છે, ભાવથી આ લખાયું છે,
ભાવ-ના તે પ્રભાવેથી, ભાવે સમર્પ્યું છે પદે.
અન્યાય કરી જો બેઠો હોઉં સદ્‌ગુરુનો કશો
ક્ષમા દેવા મને, ભાવે એને હું દિલ પ્રાર્થતો.
તેમના ઋણનો યોગ્ય મારાથી બદલો કશો
-વળાવાનો ન છે, પ્રાર્થું 'ફેડજો ઋણ તે તમો.'

*શ્રીસદ્‌ગુરુ : ૨૫૪-૨૫૯* **- શ્રીમોટા**

(પૂજ્ય શ્રીમોટાની પ્રેરણાથી લખાયેલ 'મારી સાધનાકથા'નો અનુભવ પૂજ્યશ્રીના શબ્દોમાં અર્પણ.)

મન, મતિ, પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો...
ૐ શરણ ચરણ લેજો.

**- શ્રીમોટા**

॥ હરિઃૐ ॥ ॥ હરિઃૐ ॥ ॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાને મળેલા સંતપુરુષો

| | | |
|---|---|---|
| ૧. | શ્રી જાનકીદાસ મહારાજ | પેટલાદ |
| ૨. | પૂ. શ્રી ગોદડિયા મહારાજ-સ્વામી પ્રકાશાનંદજી | નડિયાદ |
| ૩. | પૂ. શ્રી સરયૂદાસજી મહારાજ | અમદાવાદ |
| ૪. | પૂ. શ્રી મહાત્મા ગાંધી | અમદાવાદ |
| ૫. | પૂ. શ્રી નર્મદાકિનારે રણછોડજી મંદિરના મહારાજ | મોખડીઘાટ |
| ૬. | પૂ. શ્રી બાલયોગીજી અવધૂત | અમદાવાદ |
| ૭. | પૂ. શ્રી નાથુરામજી શર્મા, ‘મગરમચ્છ’ | ડાકોર |
| ૮. | પૂ. શ્રી કેશવાનંદજી ધૂણીવાળા દાદાજી | સાંઈખેડા |
| ૯. | પૂ. શ્રી ઉપાસની મહારાજ | નડિયાદ અને સાકુરી |
| ૧૦. | પૂ. શ્રી ગોદાવરી માતાજી | સાકુરી |
| ૧૧. | પૂ. શ્રી ગંગેશ્વરાનંદજી ‘પ્રજ્ઞાચક્ષુ’ | વેદમંદિર, અમદાવાદ |
| ૧૨. | પૂ. શ્રી વિદ્યાનંદજી મહારાજ-ગીતામંદિર | અમદાવાદ |
| ૧૩. | પૂ. શ્રી સ્વામી અખંડાનંદજી | અમદાવાદ, હરદ્વાર |
| ૧૪. | પૂ. શ્રી જાનકીદાસજી મહારાજ-સંતરામ મંદિર | નડિયાદ |
| ૧૫. | પૂ. શ્રી કવિ સાગર | સરખેજ |
| ૧૬. | પૂ. શ્રી રંગઅવધૂતજી, વડોદરા કૉલેજમાં તેમ જ આધ્યાત્મિક સાથીદાર | અમદાવાદ<br>વડોદરા |
| ૧૭. | પૂ. શ્રી મહાત્મા-હિમાલયમાં બરફની ગુફામાં બેઠેલા | ગંગોત્રી |
| ૧૮. | પૂ. શ્રી અઘોરીબાબા | હિમાલય |
| ૧૯. | પૂ. શ્રી સ્વામી આનંદ | હરિજન આશ્રમ, અમદાવાદ |
| ૨૦. | પૂ. શ્રી કેદારનાથજી | હરિજન આશ્રમ, અમદાવાદ |
| ૨૧. | પૂ. શ્રી વિનોબાજી | હરિજન આશ્રમ, અમદાવાદ |
| ૨૨. | પૂ. શ્રી નગ્નસાધુ, સાંઈનો આપેલો મંત્ર ગુરુ મહારાજની નિશ્રામાં સાધના કરાવવા માટે | બનારસ |
| ૨૩. | પૂ. શ્રી ઓલિયા, કરાંચીમાં રોડ ઉપર રહેનાર | કરાંચી |

૨૪. પૂ. શ્રી સાંઈબાબા, કાળીચૌદસે કરાંચીમાં રાત્રિએ. દરિયામાં ચાલવાનો હુકમ આપનાર, રોજા કરેલા ત્યારે શાકમાર્કેટમાં, નગ્ન થઈ કરાંચીમાં રોડ પર ફરવા જતાં, ધ્યાન કરતાં સાધનામાં, ઈ.સ. ૧૯૩૯માં રામનવમીની રાત્રે જીવન્મુક્તિની સાધનાનો મંત્ર આપનાર, સાધનમાં છેલ્લો સ્પર્શ આપનાર. કરાંચી-બનારસ
૨૫. પૂ. શ્રી કૃષ્ણમૂર્તિ, મહાન તત્ત્વચિંતક કરાંચી
૨૬. પૂ. શ્રી રાજારામ મસ્ત ગાંડા મહારાજ કરાંચી
૨૭. પૂ. શ્રી ગુરુદયાલ મલિકજી અમદાવાદ
૨૮. પૂ. શ્રી દાસાનુદાસ મહારાજ પાટડી
૨૯. પૂ. શ્રી નાનચંદજી મહારાજ (જૈનમુનિ) અમદાવાદ
૩૦. પૂ. શ્રી યોગીબાબા, ગંગાનદીને કિનારે નગ્ન રહેતા. હરદ્વાર
૩૧. પૂ. શ્રી કૃષ્ણાનંદજી મહારાજ ભાદરણ
૩૨. પૂ. શ્રી મુક્તાનંદજી બાબા ગણેશપુરી
૩૩. પૂ. શ્રી આનંદમયી માતાજી અમદાવાદ
૩૪. પૂ. શ્રી વિમલાતાઈ આબુ
૩૫. પૂ. શ્રીરમણમહર્ષિ તિરુવજામલાઈ
૩૬. પૂ. શ્રી સચ્ચિદાનંદજી મહારાજ દંતાલી
૩૭. પૂ. શ્રી દિલીપકુમાર રૉય, શ્રી અરવિંદના શિષ્ય પૂના
૩૮. પૂ. શ્રી ઈન્દિરાદેવી-શ્રી અરવિંદ અને શ્રી દિલીપકુમાર રૉયના શિષ્યા પૂના
૩૯. પૂ. શ્રી સ્વામી વિમલાનંદજી, રામકૃષ્ણ મિશન પૂના
૪૦. પૂ. શ્રી ડોંગરેજી મહારાજ નડિયાદ
૪૧. પૂ. શ્રી નારાયણદાસજી મહારાજ, સંતરામ મંદિર નડિયાદ
૪૨. પૂ. શ્રી નારાયણ સ્વામી હિમાલય અને તિરુપતિ બાલાજી
૪૩. પૂ. શ્રી સત્ય સાંઈબાબા
૪૪. પૂ. શ્રી તાજ્જુદ્દીન બાબા નોંધ નથી
૪૫. પૂ. શ્રી અક્કલકોટના સ્વામી શ્રીસમર્થ નોંધ નથી

પૂજ્ય શ્રીમોટાને બીજા અનેક સાધુસંતો મળેલા, પરંતુ તેની નોંધ મળતી નથી.

# પૂજ્ય શ્રીમોટાને સાધનામાં ઉપયોગી થનાર કૃપાપાત્ર સજ્જનો

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી રાવસાહેબ | કાલોલ | પિતા આશારામ ભગતને પોલીસ ચોકીમાંથી છોડાવનાર |
| ૨. | શ્રી ચતુરભાઈ પટેલ | કાલોલ | ધો-૩ અને ૪નો અભ્યાસ દોઢ વર્ષમાં પૂરો કરાવવા પરીક્ષામાં મદદ કરનાર |
| ૩. | શ્રી ઈશ્વરભાઈ પટેલ | પેટલાદ | હાઈસ્કૂલના હેડમાસ્તર, અભ્યાસમાં મદદ કરી |
| ૪. | શ્રી ઘનુભાઈ | પેટલાદ | સ્કૂલની ફી ભરવામાં મદદ કરનાર. |
| ૫. | શ્રી મણિભાઈ | પેટલાદ | તેમના ઘરે રહેવા-જમવાની મદદ કરનાર |
| ૬. | શ્રી પ્રભાવતી બહેન | વડોદરા | પૂજ્ય શ્રીમોટાનાં 'આધ્યાત્મિક મા' -જમવાની, રહેવાની સગવડ કરનાર, નામસ્મરણ લેવામાં ઉત્સાહિત કરનાર |
| ૭. | શ્રી નાગરભાઈ | કાલોલ | વડોદરા કૉલેજમાં ફેલો થઈને આવેલ, તેમણે રહેવાની સગવડ કરી આપી. |
| ૮. | શ્રી નાનુભાઈ કંથારિયા | નડિયાદ | બાલયોગીજીનો સંદેશો આપનાર, તેમ જ અમદાવાદ જવા પૈસાની રકમની મદદ કરનાર. |
| ૯. | શ્રી કાસમ શેઠ | નડિયાદ | દીક્ષા માટે ડભાણમાં પોતાનો બંગલો 'હાજીમંજિલ'ની ચાવી આપી, વાપરવા આપનાર |
| ૧૦. | શ્રી હકીમ સાહેબ | નડિયાદ | શ્રીઉપાસની મહારાજ માટે મેડા ઉપર મકાનમાં રહેવાની સગવડ કરનાર |

| | | | |
|---|---|---|---|
| ૧૧. | શ્રી વૈષ્ણવ સજ્જન | નડિયાદ | સાકુરી જવા આવવાની રકમ આપનાર |
| ૧૨. | શ્રી ઠક્કરબાપા | પૂના | હરિજન સંઘને મદદ કરવામાં સહાનુભૂતિ બતાવનાર |
| ૧૩. | શ્રી શ્રીકાંત શેઠ | બોદાલ | સર્પદંશની સારવાર માટે ઘણા ઉપાય કરનાર |
| ૧૪. | શ્રી ગુજરાતી શેઠ | જબલપુર | ખિસ્સું કપાઈ જતાં ધૂંઆધારના ધોધની ગુફામાં બેસવા માટે રકમ આપનાર |
| ૧૫. | શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ | નવસારી | નવસારી હરિજન આશ્રમ માટે અનાજ-અન્ય ખર્ચની ગોઠવણી કરનાર |
| ૧૬. | શ્રી સ્વામી અખંડાનંદજી | હરદ્વાર | કુંભમેળામાં રહેવાની સગવડ કરનાર |
| ૧૭. | શ્રી પરસદભાઈ બાપુ | કરાંચી | ઈ.સ. ૧૯૨૬ થી ઈ.સ. ૧૯૪૦ સુધી પૂજ્ય શ્રીમોટાની સાધનામાં જોઈતી રકમ મોકલી આપનાર અને પૂજ્ય શ્રીમોટાની માંદગીનો અને અન્ય ખર્ચ ઉઠાવનાર. તેમને ઘેર રાખનાર વડીલ |

॥ હરિઃ ૐ ॥

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

જન્મ : **તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણ તણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિ તણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન, મતિ, પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**- શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |

| | | |
|---|---|---|
| ૨૭. | નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. | ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. | જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. | જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. | જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. | જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. | જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. | પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. | મોહ | ૧૯૭૩ |
| ૩૬. | કૃપા | ૧૯૭૩ |
| ૩૭. | સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. | શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. | કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. | જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. | જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. | જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. | જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. | ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. | ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. | ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. | ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. | ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. | જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. | જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. | મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |

| | | |
|---|---|---|
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | **મોટા** - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

●

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા-જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી **મોટા**નો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના **મોટા** | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૮. ચિદાકાશ | ૨૦૦૦ | ૧૨. શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૯. પ્રાર્થના પોથી | ૨૦૧૦ | ૧૩. બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૦. શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ | ૧૪. સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |
| ૧૧. શ્રીમોટાચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ | | |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम (श्रीभगवानकेअनुभवकास्थान) | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के **मोटा** | २०१२ |
| ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 |
| 2. | To The Mind | 1950 |
| 3. | Life's Struggle | 1955 |
| 4. | The Fragrance Of A Saint | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-Interest | 2005 |
| 9. | Inquisitiveness | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children | 2008 |
| 14. | Against Cancer | 2008 |
| 15. | Faith | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human To Divine | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace | 2012 |
| 20. | I Bow At Thy Feet | 2013 |
| 21. | Attachment And Aversion | 2015 |
| 22. | The Undending Odyssey (My Experience of Sadguru Sri Mota's Grace) | 2019 |

●

॥ હરિઃૐ ॥

{હરિનું નામ હૈયે છે, તેને તો હરિ તારશે.}



{જેનામાં ભાવ ઊગ્યો છે, તેને પ્રકાશ સાંપડે,
પ્રકાશે ઓળખાયે સૌ, 'પ્રકાશ' શી કૃપા ખરે !}

કિંમત : રૂ. ૨૫/-